સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

વસંતપંચમી

વિ. સં. ૨૦૩૭

પુસ્તક ૧૮

અંક ૨

ચિત્ર ૨ : માહેશ્વરી

ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં શ્રી સોનવણેનો લેખ

THE MAHARAJA SAYAJIRAO UNIVERSITY OF BARODA

सत्यं शिवं सुन्दरम

સંપાદક

અરુણોદય ન. જાની

નિયામક

પ્રાચ્યવિદ્યા મન્દિર, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા

સ્વાધ્યાય

પુસ્તક ૧૮ : અંક ૨ — ફેબ્રુઆરી, ૧૯૮૧

વસંતપંચમી — વિ. સં. ૨૦૩૭

અનુક્રમ

		પૃષ્ઠાંક
૧.	દ્રૌપદીના બહુપતિત્વની સમસ્યા—ઉમા ઈ. દેવાશ્રયી	... ૧૨૯
૨.	આચાર્ય દંડીનો સ્વભાવોક્તિ અલંકાર—ગોવિંદલાલ શં. શાહ	... ૧૪૫
૩.	પ્રત્યભિજ્ઞાદર્શન : એક ઝલક—મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)	... ૧૫૧
૪.	ભદ્રાર્યાચાર્ય અને દત્તિલાચાર્ય—મધુસૂદન ઢાંકી	... ૧૫૮
૫.	વાદીભસિંહસૂરિ—જે. એસ. પટેલ	... ૧૬૩
૬.	વિવિધ ભીલોડી ગીતો–૩—કુમુદ પરીખ	... ૧૭૬
૭.	માતરિયાનાં ગુપ્તકાલીન માતૃકા–શિલ્પો—વિશ્વાસ એચ. સોનવણે	... ૧૯૨
૮.	વીસણુવેલ—નગોત્તમ પલાણ, રાજેન્દ્રસિંહ રાયજાદા, ગોસ્વામી મોહનપુરી	... ૧૯૮
૯.	પરમાત્મવિભૂતિઓનાં પ્રભામંડળ—સુંદરલાલ એસ. પારેખ	... ૨૦૩
૧૦.	ધ્વનિ–સ્વરૂપ—લાભશંકર પુરોહિત	... ૨૦૬
૧૧.	ગ્રન્થાવલોકન	... ૨૧૪
૧૨.	સાભાર સ્વીકાર	... ૨૨૬

સ્વાધ્યાય

વસંતપંચમી, વિ. સં. ૨૦૩૭ — પુસ્તક ૧૮

ફેબ્રુઆરી, ૧૯૮૧ — અંક ૨

દ્રૌપદીના બહુપતિત્વની સમસ્યા

ઉમા ઈ. દેવાશ્રયી

'રામાયણ'ના નાયક દાશરથિ રામ એકપત્નીત્વ માટે ખ્યાતિ પામ્યા છે, જ્યારે મહાભારતની નાયિકા દ્રૌપદી કૃષ્ણા પાંડુના પાંચ પુત્રોની પત્ની બની એ ઘટના મહાભારતમાં પણ વિલક્ષણ હોવાનું નિરૂપાયું છે. 'મહાભારત'ના અભ્યાસીઓને માટે દ્રૌપદીનું બહુપતિત્વ એક જટિલ સમસ્યા છે.

દ્રુપદપુત્રી કૃષ્ણાને પાંચ પાંડવોની પત્ની કેવી રીતે બનવું પડ્યું તે અંગે મહાભારતમાં અનેક જાતના જુદા જુદા સાત ખુલાસા આપવામાં આવ્યા છે. આમાંના લગભગ બધા ખુલાસા મહાભારતની સમીક્ષિત આવૃત્તિમાં સ્વીકારાયા હોઈ, એ સર્વ ખુલાસાઓ ઠીકઠીક પ્રાચીન ગણાય.

આ જુદા જુદા ખુલાસા મહાભારતના આદિપર્વમાં આપવામાં આવ્યા છે. અહીં એ ૧ થી ૭ ક્રમાંક મૂકીને રજૂ કરીએ ને દરેકના અંતે એની યથાર્થતા–અયથાર્થતાની ચર્ચા કરીએ.

પાંડવોએ લાક્ષાગૃહમાંથી બચીને અજ્ઞાતવાસ અંગીકાર કર્યો હતો ને તેઓ બ્રાહ્મણના વેશમાં ફરતા હતા. વનમાં ભીમે હિડિંબ રાક્ષસનો વધ કર્યો ને પોતાના પર મોહિત થયેલી તેની બહેન હિડિંબા સાથે ગાંધર્વવિવાહ કર્યો. એકચક્રા નગરીમાં ભીમે બકાસુરનો વધ કર્યો ત્યારે તેઓ જે બ્રાહ્મણને ત્યાં રહેતા હતા તેની પાસેથી તેઓએ ધૃષ્ટદ્યુમ્ન તથા દ્રૌપદીની અલૌકિક ઉત્પત્તિની તથા દ્રૌપદીના થનાર સ્વયંવરની વાત જાણી[૧] (અ. ૧૫૩–૧૫૪). ત્યાંથી તેઓએ પાંચાલદેશ તરફ પ્રયાણ કર્યું (અ. ૧૫૬).

૧ પાંડવો છૂપા રહેતા હતા તે દરમિયાન વ્યાસ તેઓને મળવા આવ્યા. વ્યાસે તેઓને એક વૃત્તાંત કહ્યો. તપોવનમાં કોઈ ઋષિની કન્યા હતી. તે રૂપવતી હતી, છતાં તેને પતિ મળતો ન હતો. તેણે પતિ માટે તપ કર્યું, શંકરને પ્રસન્ન કર્યા. શંકરે પ્રસન્ન થઈ તેને કહ્યું, 'વર માંગ', તેણે 'હું સર્વગુણયુક્ત પતિ ઇચ્છું છું.' એવું વારંવાર કહ્યું, શંકરે ઉત્તરમાં કહ્યું, 'તારે પાંચ પતિ થશે', કન્યાએ

---

૧ અહીં આપેલા અધ્યાયો તથા શ્લોકોના ક્રમાંક ભાંડારકર ઓરિએન્ટલ રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટે તૈયાર કરેલી સમીક્ષિત આવૃત્તિના છે.

દ્રૌપદી ધૃષ્ટદ્યુમ્નની સાથે યજ્ઞવેદીમાંથી ઉત્પન્ન થઈ હતી (અ. ૧૫૫, શ્લોક ૪૧. અ. ૧૮૯, શ્લોક ૩૪).

કહ્યું, 'મને એક પતિ આપો', પણ શંકરે કહ્યું, "તેં 'પતિ આપો', એવું પાંચ વાર કહ્યું, તેથી પુનર્જન્મમાં તને પાંચ પતિ થશે". તે કન્યા દ્રુપદના કુળમાં જન્મી છે, એ કૃષ્ણા પાર્ષતી (દ્રૌપદી) તમારી પત્ની થવા નિર્માયેલી છે, તેથી પાંચાલનગર જાઓ (અ. ૧૫૭).

આમ જો પાંડવોને પાંચાલનગર જતા પહેલાં દ્રૌપદીની પ્રાપ્તિની આગાહી થઈ હોય તો તેઓ તેના સ્વયંવરમાં જવા ખાસ પ્રોત્સાહિત થયા હશે. પરંતુ અહીં અગત્યનો મુદ્દો એ છે કે, જ્યારે વ્યાસે તેઓને અંતે કહ્યું કે :

निर्दिष्टा भवतां पत्नी कृष्णा पार्षत्यनिन्दिता ॥ ११ ॥

ત્યારે કૃષ્ણા भवतां પત્ની થશે એ વાકયામાંના 'भवतां' શબ્દપ્રયોગના બહુવચનથી તેઓને કંઈ આશ્ચર્ય થતું નથી, એ નવાઈની વાત છે. વળી આ કથામાં વર માટેની ઉત્કટ ઇંતેજારીથી 'વર આપો' એવું પાંચ વાર બોલનાર સૌભાગ્યકાંક્ષિણી કન્યાને શિવ 'તને પાંચ પતિ મળશે' એવો અનર્થકારી શાપરૂપ વર આપી બેસે ? એની ઇંતેજારીનું હાર્દ ન સમજતા દેવ એને એ કારણે પાંચ પતિ માથે મારે એ કલ્પના કેવી વાહિયાત છે ! વળી એ કન્યાએ પતિ માગ્યો, તો તેને તે બીજા જન્મમાં મળશે કહીને શંકરે એને એ જન્મમાં તો કુંવારી જ રાખી ? ખરી રીતે આ આખો અધ્યાય ભવિષ્યમાં થનાર વિલક્ષણ ઘટનાના બચાવ માટે આગાહીરૂપે પાછળથી ઉપજાવી ઉમેરાયેલો લાગે છે.

પછી પાંડવો દ્રૌપદીનો સ્વયંવર જોવા પાંચાલ ગયા. રસ્તામાં તેઓ વ્યાસને મળ્યા (અ. ૧૭૬, શ્લોક. ૨). પરંતુ અહીં એ સ્વયંવર વિષે કોઈ ખાસ વાત થતી નથી ! પાંચાલનગરમાં તેઓએ કુંભારને ઘેર નિવાસ કર્યો. ત્યાં તેઓ બ્રાહ્મણની વૃત્તિનો આશ્રય લઈ ભિક્ષા માંગી લાવતા હતા.

દ્રુપદ રાજાને એવી ઇચ્છા હતી કે, 'હું મારી કન્યા પાંડુપુત્ર અર્જુનને પરણાવું', પરંતુ તેણે પોતાની આ ઇચ્છા કોઈને જણાવી ન હતી. દ્રુપદે કુંતીપુત્રોને શોધવા માટે જ મત્સ્યવેધની યુક્તિ યોજી હતી. સ્વયંવરની ઘોષણા થતાં અનેક રાજાઓ તથા ઋષિઓ ત્યાં એકત્ર થયા. બ્રાહ્મણો સહિત પાંડવો પણ ત્યાં આવ્યા. એ મેળાવડો ઘણા દિવસ ચાલ્યો. સોળમા દિવસે દ્રૌપદી સુંદર વસ્ત્રાભૂષણ સજી રંગમંડપ ઉપર ઊતરી. ધૃષ્ટદ્યુમ્ને સ્વયંવરની શરતની ઘોષણા કરી (અ. ૧૭૬).

દુર્યોધન આદિ અનેક વીર પુરુષોએ ધનુષને પણછ ચઢાવવા પ્રયત્ન કર્યો, પરંતુ તેઓ તેમાં સફળ થયા નહિ (અ. ૧૭૭, ૧૭૮).

રાજાઓ નિરાશ થઈ હારીને બેસી ગયા ત્યારે બ્રાહ્મણોના વૃંદમાંથી વિપ્રવેશધારી અર્જુન ઊભો થયો ને એણે ધનુષને ક્ષણમાં પણછ ચઢાવી લક્ષ્ય વીંધ્યું. સભામાં ભારે કોલાહલ થયો. નકુળ અને સહદેવને લઈને યુધિષ્ઠિર મુકામ પર ચાલ્યા ગયા. દ્રૌપદીએ અર્જુનને વરમાળા પહેરાવી (અ. ૧૭૯).

પછી કુપિત થયેલા રાજાઓનો સફળ સામનો કરી ભીમ અને અર્જુન બ્રાહ્મણોથી ઘેરાઈને દ્રૌપદીને લઈ મુકામ પર જવા નીકળ્યા (અ. ૧૮૧, શ્લો. ૧–૩૬). ઘેર માતા કુંતી પુત્રો નહિ આવતાં અને ભિક્ષાકાળ વીતી જતાં બહુ પ્રકારની ચિંતા કરતાં હતાં. 'રખેને ધાર્તરાષ્ટ્રોએ તેઓને ઓળખી મારી નાખ્યા ન હોય ! અથવા માયાવી રાક્ષસોએ મારી નાખ્યા ન હોય ! વ્યાસનો મત પણ ખોટો પડચો ! 'એવામાં બ્રાહ્મણોથી ઘેરાયેલો અર્જુન આવી પહોંચ્યો (શ્લો. ૩૭–૪૦).

૨ ભીમ અને અર્જુને કુંભારની કર્મશાળામાં જઈ કુંતી પાસે દ્રૌપદીને ભિક્ષારૂપે નિવેદિત કરી. કુટીની અંદર રહેલી કુંતીએ જોયા વિના 'સહુ સાથે મળીને ભોગવો' એમ કહ્યું, ને પછી કન્યાને જોઈ એ 'મારાથી ખોટું કહેવાયું' એમ બોલ્યાં.[૨] પછી તેઓ દ્રૌપદીનો હાથ પકડી યુધિષ્ઠિરની પાસે ગયાં, ને એમને એ વાત કરી કહ્યું કે, 'મારું કહેવું ખોટું પડે નહીં અને દ્રૌપદીને અધર્મ થાય નહિ તેવો ઉપાય બતાવો'.

યુધિષ્ઠિરે થોડી વાર વિચાર કરી કુંતીને આશ્વાસન આપી અર્જુનને કહ્યું, 'દ્રૌપદીને તેં જીતી છે, તો તું તેનું પાણિગ્રહણ કર'. અર્જુન કહે, 'પહેલાં તમે, પછી ભીમ, પછી હું, પછી નકુળ અને છેલ્લે સહદેવ એ ક્રમે વિવાહ થવો જોઈએ'[૩] (અ. ૧૮૨, શ્લો. ૮-૯).

પાંડવો ભિક્ષા લેવા નહિ પણ સ્વયંવર જોવા ગયા હતા એ કુંતીને સુવિદિત હતું. વળી વ્યાસે તો દ્રૌપદી પાંડવોને મળશે તેવી આગાહી કરી હતી, એ પણ તેમને સુવિદિત હતું. બીજું, યુધિષ્ઠિર, નકુળ અને સહદેવ તો સ્વયંવરમાંથી ક્યારનાય ઘેર આવી ગયા હતા. તેમણે આવીને કુંતીને સ્વયંવરની કંઈ જ વાત કરી નહિ હોય! ને તે પણ જ્યારે સ્વયંવરમાં બીજા કોઈનો નહિ ને તેઓનો જ વિજય થયો ત્યારે એ 'ખુશ ખબર' કહ્યા વિના ચૂપચાપ બેસી રહ્યા હશે? ધારો કે રાજાઓના સંઘર્ષને લીધે ભીમ–અર્જુન પર ઝઝૂમતા ભયના કારણે તેઓ મૌન રહ્યા હોય, તો પણ કુંતી પોતાની જિજ્ઞાસાથી તેઓને પૂછ્યા વિના રહે? ભીમ અને અર્જુન ભીડમાંથી માર્ગ કાપતા કાપતા અને બ્રાહ્મણોથી ઘેરાયેલા કુંભારને ઘેર પાછા ફર્યા ત્યારે કુંતીને કોઈ કોલાહલ સંભળાયો જ નહિ હોય? પાંડવો સ્વયંવરમાં દ્રૌપદીને પામશે એવી વ્યાસની આગાહીથી એમના મનમાં એ અંગે કંઈ જ આશા બંધાઈ નહોતી? પાંડવો સ્વયંવરની સભામાંથી નીકળી ભિક્ષા લઈને રોજની જેમ એકલા ઘેર આવશે એવી જ એણે અપેક્ષા રાખેલી? પાંડવો તો હજુ ઘેર આવ્યા બાદ સાયંકાલે ભિક્ષા લેવા જાય છે. ભિક્ષા લેવા ભીમ, અર્જુન, નકુળ અને સહદેવ જતા હતા ને ભિક્ષા લાવીને તેઓ યુધિષ્ઠિર પાસે રજૂ કરતા હતા, કુંતી પાસે નહિ, ને એ ભિક્ષાનો લાભ પાંચ પાંડવોને તેમ જ કુંતીને પોતાનેય લેવાનો રહેતો. છતાં એ 'તમે સહુ સાથે મળીને ભોગવો' કહી દઈને, એમાંથી પોતાને કેવી રીતે બાકાત રાખે? સાંજે ભિક્ષા આવે છે ત્યારે પાંડવો, કુંતી અને દ્રૌપદી એ સાતેય જણ તે આરોગે છે. ચિંતાગ્રસ્ત માતા શૂન્યમનસ્ક થઈ અજાણતાં 'સહુ સાથે મળીને ભોગવો' એમ બોલી બેસે, તેથી શું ખરી સ્થિતિનું ભાન થયા પછી એનાથી એ સંદર્ભમાં પોતાની એ સૂચનાને બદલી શકાય નહીં? વળી યુધિષ્ઠિરે કુંતીને ઉપાય બતાવવાને બદલે અર્જુનને પાણિગ્રહણ કરવા કહ્યું, તેનાથી કુંતી કેવી રીતે આશ્વાસન પામી શકે?

અર્જુને દ્રૌપદીનું પાણિગ્રહણ કરવા અંગે યુધિષ્ઠિર અને ભીમ પછી પોતાનો વારો આવે એમ જણાવ્યું. ભારતના પ્રાચીન સમાજમાં મોટાભાઈને અવિવાહિત રહેવા દઈ નાનો ભાઈ પહેલો

---

૨ कुटीगता सा त्वनवेक्ष्य पुत्रानुवाच भुङ्क्तेति समेत्य सर्वे ।
पश्चात्तु कुन्ती प्रसमीक्ष्य कन्यां कष्टं मया भाषितमित्युवाच ।। (અ. ૧૮૨, શ્લોક ૨)

૩ भवान्निवेश्यः प्रथमं ततोऽयं भीमो महाबाहुरचिन्त्यकर्मा ।। ८ ।।
अहं ततो नकुलोऽनन्तरं मे माद्रीसुतः सहदेवो जघन्यः ।। ९ ।।

પરણે તો તે મોટાભાઈના અગ્રાધિકારનો ભંગ ગણાતો, પરંતુ પાંચાલદેશમાં આવતા પહેલાં ભીમ હિડિંબાને પરણ્યો હતો[4] ત્યારે એનાથી મોટા એવા યુધિષ્ઠિર અવિવાહિત હતા, છતાં તે વખતે એ મુદ્દો રજૂ થયો નહોતો ! યુધિષ્ઠિર જયેષ્ઠ હતા ને તેમને અવિવાહિત રાખી અર્જુનથી વિવાહ ન થાય એ મુદ્દાનો અર્થ એવો થાય કે, અર્જુને જીતેલી દ્રૌપદી સાથે અર્જુન નહિ પણ યુધિષ્ઠિર વિવાહ કરે. એમાંથી એ સહુ એના પતિ બને એવું બિલકુલ ફલિત થતું નથી. વળી અર્જુન પણ કુંતીની મુંઝવણ વિશે કંઈ નિર્દેશ કરતો નથી. ધારો કે કુંતી અજાણતાં પોતાનાથી બોલાઈ ગયેલ વચન ખરું પડે તે અંગે દઢ આગ્રહ ધરાવતાં હોય તો તેના પુત્રો आज्ञा गुरूणां ह्यविचारणीया એ ન્યાયે માતાની આજ્ઞાનું પાલન જ કરે ને પછી એ વિલક્ષણ ઘટના માટે મહાભારતકારે બીજા કોઈ ખુલાસા રજૂ કરવા પડે ખરા ?

૩ છતાં એ જ અધ્યાયમાં વળી બીજો ખુલાસો સામેલ કરવામાં આવે છે. ખુલાસો એ છે કે સહુ પાંડવો દ્રૌપદીને જોઈ મોહિત થયા ત્યારે યુધિષ્ઠિરે તેનાથી તેઓની વચ્ચે થનાર ભેદના ભયે ભાઈઓને કહ્યું : "દ્રૌપદી આપણી સર્વેની પત્ની થશે"[5] (શ્લો. ૧૧–૧૫) ને મોટાભાઈનું એ વાક્ય સાંભળી સહુ ભાઈઓ મનમાં એ અંગે વિચાર કરતા રહ્યા (અ. ૧૮૩, શ્લો. ૧).

આગળ જતાં દ્રુપદ રાજાએ દ્રૌપદીને જીતનાર વિપ્રવેશધારીઓનાં વર્ણ, કુળ આદિ જાણવા ઘણો પ્રયત્ન કર્યો ને તેઓને પોતાને ત્યાં તેડાવ્યા. દ્રુપદને તેઓ ક્ષત્રિય હોવા વિશે ખાતરી થઈ ચૂકી હતી. દ્રુપદના આગ્રહને વશ થઈ આખરે યુધિષ્ઠિરે પોતાનો સૌનો પરિચય આપ્યો. દ્રુપદે હવે અર્જુન પાણિગ્રહણ કરે એવી ઇચ્છા દર્શાવી. યુધિષ્ઠિરે કહ્યું : 'મારે પણ પાણિગ્રહણ કરવું છે', દ્રુપદ કહે 'ચાહે તો આપ પાણિગ્રહણ કરો અથવા તમે કહો તેની સાથે પાણિગ્રહણ કરાવું'. તો યુધિષ્ઠિર કહે, 'દ્રૌપદી અમારી પાંચેય ભાઈઓની પત્ની થશે' (અ. ૧૮૭, શ્લો. ૧–૨૦).

૪–૫. આ અંગે યુધિષ્ઠિર શાં કારણ આપે છે ? તેઓ કહે છે (૧) 'મારી માતાએ અગાઉ આવું કહી દીધું છે. (૨) હું પણ અવિવાહિત છું, ભીમસેન પણ અવિવાહિત છે ને અર્જુને તમારી

---

૪ અલબત્ત હિડિંબવધપર્વમાં હિડિંબાએ ભીમ સાથે વિવાહવિધિ કર્યાનો સ્પષ્ટ ઉલ્લેખ મળતો નથી, પરંતુ હિડિંબના વધની પહેલાં તેમ જ પછી હિડિંબાએ કુંતી પાસે પોતે તેના એ પુત્રની ભર્તા-પતિ તરીકે વરણી કરી હોવાનું સ્પષ્ટ રીતે વ્યક્ત કર્યું છે.

ततो वृतो मया भर्ता तव पुत्रो महाबलः । (અ. ૧૪૨, શ્લોક ૯)
वृतो ऽयं पुरुषव्याघ्रस्तव पुत्रः पतिः शुभे ।। (અ. ૧૪૩, શ્લોક ૭)

वर શબ્દ वृ (વરણી કરવી, પસંદગી કરવી) ધાતુમાંથી વ્યુત્પન્ન થયો છે. અને એનો અર્થ જેને કન્યા વરે તે તેવો થાય છે. આથી અહીં ગાંધર્વ વિવાહ અભિપ્રેત છે.

૫ ते दृष्ट्वा तत्र तिष्ठन्तीं सर्वे कृष्णां यशस्विनीम् ।
संप्रेक्ष्यान्योन्यमासीना हृदयैस्तामधारयन् ।। ११ ।।

तेषां हि द्रौपदीं दृष्ट्वा सर्वेषाममितौजसाम् ।
संप्रमथ्येन्द्रियग्रामं प्रादुरासीन्मनोभवः ।। १२ ।।

अब्रवीत्स हि तान्भ्रातॄन्मिथोभेदभयान्नृपः ।
सर्वेषां द्रौपदी भार्या भविष्यति हि नः शुभा ।। १५ ।।

પુત્રીને જીતી છે. (૩) અમારે એવો કરાર છે કે, રત્નને સાથે ભોગવવું ને અમે એ કરાર છોડવા માંગતા નથી૬ (શ્લો. ૨૨–૨૪). આથી દ્રૌપદી ધર્મતઃ અમારી સર્વેની રાણી થશે, તે અનુક્રમે સર્વનું પાણિગ્રહણ કરે (શ્લો. ૨૫).

આમ અહીં તેઓ એકી સાથે ત્રણ જુદા જુદા પ્રકારના મુદ્દાઓ ભેળવે છે. વળી એમાં તેઓ ભીમનું અવિવાહિતત્વ જણાવે છે, ત્યારે તેના હિડિંબા સાથેના ગાંધર્વ વિવાહની બની ચૂકેલી બીનાને વીસરી જ જાય છે. આમાંનો પહેલો મુદ્દો અગાઉ નં. ૨માં આવી ગયો છે, પણ બીજા મુદ્દામાંથી દ્રૌપદી પાંચેયની પત્ની બને એવું કેવી રીતે ફલિત થાય ? આ મુદ્દો અગાઉ અર્જુને રજૂ કરેલો ત્યારે તેમાં ભાઈઓનો વિવાહ વયના ક્રમે થાય એટલું જ અભિપ્રેત હતું. દ્રૌપદીને અર્જુને જીતી ને તે સમયે તેના બે મોટા ભાઈ અવિવાહિત હતા, તેથી એ ત્રણેયને પરણે એવો અર્થ નીકળે નહિ. છતાં ધારો કે એમાંથી એવો અર્થ કાઢવામાં આવે, તો પણ તેથી અર્જુનના બે નાના ભાઈઓનો એમાં સમાવેશ કેવી રીતે થાય ? ને ત્રીજા મુદ્દામાં જણાવેલ કરાર ક્યારે થયેલો ? અગાઉ ક્યાંય એનો ઉલ્લેખ થયો છે ખરો ? પછી અર્જુન અનેક સુંદર પત્નીઓ મેળવે છે, યુધિષ્ઠિર પહેલાં ઈન્દ્રપ્રસ્થનું ને પછી હસ્તિનાપુરનું રાજ્ય પ્રાપ્ત કરે છે, ત્યારે એ સુંદરીઓ કે એ રાજ્યશ્રી રૂપી રત્નો પર 'સહુનો સમાન અધિકાર રખાય છે' ખરો ? આ વાહિયાત દલીલ માત્ર દ્રૌપદીની બાબતમાં જ રજૂ કરાય છે. મને લાગે છે કે, આ દલીલ ઉપર જણાવેલા ખુલાસા નં ૩ પર આધારિત છે, ને એ ખુલાસો પાંડવો જેવા ઉમદા પુરુષો માટે કેવો અનુચિત લાગે છે ! કોઈ કન્યા સહુ ભાઈઓને ગમી જાય, તેથી શું એને સહુની પત્ની બનાવવાનો વિચાર કે પ્રસ્તાવ કોઈ સજ્જનો રજૂ કરી શકે ખરા ?

દ્રુપદને યુધિષ્ઠિરના આ વિચિત્ર વિધાનથી ઘણું આશ્ચર્ય થાય છે. તેઓ સ્પષ્ટ કહે છે, 'એક પુરુષને અનેક સ્ત્રીઓ હોવાનું વિહિત છે, પણ એક સ્ત્રીને અનેક પતિ હોવાનું કદી વિહિત નથી૭ (શ્લો. ૨૬). તમે ધર્મજ્ઞ છો, લોકાચાર અને વેદની વિરુદ્ધ આવું કાર્ય કરવું તમને ઘટતું નથી, તમારી આવી બુદ્ધિ કેમ થઈ ? (શ્લો. ૨૭)

૬ યુધિષ્ઠિર કહે 'ધર્મ સૂક્ષ્મ છે અમે એની ગતિ જાણતા નથી, અગાઉના જે માર્ગે ગયા છે તે માર્ગને અમે અનુસરીએ છીએ૮ (શ્લો. ૨૮).

યુધિષ્ઠિર અહીં કયા પૂર્વજનોના માર્ગની વાત કરતા હશે ? કુરુકુળમાં તો છેક પિતા પાંડુ સુધી અનેક પત્નીત્વની પ્રથા પ્રચલિત હતી. આર્યોનાં અન્યકુળોમાં પણ એવી જ પ્રથા પ્રવર્તતી, છતાં શું તેઓ અહીં પ્રચેતાઓ જેવા વિરલ અપવાદરૂપ પૂર્વદષ્ટાંતની વાત કરવા માગતા હશે ? કે પછી પાંડવોની ઉત્પત્તિ અંગે નિરૂપાયેલી દેવોના મંત્રોને લગતી પૌરાણિક

---

૬ एषः नः समयो राजन्रत्नस्य सहभोजनम् ।
न च तं हातुमिच्छामः समयं राजसत्तम ।। २४ ।।

૭ एकस्य बह्व्यो विहिता महिष्यः कुरुनन्दन ।
नैकस्या बहवः पुंसो विधीयन्ते कदाचन ।। २६ ।।

૮ पूर्वेषामानुपूर्व्येण यातं वर्त्मानुयामहे ।। २८ ।।

કથાની પાછળ વાસ્તવમાં હિમાચલ પ્રદેશની તળેટીમાં આવેલ અરણ્યમાં ત્યાંના કોઈ પુરુષોના નિયોગનો લાભ લેવાયો હોવાનું કોઈ ઐતિહાસિક તથ્ય રહેલું હોય તો અહીં પાંડવોના એ બીજા પિતાઓની કુલ-પરંપરાનો નિર્દેશ ઉદ્દિષ્ટ હશે? હિમાલયના અમુક ભાગોમાં બહુપતિત્વની પ્રથા અદ્યપર્યંત છે, એ સંદર્ભમાં આ મુદ્દો લક્ષમાં લેવા જેવો ગણાય. પરંતુ હસ્તિનાપુર આવ્યા પછી પાંડવો તો કુરુકુળની પરંપરાને અનુસરે, ત્યારે એ મુદ્દો દૂરાન્વિત ન ગણાય?

યુધિષ્ઠિર આ બાબતમાં કંઈ વિગતવાર સ્પષ્ટતા કરતા નથી, ને પોતાની ધર્મનિષ્ઠા વિશે પોતે પ્રમાણપત્ર આપતાં જણાવે છે કે, 'મારી વાણી ખોટી નથી, અધર્મમાં મારી બુદ્ધિ થતી નથી',[૯] ને છેવટમાં ઉમેરે છે કે 'માતા પણ આમ કહે છે, ને મારો વિચાર પણ એ જ છે[૧૦] (શ્લો. ૨૯).

દ્રુપદ આ વિષમ પરિસ્થિતિથી કંટાળી એ અંગેનો નિર્ણય યુધિષ્ઠિર, કુંતી અને ધૃષ્ટદ્યુમ્ન પર છોડે છે (શ્લોક. ૩૧).

એવામાં દ્વૈપાયન વ્યાસ ત્યાં આવી પહોંચે છે. દ્રુપદ રાજાએ તેમની પાસે પોતાની સમસ્યા રજૂ કરી: 'એક સ્ત્રી ઘણા પુરુષોની પત્ની શી રીતે થઈ શકે? એમાં ધર્મસંકર ન થાય? (અ. ૧૮૮, શ્લો. ૫)

વ્યાસે કહ્યું: 'લોકાચાર ને વેદની વિરુદ્ધ અને ક્ષુણ્ણ આ ધર્મની બાબતમાં તમારો જે જે મત હોય તે જાણવા માંગું છું (શ્લો. ૬).

દ્રુપદે કહ્યું: 'આ અધર્મ છે, લોકાચારને વેદની વિરુદ્ધ છે, અગાઉના મહાપુરુષોએ આ માર્ગ આચરેલ નથી. એ ધર્મ હોય તો પણ આચરવા યોગ્ય નથી[૧૧] (શ્લો. ૭–૮).

ધૃષ્ટદ્યુમ્ન કહે: 'સદાચારવાળો મોટોભાઈ નાનાભાઈની પત્ની પાસે કેવી રીતે જાય? ધર્મ સૂક્ષ્મ છે, છતાં દ્રૌપદી પાંચની પત્ની બને એવો નિશ્ચય હું કરી શકતો નથી'[૧૨] (શ્લો. ૧૦–૧૨).

યુધિષ્ઠિર કહે: 'મારી વાણી ખોટી નથી, અધર્મમાં મારી બુદ્ધિ પણ પ્રવર્તતી નથી. આ બાબતમાં મારું મન કહે છે કે, એ કોઈ રીતે અધર્મ નથી'[૧૩] (શ્લોક. ૧૩)

---

૯ न मे वागनृतं प्राह नाधर्मे धीयते मतिः ।
१० एवं चैव वदत्यम्बा मम चैव मनोगतम् ।। २९ ।। (અ. ૧૮૭)

११ अधर्मोऽयं मम मतो विरुद्धो लोकवेदयोः ।
न ह्येका विद्यते पत्नी बहूनां द्विजसत्तम ।। ७ ।।

न चाप्याचरितः पूर्वैरयं धर्मो महात्मभिः ।
न च धर्मोऽप्यनेकस्थश्चरितव्यः सनातनः ।। ८

१२ कर्तुमस्मद्विधैर्ब्रह्मंस्ततो न व्यवसाम्यहम् ।
पञ्चानां महिषी कृष्णा भवत्विति कथंचन ।। १२ ।।

१३ न मे वागनृतं प्राह नाधर्मे धीयते मतिः ।
वर्तते हि मनो मेऽत्र नैषोऽधर्मः कथंचन ।। १३ ।।

હવે યુધિષ્ઠિર આ અંગે પુરાણમાંથી એક દૃષ્ટાંત રજૂ કરે છે. તે, એ છે કે, ગૌતમકુળની જટિલા નામે સ્ત્રી સાત ઋષિઓને પરણી હતી[૧૪] (શ્લો. ૧૪)ને પછી ઉમેરે છે કે, ગુરુ (વડીલ)ના વચનને ધર્મ કહે છે, સર્વ ગુરુઓમાં માતા પરમ ગુરુ છે, ને તેણે પણ કહ્યું છે કે, ભૈક્ષ્યની જેમ ભોગવો, આથી હું આને ધર્મ માનું છું (શ્લો. ૧૫-૧૬).

યુધિષ્ઠિર જટિલા ગૌતમીનું જે દૃષ્ટાંત આપે છે તે 'પુરાણ'માં કે 'પુરાણો'માં (હસ્તપ્રતોમાં બંને પાઠ મળે છે) હોવાનું જણાવ્યું છે. આ દૃષ્ટાંત હાલનાં કોઈ પુરાણોમાં નિરૂપાયું હોય એવું જાણવામાં આવ્યું છે? અગાઉ ખુલાસા નં. ૬માં યુધિષ્ઠિરે જે 'અગાઉના લોકો'નો ઉલ્લેખ કરેલો, તેમાં આ દૃષ્ટાંત અભિપ્રેત હશે? એ માર્ગ વિરલ હતો એ સ્પષ્ટ છે. બહુજનસમાજમાં પ્રવર્તતી પ્રથા તો એકપત્ની વિવાહ—એકપતિવિવાહની અને અનેકપત્ની વિવાહની હતી. એ માર્ગને અનુસરતા આવેલા 'અગાઉના લોકો'નો કોઈ દાખલો લેવાનો નહિ? ખુદ પોતાના પિતા પાંડુ અને પિતામહ વિચિત્રવીર્યનો પણ નહિ? ને ગૌતમકુળમાં બનેલા એ વિરલ દૃષ્ટાંતને જ આટલું બધું મહત્ત્વ આપવાનું? પોતાની મનોવૃત્તિને જે 'પ્રેયસ્' લાગે, તેને સમર્થન આપે તેવા વિરલ દૃષ્ટાંતનો સહારો લેવામાં ઔચિત્યવિમર્શ ગણાય કે માત્ર સ્વાર્થસમર્થન!

કુંતી કહે: 'યુધિષ્ઠિરે કહ્યું એ પ્રમાણે છે. મને અસત્યનો તીવ્ર ભય છે. હું અસત્યમાંથી કેવી રીતે મુક્ત થાઉં (શ્લોક. ૧૭)?

વ્યાસ કહે: 'તમે અસત્યમાંથી મુક્ત થશો. એ સનાતન ધર્મ છે, પણ તે હું સૌની આગળ નહિ કહું, હે દ્રુપદ, તમે પોતે જ એ સાંભળજો' (શ્લોક ૧૮).

આમ વ્યાસ કુંતીની વહારે ધાય છે ને તેણે સૂચવેલો તથા યુધિષ્ઠિરે સમર્થેલો સનાતન ધર્મ દ્રુપદને એકલાને એકાંતમાં જણાવવા માગે છે.

પછી વ્યાસ રાજાને લઈને રાજભવનમાં ગયા, ને ત્યાં તેમણે દ્રુપદ રાજાને બહુપતિત્વનો ધર્મ કહ્યો (શ્લોક ૨૦–૨૨).

૭ આ વિલક્ષણ ધર્મના સમર્થનમાં વ્યાસે એક પુરાણકથા કહી. તે કથા એવી છે કે, અગાઉ નૈમિષારણ્યમાં વૈવસ્વત યમે યજ્ઞની દીક્ષા લીધી. ત્યારે પ્રજાસંહાર બંધ પડવાથી પ્રજાની સંખ્યા વધતી ગઈ. એક દિવસ દેવોએ નૈમિષારણ્યમાં ભાગીરથીના જળમાં એક સુંદર પદ્મ વહેતું જોયું. તે પદ્મનું મૂળ શોધવા જતાં ગંગાના મૂળ પાસે ઇંદ્રે એક રૂપવતી યુવતી જોઈ, તેના અશ્રુબિંદુમાંથી કાંચનનું પદ્મ થતું હતું. ઇંદ્રે તે સ્ત્રીને પૂછયું, 'તમે કોણ છો અને કેમ રડો છો?' તે સ્ત્રીએ કહ્યું 'તમે મારી સાથે ચાલો, તેનાથી તમને બધી ખબર પડશે'. ઇંદ્ર તેની પાછળ પાછળ ગયા. હિમાલયના શિખર ઉપર એક સુંદર યુવક સિંહાસન પર બેસીને યુવતીની સાથે દ્યૂત ખેલતો હતો. ઇંદ્રે એની આગળ પોતાની મહત્તા કહ્યા કરી. પરંતુ એ એની તરફ નજર નાખતો નહોતો. દ્યૂત પૂરું થયા બાદ એ યુવકે અર્થાત્ મહાદેવે ઇંદ્રનું અભિમાન ઉતાર્યું. અને એને પર્વતના બિલમાં જવા કહ્યું, ઇંદ્રે ત્યાં બીજા ચાર ઇંદ્ર દીઠા, શિવે કહ્યું:

---

૧૪ श्रूयते हि पुराणेऽपि (पाठांतर पुराणेषु) जटिला नाम गौतमी ।
ऋषीनध्यासितवती सप्त धर्मभृतां वर ॥ १४ ॥

'તમારે પાંચેયે મનુષ્યજન્મ લઈ કઠોર કર્મ કરવાં પડશે ને આ મનોહર સ્ત્રી-લક્ષ્મી તમારી ભાર્યા થશે'. પછી શિવ તેઓને લઈ નારાયણ પાસે ગયા ને તેમાં તેમની સંમતિ લીધી. અગાઉના ચાર ઇંદ્રોએ ધર્મ, વાયુ અને અશ્વિનોના બીજથી યુધિષ્ઠિર, ભીમ અને નકુળ સહદેવરૂપે અને પાંચમા ઇંદ્રે પોતાના વીર્યથી ઉત્પન્ન કરેલ પુત્રે અર્જુનરૂપે જન્મ લીધો છે. અને લોકપ્રિયા શ્રી કે લક્ષ્મી એવી એ સ્ત્રીને મનુષ્યોમાં તેઓની ભાર્યા નિર્મી તે દ્રૌપદીરૂપે જન્મી છે (અ. ૧૮૯, શ્લોક ૨૭-૩૦, ૩૨-૩૩, ૪૭-૪૯).૧૫

આવી કથા સંભળાવ્યા બાદ વ્યાસે દ્રુપદને દિવ્યચક્ષુ આપ્યું. તેના વડે દ્રુપદે પાંડવોને મૂળસ્વરૂપમાં જોયા, ને એ કન્યા પાંડવોની ભાર્યા બને તે સમુચિત હોવાની તેમને હવે પૂરી પ્રતીતિ થઈ (શ્લોક ૩૬-૩૯).

આ પુરાણકથાને રહસ્યમય બનાવી પ્રભાવક કરવા માટે વ્યાસે એ કથા દ્રુપદને એકાંતમાં કહી હશે? નહિ તો એ કથા પાંડવો, કુંતી અને ધૃષ્ટદ્યુમ્નની હાજરીમાં ન કહેવાય તેવું તેમાં શું હતું? વ્યાસને પણ લાગ્યું હશે કે દ્રુપદને માટે યુધિષ્ઠિરની સર્વ દલીલો પર્યાપ્ત નીવડે તેમ નથી. આથી એમણે આવી અલૌકિક કથાનો આશ્રય લીધો લાગે છે. ને એ અલૌકિક કથા દ્વારા જ એમણે દ્રુપદ રાજાને એ વિલક્ષણ નિર્ણય સ્વીકારાવ્યો.

આમ છતાં જાણે કે એ અલૌકિક કથા પણ પૂરતી ન નીવડે! આથી વ્યાસે વળી અગાઉ પાંડવોને કહેલી 'પાંચવાર પતિ આપો' એવું બોલતી કન્યાની પુરાણકથા દ્રુપદ સમક્ષ ઉમેરી (શ્લોક ૪૧-૪૮). અહીં અધ્યાય ૧૫૭ માંની એ કથા સંક્ષેપમાં પુનરુક્ત કરવામાં આવી છે, ને એમાં અગાઉની કેટલીક પંક્તિઓ શબ્દશ: અપનાવી છે.

આમાંની પહેલી કથા વ્યાસે અગાઉ પાંડવોને શાથી નહીં કહી હોય? પાંચ ઈંદ્રોની કથામાં જણાવેલી લક્ષ્મી એ વિષ્ણુપત્ની લક્ષ્મી નહિ પરંતુ દેવાધિદેવ ઈંદ્રની રાજલક્ષ્મી હોવાનું ઉદ્દિષ્ટ લાગે છે. પાંચ પાંડવોને દ્રૌપદી પરણે તે માટે આ અલૌકિક કથા વધુ સચોટ અને અસરકારક લાગે છે, તે છતાં એની સરખામણીએ ઘણી મોળી એવી પેલી બીજી કથા ઉમેરવાની શી જરૂર?

વ્યાસે દ્રૌપદીના પૂર્વજન્મની તો બે કથાઓ કહી, તે બે વચ્ચે કંઈ પરસ્પર મેળ મળે તેમ નથી. વળી બંને કથાઓમાં આંતરિક અસંગતિઓ પણ કેટલી બધી છે! પાંચ ઈંદ્રવાળી પહેલી કથામાં યમ યજ્ઞમાં રોકાય તેથી શું મનુષ્યોમાં મૃત્યુનો વ્યાપાર સમૂળો બંધ પડી જાય? ઈંદ્ર સાથે રુદ્રો પણ પ્રજાપતિ પાસે ગયેલા ને પછી તે સર્વ દેવો નૈમિષારણ્યમાં પણ સાથે હતા. છતાં, કૈલાસ

---

૧૫ एवमेते पाण्डवाः सम्बभूवुर्ये ते राजन्पूर्वमिन्द्रा बभूवुः ।
लक्ष्मीश्चैषां पूर्वमेवोपदिष्टा भार्या यैषा द्रौपदी दिव्यरूपा ।। ३३ ।।

द्रुपदैषा हि सा जज्ञे सुता ते देवरूपिणी ।
पञ्चानां विहिता पत्नी कृष्णा पार्षत्यनिन्दिता ।। ४७ ।।

स्वर्गश्रीः पाण्डवार्थाय समुत्पन्ना महामखे ।
सेह तप्त्वा तपो घोरं दुहितृत्वं तवागता ।। ४८ ।।

सैषा देवी रुचिरा देवजुष्टा पञ्चानामेका स्वकृतेन कर्मणा ।
सृष्टा स्वयं देवपत्नी स्वयंभुवा श्रुत्वा राजन्द्रुपदेष्टं कुरुष्व ।। ४९ ।।

પર બેઠેલા શિવને ઈંદ્ર ઓળખતો નથી ને એમને પોતાનો પરિચય પણ આપે છે! રડતી સ્ત્રી ઈંદ્રને કહે છે, તમે મારી પાછળ આવો, મારા રુદનનું કારણ તમને જણાશે, પણ પછી યે એ કારણ સ્પષ્ટ રીતે બતાવાતું નથી. શું એ સ્ત્રી દુર્દશા પામેલા ગર્વિષ્ઠ ઈંદ્રોની રાજ્યશ્રી હતી ને તોય એને આ ઈંદ્ર પિછાનતો નહોતો? ચાર ઈંદ્રો અન્ય દેવોના વીર્યથી જન્મ્યા ને અર્જુન પાંચમાં ઈંદ્રના વીર્યથી! એ સ્ત્રીને એ પાંચેય ઈંદ્રોની પત્ની બનવા મર્ત્યલોકમાં જન્મવું પડે એવી સજા એને શાથી થઈ? શિવે એ પાંચ ઈંદ્રો અને પેલી રડતી સ્ત્રીનું ભાવિ નક્કી કર્યું, તે તેમને નારાયણની સંમતિ લેવા શા માટે જવું પડયું?

દ્રૌપદી પૂર્વજન્મમાં પેલી રડતી સ્ત્રી હતી કે પેલી સર્વગુણસંપન્ન છતાં ભાગ્યહીન ઋષિ-કન્યા? ને એને પાંચ વાર વર માગ્યો તેથી પાંચ પતિને પરણવું પડયું કે એ પાંચ ઈંદ્રોની રાજ્યશ્રી હતી તેથી? સ્પષ્ટતઃ આ બંને કથાઓ કપોલકલ્પિત, અસંગતિમય અને પાછળથી કોઈ બે જુદી વ્યક્તિઓએ ઉપજાવી કાઢેલી ગણાય.

આમ દ્રૌપદીએ વારાફરતી પાંચ પાંડવો સાથે વિવાહ કરવો પડયો. પરંતુ એના મન પર પંચપતિત્વ લાદવા માટે કુંતી, યુધિષ્ઠિર અને વ્યાસના મુખે 'મહાભારત'માં જુદી જુદી કેટલી જાતના ખુલાસા આપવા પડયા છે! ને ઉપર જણાવ્યા મુજબ આમાંનો કોઈ ખુલાસો તર્કયુક્ત, સુસંગત અને પ્રતીતિકર જણાતો નથી. 'મહાભારત'ની ઉપલબ્ધ પ્રતો તો ઘણા મોડા સમયની છે. પ્રાયઃ એની મૂળ વાચનામાં આટલા બધા ખુલાસા નહિ હોય. એમાંના બધા નહિ, તો ઘણા ખુલાસા પાછળથી કથાકારોએ પોતપોતાની કલ્પના અનુસાર ઉપજાવી કાઢયા હશે ને લહિયાઓએ સમય જતાં આ બધા ખુલાસા વાચનાના સંક્રમણમાં પ્રક્ષિપ્ત કરી દીધા હશે. પરંતુ દ્રૌપદીનું પંચપતિત્વ 'મહાભારત'માં ઠેકઠેકાણે જણાવાયું છે એ હકીકત છે.

કુંતી પુત્રવધૂ તરીકે દ્રૌપદીને આશિષ આપતાં 'भर्तृषु' એવો બહુવચન પ્રયોગ કરે છે (અ. ૧૯૧, શ્લોક ૬). રાજાઓને પણ દ્રૌપદી પાંડવોને પતિઓરૂપે પામી હોવાની માહિતી મળે છે (અધ્યાય. ૧૯૨, શ્લોક ૧, ૮). દુર્યોધન દ્રૌપદી અર્જુનને વરી જાણી ઉદાસ થઈ પાછો ફર્યો. (અ. ૧૯૨, શ્લોક ૯–૧૦) એ વિધાનમાં પતિ તરીકે કેવળ અર્જુનનો ઉલ્લેખ છે, તે સ્વયંવરના વિજેતા વિપ્રવેશધારી તરીકે છે. દુર્યોધનાદિ પાસેથી વિદુરને દ્રૌપદીના સ્વયંવરનું જે પરિણામ જાણવા મળ્યું છે તેમાં દ્રૌપદી પાંડવોને વરી એવો સ્પષ્ટ નિર્દેશ છે (અ. ૧૯૨, શ્લોક ૧૬, ૨૧).

ગમે તેમ દ્રુપદ રાજાને હવે પ્રતીતિ થઈ કે દ્રૌપદી પાંચ પાંડવોની પત્ની થવા નિર્માઇ છે. આથી તે કહે છે, એ ધર્મ હો કે અધર્મ, એમાં કાંઇ મારો દોષ નથી. તેઓ તેનું વિધિપૂર્વક ભલે પાણિગ્રહણ કરે[૧૬] (૧૯૦, શ્લોક ૪).

પછી પાંડવોએ વારાફરતી એક એક દિવસે દ્રૌપદીનું વિધિપૂર્વક પાણિગ્રહણ કર્યું. દ્રૌપદી પછીના તે તે દિવસે કન્યા થઇ જતી હતી![૧૭] (શ્લોક ૫–૧૪).

---

૧૬ यदि वायं विहितः शङ्करेण धर्मोऽधर्मो वा नात्र ममापराधः ।
गृह्णन्त्विमे विधिवत्पाणिमस्या यथोपजोषं विहितैषां हि कृष्णा ॥ ८ ॥

૧૭ इदं च तत्राद्भुतरूपमुत्तमं जगाम विप्रर्षिरतीतमानुषम् ।
महानुभावा किल सा सुमध्यमा बभूव कन्यैव गते गतेऽहनि ॥ १४ ॥

દ્રૌપદી પાંચ પાંડવોને પરણી તે વૃત્તાંત આદિપર્વમાંના વૈવાહિક પર્વમાં સમાપ્ત થતો નથી. એ પછી આગળ જતાં આવતા અર્જુનવનવાસપર્વમાંના સુંદોપસુંદોપાખ્યાનમાં નારદ પાંડવો પાસે આવીને તિલોત્તમાને નિમિત્તે એકબીજા સાથે લડી મરેલા સુંદ અને ઉપસુંદનું ઉપાખ્યાન કહી પાંડવોને, દ્રૌપદીના કારણે તમારા સૌની વચ્ચે ફાટફૂટ ન થાય તેવું કરો એવી સલાહ આપે છે, ને નારદ સમક્ષ પાંડવો એવો કરાર કરે છે કે, દ્રૌપદીની સાથે બેઠેલાને જે અન્ય જોઈ જાય તે બાર વર્ષ બ્રહ્મચારી રહી વનવાસ ભોગવે (અ. ૨૦૪ શ્લોક ૨૮).

ગોહરણ થતાં ઉપસ્થિત થયેલી તાકીદભરી પરિસ્થિતિને કારણે દ્રૌપદી યુધિષ્ઠિરની સાથે બેઠેલાં હતાં ત્યારે અર્જુને આયુધ લેવા ખંડમાં નિરુપાયે પ્રવેશ કરવો પડયો ને એણે કરારભંગની સજા રૂપે બાર વર્ષનો વનવાસ વહોરી લીધો (અ. ૨૦૫). જો કે તે દરમિયાન તેમ છતાં એ તો ઉલૂપી અને ચિત્રાંગદા જેવી સુંદર કન્યાઓને પરણે છે. તેમજ તેઓમાં પુત્ર પણ ઉત્પન્ન કરે છે! તેમજ છેવટમાં સુભદ્રાનું હરણ કરી તેને પણ પરણે છે (અ. ૨૧૩, શ્લોક ૧૨). પછી સુભદ્રાને અભિમન્યુ નામે પુત્ર જન્મે છે (અ. ૨૧૩, શ્લોક ૫૮-૭૦). દ્રૌપદીને પાંચ પતિથી પાંચ પુત્ર થયા–યુધિષ્ઠિરથી પ્રતિવિન્ધ્ય, ભીમથી સુતસોમ, અર્જુનથી શ્રુતકર્મા, નકુલથી શતાનીક અને સહદેવથી શ્રુતસેન. એ વૃત્તાંત અભિમન્યુના જન્મના વૃત્તાંત પછી હવે આપવામાં આવે છે (શ્લોક ૭૨-૭૩).

પાંડવોએ, એક પતિ દ્રૌપદીની સાથે હોય ત્યારે કોઈ અન્ય પતિએ ત્યાં નજર કરવી નહિ એવો કરાર કર્યો હોય તે છતાં દ્રૌપદીને આ રીતે ક્રમશ: એક એક પતિથી એક એક પુત્ર થયો એવો નિર્ણય તેઓની લૈંગિક જીવનચર્યાનું સુચિંતિત પૂર્વવિહિત આયોજન સૂચવે છે. વળી જીવનભર દ્રૌપદીને ક્રમશ: એક એક પતિથી એક એક સંતાન અને તે પણ પુત્ર થયો એ વૃત્તાંત કોઈ કાલ્પનિક ગાણિતિક ગણતરી જેવો નથી લાગતો ?

બીજું, અર્જુન ઉલૂપી, ચિત્રાંગદા અને સુભદ્રાને પરણે છે, ત્યારે અગાઉના અધ્યાય (અ. ૧૮૭)માં જણાવેલા 'અમે રત્ન સાથે ભોગવીએ છીએ' એ કરારને કોઈ યાદ કરતું નથી!

અલબત્ત દ્રૌપદીને પાંચ પતિથી પાંચ પુત્રો થયા, છતાં અશ્વત્થામાના છળકપટને લીધે એ તો અંતે અપુત્રા બની. એમ તો છેક એના કહેવાતા સ્વયંવર પ્રસંગે તેમજ વિવાહ પ્રસંગે એની પોતાની વરણી અને ઇચ્છાને મહાભારતકારે કોઈ અવકાશ જ કયાં આપેલો છે?

દ્રૌપદીના બહુપતિત્વની બાબતમાં તે પહેલાં આદિપર્વમાં ઉપર જણાવ્યા મુજબ ઘણો લાંબો ઊહાપોહ થયેલો છે, ને એ વિલક્ષણ ઘટનાના સમર્થન માટે ઉપર જણાવ્યા મુજબ જુદી જુદી જાતના સાત ખુલાસા આપવા પડયા છે તે હકીકત દર્શાવે છે કે, મહાભારતના જમાનામાં પણ અનેકપતિત્વ ઘણું વિરલ અને વિચિત્ર ગણાતું હોવું જોઈએ ને છતાં પાંડવોના ચરિતમાં એ ઘટના એટલી બધી વાસ્તવિક ગણાતી હશે કે એને અસંભવિત ગણી લુપ્ત કરી શકાય નહી.

પછીના લેખકોને આ વિલક્ષણ ઘટના એટલી બધી મૂંઝવનારી લાગી કે કુમારિલ ભટ્ટ જેવાએ પોતાના 'તન્ત્રવાર્તિક'માં એ ઘટનાને બીજી રીતે સમજાવવા માટે જુદા જુદા પ્રકારની ત્રણ કલ્પનાઓ રજૂ કરી. એમાં એક કલ્પના એવી છે કે, દ્રૌપદી પાંચ પાંડવોને વરી એ વિધાન માત્ર આલંકારિક રીતે સમજવાનું છે ને તે એ રીતે કે દ્રૌપદી એટલે અહીં રાજ્યલક્ષ્મી સમજવાની છે, અર્થાત્ એ વિધાનથી સર્વ પાંડવોને સંયુકત રીતે રાજ્યલક્ષ્મી પ્રાપ્ત થઈ એવું અભિપ્રેત છે.

વિકલ્પે બીજી કલ્પના એવી કરવામાં આવી છે કે દ્રૌપદી નામની એક નહિ પણ પાંચ સ્ત્રીઓ હતી, પરંતુ તેઓ દેખાવે તથા સ્વભાવે એટલી બધી એકસરખી લાગતી હતી કે તેઓ 'દ્રૌપદી' એવા એક મજિયારા નામે ઓળખાતી અને આથી વસ્તુતઃ જુદી જુદી પાંચ દ્રૌપદીઓ પાંચ પાંડવોને પરણેલી છતાં જાણે કે એ એક જ દ્રૌપદી પાંચ પાંડવોને વરી હોય એવો ભાસ થયો. ત્રીજી વૈકલ્પિક કલ્પના એવી કરવામાં આવી છે કે, દ્રૌપદી ખરેખર એકલા અર્જુનની જ પત્ની હતી, જેણે પોતાના ધનુર્વિદ્યા–કૌશલથી એને જીતી હતી, પરંતુ દ્રૌપદી પોતાના કૌટુંબિક વ્યવહારમાં (લૈંગિક વ્યવહારમાં નહિ) પાંચેય પાંડવોની સરખી કાળજી રાખતી. આથી એના જેઠ તથા દિયર પણ જાણે કે એના પતિ હોય તેવો એનો સમભાવ રહેતો.[૧૮]

આપેલું વિધાન અવાસ્તવિક લાગતાં એને આલંકારિક રીતે ઘટાવવાનું મન થાય એ સ્વાભાવિક છે. રાજાઓના સંદર્ભમાં કવિઓ ઘણીવાર પૃથ્વીને અથવા રાજ્યલક્ષ્મીને આલંકારિક રીતે તેઓની પત્ની તરીકે રજૂ કરે છે. 'મોહરાજપરાજય' જેવાં સંસ્કૃત રૂપકોમાં મોહ, વિવેક, કૃપા આદિ સૂક્ષ્મ ભાવોને પાત્રો તરીકે નિરૂપેલ છે. પરંતુ અહીં દ્રૌપદી કૃષ્ણાનું વૈયક્તિક ચરિત્રચિત્રણ એટલું સચોટ કરવામાં આવ્યું છે કે એને રાજલક્ષ્મીનું પ્રતીક ગણવાનું ભાગ્યે જ સંભવે. દ્રૌપદી એક નહિ પણ પાંચ હતી એ કલ્પના આધાર વિનાની નરી અટકળ જ છે. દ્રૌપદી વસ્તુતઃ એકલા અર્જુનની અથવા એકલા યુધિષ્ઠિરની પત્ની હતી ને પતિના અન્ય ભાઈઓ તરફ સમભાવ રાખતી એવી કલ્પના કોઈ કોઈ અર્વાચીન વિચારકોએ પણ કરી છે. પરંતુ મહાભારતના મહાપ્રાસ્થાનિક પર્વના અધ્યાય ૨ માં ધર્મરાજ યુધિષ્ઠિર ભીમને સ્પષ્ટ કહે છે કે, દ્રૌપદી અર્જુન તરફ વિશેષ પક્ષપાત ધરાવતી હતી તેનું તે આજે આ ફળ ભોગવે છે.[૧૯]

દ્રુપદ અને ધૃષ્ટદ્યુમ્નનાં વિધાનો પરથી સ્પષ્ટ થાય છે કે, ભારતમાં એ સમયે બહુપતિત્વની પ્રથા ભાગ્યે જ પ્રચલિત હતી, ને એ પ્રથા લોકવિરુદ્ધ તથા વેદવિરુદ્ધ ગણાતી. પાંડવોના કુળમાં તો બહુપત્નીત્વનો અને સતી થવાનો રિવાજ હતો. ત્યાં એનાથી તદ્દન વિરુદ્ધ એવી બહુપતિત્વ–પ્રથા કેવી રીતે સંભવે? કર્ણ ભલે કહે, બહુપતિત્વ એ સ્ત્રીઓનો ઇપ્સિત ગુણ છે[૨૦] (અ. ૧૯૪, શ્લોક ૮). વ્યાસ પણ જેને આગળ જતાં 'સનાતન ધર્મ' કહે છે,[૨૧] તેને શરૂઆતમાં 'લોકવેદ–વિરુદ્ધ ધર્મ' કહી ચૂકેલા![૨૨] યુધિષ્ઠિર ધર્મરાજ અધર્મભીરુ અને સત્યાચરણી હતા, છતાં નાના ભાઈ અર્જુને પરાક્રમથી જીતેલી દ્રૌપદીને જોઈ કામવશ થાય એવું અનુચિત

---

૧૮ Altekar, (Dr.) A. S., "The Position of women in Hindu Civilisation," Banaras, 1956, pp. 113f.

૧૯ पक्षपातो महानस्या विशेषेण धनंजये ।
तस्यैतन्फलमद्यैषा भुङ्क्ते पुरुषसत्तम ॥ ६ ॥

૨૦ ईप्सितश्च गुणः स्त्रीणामेकस्या बहुभर्तृता ।

૨૧ यथायं विहितो धर्मो यतश्चायं सनातनः ।
यथा च प्राह कौन्तेयस्तथा धर्मो न संशयः ॥ (અ. ૧૮૮, શ્લોક ૧૯)

૨૨ अस्मिन्धर्मे विप्रलब्धे लोकवेदविरोधके ।
यस्य यस्य मतं यद्यच्छ्रोतुमिच्छामि तस्य तत् ॥ (અ. ૧૮૮, શ્લોક ૬)

આચરણ કરે એ અસંભવિત ન ગણાય? પોતાની મતિ અધર્મ તરફ વળે નહીં, એવી આત્મશ્રદ્ધા ધરાવનાર એવા તેમની મતિ નાનાભાઈની ભાર્યા તરફ વળે? યુધિષ્ઠિરે અગાઉના લોકોની બહુપતિત્વ પ્રથા અંગે ગૌતમીનું દૃષ્ટાંત આપ્યું, તે વ્યાસ અને દ્રુપદ જેવા વડીલોની જાણમાં નહિ હોય? ને યુધિષ્ઠિરના એ ખુલાસાને અન્ય કોઈ અનુમોદન આપતા નથી! જટિલા ગૌતમીએ કયા સાત ઋષિઓ સાથે વિવાહ કરેલો ને કયા સંયોગોમાં એ બિશે નથી મહાભારત કંઈ વિગત આપતું કે નથી એ વિગતો કોઈ પુરાણમાં મળતી. મહાભારતની કેટલીક હસ્તપ્રતોમાં જટિલા ગૌતમીના દૃષ્ટાંત (અ. ૧૮૮, શ્લોક ૧૪) પછી એક બીજું દૃષ્ટાંત આપેલું છે. તે છે 'પ્રચેતસ્' નામે દસ ભાઈઓ સાથે વાર્ક્ષીએ વિવાહ કર્યાનું.[૨૩] આ કથા ભાગવત પુરાણના ચતુર્થ સ્કંધમાં વિગતે આવે છે, એમાં જણાવ્યું છે કે, વૈન્ય પૃથુના વંશજ પ્રાચીનબર્હિષને દસ પુત્રો હતા. તે સર્વે 'પ્રચેતસ્' નામે ઓળખાતા ને તેમના નામની જેમ તેમનું વ્રત પણ સમાન હતું (અ. ૨૪, શ્લોક ૧૩). પ્રમ્લોચા નામે અપ્સરાએ કંડુ ઋષિથી એક કન્યા પ્રાપ્ત કરી હતી, પણ તેણે તેને ત્યજી દીધેલી, તેને વૃક્ષોએ પાળી પોષી. પ્રજા ઉત્પન્ન કરવાની પિતાની આજ્ઞાનું પાલન કરવા પ્રચેતાઓ એ વાર્ક્ષીને વૃક્ષકન્યાને પરણ્યા. એનું નામ 'મારિષા' હતું. વૃક્ષોએ બ્રહ્મદેવની આજ્ઞાથી એ કન્યા પ્રચેતાઓને અર્પણ કરી હતી. તેનાથી તેઓને દક્ષ નામે પ્રખ્યાત પુત્ર થયો (અ. ૩૦). આ આખી કથા પૌરાણિક પ્રકારની છે. સંભવ છે કે નારદે પ્રાચીનબર્હિષને કહેલા પુરંજન-આખ્યાનના ઉપસંહારમાં પુરંજન એટલે જીવાત્મા, પંચાલદેશ એટલે પાંચ વિષયો, નવદ્વારવાળું નગર એટલે શરીર એવાં પ્રતીક સમજાવ્યા છે. તેમ દસ પ્રચેતાઓ અને વાર્ક્ષી મારિષાના પાત્ર પણ કોઈ સૂક્ષ્મ તત્વોના પ્રતીકરૂપે હોય. નહીં તો પાંડવોથી જુદી રીતે દસ ભાઈઓનું એક જ નામ અને (એકેક નહિ, પણ) એક જ સંતાન કેવી રીતે સંભવે?

અર્વાચીન વિદ્વાનોમાં શ્રી રોમેશચંદ્ર દત્ત[૨૪] અને શ્રી બંકિમચંદ્ર છત્રજી[૨૫] જેવા કેટલાક વિદ્વાનોએ એવું પ્રતિપાદન કરવાનો પ્રયત્ન કર્યો છે કે દ્રૌપદી વસ્તુત: એક જ પતિને વરી હતી ને તે યુધિષ્ઠિરને. આ વિદ્વાનો દ્રૌપદીના પંચપતિત્વના ઉલ્લેખો તથા ખુલાસાઓને વાહિયાત માની સ્વયંવરમાં મત્સ્યવેધથી દ્રૌપદીને અર્જુને જીતી, પરંતુ ત્યારે જ્યેષ્ઠ બંધુ યુધિષ્ઠિર અવિવાહિત હોઈ એને પરણવાનો અધિકાર જ્યેષ્ઠાધિકારની રૂએ યુધિષ્ઠિરને પ્રાપ્ત થયો ને યુધિષ્ઠિર સાથે પટ્ટરાણી તરીકે અભિષેક દ્રૌપદીનો થયેલો એ સર્વસ્વીકાર્ય તર્કનો આધાર લે છે.

શ્રી લાલા સુખરામદાસ ચૌહાણ[૨૬] અને શ્રી મગનલાલ માણેકલાલ ઝવેરી[૨૭] જેવા

---

૨૩ तथैव मुनिजा वार्क्षी तपोभिर्भावितात्मनः ।
संगताभूद्दश भ्रातॄनेकनाम्नः प्रचेतसः ।। (અ. ૧૮૮, શ્લોક ૧૪ પછીનો પ્રક્ષિપ્ત શ્લો.)

૨૪ Dutt, R. C. "The Rāmāyaṇa and the Mahābhārata condenced into English Verse", p. 224.

૨૫ બંકિમ નિબંધમાળા, પૃ. ૧૫૭-૧૫૮

૨૬-૨૭ વિગતો માટે જુઓ સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયે સં. ૧૯૮૩માં પ્રકાશિત કરેલા મહાભારતના આદિ પર્વના અનુવાદના પ્રાસ્તાવિકનાં પૃ. ૬૬-૧૧૦માં ઉતારેલ 'શું દ્રૌપદીને પાંચ પતિ હતા?' એ લેખ અને એની ભૂમિકા.

કેટલાક અન્ય વિદ્વાનોએ ‘ શું દ્રૌપદીને પાંચ પતિ હતા ? ’ એ સમસ્યાની વિગતવાર તલસ્પર્શી છણાવટ કરી છે ને ‘ આદિપર્વ ’માં આપેલા દ્રૌપદીના બહુપતિત્વ અંગેના સર્વ ખુલાસા તદ્દન વાહિયાત હોવાનું સિદ્ધ કરી એવું પ્રતિપાદિત કરવા પ્રયત્ન કર્યો છે કે, દ્રૌપદી એકલા અર્જુનની જ પત્ની હતી ને પોતાના જેઠોને પિતૃતુલ્ય અને દિયેરોને પુત્રતુલ્ય ગણતી હતી. શ્રી મગનલાલ ઝવેરીએ તો એ પણ દર્શાવ્યું છે કે બ્રાહ્મણોના વૃંદમાંથી નીકળેલ બ્રાહ્મણવેશધારી અર્જુને સ્વયંવરમાં મત્સ્યવેધ કર્યો ત્યારે લોકો ‘ બ્રાહ્મણોએ દ્રૌપદીને વરી ’ એવું મોઘમ વિધાન[૨૮] કરી વિખરાયા, તેવી રીતે દ્રૌપદી પાંડવોને પ્રાપ્ત થઈ એ વ્યાપક અર્થમાં ‘ પાંડવોએ દ્રૌપદી વરી ’ એવું વ્યાપક વિધાન કરાયું હશે ને એ પરથી પછીના લેખકોએ ગેરરસ્તે દોરવાઈ દ્રૌપદીને પાંચ પતિવાળી ઠોકી બેસાડી હશે. વળી તેઓ આ રજૂઆતમાં વામમાર્ગીઓનો હાથ તથા અદ્ભુત રસનો શોખ પણ આરોપે છે.[૨૯] શ્રી. બંકિમચંદ્ર દ્રૌપદીના પાંચ પતિઓની જેમ એના પાંચ પુત્રોની વાતને તથા યજ્ઞકુંડમાંથી થયેલી એની અલૌકિક ઉત્પત્તિની વાતને પણ કલ્પિત માને છે. તેમણે સૂચવ્યું છે કે હિંદુ શાસ્ત્રકારોએ દ્રૌપદીની નિર્લેપતા અથવા અનાસક્તિ સ્પષ્ટ દર્શાવવા માટે એને પાંચ પતિઓ હોવાની અને દરેક પતિના ધર્મકાર્ય માટે તેમના એકેક પુત્રને ગર્ભમાં ધારણ કર્યાની કલ્પના ઘુસાડી છે.[૩૦]

વિભિન્ન પ્રદેશોની વિભિન્ન લિપિઓમાં લખાયેલી હસ્તપ્રતોમાં જળવાયેલી પ્રાચીનમાં પ્રાચીન વાચનાઓમાં પણ છેક આદિપર્વથી માંડીને પ્રાસ્થાનિક પર્વ સુધીના પર્વોમાં દ્રૌપદીના પંચપતિત્વનો એકધાર્યો ઉલ્લેખ આવ્યા કરે છે. અલબત્ત આ હસ્તપ્રતોની પ્રાચીનતા ઈ. સ.ની ૧૬ મી સદી સુધીની જ છે ને ‘ મહાભારત ’ તો મૂળ ‘ જય ’ કાવ્યની સંવર્ધિત આવૃત્તિ ‘ ભારત ’નીય સંવર્ધિત આવૃત્તિ છે, આથી વ્યાસ–રચિત મનાતા મૂળ ‘ જય ’ કાવ્યમાં દ્રૌપદીનું પંચપતિત્વ નિરૂપાયું હશે કે કેમ એ નક્કી કરવું મુશ્કેલ છે. છતાં મહાભારતની સમીક્ષિત આવૃત્તિના વિદ્વાન સંપાદકો સૂચવે છે તેમ આપણને ઉપલબ્ધ હસ્તપ્રતોના પુરાવાની પાર અટકળો કરવાનો અધિકાર નથી ને એવી અટકળો કરીએ તો તે સીધા પુરાવાના આધાર વિના પ્રમાણિત કે નિર્ણયાત્મક ન ગણાય.

ઊલટું, રા. બ. ચિંતામણરાવ વિનાયક વૈદ્ય સૂચવે છે કે, આપણા હાલના આચાર વિચારોથી વિરુદ્ધ જે વાતો જણાય છે તે અસલ મહાભારતનો ભાગ છે. ને એ રીતે દ્રૌપદીને પાંચ પતિ હતા એ બિના અસલ ભાગની છે, અને તેથી સત્ય છે.[૩૧]

આથી ઓછામાં ઓછું ૧૬મી સદીથી પાંડવોના ચરિતમાં દ્રૌપદીના પંચપતિત્વની ઘટના એટલી બધી વાસ્તવિક અને સુસ્થાપિત ગણાતી હશે કે એને અસંભવિત ગણી લુપ્ત કરી શકાય

---

૨૮ पाञ्चाली ब्राह्मणैर्वृता (અ. ૧૮૧, શ્લોક ૩૪)

૨૯ ‘ શું દ્રૌપદીને પાંચ પતિ હતા ? ’ એજન, પૃ. ૧૦૮–૧૦૯.

૩૦ બંકિમનિબંધમાળા, પૃ. ૧૫૮–૧૬૦,

૩૧ આદિપર્વ, ગુજરાતી અનુવાદ, પ્રાસ્તાવિક, પૃ. ૭૨, પાદટીપ ૧.

નહિ. અલબત એના બહુપતિત્વની વાત ત્યારે પણ ઘણી વિચિત્ર અને અનુચિત મનાતી. આથી 'આદિપર્વ'માં પછીના લેખકોએ પોતપોતાને સૂઝયા તેવા જાતજાતના ખુલાસા ઉમેરવા પડ્યા છે; ને છતાં એમાંનો કોઈ ખુલાસો આપણને પૂરતો પ્રતીતિકારક જણાતો નથી.

આ સંદર્ભમાં હવે એ તપાસવું બાકી રહે છે કે, શું ભારતમાં કયાંય કદી બહુપતિત્વની પ્રથા પ્રચલિત હતી કે કેમ.

તૈત્તિરીય સંહિતા (૬, ૬, ૪, ૩) જણાવે છે કે જેમ એક યૂપ પર બે રશના વીંટાળે છે તેમ એક પુરુષ બે પત્ની મેળવે છે; જેમ એક રશના બે યૂપ પર વીંટાળતો નથી તેમ એક સ્ત્રી બે પતિ મેળવતી નથી. ઐતરેય બ્રાહ્મણ (૧૨, ૧૧) જણાવે છે કે, એક પુરુષ બહુ ભાર્યાઓ મેળવે છે, એક પુરુષને બહુ ભાર્યાઓ હોય છે, એક સ્ત્રીઓને બહુ સહપતિઓ હોતા નથી'. પરંતુ આપસ્તંબ ધર્મસૂત્ર (૨, ૧૦, ૨૭, ૨–૪) નિયોગની પ્રથામાં થતી સગોત્રની પસંદગીના સંદર્ભમાં કન્યા કુટુંબને અપાય છે એવો નિર્દેશ કરે છે. 'સ્મૃતિચન્દ્રિકા' (૧, ૧૦)માં ઉદાહૃત બૃહસ્પતિ જણાવે છે કે, અન્ય દેશોમાં કુલને કન્યાદાન થતું દેખાય છે.

મહાભારતના આદિપર્વ પરની ટીકામાં નીલકંઠ (૧૭મી સદી) દ્રૌપદીના પંચપતિત્વ અને મારિષાના દશપતિત્વના સંદર્ભમાં પોતાના સમયમાં નીચ જનોમાં બે ત્રણ પતિઓની પ્રથા પ્રચલિત હોવાનો નિર્દેશ કરે છે. બહુપતિત્વની પ્રથા બે પ્રકારની છે (૧) જેમાં પતિઓ પરસ્પર સંબંધી હોતા નથી; (૨) જેમાં પતિઓ ભાઈઓ હોય છે.[૩૨] આમાંની પહેલી પ્રથા મલબાર પ્રદેશના નાયરોમાં અગાઉ પ્રચલિત હતી, પણ હવે એ લુપ્ત થઈ ગઈ છે. બીજી પ્રથા હજી કેટલેક અંશે કુમાંઉ, ગઢવાલમાં અને આસામ સુધીના હિમાલય વિસ્તારમાંના લોકોમાં જોવા મળે છે.[૩૩] ભગવાનલાલ ઇંદ્રજી નોંધે છે કે કુમાંઉમાં રાજપૂતો, બ્રાહ્મણો અને શૂદ્રો બધા બહુપતિત્વ આચરે છે ને તેમાં બાળકો હયાત રહેતા જયેષ્ઠ બંધુનાં ગણાય છે.[૩૪]

કેટલાક માને છે કે બહુપતિત્વ પ્રથા ભારતમાં આર્યોમાં નહિ પણ આર્યેતરોમાં પ્રચલિત હતી. ડૉ. આલ્તેકર ધારે છે કે, પાંડવો કૌરવો કરતાં જુદા કુળના હશે અને તેઓએ આ પ્રથા કાશ્મીર કે તિબેટની આર્યેતર પ્રજા પાસેથી અપનાવી હશે.[૩૫] પરંતુ મહાભારતમાં આપેલી કુરુકુળની વંશાવળી પ્રમાણે તો ધાર્તરાષ્ટ્રો અને પાંડવો બંને એક જ કુળના હતા. વળી ડૉ. આલ્તેકર કહે છે કે, બહુપતિત્વપ્રથા કાશ્મીર અને તિબેટની થોડી આર્યેતર જાતિઓમાં હજી પ્રચલિત છે.[૩૬] પરંતુ ઉપર જણાવ્યા મુજબ કુમાંઉ પ્રદેશમાં રાજપૂતો, બ્રાહ્મણો અને શૂદ્રો બધા બહુપતિત્વ આચરે છે.

---

૩૨ Imperial Gazetteer of India, Vol. I; p. 483

૩૩ Jolly, " Hindu Law and Custom ", p. 103, f. n.

૩૪ Indian Antiquary, Vol. VIII, p. 88

૩૫-૩૬ Altekar, (Dr.) A. S., " The Position of Women in Hindy Civilisation " Banaras, 1956, p. 114

શ્રી શ્રીપાદ દામોદર સાતવલેકરજી જણાવે છે કે, લગ્નની સહોદર–પદ્ધતિમાં બધા ભાઈઓનું સહિયારું લગ્ન એક સ્ત્રી સાથે થાય છે. પાંડવો અને દ્રૌપદીનું લગ્ન આ પ્રકારનું છે. આ જાતનાં લગ્ન હાલમાં પણ હિમાલયની કેટલીક પહાડી જાતિઓમાં પ્રચલિત છે. પાંડવોના સમયમાં પણ એ રિવાજ હિમાલયની પહાડી જાતિઓમાં જ પ્રચલિત હતો. પાંડવોનો જન્મ તથા ઉછેર હિમાલયના પ્રદેશમાં થયો હોઈ તેઓને પણ એવું સંયુક્ત લગ્ન કરવાની બુદ્ધિ સૂઝી.[૩૭] યુધિષ્ઠિરની 'અમે પૂર્વજનોના માર્ગને આનુપૂર્વીથી અનુસરીએ છીએ' (અ. ૧૮૭, શ્લોક ૨૮) એ દલીલમાં રા. બ. ચિં. વિ. વૈદ્ય પાંડવોની કુલપ્રથાનો અર્થ ઘટાવે છે,[૩૮] પરંતુ પાંડુનું પોતાનું અને હસ્તિનાપુર આવી વસેલા પાંડવોનું ચરિત જોતાં પાંડવોના કુળમાં આવી પ્રથા હોવાનું બંધ બેસતું નથી. છતાં મિથોભેદભયના કે એવા કોઈ અન્ય ગૂઢ કારણે કુટુંબના વડા યુધિષ્ઠિરે દ્રૌપદી પાંચેય પાંડવો સાથે વિવાહ કરે એવો વિચિત્ર નિર્ણય કર્યો ને દ્રૌપદીને એકી સાથે પાંચ પતિની પત્ની બનવું પડયું એ હકીકત લાગે છે. પાંડવોના તથા દ્રૌપદીના સંદર્ભમાં આ પગલું તદ્દન અનુચિત છે, ને એના અપાયેલા વિવિધ ખુલાસા પૈકી કોઈ પૂરતો પ્રતીતિકર નથી. આથી દ્રૌપદીના બહુપતિત્વનું ખરું કારણ, હજુ અણઊકલી સમસ્યારૂપ રહેલું છે.

બાકી દ્રૌપદીનું બહુપતિત્વ પોતે નિંદ્ય કે હાનિકર ગણાયું નથી. પાંડવોનો એની સાથે વિવાહ થયો તે પછી તરત જ શ્રીકૃષ્ણે તેઓને ભેટ સોગાદો મોકલી (આદિપર્વ, અ. ૧૯૧), પાંડવો લાક્ષાગૃહના છળમાંથી બચી જઈ જીવતા રહ્યા ને દ્રૌપદીને પામ્યા એ મનમાં ન ગમતું હોવા છતાં ધૃતરાષ્ટ્રે, ભીષ્મ દ્રોણ અને વિદુરની સલાહથી વિદુરને પાંડવો, કુંતી અને દ્રૌપદીને તેડી લાવવા દ્રુપદ પાસે મોકલ્યા. વિદુર કહે, કુરુ સ્ત્રીઓ નગર અને જનપદ–સહુ કૃષ્ણા પાંચાલીને જોવા ઈચ્છે છે (અ. ૧૯૮, શ્લોક ૨૩). ધૃતરાષ્ટ્રે યુધિષ્ઠિરને અર્ધું રાજ્ય આપી ખાંડવપ્રસ્થ મોકલ્યા. ઈન્દ્રપ્રસ્થમાં કે આગળ જતાં હસ્તિનાપુરમાં યુધિષ્ઠિર રાજપદ પામ્યા ત્યારે કદી એમની સાથે પટરાણી તરીકે દ્રૌપદી ન ચાલે એવો પ્રશ્ન ઉઠયો નથી. દ્રૌપદી બહુપતિઓની પત્ની છે તે વિશે દુર્યોધન અને દુઃશાસન જેવાએ કદી કંઈ નિંદા કરી નથી. દ્યૂતપ્રસંગે માત્ર કર્ણ એને 'બંધકી' કહી એ એકવસ્ત્રા હોય કે વિવસ્ત્રા હોય તોય એને રાજસભામાં રજૂ કરવામાં શો વાંધો એવું વિધાન કરે છે ('સભાપર્વ, અ. ૬૧).[૩૯] એ એક અપવાદ સિવાય, બહુપતિત્વના કારણે દ્રૌપદીની કયાંય નિંદા થઈ નથી. ઊલટું આગળ જતાં દ્રૌપદી તે પાંચ પાતકનાશિની નિત્ય-સ્મરણીય નારીઓમાં સ્થાન પામી છેઃ

अहल्या द्रौपदी सीता तारा मन्दोदरी तथा ।
पञ्चकं ना स्मरेन्नित्यं महापातकनाशनम् ।।

---

૩૭ महाभारतकी समालोचना, भाग २, पृ. १३०

૩૮ વૈદ્ય, ચિં. વિ. "મહાભારતની સમાલોચના" પૃ. ૧૨૮

૩૯ एको भर्ता स्त्रियो देवैर्विहितः कुरुनन्दन ।
इयं त्वनकवशगा बन्धकीति विनिश्चिता ।। ३५ ।।
अस्याः सभामानयनं न चित्रमिति मे मतिः ।
एकाम्बरधरत्वं वाप्यथ वापि विवस्त्रता ।। ३६ ।।

આ શ્લોક आचारमयूखમાં મળી આવે છે.[४०] આ દર્શાવે છે કે, યુધિષ્ઠિરે ગમે તે કારણે સહોદર–સમૂહ સાથેના એના વિવાહ માટે પ્રસ્તાવ મૂકયો ને આગ્રહ કર્યો. યુધિષ્ઠિર, કુંતી અને દ્રુપદની આજ્ઞાથી દ્રૌપદીએ પાંચ પાંડવો સાથે વિવાહ કર્યો ને જીવનભર તે સર્વની નિષ્ઠાપૂર્વક સેવા કરી. આથી બહુપતિત્વના કારણે તે નિંદા ન પામતાં ઉલટી નિષ્ઠાપૂર્વક સેવા માટે પ્રશંસા પામી છે.

આમ દ્રૌપદીનું બહુપતિત્વ પોતે સમસ્યારૂપ રહ્યું નથી, પરંતુ તે અપનાવરાવવા અંગેનો યુધિષ્ઠિરનો પ્રસ્તાવ અને આગ્રહ જ સમસ્યારૂપ રહેલો છે.

---

४० भट्ट नीलकण्ठ, 'आचारमयूख', મુંબઈ, ૧૯૧૫ પૃ. ૮.

આચાર્ય દંડીનો સ્વભાવોક્તિ અલંકાર

ગોવિંદલાલ શં. શાહ

પાશ્ચાત્ય સાહિત્ય અને પાશ્ચાત્ય વિવેચનશાસ્ત્રને અનુસરીને વર્તમાન ભારતીય ભાષાઓમાં એવી વિચારસરણી જોવા મળે છે કે માનવજીવન જેવું છે તેવું જ સાહિત્યમાં નિરૂપાયેલું હોવું જોઈએ. સાહિત્યમાં જીવનથી જુદું કે વિરુદ્ધ હોય તો તે અશ્રદ્ધેય લાગે છે. સાહિત્યમાં સૌંદર્યલક્ષી અને આદર્શવાદી દૃષ્ટિકોણ નહીં પણ વાસ્તવલક્ષી અને યથાર્થવાદી દૃષ્ટિકોણ હોવો જોઈએ. સમાજના મધ્યમ વર્ગના તથા નીચલા સ્તરના લોકોનું જીવન, તેમનું દારિદ્ર્ય, તેમના રિવાજો, તેમની નબળાઈઓ, તેમનાં વેદના, વ્યથા અને વ્યસનોનું નિરૂપણ આડંબર કે દંભ વિના યથાર્થ રીતે સાહિત્યમાં થવું જોઈએ. આ વિચારસરણીના સંદર્ભમાં જ અશ્લીલતાને અડી જાય તેવાં શૃંગારિક વર્ણનો, જુગુપ્સાપ્રેરક નિરૂપણો અને ખૂન તથા લોહી સાથે સંકળાયેલ રહસ્યમયી વાર્તાઓને સાહિત્યમાં સ્વીકારવામાં આવેલ છે. સ્વભાવોક્તિપૂર્ણ આલેખન એ વાસ્તવવાદની લાક્ષણિકતા છે. વાસ્તવવાદ અથવા યથાર્થવાદ (realism) અને અસ્તિત્વવાદ (existentialism) વર્તમાન સાહિત્યના પ્રબળ અને પ્રચલિત સિદ્ધાન્તો છે. વાસ્તવવાદના પરિપ્રેક્ષ્યમાં આચાર્ય દંડીની, સ્વભાવોક્તિ અલંકારની વિભાવના (concept) વિચારણીય છે.

દંડીનો સમય ઈ. સ. ૭મી સદીનો છે. તે ભરત અને ભામહ પછીના આલંકારિક છે.[1] ડૉ. ધર્મેન્દ્રકુમાર ગુપ્તના શબ્દોમાં જોઈએ તો, "જ્યારે અલંકારશાસ્ત્રના કેટલાક સિદ્ધાન્તો સ્થિરતાપૂર્વક વિકાસાભિમુખ હતા તેવા શાસ્ત્રના ઘડતરના આરંભકાળમાં દંડી થઈ ગયા. દંડીના સમયે સાહિત્યશાસ્ત્રના કેટલાક સિદ્ધાંતો માન્યતા પામવા મથતા હતા. ત્યારે કેટલાક ખ્યાલો તો સ્પષ્ટ કે અસ્પષ્ટ સ્વરૂપે પ્રથમવાર દેખા દેતા હતા. સાહિત્યિક સિદ્ધાંતોના પ્રથમ પુરસ્કર્તાઓમાંના એક તરીકે દંડી અલંકારશાસ્ત્રના ઇતિહાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે.[2]

દંડીના 'કાવ્યાદર્શ'માં અલંકાર અને રીતિનું સરખી રીતે નિરૂપણ થયું છે તે જોતાં તેમને જેટલા રીતિસંપ્રદાયના આચાર્ય ગણવામાં આવે છે તેટલા જ અલંકારસંપ્રદાયના આચાર્ય પણ ગણવામાં આવે છે એમ મ. મ. પી. વી. કાણે તથા ડૉ. ડી. કે. ગુપ્ત માને છે.[3] દંડીએ પ્રથમવાર અલંકારોના અર્થાલંકાર અને શબ્દાલંકાર એવા ભેદો માન્યા છે. તેમણે કેટલાક

---

૧ જો કે ભામહ અને દંડીના પૌર્વાપર્ય બાબતમાં વિવાદ છે. મ. મ. પી. વી. કાણે દંડીને ભામહની પૂર્વે મૂકે છે. અન્ય વિદ્વાનો ભામહને દંડી પૂર્વે થઈ ગયેલ માને છે.

2 Gupta (Dr.) D. K.—A Critical Study of Dandin and his Works. P. 99 (1970)

3 Ibid, P. 184 and M. M. Kane, P. V.—History of Sanskrit Poetics pp. 89–90

અલંકારો માર્ગરીતિની ચર્ચા દરમ્યાન સમજાવ્યા છે. દંડીએ ૩૫ અર્થાલંકારો તથા તેના અનેક પ્રકારોને લક્ષણ અને ઉદાહરણ આપી સમજાવેલ છે. અલંકારને કાવ્યનો આત્મા કહેનાર આલંકારિકોએ અલંકાર શબ્દ વધુ વ્યાપક અર્થમાં લીધો છે. દંડી મુજબ કાવ્યને શોભા આપનાર ધર્મોને અલંકારો કહેવામાં આવે છે.[૪] દંડીએ અલંકારોની વિસ્તૃત યોજનામાં ગુણોનો અમુક કાવ્યશૈલી બનાવતા વિશેષ અલંકારો તરીકે સમાવેશ કર્યો છે. ફક્ત કાવ્યગુણ જ નહીં પણ નાટ્યસંધિના વિવિધ પ્રકારો અને વૃત્તિઓ તથા લક્ષણો પણ દંડીના અલંકારના ક્ષેત્રમાં સમાવવામાં આવેલ છે.[૫] ડૉ. વી. રાઘવન લખે છે તેમ "દંડીને માટે આખો કાવ્યપ્રપંચ અલંકારબ્રહ્મ છે....તે ખરેખર તેમના અલંકારસિદ્ધાન્તને મોટી ગાદી જેવો બનાવે છે જે અનુકૂળ રીતે બીજા સિદ્ધાન્તોને સમાવે છે."[૬] જો કે વામનનો સૌંદર્ય એ જ અલંકાર છે એવો ખ્યાલ દંડી કરતાં વધુ વ્યાપક છે. વામન મુજબ કાવ્યમાં સૌંદર્ય જેને લીધે આવે તે અલંકાર છે[૭] પણ સમય જતાં અલંકાર શબ્દ સંકુચિત અર્થમાં પ્રયોજાવા લાગ્યો. અલંકારોને કાવ્યનાં બાહ્ય આભૂષણ ગણવામાં આવ્યાં. દંડી અંગે આપણે કહી શકીએ કે તે અલંકારને કટકકુંડલની જેમ બાહ્ય આભરણ ગણતા નથી પણ તેને વિશાળ અને વ્યાપક અર્થમાં પ્રયોજે છે. પ્રોફે. તપસ્વી નાન્દી યોગ્ય જ લખે છે કે "દંડીનો અલંકાર અંગેનો વ્યાપક ખ્યાલ આમ ગુણાદિ અને અગ્રાહ્ય વસ્તુને પણ આવરી લે છે અને તેનો સંબંધ રસ સાથે યોજે છે."[૮]

દંડીના પુરોગામી ભામહ, 'કાવ્યાલંકાર'માં વક્રોક્તિ અલંકાર બધા અલંકારોના પાયામાં રહેલો છે તેમ કહે છે.

सैषा सर्वत्र वक्रोक्तिरनयार्थो विभाव्यते ।
यत्नोऽस्यां कविना कार्यः कोऽलङ्कारोऽनया विना ॥[९]

મમ્મટ એ જ કારિકા ઉદ્ધૃત કરીને વિચારનું સમર્થન કરે છે.[૧૦] દંડી અને ભામહ

---

૪ काव्यशोभाकरान् धर्मानलङ्कारान् प्रचक्षते । दण्डी-काव्यादर्शः २-१

૫ यच्च सन्ध्यङ्गवृत्त्यङ्गलक्षणाद्यागमान्तरे ।
व्यावर्णितमिदं चेष्टमलंकारतयैव नः ॥ એજન. ૨-૩૬૭.

6 "For him the whole kāvyaprapanch is Alaṃkāra—Brahman".."He virtually makes the concept 'a wider berth' which conveniently accommodate these and many more."

Dr. V. Raghavan–Some Concepts of Alaṃkāra–s'āstra.–P. 25 (1942)

૭ काव्यम् ग्राह्यम् अलङ्कारात् । सौन्दर्यम् अलङ्कारः ।
वामन–काव्यालङ्कारसूत्रवृत्तिः ।

૮ નાન્દી (પ્રો.) તપસ્વી, ભારતીય સાહિત્યશાસ્ત્રની વિચારપરંપરાઓ, પૃ. ૨૧૩ (૧૯૭૨)

९ भामह–काव्यालङ्कारः २-८५

१० मम्मट–काव्यप्रकाशः पृ. ११६
(edi—prin. A. B. gajendragadakar (1970)

કથાઆખ્યાયિકા, ગુણ, માર્ગ વગેરે કેટલાક મુદ્દાઓ પર ભિન્ન મત ધરાવે છે તેમાં સ્વભાવોક્તિ અલંકાર અને તેના પર આધારિત હેતુ, સૂક્ષ્મ વગેરે અલંકારોના અલંકારત્વના મુદ્દાનો પણ સમાવેશ થાય છે. ભામહ સ્વભાવોક્તિ અલંકારનું લક્ષણ આપી ઉદાહરણ સહિત સમજાવે છે[૧૧] છતાં ડૉ. એસ. કે. ડે. કહે છે તેમ "ભામહમાં સ્વભાવોક્તિનું અનિશ્ચિત અસ્તિત્વ (dubious existence) છે. તેઓ સ્વભાવોક્તિને સ્વીકારતા હોય તેમ લાગતું નથી."[૧૨]

ભામહથી વિપરીત દંડી સ્વભાવોક્તિ અલંકારનો સ્વીકાર કરે છે. હેતુ, સૂક્ષ્મ વગેરે સ્વભાવોક્તિ પર આધારિત અલંકારોનો પણ સ્વીકાર કરે છે એટલું જ નહીં પણ વક્રોક્તિની જેમ સ્વભાવોક્તિ પણ બીજા અલંકારોના પાયામાં રહી શકે એ તથ્યનો પણ સ્વીકાર કરે છે. સ્વભાવોક્તિનું અપૂર્વ સ્થાન દર્શાવવા તેની સર્વપ્રથમ ચર્ચા કરે છે. દંડી સ્વભાવોક્તિ, વક્રોક્તિ, અતિશયોક્તિ, શ્લેષ, ઔપમ્ય અને ભાવિકને માત્ર અલંકાર તરીકે નહીં પણ ઘણા અલંકારોના પાયામાં રહી શકે તેવાં, ઘટક તત્ત્વ તરીકે લે છે. દંડી અર્થાલંકારના સ્વભાવોક્તિ પર આધારિત અને વક્રોક્તિ પર આધારિત એવા બે ભેદો પણ પાડે છે. તેમાં સ્વભાવોક્તિ પર આધારિત અલંકારો કયા છે તે ચોક્કસપણે કહી શકાય તેમ નથી. ડૉ. ડી. કે. ગુપ્તને અનુસરીને "હેતુ, સૂક્ષ્મ, લેશ, યથાસાંખ્ય, પ્રેયસ્, આશીઃ, ભાવિક અને સ્વભાવોક્તિને સ્વભાવોક્તિ વિભાગના તથા બાકીના અલંકારોને વક્રોક્તિ વિભાગના માની શકાય."[૧૩]

કાવ્યાદર્શના દ્વિતીય પરિચ્છેદની કારિકા ૮ થી ૧૩ સુધી સ્વભાવોક્તિ અલંકારને સમજાવવામાં આવ્યો છે.

સ્વભાવોક્તિને 'જાતિ' અલંકાર પણ કહેવાય છે. જ્યારે કોઈ પ્રાણી કે પદાર્થના જાતિ, ગુણ, ક્રિયા કે દ્રવ્યનું વર્ણન એવી યથાર્થ રીતે કરવામાં આવ્યું હોય કે જેથી તે વસ્તુનું વાસ્તવિક સ્વરૂપ આપણા મનઃચક્ષુ સમક્ષ ખડું થઈ જાય ત્યારે તે સ્વભાવોક્તિ અલંકાર છે તેમ કહેવાય છે. સ્વભાવોક્તિ કે જાતિ, એ વસ્તુની સ્વભાવિક સ્થિતિના વર્ણન માટેનું **કવિનું વિધાન** છે. સામાન્ય વાતચીત, કાયદાની કચેરીઓનાં લખાણો, વૈજ્ઞાનિક અને શાસ્ત્રીય વાક્યો આ અલંકારમાંથી બાદ કરવામાં આવેલ છે. દંડી સ્વભાવોક્તિની આ રીતે વ્યાખ્યા આપે છે.

> नानावस्थं पदार्थानां रूपं साक्षाद् विवृण्वती ।
> स्वभावोक्तिश्च जातिश्चेत्याद्या सालंकृतिर्यथा ।। का. द. २-८

'જાતિ'નું વર્ણન હોય એવી સ્વભાવોક્તિનું ઉદાહરણ આ રીતે આપવામાં આવ્યું છે. "સંપૂર્ણ લાલ ચાંચથી, હરિયાળી અને કોમળ પાંખથી ત્રણ રંગની રેખાવાળા કંઠથી આ પોપટ મધુર વાણીવાળા છે.[૧૪] અહીં 'શુક' શબ્દ જાતિવાચક નામ છે. વિશ્વના કોઈ પણ જાતિ-

---

૧૧ भामह–काव्यालङ्कारः २-९३-९४

12 De. (Dr.) S. K., Sanskrit Poetics, Vol. II, P. 29 (1960)

13 Gupta (Dr.) D. K., A Critical Study of Dandin and his Works, P. 191 and 199 (1970)

૧૪ दण्डी–काव्यादर्शः २-९

વાચક નામનું યથાર્થ વર્ણન કરવામાં આવ્યું હોય તો સ્વભાવોક્તિ અલંકાર થઈ શકે છે, એવો અર્થ આપણે સહેલાઈથી કાઢી શકીએ. જેમ કે દરિદ્ર માણસ, ગણિકા, કોઈ કારીગર, ભિખારી, વેપારી, વિદ્યાર્થી વગેરે જાતિવાચક નામ હોઈ આ બધાંનાં યથાતથ વર્ણન સ્વભાવોક્તિમાં ગણાવી શકાય. ''

'મીઠા અસ્પષ્ટ ગુંજનવાળા કંઠથી, ઘોળાતી આંખવાળું, રતિક્રીડાની ઇચ્છાવાળું પારેવું ભમીને પ્રિયાને ચુંબન કરે છે.[૧૫] અહીં અસ્પષ્ટ ગુંજન વગેરે સર્વધર્મો પારાવતની ચુંબન-ક્રિયાના છે. તેથી ક્રિયાગત સ્વભાવોક્તિ અલંકાર થયો.

'શરીરમાં રોમાંચ ઉત્પન્ન કરતો, મનમાં સુખનો સંચાર કરતો અને આંખોને સુખાનુભવથી બંધ કરતો આ પ્રિયાસ્પર્શ પ્રવૃત્ત થાય છે.[૧૬] આ શ્લોકમાં પ્રિયાસ્પર્શ ગુણ હોવાથી ગુણમાં રહેલી સ્વભાવોક્તિ છે.

આમ કોઈપણ ક્રિયા અને કોઈપણ ગુણનું યથાર્થ વર્ણન થયું હોય ત્યાં સ્વભાવોક્તિ બને છે.

'કંઠે નીલવર્ણવાળા, હાથમાં રહેલ કપાલ સાથે, સ્નિગ્ધ અને તામ્ર જટાવાળા ચંદ્રશેખર વૃષભધ્વજ (શિવ) પ્રગટ થયા.[૧૭] અહીં કંઠે નીલવર્ણ વગેરે બધા જ ધર્મો શિવરૂપી એક વ્યક્તિમાં એક દ્રવ્યમાં રહેલા છે તેથી દ્રવ્યગત સ્વભાવોક્તિ છે. કોઈ એક વ્યક્તિનું વાસ્તવિક વર્ણન કરવામાં આવ્યું હોય તો આ પ્રકારની સ્વભાવોક્તિ બને છે.

મમ્મટે 'બાળક વગેરેની પોતાની વિશિષ્ટ ક્રિયા અને રૂપનું વર્ણન એટલે સ્વભાવોક્તિ'[૧૮] એવી વ્યાખ્યા આપી છે. 'અભિજ્ઞાનશાકુંતલ'નો દોડતા હરણનું વર્ણન કરતો શ્લોક[૧૯] તથા 'ઉત્તરરામચરિત'નો અશ્વમેધયજ્ઞના વર્ણનનો શ્લોક[૨૦] સ્વભાવોક્તિનાં સરસ ઉદાહરણ છે.

દંડી કહે છે કે અલંકારશાસ્ત્રમાં અને સાહિત્યમાં સ્વભાવોક્તિનું ઉત્કૃષ્ટ સ્થાન છે.[૨૧] આ ઉપરથી એમ લાગે છે કે આ અલંકાર પરંપરાગત છે. ભરતે તેની વ્યાખ્યા આપી નથી.

---

૧૫ दण्डी–काव्यादर्शः २-१०

૧૬ ,, ,, २-११

૧૭ ,, ,, २-१२

૧૮ मम्मट–काव्यप्रकाशः १०-२५

૧૯ ग्रीवाभङ्गाभिरामं.........ઈ.
कालिदास–अभिज्ञानशाकुन्तलम् । १-७

૨૦ पश्चात् पुच्छं वहति.........ઈ.
भवभूति–उत्तररामचरितम् ४-२६

૨૧ शास्त्रेष्वस्यैव साम्राज्यं काव्येष्वप्येतदीप्सितम् ।
दण्डी–काव्यादर्शः २-१३

ડૉ. ડી. કે. ગુપ્ત કહે છે તેમ ભરતે આપેલ નાટ્યલક્ષણ 'दिष्ट' સ્વભાવોક્તિ સાથે મળતું આવે છે.[૨૨] કેટલાક આલંકારિકો 'વાર્તા' અલંકાર સાથે તેનું સામ્ય જુએ છે.[૨૩]

સ્વભાવોક્તિ અલંકારના પર્યાય તરીકે 'જાતિ' શબ્દ વપરાય છે. જો કે સ્વભાવોક્તિ અલંકારની ચર્ચા જાતિ, ગુણ, ક્રિયા અને દ્રવ્ય ચારેયના સંદર્ભમાં કરવામાં આવી છે, તે આપણે જોયું છે. એમ લાગે છે કે આ અલંકારની શરૂઆતમાં ફક્ત 'જાતિ'નું વર્ણન થતું હશે. 'જાતિ' શબ્દનો સ્વભાવોક્તિના અર્થમાં પ્રયોગ બાણના 'હર્ષચરિત' અને 'કાદંબરી'માં થયો છે.[૨૪]

ભામહ સ્વભાવોક્તિને ઓછું મહત્ત્વ આપતા હોવા છતાં તેનું લક્ષણ તો આપે જ છે.[૨૫] દંડી પછીના ઘણા આલંકારિકો સ્વભાવોક્તિ અલંકારનો સ્વીકાર કરે છે. જો કે કેટલાક તેને ભિન્ન રીતે સમજાવે છે. વામન સ્વભાવોક્તિને અર્થવ્યક્તિ નામના અર્થગુણના ક્ષેત્રમાં સમાવે છે તો મમ્મટ એ ગુણને જ સ્વભાવોક્તિ અલંકારમાં સમાવે છે. વક્રોક્તિને કાવ્યાત્મા માનનાર કુન્તક સ્વભાવોક્તિને ન સ્વીકારે તે સ્વાભાવિક છે. તેઓ સ્વભાવોક્તિને અલંકાર નહીં પણ અલંકાર્ય કહે છે. જો તેમાં વસ્તુવક્રતા હોય તો સ્વીકારવામાં તેમને વાંધો નથી. દંડીએ 'रूपं साक्षाद् विवृण्वती' (૨-૮) શબ્દોમાં આવા વૈચિત્ર્યનું Strikingness નું–સૂચન કર્યું છે. વૈચિત્ર્ય બધા અલંકારોમાં હોવું જોઈએ. તે જ રીતે સ્વભાવોક્તિમાં પણ હોવું જોઈએ. માત્ર સીધુંસાદું વર્ણન હોય કે 'गौरपत्यं बलीवर्दः तृणमत्ति मुखेन सः ।'......ઇ. તેથી સ્વભાવોક્તિ અલંકાર બનતો નથી. બાણ કહે છે 'જાતિ' અગ્રામ્ય હોવી જોઈએ.

પ્રિ. એ. બી. ગજેન્દ્રગડકર સ્વભાવોક્તિનું મહત્ત્વ દર્શાવતાં લખે છે, "સ્વભાવોક્તિ ખરેખર એક અગત્યનો અલંકાર છે. તે કવિની કલ્પનાશક્તિ સિવાય તેની નિરીક્ષણ શક્તિ અને અભિવ્યક્તિની શક્તિની સારી કસોટી છે. પ્રકૃતિનાં વર્ણનો આ અલંકાર તળે આવે પણ સંસ્કૃત આલંકારિકોએ સામાન્ય રીતે તેની ઉપેક્ષા કરી છે. આ અલંકારને જેટલું મહત્ત્વ આપવું જોઈએ તેટલું તેમણે આપ્યું નથી.[૨૬]

---

22 Gupta (Dr.), D. K.—A Critical Study of Dandin and his Works, P. 200 (1970) and भरत-नाट्यशास्त्र १७-३

23 Gupta (Dr.), D. K.—A Critical Study of Dandin and his Works, P. 200 (1970)

૨૪ "नवोऽर्थो जातिरग्राम्या......ઇ."
બાણ–હર્ષચરિત (પ્રસ્તાવના) શ્લોક-૫, કાદંબરી (પ્રસ્તાવના) શ્લોક-૯

२५ स्वभावोक्तिरलङ्कार इति केचित् प्रचक्षते ।
अर्थस्य तदवस्थत्वं स्वभावोऽभिहितो यथा ॥
भामह–काव्यालङ्कारः २-९३

२६ मम्मट–काव्यप्रकाशः–
A. B. Gajendragadakar (edi) (Prin), P. 361 (1970)

(ક) સંસ્કૃતમાં 'કાવ્ય' શબ્દ સમગ્ર વાઙ્મય માટે પ્રયોજાય છે. (ખ) દંડી મુજબ અલંકાર શબ્દની અર્થછાયા પછીના આલંકારિકો કરતાં ભિન્ન અને વ્યાપક છે. (ગ) દંડી સ્વભાવોક્તિનું વિશિષ્ટ સ્થાન પ્રતિષ્ઠિત કરે છે. આ ત્રણ બાબતો પરથી એમ કહી શકાય કે દંડી મુજબ સાહિત્યના કોઈપણ સ્વરૂપમાં સીધી રીતે છતાં વૈચિત્ર્યપૂર્ણ વાસ્તવિક અને યથાર્થ નિરૂપણ કરી શકાય. આવા યથાર્થ નિરૂપણવાળું કાવ્ય અર્થાત્ સાહિત્ય હોઈ શકે.

એ સુવિદિત છે કે દંડીએ જ લખેલા ગદ્યકાવ્ય 'દશકુમારચરિત'માં ભિન્નપ્રણાલિકાગત વાસ્તવિક ચરિત્રો તથા યથાર્થ સમાજજીવન આપણને પ્રાપ્ત થાય છે. દંડીએ આ અંગેના પોતાના મતને 'દશકુમારચરિત'માં ઉદાહૃત કરેલ છે.

મને લાગે છે કે ઈ. સ. ૭મી સદીના આ દાક્ષિણાત્ય આલંકારિકે વર્તમાન સમયના 'વાસ્તવવાદ'ની દિશામાં કેટલુંક પ્રારંભિક કાર્ય કર્યું છે. દંડી 'કાવ્યાદર્શ'માં વિવિધ સિદ્ધાન્તોનો નિર્દેશ કરે છે એ ડૉ. ડી. કે. ગુપ્તના શબ્દોમાં જોઈએ, "જો કે તેમના 'કાવ્યાદર્શ'માં વિવિધ સિદ્ધાન્તો તેની પરાકાષ્ઠાએ આપણને મળતા નથી, કે કેટલાક કિસ્સાઓમાં તો વિકસિત સ્વરૂપે પણ મળતા નથી. તો પણ પ્રાચીન પરંપરામાંથી વારસામાં મેળવેલ વિભાવનાઓનું અર્થઘટન કરવાનો, તથા વૈજ્ઞાનિક રીતે તેનું પૃથક્કરણ કરવાનો, વારસામાં મળેલ ખ્યાલોને વિવેચનાત્મક દૃષ્ટિથી તપાસી તેની સમીક્ષા કરવાનો અને વિશેષ તો ઘણા નવા વિચારોનું મૌલિક પ્રદાન કરવાનો તથા પાછળના સમયે જેણે નિશ્ચિત આકાર ગ્રહણ કર્યો તેવા નવા સિદ્ધાન્તોનો નિર્દેશ કરવાનો દંડીનો નિષ્ઠાપૂર્વક પ્રયત્ન તો આપણે જોઈએ છીએ જ."[૨૭] સ્વભાવોક્તિને વ્યાપક રીતે અલંકારના વિશિષ્ટ તત્ત્વ તરીકે સમજાવીને દંડીએ, બીજા સિદ્ધાન્તોની જેમ પાયાનું કામ કર્યું છે પણ દંડીના સ્વભાવોક્તિના સિદ્ધાન્તની પછી આવનાર વિવેચકે આંગળી પકડી નહીં. તે સિદ્ધાન્ત વિકાસ પામી પ્રતિષ્ઠિત બન્યો નહીં. તે માટે તે સમયના ભારતીય જનજીવનનું વાતાવરણ, જીવન પ્રત્યેનો આધ્યાત્મિક દૃષ્ટિકોણ, વર્તમાન સમય જેવી સમસ્યાઓ અને જટિલતાનો અભાવ વગેરે કારણો 'વાસ્તવવાદ' માટે પોષક નહીં નીવડ્યાં હોય. નહિતર, કદાચ, વિશ્વને 'વાસ્તવવાદ' પશ્ચિમને બદલે ભારતમાંથી મળ્યો હોત.

---

27 Gupta (Dr.) D. K.—A Critical Study of Dandin and his Works, p. 99 (1970)

પ્રત્યભિજ્ઞાદર્શન: એક ઝલક

મહેન્દ્રકુમાર મો. દેસાઈ (કુમાર)

ભારતીય આધ્યાત્મિક સંસ્કૃતિનો આદિ સ્રોત નિગમ અને આગમ છે. ભારતીય સનાતન સાધનાનું બીજ આ વેદ અને તંત્રમાં નિહિત છે. વળી આપણી દર્શનધારાઓના મૂળ પ્રસ્થાપકોએ તેમના તત્ત્વચિન્તનના પાયામાં, એક યા બીજા સ્વરૂપે, અદ્વૈત સિદ્ધાંતને સ્વીકાર્યો છે, પણ તેમના વિશિષ્ટ અભિગમ અને એક યા બીજા તત્ત્વ પર તેમણે મૂકેલા ભારના કારણે તેમનાં દર્શનો કેવલાદ્વૈત, શુદ્ધાદ્વૈત વગેરે પંદર ઉપરાંત વિભિન્ન નામોથી પ્રચલિત છે. આ અદ્વૈતના આદર્શને પરિપુષ્ટ કરવામાં '**કાશ્મીરીય શૈવદર્શન**'નો ફાળો નાનોસૂનો નથી. ભારતીય સાધનાક્ષેત્રમાં વ્યાપક પ્રભાવ ધરાવનાર આ વિચારધારાનાં પ્રાચીન સાહિત્યમાં 'ત્રિકદર્શન' 'માહેશ્વરદર્શન' જેવાં નામો પ્રચલિત હતાં પરંતુ શ્રી માધવાચાર્યે એમના 'સર્વદર્શનસંગ્રહ'માં '**પ્રત્યભિજ્ઞા**' શબ્દનો બહુ બહોળો પ્રયોગ કર્યો ત્યારથી કાશ્મીરીય શૈવદર્શનને બદલે 'પ્રત્યભિજ્ઞાદર્શન' નામ જ અધિકતઃ પ્રચાર અને પ્રતિષ્ઠાને પામતું રહ્યું છે.

સર રામકૃષ્ણ ભાણ્ડારકરના અભિપ્રાય અનુસાર આ શૈવાગમ બે ભાગમાં વિભાજિત છે. (૧) સ્પન્દશાસ્ત્ર અને (૨) પ્રત્યભિજ્ઞાદર્શન. સ્પન્દશાસ્ત્રના પ્રચારક વસુગુપ્ત છે અને પ્રત્યભિજ્ઞાશાસ્ત્રના પ્રવર્તક સોમાનંદ છે. કાશ્મીરીય શૈવાગમનું મૂળ ભગવાન શિવે રચ્યા હોવાનું મનાતા '**શિવસૂત્રો**'માં રહેલું છે. આ 'શિવસૂત્રો'ની ઉપલબ્ધિ આચાર્ય વસુગુપ્તને ૯મા સૈકામાં કાશ્મીરમાં થઈ હતી અને વસુગુપ્તે તેના કલ્લાટ વગેરે શિષ્યોને તેનો અભ્યાસ કરાવ્યો હતો. કાશ્મીરમાં શૈવદર્શન સંબંધી નીચેની મુખ્ય કૃતિઓ અસ્તિત્વમાં આવેલી.

૧	વસુગુપ્ત રચિત	'સ્પન્દકારિકા' (ઈ. સ. ૯૦૦)
૨	અભિનવગુપ્ત રચિત	'પ્રત્યભિજ્ઞાસૂત્ર' (ઈ. સ. ૯૩૦)
૩	,,	'ઈશ્વરપ્રત્યભિજ્ઞાવિમર્શિની'
૪	,,	'તન્ત્રાલોક'
૫	,,	'પરમાર્થસાર'
૬	ક્ષેમરાજ રચિત	'શિવસૂત્રવિમર્શિની'
૭	,,	'સ્પન્દસંદોહ'

આ કૃતિઓમાં આગમ, સ્પન્દશાસ્ત્ર અને પ્રત્યભિજ્ઞાશાસ્ત્ર—એ ત્રણેયના સિદ્ધાંતપ્રવાહો સમ્મિલિત સ્વરૂપમાં જોવા મળે છે. તેથી તેમાંના અદ્વૈતસિદ્ધાંતને 'ત્રિક' નામથી પણ

ઓળખાવવામાં આવે છે. આગમશાસ્ત્રનો મૂળ આધાર ‘ શિવસૂત્ર ’ અને તેના પરની ભાસ્કરની વૃત્તિ તથા ક્ષેમરાજ રચિત ‘ વિમર્શિની ’ છે. સ્પન્દશાસ્ત્રનો મુખ્ય આધાર વસુગુપ્તની મૂળ ‘ સ્પન્દકારિકા ’ અને તેના પરની કલ્લાટની વૃત્તિ છે, તો પ્રત્યભિજ્ઞાપદ્ધતિના વિચારોનો આધાર સોમાનંદકૃત ‘ શિવદૃષ્ટિ ’, ઉત્પલ રચિત ‘ પ્રત્યભિજ્ઞાસૂત્ર ’ અને અભિનવગુપ્તની કૃતિઓ છે. આમ ‘ પ્રત્યભિજ્ઞાદર્શન ’ શબ્દથી સ્પન્દ અને પ્રત્યભિજ્ઞા બંને મતોનો નિર્દેશ થાય છે. તાત્પર્ય કે કાશ્મીરીય ત્રિકદર્શન એટલે માત્ર પ્રત્યભિજ્ઞા કે કેવળ સ્પન્દ નહીં, પણ પ્રત્યભિજ્ઞા અને સ્પન્દ એ બંને શાસ્ત્રોનો સુભગ સમન્વય. એ વેદવિરોધી નથી જ, તેમ જ તે વેદોનો અંતિમ પ્રમાણ રૂપે સ્પષ્ટ સ્વીકાર પણ કરતું નથી. છતાં અદ્વૈત વિચારનાં સમર્થન અને પ્રચાર–પ્રસારમાં તેણે બહુ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે, એ નિર્વિવાદ છે.

પ્રત્યભિજ્ઞાદર્શનના મૂર્ધન્ય પ્રકાશક અને પ્રચારક છે બે સમર્થ મનીષીઓ : (૧) મહામાહેશ્વરાચાર્ય અભિનવગુપ્ત અને તેમની વિદ્વતા–સાધનાના સાચા વારસદાર તેમના (ભત્રીજા હોવાનું મનાતા ?) શિષ્યપ્રવર આચાર્ય ક્ષેમેન્દ્ર (ક્ષેમરાજ). બંને મેધાવી વિદ્યાપુરુષોએ –સાહિત્યનાં ત્રણે અંગો–શૈવદર્શન, અલંકારશાસ્ત્ર તથા તંત્ર–વિષે મૂલ્યવાન પ્રદાન કર્યું છે. ક્ષેમેન્દ્રમાં કવિ અને ચિંતકની પ્રતિભાનો ઉદ્રેક જોવા મળે છે. આમ તો ક્ષેમરાજે કોઈ નવીન વિચારનું પ્રતિસ્થાપન કર્યું નથી, પણ પુરોગામી આચાર્યોએ સૂત્ર–સંક્ષેપમાં સ્થાપિત કરેલા–અને તેથી અભ્યાસીઓને દુર્બોધ જેવા લાગતા–સિદ્ધાંતોનું વિશદીકરણ અને પ્રસારણ કરવાનો તેણે ભગીરથ પ્રયત્ન કર્યો છે. શૈવાગમોપલબ્ધ બીજથી પ્રસ્ફુટિત જે શૈવદર્શનના અંકુરને અભિનવગુપ્તે સ્વપ્રતિભાજલથી સીંચીને વૃક્ષરૂપ આપ્યું તેના સંરક્ષણ અને સંવર્ધનનું શ્રેય ક્ષેમરાજને ફાળે જાય છે. વિશેષતઃ જેના તરફ અભિનવગુપ્તનું ખાસ આકર્ષણ ન હતું તે **‘ ચિતિ ’** સિદ્ધાંતનું સુવ્યવસ્થિત વિશદ વિસ્તૃત વિવરણ ક્ષેમરાજે જ કરેલું છે. પ્રત્યભિજ્ઞાનની સાથે ચિતિના મનોવૈજ્ઞાનિક સંબંધની ક્ષેમરાજે કરેલી સૂક્ષ્મ મીમાંસા તથા ચિદાનંદની ઉપલબ્ધિ માટે ચિતિના સ્વાતંત્ર્ય–સામંજસ્યનું સમ્યક્ સ્થાપન–પ્રતિપાદન અપૂર્વ ગણાય છે.

આચાર્ય ક્ષેમરાજે રચી હોવાની મનાતી પંદરેક કૃતિઓમાં મોટા ભાગની કૃતિઓ ટીકા–વિવૃત્તિ રૂપની છે. ‘ ધ્વન્યાલોક ’ ‘ લોચનોદ્યોત ’ ‘ સ્વચ્છન્દોદ્યોત ’ ‘ સ્પન્દસંદોહ ’ ‘ શિવસૂત્રવિમર્શિની ’ જેવી કૃતિઓમાં તેની કારયિત્રી પ્રતિભા સોળે કળાએ ખીલી ઊઠેલી જણાય છે. વસુગુપ્તનાં શિવસૂત્રો પરની વ્યાખ્યાનાત્મક વિવૃત્તિ ‘ શિવસૂત્રવિમર્શિની ’માં તો તેણે ત્રિકદર્શનના મૂળ સિદ્ધાંતોનું પ્રતિપાદન અત્યંત વિદ્વત્તાપૂર્ણ છતાં સરલ શૈલીમાં કર્યું છે. **‘ પ્રત્યભિજ્ઞાહૃદય ’** ક્ષેમરાજની મૂર્ધન્ય કૃતિ છે. તેમાં તેણે અભિનવગુપ્તનાં ગૂઢ અસ્પષ્ટ અને કઠણ લાગતાં ૨૦ સૂત્રો પર સંક્ષિપ્ત સૂત્રાત્મક અતિ સરળ વ્યાખ્યા–વૃત્તિ કરી છે. તેની વિશેષતાથી પ્રભાવિત થઈને ઈ. સ. ૧૯૧૮માં શ્રી વી. આર. સુબ્રહ્મણ્ય અય્યરે તેનું તામિલમાં રૂપાન્તર કર્યું અને ૧૯૨૦માં શ્રી લક્ષ્મી નરસિંહમ્ નામના વિદ્વાને દક્ષિણ શૈવ સિદ્ધાંતોના આધાર પર તેનું તેલુગૂમાં રૂપાન્તર કર્યું. ત્યાર બાદ મદ્રાસની અડ્યાર લાયબ્રેરી દ્વારા પ્રકટ થયેલ સંસ્કરણનો ઈમિલ વેયરે પહેલાં જર્મનમાં અને પછી તેના જ આધાર પર શ્રી કર્ટ એફ. લેડેકરે–ટિપ્પણીઓ સહિત–અંગ્રેજીમાં અનુવાદ કર્યો. ધ્યાનપાત્ર વાત તો એ છે કે ક્ષેમરાજની

બીજી બધી કૃતિઓ પૂર્વાચાર્યોનાં સૂત્રો પરની વ્યાખ્યાઓ છે પણ આ 'પ્રત્યભિજ્ઞાહૃદય' તેમની સર્વાંશત: સ્વતંત્ર કૃતિ હોવાનું ગૌરવ ધારણ કરે છે. એમાં ધાર્મિક ઉપદેશ અને દાર્શનિક વ્યાખ્યાન ઉભયનું સામંજસ્ય જોવા મળે છે.

× × ×

જ્યારે સૃષ્ટિ કે એવું બીજું કાંઈ ન હતું અને ભવિષ્યમાં ય જ્યારે બીજું કાંઈ નહીં હોય ત્યારે જે એક અદ્વિતીય પરબ્રહ્મ પરિપૂર્ણરૂપે સદાકાળ માટે અસ્તિત્વ ધરાવે છે તેને પ્રત્યભિજ્ઞાદર્શનમાં '**પરમ શિવ**'ની સંજ્ઞા આપી છે. તે પરમ ચૈતન્ય તેના Transendental સનાતન અરૂપ–રૂપમાં નિત્ય નિર્ગુણ નિરંજન નિરાકાર અક્ષય અને અદ્વય છે. તે સર્વતંત્રસ્વતંત્ર, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન તત્ત્વ દિક્કાલકાર્યકારણરૂપબુદ્ધિ વગેરેથી પર છે. વળી તે કેવળ અને નિર્વૈયક્તિક હોઈ શાંત (Static) ઉદાસીન રહે છે. તે જ પરમ શિવ–एकोऽहं बहुस्याम અનુસાર–જ્યારે તેના બીજા 'Immanent' સ્વરૂપે વિશ્વમાં આવિર્ભાવ પામે છે ત્યારે તે દિક્કાળાદિ મર્યાદાઓનો સ્વીકાર કરે છે. તાત્પર્ય કે વિશ્વાતીત વિશ્વરૂપ બને છે, નિરાકાર સર્વાકાર-સર્વાધાર બને છે, શાંત (static) સક્રિય (dynamic) બને છે ત્યારે આગમવાદીઓ પરમ શિવને '**શિવ**' સંજ્ઞાથી ઓળખાવે છે. પરમ શિવ પોતે તો અકર્તા છે પણ શિવને તે કર્તૃત્વ સોંપે છે અને શિવના એ કર્તૃત્વકાર્યમાં '**શક્તિ**' સહાયભૂત બને છે. અહીં વિલક્ષણતા એ છે કે શિવ એ પ્રચંડ સર્જનનું વિધાયક તત્ત્વ છે જ્યારે શક્તિ શિવના સર્જનકાર્યને અંકુશમાં રાખનારું નિયામક (Suppressing restraint) તત્ત્વ છે. સૃષ્ટિના સર્જનના બીજમાં પ્રાણ-જીવનરૂપ શિવતત્ત્વ છે અને એ જીવનને ઉત્ક્રાન્ત થવામાં અનંત રૂપોનું વૈવિધ્યપ્રદાન કરનાર શક્તિતત્ત્વ છે.

આ શિવ અને શક્તિ આદિકાળથી જ પોતાની અવિભાજ્ય શક્તિઓ રૂપે પરમ શિવમાં સનાતન કાળ માટે રહેલાં છે અને સૃષ્ટિના સંકોચ–પ્રલય સમયે પણ તેઓ પરમ શિવની હૃદયગુહામાં નિહિત રહે છે. તે બંનેનાં નામ–કામ જુદાં હોવાં છતાં તે બંનેનું સમગ્ર કાર્ય '**શિવ-શક્તિ**'ના સંયુક્ત નામથી જ ઓળખાવાય છે.

પ્રત્યભિજ્ઞાદર્શનમાં બે પ્રકારની સર્જનપ્રક્રિયા માની છે. (૧) શુદ્ધ (૨) અશુદ્ધ. પ્રથમ શુદ્ધ સર્જનમાં પરમ શિવમાંથી પાંચ તત્ત્વો પ્રાદુર્ભાવ પામે છે. (૧) શિવ (૨) શક્તિ (૩) સદાશિવ (૪) ઈશ્વર અને (૫) સદ્‌વિદ્યા. આવિર્ભાવની વિશુદ્ધ અવસ્થાઓ રૂપ આ પાંચેય શક્તિઓ અતીન્દ્રિય અને અતિપ્રાકૃત છે. એ દરેકમાં પરમ શિવનું કોઈને કોઈ તત્ત્વ પ્રાધાન્ય ભોગવતું હોઈ એ પ્રાધાન્ય પ્રમાણે તેમનાં પાંચ જુદાં જુદાં નામો પડેલાં છે. જ્યારે તેમાં પરમ શિવના (૧) **ચિત્** (Existence) તત્ત્વનું પ્રાધાન્ય હોય છે ત્યારે તે 'શિવ' કહેવાય છે. તે પ્રમાણે પરમશિવના અનુક્રમે **આનંદ** (Bliss), **ઈચ્છા** (Will), જ્ઞાન (Knowledge) અને ક્રિયા (Action) તત્ત્વોના પ્રાધાન્ય પ્રમાણે તેઓ અનુક્રમે (૨) શક્તિ, (૩) સદાશિવ (૪) ઈશ્વર અને (૫) સદ્‌વિદ્યા કહેવાય છે.

પરમ શિવની ચિત્ શક્તિના શુદ્ધ અને અશુદ્ધ આવિર્ભાવો પૈકી શુદ્ધ ચિત્ શક્તિને '**મહામાયા**' સંજ્ઞા આપી છે. એને **આદ્યાશક્તિ** અને **સદ્‌વિદ્યા** પણ કહે છે, અને તે

પુરુષના આધ્યાત્મિક આરોહણમાં સહાયક નીવડે છે. બીજી અશુદ્ધ ચિત્ શક્તિને 'માયા' સંજ્ઞા મળી છે અને તે ભૌતિક (material) વિકાસમાં મદદરૂપ નીવડે છે. ૩૬ તત્ત્વોના વૈવિધ્યવાળી સૃષ્ટિનાં સર્જન–વિકાસ માટે આ અશુદ્ધ માયાશક્તિ જ જવાબદાર છે. આમ શુદ્ધ મહામાયાશક્તિ વિકાસના અધ્યાત્મ પાસાનું અને અશુદ્ધ માયાશક્તિ જડ પાસાનું પ્રતિનિધિત્વ કરે છે. એક જ તત્ત્વની અભિન્ન શકિતઓ હોવા છતાં મહામાયા અવ્યકત છે જ્યારે માયાશક્તિ વિશ્વમાં જડ પદાર્થ–શરીર, સૂક્ષ્મ પ્રાણુ, મન અને જીવનરૂપે વ્યકત થાય છે. તે પણુ બુદ્ધિથી અકળ અને અગમ્ય છે. ભોકતા–ભોગ્ય અને તેની નિયામિકા પણુ શકિત જ છે. અભિનેત્રી પણુ શક્તિ અને અભિનયની પ્રેક્ષિકા પણુ શકિત જ છે. તે પોતાના પ્રબળ તમસ્–પ્રભાવથી સર્વને મોહમુગ્ધ કરે છે તેથી તેને '**મોહિની**' '**પરિનિશા**' પણુ કહી છે. તે શિવ અને ઈશની શક્તિ હોવાથી 'શિવાની' અને 'ઈશાની' નામોથી પણુ ઓળખાય છે.

મહામાયા શક્તિ જે ઊર્ધ્વ જ્ઞાનમય આવિર્ભાવ કરે છે તેને માયાની શક્તિ એનાં અજ્ઞાનાદિ આવરણોથી છાઈ દે છે. અજ્ઞાન અને અજ્ઞાનથી વિસ્તરતા દ્વંદ્વાત્મક ચક્રને ચલાવનાર આ માયાશક્તિ જ છે. પરિણામે અશુદ્ધ માયાથી સર્જાયેલો સઘળો સંસાર–વિસ્તાર પણુ અશુદ્ધ, અપૂર્ણ અને મર્યાદિત હોય છે.

આત્માના સત્ય સ્વરૂપને ઢાંકી દેવાનું કાર્ય માયા પાંચ શસ્ત્રોથી કરે છે, જે '**પંચકંચુક**' કહેવાય છે. (૧) કલા, (૨) વિદ્યા (૩) રાગ, (૪) નિયતિ અને (૫) કાલ. આ પંચકંચુક અને પંચકૃત્ય (સૃષ્ટિ, સ્થિતિ, સંહૃતિ, વિલય અથવા તિરોધાન તથા અનુગ્રહ) બંને શૈવદર્શનની આધારશિલાઓ છે. આ પંચકંચુક વડે માયા પુરુષને આવરે છે. પરિણામે પુરુષમાં પરમ શિવની જે પાંચ શક્તિઓ (ચિત્, આનંદ, ઈચ્છા, જ્ઞાન અને ક્રિયા) પૂર્ણપણે રહેલી છે તેનાથી તે અનભિજ્ઞ રહે છે. અમર્યાદ એવો પુરુષ પોતાને મર્યાદિત માનતો થાય છે. તંત્ર કહે છે કે માયાનું આ એક એક કંચુક પુરુષ–આત્માની અને પરમાત્માની એક એક પૂર્ણ શક્તિનું જાણે સંકોચન કરે છે. માયાની કલા, વિદ્યા, રાગ, નિયતિ અને કાલ–શક્તિઓ, અનુક્રમે આત્માની કર્તૃત્વ, જ્ઞાતૃત્વ, પૂર્ણત્વ, સ્વાતંત્ર્ય અને નિત્યત્વ–શક્તિઓનું જાણે સંકોચન કરે છે. આમ આ પંચકંચુકનાં પાંચે ય તત્ત્વો આત્મા–પરમાત્માની એક એક શક્તિનું સંકુચિત રૂપ છે. શિવથી આરંભી પૃથ્વી સુધીનાં ૩૫ તત્ત્વોની સૃષ્ટિને '**સપ્તપંચક**' કહે છે. આ સાત પ્રમાતાઓ અને (ચિત્–આનંદ–ઈચ્છા–જ્ઞાન–ક્રિયાની) પાંચ શક્તિઓથી શિવ યુક્ત છે છતાં અખ્યાતિવશાત્ તેને પંચકંચુકથી સંવલિત થવું પડે છે. આ સંવલનની આધારભીંત માયા છે. માયા પરમાત્માના વાસ્તવ સ્વરૂપને છુપાવે છે. એનાથી માત્ર એની પાંચ શકિતઓ પર જ પડદો પડી જાય છે એમ નથી પરંતુ એ પરમાત્માની સાથે એકાત્મના સ્થિત એવું વિશ્વ પણુ વિલુપ્ત થઈ જાય છે. આ પાંચે તત્ત્વોને માયાની સાથે 'અંતરંગ કંચુક' કહે છે. જેમ કંચુક એક અંગ–વિશેષને છુપાવી દે છે તેમ આ પણુ, વિભિન્ન શકિતઓને આવૃત્ત કરી દે છે.

જ્યારે આ ચિદ્–સદશ આત્માની સર્વકર્તૃત્વ આદિ પાંચ શક્તિઓ સંકુચિત થવાથી પંચકંચુકોના રૂપમાં પ્રતિભાસિત થાય છે ત્યારે એ શકિત–રહિત આત્મા 'મલાવૃત સંસારી'

બને છે. જ્યારે પરમેશ્વર ચિદાત્મા પોતાની સ્વતંત્ર ઈચ્છાથી અભેદવ્યાપ્તિનો ત્યાગ કરીને ભેદવ્યાપ્તિનું સમાશ્રયણ કરે છે અને તેમની ઈચ્છાદિ શક્તિઓ–ખરેખર સંકુચિત થતી નથી છતાં–સંકુચિત જેવી લાગે છે ત્યારે તે પણ 'મલાવૃત સંસારી' થયા હોવાનું જણાવાય છે.

જેમ શિવ આત્મા સંબંધે કૃત્યપંચક કરે છે તેમ વિશ્વ સંબંધે પણ કૃત્યપંચક કરે છે. તેથી ચિદાત્મા ભગવાન શિવ સદા 'કૃત્યપંચકવિધાયક' તરીકે વંદાય છે. જે લોકો સદૈવ ચિત્ રૂપ શિવનું–આત્મા સંબંધી આ પંચકૃત્યવિધાયકતાનું–દઢ શ્રદ્ધાથી પરિશીલન કરે છે તેઓ જીવન-મુક્તિને પ્રાપ્ત કરવા સમર્થ બને છે, કારણ કે તેઓ વિશ્વને પોતાનો જ રૂપવિકાસ છે એમ સમજે છે. પણ જે લોકો એનાથી વિપરીત સઘળા પ્રમેય પદાર્થોને પૃથક્ સમજે છે તેમનો આત્મા સદૈવ બદ્ધ રહે છે.

પંચકંચુકના પ્રભાવને પરિણામે વ્યક્તિ–પુરુષને પોતાના સ્વ–સ્વભાવની ભ્રાન્તિ થાય છે, એટલે કે પોતે પરમ શિવસ્વરૂપ છે એની વિસ્મૃતિ થાય છે, અને તેને બદલે પોતે શરીર–મન આદિના મર્યાદિત વ્યક્તિત્વવાળો જીવ છે એવી સતત સ્મૃતિ રહે છે. પરિણામે તે Capital I ને બદલે નાનકડા અભિમાની I તરીકે જીવવા માંડે છે...અને રાગદ્વેષયુક્ત અહંતા–મમતાના ફંદામાં ફસાતો જાય છે.

અનેક પુરુષોનું તથા (૨૪ તત્ત્વોની ધારક) પ્રકૃતિનું સર્જન કરનાર માયાશક્તિ છે. સાંખ્યમાં પ્રકૃતિ સ્વતંત્ર અને અચેતન હોઈ–પુરુષની પ્રેરણા વિના–વિકાસકાર્યમાં પ્રવૃત્ત થઈ શકતી નથી; પણ શૈવાગમમાં પ્રકૃતિ પરમ શિવની નિમ્ન કક્ષાની શક્તિ હોઈ તે સ્વતંત્ર, સચેતન ઉપરાંત સક્રિય અને સૃજનાત્મક છે.

ઉત્ક્રાન્તિયાત્રા માટે શૈવદર્શન માને છે કે પ્રથમ સંવરણ (Involution) અને પછી જ ઉત્ક્રાન્તિ (evolution). સંવરણ અને ઉત્ક્રાન્તિ બંને પરમ શિવની દિવ્ય લીલાના જ આવિર્ભાવો છે. સંવરણમાં પ્રથમ પરમ શિવનું ચેતન છેક નીચેના જડ પદાર્થ (matter)માં પ્રવિષ્ટ થાય છે અને પછી ઉત્ક્રાન્તિમાં તે પાછું મૂળ શિવચેતન તરફ ઊર્ધ્વગમન કરે છે; કારણ કે સર્વત્ર ચેતન જ છે પરંતુ ચેતન જડ વિના આવિર્ભૂત થઈ શકતું નથી અને ચેતન વિના જડનું અસ્તિત્વ જ સંભવતું નથી. આમ Involution એ પરમ શિવ ચેતનાનો આંશિક આવિર્ભાવ છે તો evolution એનો ક્રમે ક્રમે થતો સાક્ષાત્કાર છે.

પાછળના નિમ્ન સ્તરમાં આગળ આવિર્ભાવ પામનારું ઉચ્ચ તત્ત્વ (principle) અંતર્હિત હોય છે તેથી જ તે પૂર્ણ વિકાસ પામવાની ક્ષમતા ધરાવે છે. જડ–શરીરમાં પ્રાણનું, પ્રાણમાં મનનું...એમ ઉત્તરોત્તર ઉચ્ચ સ્તરોનાં તત્ત્વ અનુસ્યૂત હોય છે તેથી જ તેઓ અશુદ્ધ–અપૂર્ણ સ્થિતિમાંથી પૂર્ણતા અને વિશુદ્ધિની પરાકાષ્ઠાએ પહોંચવાની ક્ષમતા ધરાવે છે.

स्वरूपावरणे चास्य शक्त्यः सततोत्थिताः ।।

આમ શૈવતંત્રમાં વિકાસક્રમની પ્રક્રિયા ઉન્મજ્જન-ઉદ્દગમન (emergent) સ્વરૂપની હોવાથી તેમાં ઉત્ક્રાન્તિ દરમ્યાન ઉપરના આગળના સ્તર પર આવિર્ભૂત થતાં તત્ત્વો તેની પાછળના નિમ્ન સ્તરનાં તત્ત્વો કરતાં તદ્દન જુદાં, નવાં અને ઊંચી જાતનાં હોય છે.

કાશ્મીરીય શૈવદર્શનમાં શિવને સર્વોપરિ સર્વોચ્ચ તત્ત્વ માન્યું હોવા છતાં સમસ્ત સંવરણ-વિકાસપ્રક્રિયા દરમ્યાન શિવ પોતે શક્તિના સંપૂર્ણ અંકુશ હેઠળ હોઈ તદ્દન નિષ્ક્રિય રહે છે. આથી આવિર્ભાવ કે પ્રકટીકરણના વિષયમાં પસંદગી કરવા વિષે શિવ બિલકુલ સ્વતંત્ર નથી.

પ્રતિ + અભિ + જ્ઞા એટલે સ્વસ્વરૂપાવબોધ, બ્રહ્મસાક્ષાત્કાર, 'હું કોણ'ની ખોજ. મિથ્યા અહં એટલે કે False I તથા તેની પ્રપંચઉપાધિઓને વળગી રહેલો જીવ જીવત્ત્વના જૂઠાણાને જાણી લે અને પોતાના સત્યસ્વરૂપને—Real Iને-જાણે-પ્રમાણે...તે માટેની સાધનાના રહસ્યને સમજાવવાનો પ્રત્યભિજ્ઞાદર્શનનો પ્રધાન ઉદ્દેશ છે.

સ્વરૂપસાક્ષાત્કાર અથવા ચિદૈકાત્મ્યની પ્રતિપત્તિ રૂપ જીવનમુક્તિ માટે શૈવદર્શન મુખ્ય પાંચ સાધનોનો અનુરોધ કરે છે. તેમાંનાં ત્રણ સાધન માટે સાધકના પ્રચંડ પુરુષાર્થની અપેક્ષા રહે છે. એ ત્રણ સાધનો ક્રમશઃ નહીં પણ યુગપત્ સાધવાનાં છે.

(૧) પ્રથમ સાધન (Recognition) **પ્રત્યભિજ્ઞા** જ્ઞાનપ્રધાન પ્રક્રિયા છે. સ્વાધ્યાય, ચિંતન, નિદિધ્યાસન, સત્સંગ, શ્રવણ...વગેરેથી વિવેકબુદ્ધિ જાગ્રત થતાં પુરુષને બૌદ્ધિક ભૂમિકા પર એવી પ્રતીતિ થવા માંડે છે કે પોતે જીવ નથી પણ શિવ છે. શિવ, જીવ અને જગત સાથેના સાચા સંબંધને સમજીને ધીમે ધીમે પોતે શુદ્ધ શિવસ્વરૂપ છે એવું ભાન સતત જાગ્રત રાખવાનો પુરુષાર્થ કરવો એને જ્ઞાનપરામર્શ કે તત્ત્વાલોચન કહી શકાય. કારણ તે સાધકને તાત્ત્વિક દૃષ્ટિ (Philosophic Insight) આપે છે.

(૨) આ તત્ત્વાનુસંધાનમાં સહાયક થનારું બીજું સાધન છે મંત્રવિજ્ઞાન. અભિનવગુપ્ત મંત્રને 'સ્વરૂપાનુગુણક' એટલે કે અનુભૂતિનું જ અંગ માને છે. વસુગુપ્ત અનુભૂતિ-પ્રસાયક ચિત્તને જ મંત્ર માને છે. શિવસૂત્રો અનુસાર 'પરા-અપરા વિદ્યાઓની શરીરસત્તા' રૂપ અને સમગ્ર વિશ્વની અભેદમય પૂર્ણ અહંવિમર્શનાત્મા-સ્ફુરતામાં જ મંત્રોનું રહસ્ય રહેલું છે. સઘળા મંત્રોનું સ્વરૂપ વર્ણાત્મક હોઈ તેમનું સ્રોતબિન્દુ ભગવાન શિવ પોતે છે. સદ્દગુરુએ આપેલી દીક્ષા-શિક્ષા અનુસાર કરેલાં મંત્રાનુષ્ઠાનથી સ્વરૂપબોધમાં મોટી મદદ મળે છે.

(૩) ત્રીજું સાધન છે યોગસાધના. યોગનાં શાસ્ત્રોમાં વર્ણવેલી વિવિધ પ્રકારની વિશિષ્ટ યોગપ્રક્રિયાઓનું સમ્યક્ અનુશીલન પુરુષની ચેતનાને પ્રદીપ્ત અને પ્રકાશિત કરે છે એટલું જ નહીં પણ સમાધિ-સાક્ષાત્કારમાં શીઘ્ર સહાયરૂપ થાય એવી અનેકવિધ સિદ્ધિ-શક્તિઓનું પ્રદાન કરે છે.

આ સાધનત્રયમાં સફળતા મેળવનારો સાધક ગમે તેટલો મહાન યોગી, જ્ઞાની કે ધ્યાની બની રહે તો પણ તેને પોતાના પુરુષાર્થના બળથી અંતિમ મુક્તિ મળી જતી નથી. બાકીનાં બે

સોપાન તો બાકી રહે છે. અલબત્ત, એ બે સોપાનોની જવાબદારી સંપૂર્ણ શુદ્ધીકરણ પામેલા સાધક–યોગીના શિરે રહેતી નથી. એ બે તત્ત્વો તો ઉપરથી ઊતરવાનાં છે. તે છે :

(૪) અનુગ્રહનું અનુદાન (Dispensation of Grace) અને (૫) શક્તિનું અવતરણ (Descent of Shakti).

સાધકમાં ક્રમશઃ થતા રૂપાન્તરની ભૂમિકાઓ માટે પ્રત્યભિજ્ઞાદર્શને ત્રણ શબ્દો યોજ્યા છે. (૧) પશુભાવ (૨) વીરભાવ અને (૩) દિવ્યભાવ. પશુભાવમાં જીવતા પામર ઈન્દ્રિયદાસ મનુષ્યનું જીવન ભૌતિક ભોગવિલાસ અને રંગરાગમાં જ રચ્યુંપચ્યું હોય છે. સ્વાધ્યાયસત્સંગ-ચિંતનાદિ સાધનત્રયી દ્વારા વિકાસ–વિશુદ્ધિને પામતો જતો પશુ–માનવ ધીમેધીમે વીરભાવની ભૂમિકાને પામતો જાય છે ત્યારે દૃષ્ટિપરિવર્તન અને સંયમનિયમને વરેલો તે સાધક વિકારવાસનાઓને વશ વર્તતો નથી. પ્રેયને સ્થાને શ્રેયને વધુ પસંદ કરતું તેનું જાગરૂક મન પ્રત્યેક પદાર્થ અને પ્રસંગમાં શિવ–શક્તિઓની વિભૂતિઓનું દર્શન કરતાં શીખે છે. છતાં આ વીરભાવની કક્ષાએ એનો અલગ અહંકાર તો રહે છે જ. પછી ક્રમશઃ સાધનની ઉત્કટતા અને ગુરુકૃપાથી આગળ વધતાં તે વીરભાવમાંથી દિવ્યભાવની ભૂમિકાને પામે છે ત્યારે કેવળ આધ્યાત્મિક મનુષ્ય તરીકે યોગારૂઢ અવસ્થામાં તેના દ્વારા થતું પ્રત્યેક કર્મ–એનું પોતાનું કર્મ નહીં પણ–શિવનું દિવ્ય કર્મ બની રહે છે. 'કુલાર્ણવ તંત્ર'માં કહ્યું છે તેમ **भोगो योगायते मोक्षायते च संसार: ।।** સંસાર તેને માટે ભોગાયન નહીં પણ મોક્ષનું મંદિર બની રહે છે. તે દિવ્યતાનો સ્પર્શ પામે છે. કર્મ કરતો હોવા છતાં તે કર્મનો કર્તા અને ફળનો ભોક્તા બનતો નથી. આ રીતે દિવ્યભાવમાં તેનાં તમામ કરણો પ્રત્યભિજ્ઞાનને પામે છે ત્યારે શિવ પોતે જ પોતાના કૃપાવરદાનથી અને શક્તિપાતથી તેના સંરક્ષક (Saviour) બને છે...અને અંતે તેને પોતાનો સમોવડ **शिवोऽहम्** બનાવી દે છે.

नमः शिवाय सततं पञ्चकृत्याभिधायिने ।
चिदानन्द घन स्वात्मपरमार्थ विभासिने ।।

ભદ્રાર્યાચાર્ય અને દત્તિલાચાર્ય

મધુસૂદન ઢાંકી

ઈસ્વીસન પૂર્વેની પાંચમી શતાબ્દીના અન્તભાગે કે ચોથી શતાબ્દીના પૂર્વાર્ધમાં થયેલા આર્ય શય્યમ્ભવ વા **સ્વાયમ્ભવ** દ્વારા રચાયેલા મનાતા **દશકાલિક** કિંવા **દશવૈકાલિક–સૂત્ર**ની જૈન શ્વેતામ્બર શ્રુતમાં બહુ મોટી પ્રતિષ્ઠા છે.[1] સદાચરણ અને વૈરાગ્યપોષક અભિભાવો, ચિન્તન–ગહનતા અને ચેતોહર પદલાલિત્ય ધરાવતી તેની કેટલીક સુગંભીર ગાથાઓનું ભારતીય તત્ત્વપ્રવણ સાહિત્યમાં ઊંચું સ્થાન છે. પ્રકૃત આગમ પર આથી સ્વાભાવિક રીતે જ અલગ અલગ સ્વરૂપની અને સારી એવી સંખ્યામાં પ્રાચીન અને મધ્યયુગમાં વ્યાખ્યાઓ થયેલી : જેમાં **આ**ચાર્ય **ભદ્ર**બાહુ દ્વિતીયની મનાતી નિર્યુક્તિ (પ્રાકૃત : ઈસ્વીસનનો ૫મો–છઠ્ઠો સૈકો), "વૃદ્ધવિવરણ" નામક અજ્ઞાત કર્તૃક ચૂર્ણિ[2] (છઠ્ઠા સૈકાનો પૂર્વાર્ધ), થોડાં વર્ષો પહેલાં મળી આવેલી **અગસ્ત્યસિંહ**ની ચૂર્ણિ (પ્રાકૃત : છઠ્ઠા શતકનો મધ્યાહ્ન), અને **આ**ચાર્ય **હ**રિભદ્રસૂરિની **શિષ્યબોધિની–ટી**કા કિંવા **શિષ્યહિતાવૃ**ત્તિ (સંસ્કૃત : ૮મા શતકનો પૂર્વાર્ધ) મુખ્ય, વિશદ, વિશેષ મહત્ત્વપૂર્ણ અને પ્રમાણમાં પ્રાચીન છે. તદતિરિક્ત દક્ષિણ ભારતમાં વિશેષે પાંગરેલ, જૈન સમ્પ્રદાયના એક ત્રીજા આમ્નાય,–યાપનીય સંઘ,–ના **અ**પરાજિતસૂરિ અપરનામ **વિ**જયાચાર્યે પણ **દ**શવૈકાલિક પર એક ટીકા–**વિ**જયોદયા **ટી**કા–(૮મો–૯મો સૈકો) **ર**ચેલી, જે હાલ અપ્રાપ્ય છે.[3]

---

૧ આ "અંગબાહ્ય" વર્ગમાં ગણાતા આગમનું વર્તમાન ભાષા-સ્વરૂપ અલબત્ત ઈસ્વીસન પૂર્વેની એકાદ સદીથી વિશેષ પુરાણું નથી. મૂળ કૃતિ બન્યા બાદ ચારસોએક વર્ષ પછી ભાષામાં યુગાનુકૂલ પરિવર્તન કરવામાં આવ્યું હોવાનો સંભવ છે. (**આર્ય શય્યમ્ભવ જિન વર્ધ**માન **મ**હાવીર [નિર્વાણ ઇ. સ. ૫૨૭ કે ૪૬૭] પછીના ક્રમમાં પાચમા પુરુષ છે.)

૨ **મો**હનલાલ **મે**હતા તેને **જિ**નદાસ **ગ**ણિ **મ**હત્તર-કર્તૃક (ઇસ્વીસનના ૭મા શતકનું આખરી ચરણ) માને છે : (જુઓ

जैन साहित्य का बृहद् इतिहास, भाग ३, पार्श्वनाथ विद्याश्रम ग्रन्थमाला, वाराणसी, ૧૯૬૭, પૃ. ૩૦૬.) પણ (સ્વ.) મુનિવર્યશ્રી **પુણ્યવિ**જયજીનો એ વિશેષ પ્રાચીન હોવાનો મત ગ્રાહ્ય લાગે છે. કારણ એ છે કે **આવશ્યકચૂર્ણિ**, કે જેમાં **જિનભદ્ર**ગણિ **ક્ષ**માશ્રવણ (આ. ઇ. સ. ૫૪૦–૫૯૪)ની કોઇ જ કૃતિઓનો ઉલ્લેખ નથી, તેમાં આ "વૃદ્ધવિવરણ" ચૂર્ણિના ઉતારા મળે છે. આથી આ છેલ્લી કહી તે ચૂર્ણિ પણ સંભવતયા છઠ્ઠા સૈકાના પૂર્વાર્ધવા મધ્યભાગથી તો અર્વાચીન નથી જણાતી. (જુઓ

नंदीसुत्तं, प्राकृत ग्रन्थ परिषद् ग्रन्थाङ्क ९, अहमदाबाद, १९६६, पृ. १०.)

૩ જુઓ **नाथूराम प्रेमी**, "यापनीयोंका साहित्य", **जैन साहित्य और इतिहास**, संशोधित-साहित्यमाला, प्रथम पुष्प, बम्बइ, १९५६, पृ. ६०, ६७, તથા પ્રસ્તુત સંકલનમાં "आराधना और उसकी टीकायें", પૃ. ७९.

અગસ્ત્યસિંહની ચૂર્ણિના[૪] અંતરાવલોકન પરથી જણાય છે કે તે કૃતિ પૂર્વે પણ દશવૈકાલિક સૂત્ર પર બે'એક વૃત્તિઓ પ્રાકૃત ભાષામાં રચાઈ ગયેલી, જેનાં અવતરણ વા આશયાદિ ચૂર્ણિ અંતર્ગત યત્રતત્ર જોવા મળે છે.[૫] ચૂર્ણિકાર વિશેષમાં **ભદ્ર** અને **દત્તિલ** નામના બે પૂર્વવર્તી આચાર્યોના મત પણ ઉદ્ટંકિત કરે છે.[૬] સંભવ છે કે જે એકાદ–બે પુરાણી વૃત્તિઓનાં અવતરણ, વ્યાખ્યા–વિવરણ આદિ ચૂર્ણિમાં મળે છે તેના કર્તા પૂર્વકથિત ભદ્રાર્યાચાર્ય અને દત્તિલાચાર્ય હોય.[૭]

સન્દર્ભગત આચાર્યો કોણ હતા, ક્યારે થઈ ગયેલા એ વાત અન્વેષણીય છે. અગસ્ત્યસિંહીયા ચૂર્ણિનો સમય (સ્વ.) મુનિશ્રી પુણ્યવિજયજીએ આગમો પરનાં ભાષ્યો પૂર્વેનો અને પૌર્વાપર્યનાં પ્રમાણોનાં વિશેષ પરીક્ષણ પછી પં. દલસુખ માલવણિયાએ છઠ્ઠા શતકના મધ્યના અરસાનો નિશ્ચિત કર્યો છે, જે બહુધા સ્વીકાર્ય જણાય છે.[૮] આથી પૂર્વોક્ત આચાર્યો (ભદ્ર–દત્તિલ) ચૂર્ણિકારથી અને ચૂર્ણિના સમયથી પૂર્વવર્તી જ માનવા ઘટે.

આ પુરાતન આચાર્યો સંબંધમાં પહેલી તલાશ પટ્ટાવલિ આદિ સંબદ્ધ સાહિત્યમાં કરવી જોઈએ. એતદ્ વિષયક સાધનોમાં વર્તમાને કલ્પસૂત્રની સ્થવિરાવલી સૌથી પ્રાચીન છે. તેનો આર્ય સ્કન્દિલ પર્યન્તનો ભાગ સ્પષ્ટતયા આગમોની માથુરી વાચના (ઈ. સ. ૩૦૩–૩૧૩)

---

૪ જુઓ **दसकालियसुत्तं** (सं. मुनि पुण्यविजय), प्राकृतग्रन्थपरिषद् ग्रन्थाङ्क १७, अहमदाबाद, ११७३.

૫ એજન, प्रस्तावना, **दलसुख मालवणिया**, पृ. ११, १३.

૬ **भदियायरिओवअेसेणं** અને **दत्तिलायरिओवअेसेणं**; એજન, મૂલપાઠ, પૃ. ૩.

૭ એજન; પં. માલવણિયા દશવૈકાલિક સૂત્ર પરની ચૂર્ણિમાં પ્રાચીનતર વૃત્તિઓના મળતા નિર્દેશ વિષે કહી આગળ નોંધે છે કે :

"आचार्य अपराजित जो यापनीय थे उन्होंने भी दशवैकालिककी विजयोदया नामक टीका लिखी थी। वह स्थविर अगस्त्यके समक्ष थी या नहीं उसका निर्णय जरूरी है। किन्तु यह उपलब्ध नहीं है अतअेव यह जानना कठिन है। स्थविर अगस्त्यसिंह द्वारा किया गया वृत्तिका उल्लेख पूर्वोक्त तीनोंमें से अेकका है या अन्य कोई है यह भी कहना कठिन है"। ("प्रस्तावना", पृ. ११-१२). પણ અગસ્ત્યસિંહ સામે વિજયોદયા ટીકા તો હોવાનો સંભવ નથી. પ્રસ્તુત અપરાજિત-સૂરિની શિવાર્યકૃત આરાધના પરની વર્તમાને ઉપલબ્ધ વિજયોદયા ટીકામાં જટા-સિંહનન્દીકૃત વરાઙ્ગચરિત્રના ઉતારા હોઈ, આ વૃત્તિકારનો સમય ઇસ્વીસનના સાતમા શતકના ઉત્તરાર્ધ પૂર્વેનો સંભવતો નથી : (જુઓ પ્રેમી, પૃ. ૭૯-૮૦). વિશેષમાં સંદર્ભગત ટીકા સંસ્કૃતમાં હોવાનો ઘણો સંભવ છે; જ્યારે અગસ્ત્યસિંહની સામે હશે તે સૌ ટીકાઓ પ્રાકૃતમાં હોય તેમ લાગે છે.

૮ વિગત માટે એજન, પૃ. ૧૫-૧૭.

જેટલો પ્રાચીન છે.[૯] **સ્થ**વિરાવલીના એ પુરાણા હિસ્સામાં **આર્યવજ**થી સાતમા આચાર્યનું નામ **આર્યભદ્ર** મળે છે અને પ્રસ્તુત **આર્યભદ્ર**થી સપ્તમ આચાર્યનું નામ ફરીને **આર્યભદ્ર** એ પ્રકારે મળે છે. આચાર્ય **વજ**નો સમય સરેરાશ ગણત્રીએ ઈસ્વીસન પૂર્વેની પ્રથમ શતીમાં પડે છે; અને એ હિસાબે પ્રથમ **આર્યભદ્ર**નો સમય ઈસ્વીસનની પહેલી શતાબ્દીના અન્તભાગે અને દ્વિતીય **આર્યભદ્ર**નો કાળ લગભગ ત્રીજી શતીના મધ્યના અરસામાં આવે.

ભદ્રાચાર્ય સંબંધી વિશેષ તલાશ પરવર્તી સમય–ખંડોમાં કરતાં સાંપ્રત ચર્ચાને ઉપકારક એવા બીજા બે નિર્દેશોની ભાળ મળે છે. **વિદિશા**ના ઉદયગિરિ (પ્રા. નીચૈર્ગિરિ)ની જૈન ગુફાના ગુ. સં. ૧૦૬/ઈ. સ. ૪૨૫–૨૬ના ઉત્કીર્ણ લેખમાં જણાવ્યા પ્રમાણે આર્યકુલોદ્‌ગત **આચાર્ય ગોશર્મ** દ્વારા ગુફાના મુખમાં **જિન પાર્શ્વ**ની પ્રતિમા પ્રતિષ્ઠિત થયાનો અને પ્રસ્તુત મુનિ **આચાર્ય ભદ્ર**ના **અન્વય**માં થયા હોવાનો ઉલ્લેખ છે.[૧૦] હું માનું છું કે જેમના નામથી **ભદ્રા**ન્વયનો ઉદ્‌ગમ થયેલો તે (શિલાલેખ ઉલ્લિખિત) આચાર્ય **ભદ્ર** અને કલ્પસૂત્ર–**સ્થ**વિરાવલીના દ્વિતીય **ભદ્રા**ર્ય અભિન્ન હોવા જોઈએ. પ્રસ્તુત **ભદ્રા**ચાર્યની ઉત્તર સીમા શિલાલેખના આધારે ઈ. સ. ૪૨૫–૨૬ પર્યન્તની નિશ્ચિત બને છે અને **સ્થ**વિરાવલીમાં તેમનું સ્થાન આગળ કહ્યું તેમ, લગભગ ત્રીજી શતાબ્દીના મધ્યના અરસામાં સંભવી શકે છે, જે એમની પૂર્વસીમા બતાવી રહે છે. આખરે જેમના નામથી "અન્વય" ઉદ્‌ભવે તે આચાર્ય સમર્થ અને પ્રસિદ્ધ-મહિમા હોવાનો તર્ક સ્વાભાવિક રીતે જ થઈ શકે. વૃત્તિકાર વ્યક્તિ સાધારણતયા વ્યુત્પન્ન અને એમના જીવનકાળ દરમિયાન અને તત્પશ્ચાત્ એમનાં ચારિત્ર્ય અને સાહિત્યિક સુકૃતોથી ખ્યાતનામ હોવાનો સંભવ રહે છે જ.

બીજો ઉલ્લેખ જૈનાગમ **સૂત્રકૃતાંગ** પરની અનામી કર્તાની **ચૂર્ણિ** (ઇસ્વીસનનો સાતમો સૌકો)માં સૂ. ૭૬૦ પરના વ્યાખ્યાનમાં મળે છે. ત્યાં **अत्र दूषगणि-क्षमाश्रमण–शिष्य भद्दि(ट्टि) याचार्या ब्रुवते ।** એવો ઉલ્લેખ આવે છે.[૧૧] કલ્પ**સૂત્ર સ્થ**વિરાવલીમાં તેમ જ ઉદયગિરિના

---

૯ **સ્થ**વિરાવલી માટે જુઓ **મુનિ**દર્શન**વિજય** (संपादक), **श्री पट्टावली-समुच्चयः, प्रथमो भागः**, શ્રી ચારિત્ર–સ્મારક–ગ્રન્થમાલા, વીરમગામ, ૧૯૩૩, પૃ. ૧–૧૧. **સ્થ**વિરાવલીમાં ગદ્ય સૂત્ર ૩૩ (માથુરી વાચનાના અધ્યક્ષ) **આર્ય સ્કન્દિલ** (**અજ્જસં**ડિલ્લ) સાથે સમાપ્ત થાય છે. ત્યારબાદ આગળ પદ્યમાં ૧૪ ગાથાઓ આપી છે અને તેમાં **સ્થ**વિરાવલીને **દેવર્દ્ધિગણિ ક્ષ**માક્ષમણ સુધી લંબાવવામાં આવી છે. પણ આ પરિવર્ધિત ભાગની શૈલી અલગ પડી જાય છે અને તેટલો ભાગ **વાલભી સંકલન** (ઇ. સ. ૪૫૪ વા ઇ. સ. ૪૬૭) સમયનો કે તે પછી તરતનાં વર્ષો દરમિયાન પૂર્તિરૂપે ઉમેરાયેલો છે તેમ સ્પષ્ટ જણાઈ આવે છે.

૧૦ E. Hultzsch, "Two Inscriptions from general Cunnigham's Archaeological Reports", **Indian Antiquary**, Vol. XI, p. 310.

સંદર્ભગત પાઠ આ પ્રમાણે છે:

आचार्य भद्रान्वय भूषणस्य शिष्या ह्यसापार्य्यकुलातस्य **आचार्य गोशर्म्म** मुनेस्सुतस्तु...ઈત્યાદિ.

૧૧ જુઓ સં. મુનિ જમ્બૂવિજય, **सूयगडंगसुत्तं**, जैन-आगम-ग्रन्थमाला: ग्रन्थाङ्क २, મુંબઇ, ૧૯૭૮, પૃ. ૩૫.

શિલાલેખમાં આવતા **ભદ્રા**ચાર્યને બદલે આ **સૂ**ત્રકૃતાંગ **ચૂ**ર્ણિ–કથિત **ભદ્રા**ર્યાચાર્ય અને **દ**શવૈકાલિક **ચૂ**ર્ણિ (**અ**ગસ્ત્ય**સિં**હ) કથિત એ જ નામના આચાર્ય અભિન્ન હોવાનો વિશેષ સમ્ભવ છે. **સૂ**ત્રકૃતાંગ **ચૂ**ર્ણિ અનુસાર **ભદ્રા**ચાર્યના ગુરુ **દૂ**ષ્યગણિ **ક્ષ**માશ્રમણ તે અન્ય કોઈ નહીં પણ **નન્દી**-**સૂ**ત્રની **સ્થ**વિરાવલીમાં આવતા, સૂત્રકાર **દે**વ **વા**ચકના ગુરુ,[12] "**દૂ**ષગણિ" જ જણાય છે.[13] **નન્દીસૂ**ત્રની રચના **વ**લભીમાં મળેલી દ્વિતીય પરિષદ (ઈ. સ. ૪૫૪ કે ૪૬૭)થી કંઈક પહેલાં થઈ ચૂકેલી જણાય છે. ત્યાં, **સ્થ**વિરાવલીમાં, **આર્ય નાગાર્જુન** (ઈ. સ.ના ચોથા સૈકાનું **પ્ર**થમ ચરણ)થી **દૂ**ષ્યગણિ ક્રમમાં ત્રીજા આવે છે. એ હિસાબે **દૂ**ષ્યગણિનો સમય ઈ. સ. ૩૭૫/૪૦૦ના ગાળાનો અને તેમના શિષ્યો **દે**વ**વા**ચક તેમ જ **ભદ્રા**ર્યાચાર્યનો સમય ઈ. સ. ૪૦૦-૪૪૦ના અરસાનો હોઈ શકે.

બીજા આચાર્ય, **દ**ત્તિલ વિષે, શોધ ચલાવતાં **પ્રા**પ્ય પટ્ટાવલીઓ આદિ સાધનોમાં તો તેમનો પત્તો મળતો નથી પણ ગુપ્ત**સ**મ્રાટ **કુ**મારગુપ્તના નામ સાથેના **મ**થુરાના એક જૈન પ્રતિમા-લેખમાં તેમનો ઉલ્લેખ થયેલો છે.[14] ગુપ્ત સંવત્સર ૧૧૩, ઈ. સ. ૪૩૨-૩૩ની મિતિવાળા તે લેખમાં **કો**ટ્ટિય (**કૌ**ટિક) ગણની વિદ્યાધરી શાખાના **દ**ત્તિલાચાર્યના આદેશથી **પ્ર**તિમા પ્રતિષ્ઠિત થયાનો ઉલ્લેખ છે.[15] આ સ્પષ્ટ ઉલ્લેખ **જો**તાં અને **અ**ગસ્ત્ય**સિં**હના સંભાવ્ય **સ**મયથી લેખની મિતિના હિસાબે આશરે સવાસો વર્ષ જેટલું તેમનું પુરોગામીપણું લક્ષમાં લેતાં, **ચૂ**ર્ણિકથિત **દ**ત્તિલાચાર્ય અને સાંપ્રત શિલાલેખઉલ્લિખિત **દ**ત્તિલાચાર્ય અભિન્ન હોવા **જો**ઈએ. **જો** પ્રસ્તુત **દ**ત્તિલાચાર્ય દ્વારા પણ **દ**શવૈકાલિક **સૂ**ત્રની એક વૃત્તિ રચાઈ હોય તો તે વૃત્તિનો સમય ઈસ્વીસનના પાંચમા શતકનો દ્વિતીય **પ્ર**હર હોવાનું નિશ્ચિતરૂપે અનુમાની શકાય.

આ બન્ને પ્રાચીન ઉલ્લેખોનાં પ્રમાણોથી **અ**ગસ્ત્ય**સિં**હ દ્વારા થયેલ બે પૂર્વવિદ્ આચાર્યો સંબદ્ધ ઉલ્લેખોની **પ્રા**માણિકતા સિદ્ધ થવા ઉપરાંત તેઓની વિદ્યમાનતાના કાળનો પણ મહદંશે નિર્ણય થઈ જાય છે. **ભદ્રા**ર્યાચાર્ય ઈસ્વીસનના પાંચમા શતકના પૂર્વાર્ધમાં થયા હશે અને **દ**ત્તિલાચાર્ય તો ઈ. સ. ૪૩૨–૩૩માં વિદ્યમાન હોવાનું હવે સુનિશ્ચિત બને છે. આ ગણતરીએ

---

૧૨ **નં**દીસૂત્રમાં કર્તાનું નામ અલબત્ત નથી આપ્યું; પણ **જિ**નદાસ **ગ**ણિ **મ**હત્તરની **નન્દી–ચૂ**ર્ણિ (શ. સં. ૫૯૮/ઇ. સ. ૬૭૭)માં એ સ્પષ્ટતા મળે છે. ત્યાં **દૂ**ષગણિના શિષ્ય **દે**વ **વા**ચકે પ્રકૃત સૂત્રની રચના કરેલી તેમ કહ્યું છે. આ ઉલ્લેખ વિશ્વસનીય છે. : (જુઓ **नंदीसुत्तं**, पृ. ૪.)

૧૩ **નં**દીસૂત્રની **સ્થ**વિરાવલી **દૂ**ષ્યગણિ સાથે સમાપ્ત થાય છે: જુઓ સં. **મુ**નિ **પુ**ણ્યવિજય, **પં**. દલસુખ **મા**લવણિયા અને **પં**. **અ**મૃતલાલ **મો**હનલાલ **ભો**જક, **नंदिसुत्तं**, स्थविरावली गाथा ४१., **जैन-आगम-ग्रन्थमाला**: **ग्रन्थाङ्क** १, મુંબઈ, ૧૯૬૮, પૃ. ૮.

૧૪ G. Bühler, "Further Jaina Inscriptions from Mathurā," **Epigraphia Indica,** Vol II, XIV, Ins. no. XXXIX, p. 210.

૧૫ પ્રતિમાલેખનો સંબદ્ધ પાઠ આ પ્રમાણે છે: "......[पूर्व्वायां]

कोट्टिया [तो] गणाद्विद्याधरी [तो] शाखातो **दतिलाचार्य्य** प्रज्ञपितायै......ઇત્યાદિ.

ભદ્રાર્યાચાર્ય અને દત્તિલાચાર્ય સમકાલિક સ્થવિરો હોવા ઘટે. પ્રસ્તુત બન્ને આચાર્યોએ દશવૈકાલિકસૂત્ર પર વૃત્તિઓ રચી હોય તો તે બન્ને કૃતિઓ જૈનાગમોની વાલભી વાચના (ઈ. સ. ૪૫૪ વા ઈ. સ. ૪૬૭)થી પૂર્વે થઈ ચૂકી હતી. હાલ અપ્રાપ્ય એવી આ વૃત્તિઓના આશય–અંશ અગસ્ત્યસિંહની ચૂર્ણિમાં અભિપ્રાયરૂપે જળવાયા હોઈ, પ્રસ્તુત ચૂર્ણિનું મૂલ્ય અધિકતર બની જાય છે. ચૂર્ણિકારનાં નિજી મંતવ્યો અને પૂર્વવર્તી વૃત્તિકારોનાં મંતવ્યો વચ્ચે વ્યાવર્તક રેખાઓ દોરવાનું કાર્ય તો આગમોના અધ્યેતાઓ જ કરી શકે.

વાદીભસિંહસૂરિ

જે. એસ. પટેલ

વાદીભસિંહસૂરિ અગિયારમી સદીમાં દક્ષિણ ભારતમાં થઈ ગયેલા જૈનધર્મી કવિ છે. બાણ પછીની પરંપરામાં થઈ ગયેલા અત્યંત પ્રતિભાશાળી કવિ હોવા છતાં તેમના સાહિત્યના અભ્યાસ પરત્વે ભાગ્યે જ સંસ્કૃત વિદ્વાનોનું ધ્યાન ગયું છે. તેમના જીવન, સમય અને કૃતિઓ વિષે ઐતિહાસિક વિગતો અલ્પ પ્રમાણમાં ઉપલબ્ધ થાય છે. તેમના જીવન વિષે કેટલાક લેખો લખાયેલા છે. તે બધાનું અવલોકન કરી તેમાંથી તથ્યાંશો સ્વીકારીને તેમને જાણવાનો પ્રસ્તુત લેખમાં મારો ઉપક્રમ છે.

(અ) જીવન :

વાદીભસિંહના બે કાવ્યગ્રંથો ઉપલબ્ધ થાય છે. 'ગદ્યચિંતામણિ' અને 'ક્ષત્રચૂડામણિ.' પહેલું ગદ્યકાવ્ય છે અને બીજું અનુષ્ટુભ શ્લોકબદ્ધ પદ્યકાવ્ય. પહેલું મહાકવિ બાણની 'કાદંબરી' અને ધનપાલની 'તિલકમંજરી'ની પદ્ધતિનું છે અને બીજાની વિશેષતા એ છે કે કથાની સાથે સાથે તેમાં નીતિ અને ઉપદેશ ચાલે છે. કવિ શ્લોકના પૂર્વાર્ધમાં તો પોતાની કથા કહેતા ચાલે છે અને સાથે સાથે ઉત્તરાર્ધમાં અર્થાન્તરન્યાસ દ્વારા કોઈને કોઈ નીતિ અથવા શિક્ષણની સુંદર ઉક્તિ આપતા જાય છે. બંને કાવ્યોનું કથાનક બિલકુલ એક છે. ક્ષત્રિયોમાં ચૂડામણિની જેમ જીવંધર નામના પુરાણપુરુષનું ચરિત બંનેમાં નિબદ્ધ છે. પ્રથમ શૃંગારાદિ રસોથી પૂર્ણ છે તેથી પ્રૌઢોપયોગી છે અને દ્વિતીય કદાચ સુકુમાર મતિવાળા કુમારોને માટે લખવામાં આવ્યું છે, તેથી તેમાં ઉપદેશનું પ્રાધાન્ય છે.

કવિએ 'ગદ્યચિંતામણિ'ના પ્રારંભમાં પોતાના ગુરુનું નામ શ્રી પુષ્પસેન બતાવ્યું છે અને કહ્યું છે કે તેમના જ પ્રસાદથી તેમને વાદીભસિંહતા અને મુનિપુંગવતા (આચાર્યત્વ) પ્રાપ્ત થયાં છે.[1] 'ગદ્યચિંતામણિ'ના પ્રત્યેક લંભના અંતમાં આપેલી પુષ્પિકાથી[2] નિઃસંદેહ સિદ્ધ થાય છે કે આ ગ્રંથ શ્રીવાદીભસિંહની રચના છે. 'ગદ્યચિંતામણિ'ના સંપાદન માટે પ્રાપ્ત થયેલી ચાર હસ્તલિખિત પ્રતોમાંથી ત્રણ પ્રતોમાં અંતમાં બે શ્લોકો પ્રાપ્ત થાય છે. આ શ્લોકોમાં એવું પ્રગટ થાય છે કે "શ્રીમદ્ વાદીભસિંહ ઉપાધિ ધારણ કરનાર ઓડયદેવ દ્વારા રચાયેલ સભાના ભૂષણસ્વરૂપ આ 'ગદ્યચિંતામણિ' ગ્રંથ લાંબા સમય સુધી સ્થિર રહે."

---

१ वादीभ० गद्यचिन्तामणि प्रा. श्लो. ६ :
श्रीपुष्पसेनमुनिनाथ इति प्रतीतो दिव्यो मनुर्मम सदा हृदि संनिदध्यात् ।
यच्छक्तितः प्रकृतिमूढमतिर्जनोऽपि वादीभसिंहमुनिपुङ्गवतामुपैति ।।

२ तत्रैव, पृ. ८८ : इति श्रीमद्वादीभसिंहसूरि विरचिते गद्यचिन्तामणौ सरस्वतीलम्भो नाम प्रथमो लम्भः ।

વાદીભસિંહ પદને ધારણ કરનાર ઓડયદેવ દ્વારા રચિત આ 'ગદ્યચિંતામણિ' બીજા ચિંતામણિની જેમ લોકમાં સ્થિર રહે.[3] વાદીભસિંહનો અર્થ છે વાદિરૂપી હાથીઓ માટે સિંહ સમાન. આ એક સ્પષ્ટ જ વિશેષણ છે જે તેઓ વાદીવિજેતા હતા એવું પ્રગટ કરે છે. આ તેમનું નામ નથી; વિશેષણ અથવા પદવી છે, જે આગળ જતાં નામ જ બની ગઈ. બીજા અનેક વિદ્વાનોને પણ આ પદવી પ્રાપ્ત થયેલી હતી અને તેમનો ઉપયોગ ક્યારેક તેમના નામોની સાથે અને ક્યારેક તેમના નામ વગર પણ કરવામાં આવતો હતો. શ્રવણબેલગોલાના શિલાલેખ નં-૫૪ની મલ્લિષેણ પ્રશસ્તિમાં અજિતસેનનો તેમના વાદીભસિંહ પદની સાથે ઉલ્લેખ કરવામાં આવ્યો છે.[4] પ્રશસ્તિમાં આપેલું 'वादीभसिंह' પદ ઉપાધિસૂચક જ છે; વિશેષણસૂચક નથી. કારણ કે मदवदखिलवादीभेन्द्रकुम्भप्रभेदी અર્થાત્ મદયુક્ત સમસ્ત વાદીરૂપી ગજરાજોના ગંડસ્થળોને વિદીર્ણ કરનાર, આ તૃતીય પાદથી વિશેષણનું કાર્ય ગતાર્થ થાય છે. શ્રી મ. મ. પં. ટી. એસ. કુપ્પુસ્વામી[5] અને શ્રી પં. કૈલાસચંદ્ર શાસ્ત્રીએ[6] પણ ઉપરનો અભિપ્રાય પ્રગટ કર્યો છે અને શ્રવણબેલગોલાના ૪૯૩મા શિલાલેખમાં અરુંગલાન્વયના શ્રીપાલત્રૈવિદ્યદેવને પણ વાદીભસિંહ કહ્યા છે.[7] જિનસેને આદિપુરાણના પ્રારંભમાં પોતાના પૂર્વવર્તી વિદ્વાનોની સ્તુતિ કરતાં એકનો ઉલ્લેખ 'વાદિસિંહ' નામથી કર્યો છે.[8] જો કે આ નિશ્ચિત કોઈની પદવી છે અને તે પદવી તે સમયે એટલી પ્રસિદ્ધ હતી કે તેમની સાથે વાસ્તવિક નામ આપવાની તેમને આવશ્યકતા જ ન દેખાઈ. લઘુ સમન્તભદ્રે પણ પોતાના 'અષ્ટસહસ્રી–ટિપ્પણ'માં 'આપ્તમીમાંસા'ને 'वादीभसिंहोपलालिता' વિશેષણ આપ્યું છે; જે પદવી જ છે, નામ નથી. આ પદવી પરથી આપણે જ્યાં સુધી તે માટે કોઈ બીજાં સબળ પ્રમાણ ન હોય ત્યાં સુધી પદવીધરના નામનું બરાબર અનુમાન કરી શકતા નથી.

---

३ तत्रैव, पृ. ४३७ (१–२):

श्रीमद्वादीभसिंहेन गद्यचिन्तामणिः कृतः ।
स्थेयादोडयदेवेन चिरायास्थानभूषणः ।।
स्थेयादोडयदेवेन वादीभहरिणा कृतः ।
गद्यचिन्तामणिर्लोके चिन्तामणिरिवापरः ।।

४ शिलालेख संख्या ५४, श्लो. ५७ :
सकलभुवनपालानम्रमूर्धावबद्धस्फुरितमुकुटचूडालीढपादारविन्दः ।
मदवदखिलवादीभेन्द्रकुम्भप्रभेदी गणभृदजितसेनो भाति वादीभसिंहः ।।

५ कुप्पुस्वामी टी. एस., गद्यचिन्तामणिकी प्रस्तावना

६ शास्त्री कैलासचन्द्र न्याय कुमुदचन्दोदय प्र. भा. प्रस्तावना, पृ. १११

७ शिलालेख संख्या ४९३ : इन्तु निखद्यस्याद्वा भूषणरं गणपोषणसमेतरुमागि वादीभसिंह-वादि कोलाहल :.........श्रीपालत्रैविद्यदेवर्गे ।

८ जिनसेन, आदिपुराण १–५४ :

कवित्व परा सीमा वाग्मित्वस्य परं पदम् ।
गमकत्वस्य पर्यन्तो वादिसिंहोऽर्च्यते न कैः ।।

અજિતસેન અને ઓડયદેવ :

સૌથી પહેલાં સન્ ૧૯૧૬માં સ્વ. મ. મ. પં. ટી. એસ. કુપ્પુસ્વામી શાસ્ત્રીએ ' ગદ્યચિંતામણિ 'ની ભૂમિકામાં લખ્યું હતું કે મલ્લિષેણ પ્રશસ્તિના અજિતસેન અને ' ગદ્યચિંતામણિ 'ના કર્તા વાદીભસિંહ એક જ માલૂમ પડે છે. પરંતુ તેના માટે તેમણે કોઈ વિશેષ પ્રમાણ આપ્યાં નથી. તેમના પછી પં. કે. ભુજબલી શાસ્ત્રીએ ઉપરની ધારણાને પુષ્ટ કરવા માટે હમણાં જ બે વિસ્તૃત લેખ પ્રકાશિત કર્યા છે.[૯] પરંતુ તેમાં તેઓ એક પણ પ્રમાણ એવું નથી આપી શકયા કે જે નિઃસંદેહ રીતે અજિતસેનને ' ગદ્યચિંતામણિ 'ના કર્તા સિદ્ધ કરવા માટે પર્યાપ્ત હોય.

એક તો અજિતસેનના ગુરુનું નામ પુષ્પસેન નથી અને લગભગ તે જ સમયના એક પુષ્પસેન મુનિને અજિતસેનના ગુરુ માનવા માટે શાસ્ત્રીજીએ શોધી કાઢયા છે પણ તેમના અજિતસેન નામના કોઈ શિષ્ય જ નથી; તેમના શિષ્યનું નામ તો વાસુપૂજ્ય સિદ્ધાન્તદેવ છે. સાથે જ પુષ્પસેન અને અજિતસેનનો સમય પણ બંનેનો ગુરુ-શિષ્ય સંબંધ પુરવાર કરવામાં વધારે બાધક છે. બીજું અજિતસેન રાજમાન્ય વિદ્વાન હતા. અનેક રાજા તેમના ચરણોમાં મસ્તક ઝુકાવતા હતા પરંતુ ઓડયદેવ અથવા વાદીભસિંહના વિષયમાં એવો કોઈ ઉલ્લેખ નથી જેમાં તેમને રાજમાન્ય કહેવામાં આવ્યા હોય. શાસ્ત્રીજી ' ગદ્યચિંતામણિ 'ની પ્રશસ્તિના ' चिरायास्थान-भूषणः ' પદથી કદાચ એમ સમજ્યા છે કે તેઓ રાજમાન્ય હતા પણ આસ્થાનભૂષણનો અર્થ છે સભાનું ભૂષણ અથવા શોભા. આ વિશેષણ ' ગદ્યચિંતામણિ ' માટે આપવામાં આવ્યું છે, કવિ માટે નહિ. પ્રશસ્તિકારનો માત્ર એટલો જ અભિપ્રાય છે કે આ ગ્રંથ લાંબા સમય માટે સભાઓના ભૂષણરૂપ બની રહે. ત્રીજું અજિતસેનના સંબંધમાં જેટલાં ઉદ્ધરણ શાસ્ત્રીજીએ આપ્યાં છે તેમાંથી કોઈમાં પણ તેમને મહાકવિ અથવા કાવ્યગ્રંથોના કર્તા બતાવ્યા નથી. જો તેઓ ' ગદ્યચિંતામણિ ' જેવા શ્રેષ્ઠ કાવ્યના કર્તા હોત તો ઓછામાં ઓછું મલ્લિષેણ પ્રશસ્તિમાં તેમની આ વિશેષતાનો સંકેત અવશ્ય થાત. આ પ્રશસ્તિમાં તેમની પ્રશંસામાં એક બે નહીં પચાસ પંક્તિઓ લખવામાં આવી છે. તે પ્રશસ્તિ અને બીજા ઉલ્લેખોથી તો તેઓ મોટા વાદિવિજેતા અને તાર્કિક જ માલૂમ પડે છે, કવિ નહિ. આ બધી બાબતોથી ઓડયદેવ અને અજિતસેન એક હોય એ સિદ્ધ થઈ શકતું નથી. બંનેમાં ફક્ત એક જ સમાનતા છે અને તે એ કે બંને વાદીભસિંહ પદને ધારણ કરનારા હતા.

અકલંકદેવના સમકાલીન ઓડયદેવ :

પં. કૈલાસચંદ્રજી શાસ્ત્રીએ ન્યાયકુમુદચંદ્ર (પ્રથમ ખંડ)ની ભૂમિકામાં લખ્યું છે કે મલ્લિષેણ પ્રશસ્તિમાં જે પુષ્પસેન મુનિને અકલંકદેવના સધર્મા અથવા ગુરુભાઈ બતાવ્યા છે, વાદીભસિંહ તેમના શિષ્ય પ્રતીત થાય છે અને લઘુ સમન્તભદ્રના ' અષ્ટસહસ્રી–ટિપ્પણ 'માં જે વાદીભસિંહનો ઉલ્લેખ છે તે પણ કદાચ આ જ હોય. તેના સિવાય તેમણે જિનસેન અને

---

૯ शास्त्री के. भुजबली, जैन सिद्धान्त भास्कर, भाग–६, अङ्क–२, पृ. ७८–८७ અને ભાગ-७, अङ्क–१, पृ. १–८

વાદિરાજ[૧૦] દ્વારા સ્મરેલા વાદિસિંહને પણ વાદીભસિંહ જ હોવાની સંભાવના પ્રગટ કરી છે. શ્રી નાથૂરામ પ્રેમી[૧૧] કહે છે કે "પહેલાં મારો પણ આ જ ખ્યાલ હતો પરંતુ હવે હું ઓડ્યદેવ અથવા વાદીભસિંહને એટલા પ્રાચીન નથી સમજતો. મારી સમજમાં એક વાદિસિંહ અથવા વાદીભસિંહ જિનસેનથી પહેલાં જરૂર થઈ ગયા, જેમનું વાસ્તવિક નામ માલૂમ નથી અને આપ્તમીમાંસા પર કદાચ તેમની કોઈ ટીકા હતી પરંતુ 'ગદ્યચિંતામણિ'કારથી તેઓ પૃથક્ છે. જો કે તેઓ પણ કવિ, વાદી અને તાર્કિક હતા. એના સિવાય એ પણ નિશ્ચયપૂર્વક કહી શકાતું નથી કે અકલંકદેવના સધર્મા પુષ્પસેનના જ તેઓ શિષ્ય હતા".

શ્રી વિજય એ જ ઓડયદેવ :

હુમ્મચના શિલાલેખ નં. ૨૧૪ અને ૨૧૬માં ઓડ્યદેવનું બીજું નામ શ્રી વિજયદેવ લખ્યું છે અને શિલાલેખ નં. ૨૧૫માં પુષ્પસેન સિદ્ધાન્તદેવ અને તેમના શિષ્ય શ્રી વિજયગુરુનો ઉલ્લેખ છે, પરંતુ ઉક્ત નં. ૨૧૪–૨૧૬ લેખોમાં વિજયદેવને વાદિરાજ ઊર્ફે કનકસેનના શિષ્ય બતાવ્યા છે. કનકસેન પછી પણ એક વાદિરાજ બીજા થઈ ગયા છે અને તે પરંપરામાં પુષ્પસેન પણ. એક જ નામના અનેક વિદ્વાન હોવાથી ગુરુ–શિષ્ય પરંપરાક્રમ પણ ગૂંચવણમાં પડી ગયો છે, પરંતુ 'ગદ્યચિંતામણિ'ના કર્તા એમનાથી ભિન્ન જ જણાઈ આવે છે. શ્રી વિજયનું ઓડ્યદેવ નામ હતું,[૧૨] પરંતુ મળતી માહિતી પ્રમાણે ભાગ્યે જ તેમને ઓડ્યદેવ તરીકે અર્થાત્ વાદીભસિંહ–'ગદ્યચિંતામણિ'ના કર્તા તરીકે સ્વીકારીશું.[૧૩] આ મતની વિરુદ્ધ એ. વેન્કટ સુબ્બાહ[૧૪] કહે છે કે શ્રી વિજય ઓડ્યદેવ શિલાલેખમાં ઉલ્લેખાયેલ તે જ ઓડ્યદેવ, વાદીભસિંહ, 'ગદ્યચિંતામણિ'ના કર્તા છે અને તેઓ પુષ્પસેનના અનુગામી છે એવું શિલાલેખની યાદીમાં છે. એ વાત માનવામાં કોઈ ખોટું નહિ પડે કે 'ગદ્યચિંતામણિ' અને 'ક્ષત્રચૂડામણિ' ઈ. સ. ૧૦૨૭માં લખાયાં હતાં પણ ડૉ. એ. એન. ઉપાધ્યે કહે છે કે તેમણે ખાસ રીતે તે પ્રમાણે બતાવ્યું નથી કે નથી રજૂ કર્યો શિલાલેખમાં શ્રી વિજય, ઓડયદેવ અને વાદીભસિંહ આ ત્રણે સાથે હોય એવો પુરાવો પોતાના પેપરમાં પ્રમાણ તરીકે. વાદીભસિંહ ઉપાધિને શ્રી વિજય ઓડયદેવ સાથે જોડી શકાય નહિ. જેથી ઓળખનો પ્રશ્ન બાકી રહે છે.[૧૫]

સોમદેવનું શિષ્યત્વ :

શ્રુતસાગરસૂરિએ 'યશસ્તિલક' ૨–૧૨૬ની ટીકામાં વાદિરાજ મહાકવિનું એક પદ્ય ઉદ્ધૃત કરીને લખ્યું છે કે આ વાદીરાજ અને વાદીભસિંહ પણ સોમદેવના શિષ્યો

---

१० वादिराज, पार्श्वनाथचरित, १–२१ :

स्याद्वादगिरिमाश्रित्य वादिसिंहस्य गर्जिते ।
दिङ्नागस्य मदध्वंसे कीर्तिभंगो न दुर्घटः ।।

११ प्रेमी नाथूराम, जैन साहित्य और इतिहास, पृ. ३२३

12 Epigraphia Carnitica VIII, Nagar No. 40 Part-I

13 E. Hultzsch : ZDMG. 68 pp. 695–700

14 JBBRAS III 1–2, 1928 pp. 156–60

१५ जीवन्धरचम्पू :प्रस्तावना पृ. १६

છે.[૧૬] 'कर्मणा कवलिता' પદ્ય વાદિરાજના કયા ગ્રંથનું છે તે પણ માલૂમ પડયું નથી. 'પાર્શ્વનાથચરિત'માં તો આ છે જ નહિ. કારણ કે સોમદેવ કહે છે કે વાદીભસિંહ પણ મારા શિષ્ય છે અને વાદિરાજ પણ; પરંતુ શ્રુતસાગરના આ કથન પર વિશ્વાસ કરવામાં આવતો નથી. કારણ કે એક તો સોમદેવે આ વચન કયા ગ્રંથમાં કયા પ્રસંગે કહ્યું છે એ તેમણે બતાવ્યું નથી અને બીજું સોમદેવે પોતાના 'યશસ્તિલક'ને વિ. સં. ૧૦૧૬માં પૂરું કર્યું અને વાદિરાજે પોતાનું 'પાર્શ્વનાથ-ચરિત' વિ. સં. ૧૦૮૨માં તેમનાથી ૬૬ વર્ષ પછી રચ્યું. આ ઉપરાંત વાદિરાજ 'પાર્શ્વનાથ-ચરિત'ના બારમા સર્ગમાં પોતાના ગુરુનું નામ મતિસાગર બતાવે છે અને વાદીભસિંહ 'ગદ્યચિંતામણિ' ૧-૬માં પોતાના ગુરુનું નામ પુષ્પસેન દર્શાવે છે. તેથી ઓછામાં ઓછું 'ગદ્યચિંતામણિ'ના કર્તા વાદીભસિંહને તો સોમદેવના શિષ્ય કોઈપણ રીતે માની શકાય નહિ. સાથે સાથે એ ભૂલવું ન જોઈએ કે શ્રુતસાગર આ બધા કવિઓથી પાછળના સમયના છે.

ડૉ. કે. કે. હાંડીકી આના વિરુદ્ધમાં નવો જ અભિપ્રાય વ્યક્ત કરતાં કહે છે કે "કાલક્રમાનુ-સાર એ પણ અશકય નથી કે વાદીરાજ અને વાદીભસિંહ સોમદેવના શિષ્યો હોય. વાદિરાજના પોતાના કથન પ્રમાણે પાર્શ્વનાથચરિત શક સંવત ૯૪૭ (= ઈ. સ. ૧૦૨૫)માં લખ્યું. તે વખતે ચાલુકય રાજા જયસિંહ બીજો (ઈ. સ. ૧૦૧૫ થી ૧૦૪૨) રાજ્ય કરતો હતો. વાદીભસિંહ પણ વાદિરાજની જેમ બેલગાંવના જયસિંહ બીજા (ઈ. સ. ૧૦૩૬)ના દાનપત્રમાં ઉલ્લેખાયેલ છે. તેમાં એક શૈવભક્ત વાદી રુદ્રગણુ તરીકે વર્ણવાયેલ છે કે જેને વાદીભસિંહે, વાદિરાજે અથવા બીજા વિદ્વાનોએ દલીલોમાં હરાવેલો છે અને ચોલવંશના મહાન રાજા રાજરાજનો ઉલ્લેખ વાદીભસિંહના કાવ્ય 'ક્ષત્રચૂડામણિ'ના અંતમાં થયો છે.[૧૭] આ ચોલરાજ રાજરાજે ઈ. સ. ૯૮૫ થી ૧૦૧૫ સુધી રાજ્ય કર્યું. તેથી એમ જણાશે કે વાદિરાજ અને વાદીભસિંહ અગિયારમી સદીના પ્રથમપાદમાં થઈ ગયા. આ રીતે શ્રુતસાગરનું વિધાન સાચું તેમ જ પ્રભાવશાળી હોય, તેઓ કદાચ તેમના બાળપણમાં સોમદેવના શિષ્યો હોય પણ આશ્ચર્ય એ છે કે તેમના ગુરુ વિશે મૌન રહ્યા છે.[૧૮]

વાદીભસિંહનું જન્મસ્થાન :

ઓડ્યદેવ નામ ઉપરથી પં. કે. ભુજબલિ શાસ્ત્રીએ કવિને પોતાના તામિળ અથવા દ્રવિડ પ્રાન્તના નિવાસી બતાવ્યા છે અને બી. શેષગિરિરાવે કલિંગ (તેલુગુ)ના ગંજામ જિલ્લાની

---

૧૬ यशस्तिलकचम्पू : (टीका) २–१२६ :
उक्तं च वादिराज महाकविना–कर्मणा कवलिता जनिता जातः पुरान्तरजनंगमवाटे । कर्मकोद्रवरसेन हि मतः किं किमत्येशुभधाम न जीवः । स वादिराजोऽपि श्रीसोमदेवाचार्यस्य शिष्यः । वादीभसिंहोऽपि मदीयशिष्यः श्रीवादीराजोऽपि मदीयशिष्यः इत्युक्तत्वाच्च ।

૧૭ वादीभ० क्षत्रचूडामणिः :
राजतां राजराजोऽयं राजराजो महोदयैः ।
तेजसा वयसा शूरः, क्षत्रचूडामणिर्गुणैः ।।

18 Handiqui K. K., Yaśastilaka and Indian Culture, p. 9

આસપાસના બતાવ્યા છે.[૧૯] ગંજામ જિલ્લો મદ્રાસની એકદમ ઉત્તરમાં છે અને હવે ઓરિસ્સામાં જોડી દેવામાં આવ્યો છે. તેમાં રાજ્યના સરદારોની ઓડેય અને ગોડેય નામની બે જાતિઓ છે જેમાં પારસ્પરિક સંબંધ પણ છે. તેથી તેમની સમજમાં વાદીભસિંહ જન્મથી ઓડેય અથવા ઉડિયા સરદાર હશે.

શ્રી પં. કે. ભુજબલિ શાસ્ત્રીએ લખ્યું છે કે કવિનો જન્મ તામિળ પ્રદેશમાં થયો હતો; છતાં પણ તેમના જીવનનો મોટો ભાગ મૈસુર પ્રાન્તમાં પસાર થયો હતો અને હાલનું મૈસુર પ્રાન્તમાં રહેલ પોમ્બુરચ જ કવિનું પ્રચારકેન્દ્ર હતું. તે માટે પોમ્બુરચ એવં મૈસુર રાજ્યના ભિન્ન ભિન્ન સ્થાનોમાં ઉપલબ્ધ કવિ સાથે સંબંધિત શિલાલેખ જ જ્વલંત સાક્ષી છે.[૨૦]

વાદીભસિંહે 'ગદ્યચિંતામણિ'માં હેમાંગદ દેશ, રાજપુરી નગરી, ચંદ્રોદય પર્વત તથા દક્ષિણના પ્રદેશોનું વર્ણન આપેલું છે. જીવંધરે ભારત ક્ષેત્રના વિવિધ દેશોમાં ભ્રમણ કર્યું છે. કનિંગહામે 'એંશિએન્ટ જોગ્રોફી ઓફ ઈન્ડિયા' એ ગ્રંથમાં હેમાંગદ દેશ પર પ્રકાશ ફેંક્યો છે, ને મૈસુર અથવા તેની નજીકના કોઈ પ્રદેશને હેમાંગદ દેશ બતાવ્યો છે. તેમણે 'હેમાંગદ'એ નામકરણ માટે તેની પાસે સોનાની ખાણ, મલય પર્વત, તથા સમુદ્ર વગેરે હોવાને કારણ ગણાવ્યાં છે; પરંતુ કે. ભુજબલી શાસ્ત્રીએ આ અંગે પોતાનું મંતવ્ય પ્રસ્તુત કર્યું છે કે હેમાંગદ દેશ દક્ષિણમાં નહીં પણ વિંધ્યાચળના ઉત્તરભાગમાં રહેલ કોઈ પ્રદેશ હોવો જોઈએ.[૨૧]

આ અંગે શ્રી પન્નાલાલ જૈન[૨૨] વિચારે છે કે 'ક્ષત્રચૂડામણિ'ના પ્રથમ લંભના શ્લોક–૪માં આવેલા 'हेमकोशाभं' આ વિશેષણ પર ભાર મૂકવામાં આવે. જ્યાં સુવર્ણના ખજાનાઓની–ખાણોની આભા છે એવો અર્થ થાય છે. તેથી કનિંગહામના અભિપ્રાયનું સમર્થન પ્રાપ્ત થાય છે. આ સાથે રાજપુરીના વૈશ્ય શ્રીદત્તની સમુદ્રયાત્રાનું વર્ણન 'ક્ષત્રચૂડામણિ', 'જીવંધરચમ્પુ', 'ગદ્યચિંતામણિ' અને 'ઉત્તરપુરાણ'માં સમાન રીતે પ્રાપ્ત થાય છે. તેથી સિદ્ધ થાય છે કે રાજપુરી સમુદ્રની નજીક હોવી જોઈએ. વિંધ્યોત્તર પ્રદેશમાં સોનાની ખાણો નથી તેમ જ તે સમુદ્રની નજીક પણ નથી. મૈસુરથી દંડકવન પણ અતિદૂર પણ નહિ તેમ જ નજીક પણ નથી. દંડકવનમાં વિજ્યા રાણીએ તાપસી વેશમાં પરિચય આપ્યા વિના છૂપી રીતે રહેવું એ રાજનીતિનો વિષય છે. 'ગદ્યચિંતામણિ'માં હેમાંગદનું વર્ણન કરતી વખતે સોપારીના બાગ તથા ફળદ્રુપ જમીનની અધિકતાને લીધે હંમેશાં ઉત્પન્ન થનારાં વિવિધ પ્રકારનાં ધાન્યોથી ભરપૂર ગામડાના નજીકના પ્રદેશો વર્ણવ્યા છે. શ્રેષ્ઠ સોપારીના બાગ દક્ષિણમાં જ છે. પાણીના વિપુલ પુરવઠાને લીધે દક્ષિણમાં હંમેશાં ધાન્યથી ભરેલાં હરિયાળાં ખેતરો જોવા મળે છે. જો જીવન્ધર ઉત્તર ભારતના હોત તો સમકાલીન રાજા શ્રેણિક તેમનાથી અપરિચિત ન રહેત અને

---

१९ जैन सिद्धान्तभास्कर वर्ष–८, अङ्क–२, पृ. ११७

२० शास्त्री के. भुजबली, क्षत्रचूडामणि उत्तरार्धकी प्रस्तावना, पृ. ४

२१ जैन सिद्धान्तभास्कर, भाग-२ किरण-३ 'महाराज जीवन्धरका हेमांगद देश और क्षेमपुरी शीर्षक लेख'

२२ कुप्पुस्वामी टी. एस., 'गद्यचिन्तामणि'की प्रस्तावना, पृ. २७

મુનિઅવસ્થામાં જોઈ તેમના વિષે દેવની શંકા કરીને સુધર્માચાર્યને પ્રશ્ન કરત નહિ.[૨૩] આ વર્ણન માત્ર કવિસંપ્રદાય પ્રમાણે નથી પરંતુ યથાર્થ છે. મિથિલાના રાજા ગોવિંદ મહારાજની બહેન વિજયાનો વિવાહ દૂર રહેલા રાજા સત્યંધરની સાથે થવો અસંભવ નથી. જો વિદ્યાધરોની સાથે પણ વિવાહસંબંધ થઈ શકતા તો ઉત્તર અને દક્ષિણ ભારતમાં કોઈ વધારે મોટું અંતર નથી.

સુદર્શન યક્ષ જીવંધરકુમારને પોતાના નિવાસસ્થાન ચંદ્રોદય પર્વત પર લઈ જાય છે અને ત્યાંથી ઉતરીને તેમણે પલ્લવ વગેરે દેશોમાં પરિભ્રમણ કર્યું છે. તેથી એમ લાગે છે કે ચંદ્રોદય પર્વત દૂર નથી. એ સંભવ છે કે દક્ષિણનો ચંદ્રગિરિ જ ચંદ્રોદય હોય. સુદર્શન યક્ષ વ્યન્તર દેવ છે. વ્યંતરોનો નિવાસ ગમે ત્યાં હોઈ શકે છે. તેમની ઈચ્છા પ્રમાણે તેઓ મનુષ્યોની દૃષ્ટિથી અગોચર પણ રહી શકે છે.

જીવંધરના વિહાર સ્થળોમાંથી ક્ષેમપુરીના વિષયમાં પં. કે. ભુજબલી શાસ્ત્રીએ પોતાના એ લેખમાં લખ્યું છે કે આ આધુનિક મુંબઈ પ્રાન્તની અંદર ઉત્તર કન્નડ જિલ્લાનું ગેરસપ્પા જ પ્રાચીન ક્ષેમપુરી અથવા ક્ષેમપુર હતું. ગેરસપ્પાનું બીજું નામ ભલ્લાતકીપુર છે. આ સ્થાન હોન્નાવરથી પૂર્વમાં અઢાર માઈલ દૂર આવેલું છે.

'ગદ્યચિંતામણિ'માં બીજા લંભમાં આચાર્ય આર્યનંદિના સ્વવૃત્તાન્તવર્ણનમાં ગંધોત્કટની ભોજનશાળામાં તૈયાર કરેલ રસોઈમાં પુષ્કળ ઘી અને સાકરથી મિશ્રિત મગની દાળ, પાકાં ફણસ. પાકાં કેળાં, કેરીઓ, ઘી પૂર્ણ મરચા–મીઠાવાળું નારિયેળના ટોપરાના ગર્ભનું પીણું, રીંગણાનું શાક વગેરેનો ઉલ્લેખ છે.[૨૪] આ રસોઈ મોટે ભાગે દક્ષિણ ભારતમાં થાય છે. નારિયેળ અને ફણસ હંમેશાં દક્ષિણ ભારતમાં સવિશેષ થાય છે. આ ગ્રંથમાં 'ફણસ'ના ફળનો અન્યત્ર બે વાર ઉલ્લેખ થયો છે.[૨૫]

આ બધા ઉલ્લેખો પર એમ નિશ્ચિત થઈ શકે કે વાદીભસિંહ દક્ષિણ ભારતના મૈસુર રાજ્યના વતની હતા.

---

૨૩ वादीभ० ग० चि० प्रा. श्लो. १३ :

नानाभोगपयोधिमग्नमतयो वैराग्यदूरोज्झिता
देवा न प्रभवन्ति दुःसहतमां वोढुं मुनीनां धुरम् ।
इत्याहुः परमागमस्य परमां काष्ठामधिष्ठास्नव-
स्तद्देवो मुनिवेषमेष कलयन्दृश्येत कस्मादिति ।।

૨૪ એજન, પૃ. ९९

૨૫ એજન, પૃ. ४०४(१): अङ्गनाङ्ग इव मृदुलपनसबहुमाने
પૃ. ४०५(५): पनसफलमानीय मुद्गफलानुकारिभिः ......

વાદીભસિંહનો સમય :

(૧) વાદીભસિંહે ' ગદ્યચિંતામણિ 'ની પૂર્વપીઠિકામાં શ્રી પુષ્પસેનને પોતાના ગુરુ બતાવ્યા છે. મલ્લિષેણપ્રશસ્તિમાં અકલંકવિષયક શ્લોકો પછી જ નીચેનો શ્લોક આવે છે.

> श्रीपुष्पषेणमुनिरेव पदं महिम्नो देवः स यस्य समभूत् स महान् सधर्मा ।
> श्रीविभ्रमस्य भवनं ननु पद्ममेव पुष्पेषु मित्रमिह यस्य सहस्रधामा ।।

આ શ્લોકમાં પુષ્પષેણને અકલંકના સધર્મા–ગુરુભાઈ બતાવ્યા છે. સંભવ છે કે આ પુષ્પષેણ મુનિ જ ' ગદ્યચિંતામણિ 'માં નિર્દેશેલ વાદીભસિંહના ગુરુ હોય. પુષ્પષેણ અકલંકના ગુરુભાઈ હતા અને વાદીભસિંહ તેમના શિષ્ય હતા તેથી વાદીભસિંહનું અસ્તિત્વ અકલંક પછી સિદ્ધ થાય છે.

(૨) અકલંક દેવના ' ન્યાયવિનિશ્ચય ' આદિ ગ્રંથોનો પણ વાદીભસિંહની ' સ્યાદ્વાદ-સિદ્ધિ ' પર પ્રભાવ છે. તેથી આ તેમના ઉત્તરવર્તી વિદ્વાન છે.[૨૬]

(૩) વાદીભસિંહની ' સ્યાદ્વાદસિદ્ધિ 'ના છઠ્ઠા પ્રકરણની ૧૯મી કારિકામાં ભટ્ટ અને પ્રભાકરનો નામોલ્લેખ કરીને તેમના અભિમત–ભાવના નિયોગરૂપ વેદ વાક્યાર્થનો નિર્દેશ કરવામાં આવ્યો છે તથા કુમારિલ ભટ્ટના ' મીમાંસાશ્લોકવાર્તિક 'માંથી કેટલીય કારિકાઓ ઉદ્ધૃત કરીને તેમની આલોચના કરવામાં આવી છે. કુમારિલ ભટ્ટ અને પ્રભાકર સમકાલીન વિદ્વાન છે. તેમનો સમય ઈ. સ. ની સાતમી સદી માનવામાં આવે છે. તેથી વાદીભસિંહ તેમના પરવર્તી છે.[૨૭]

(૪) વાદીભસિંહના ' ગદ્યચિંતામણિ 'માં જીવંધર માટે તેમના વિદ્યાગુરુ દ્વારા જે ઉપદેશ આપવામાં આવ્યો છે તે બાણની કાદંબરીના શુકનાસોપદેશથી પ્રભાવિત છે. એટલું જ નહિ ' ગદ્યચિંતામણિ 'નાં બીજાં પણ કેટલાંક સ્થાનો બાણના ' હર્ષચરિત 'ના વર્ણનને અનુરૂપ છે. તેથી એમ નિ.શ્રત કહી શકાય કે વાદીભસિંહ બાણના પરવર્તી છે. બાણ પણ રાજા હર્ષના સમકાલીન (ઈ. સ. ૬૦૬ થી ૬૪૭) હતા.

(૫) જીવંધરની કથાને પ્રસ્તુત કરનારા ગ્રંથોમાં સૌથી પ્રાચીનગ્રંથ ગુણભદ્રનું ઉત્તરપુરાણ છે. ઉત્તરપુરાણના ૭૫મા પર્વના શ્લોક ૧૮૩–૬૯૧માં જીવંધરની કથા વર્ણવેલી છે. ઉત્તર-પુરાણ એ જિનસેનના મહાપુરાણનો ઉત્તરાર્ધ છે. જિનસેન રાષ્ટ્રકૂટ વંશના જગતતુંગ અને નૃપતુંગ અથવા અમોઘવર્ષ (ઈ. સ. ૮૧૫ થી ૮૭૭)ના સમકાલીન હતા. તેમના શિષ્ય ગુણભદ્રે તેમનું મહાપુરાણ ઈ. સ. ૮૯૭ની આસપાસ પૂરું કર્યું. ' ગદ્યચિંતામણિ 'માં પ્રસ્તુત થયેલી જીવંધરની કથા એના પછીની છે. તેથી વાદીભસિંહ ગુણભદ્ર પછી થઈ ગયા.

---

૨૬ कोठिया दरबारीलाल, 'स्याद्वादसिद्धि'की प्रस्तावना, पृ. १९

૨૭ એજન, पृ. १९–२०

(૬) બલ્લાલ કવિએ 'ભોજપ્રબંધ'માં ઉલ્લેખ કર્યો છે કે એક વખત કોઈએ કાલિદાસ સામે ધારાનરેશ ભોજના મૃત્યુના જૂઠા સમાચાર સંભળાવ્યા. જેથી કાલિદાસના મુખમાંથી આ શ્લોક નીકળી પડ્યો—

अद्य धारा निराधारा निरालम्बा सरस्वती ।
पण्डिताः खण्डिताः सर्वे भोजराजे दिवंगते ।।

આ શ્લોકના પૂર્વાર્ધનો છાયા લઈને વાદીભસિંહે 'ગદ્યચિંતામણિ'માં કાષ્ઠાંગારે હસ્તિ-તાડનના અપરાધમાં જીવન્ધરસ્વામીને પ્રાણુદંડ આપતાં નગરજનોની ચર્ચાના રૂપમાં એક ગદ્યખંડ લખ્યો છે-अद्य निराश्रया श्रीः निराधारा धरा, निरालम्बा सरस्वती, निष्कलं लोकलोचनविधानम्[२८] તેથી માનવામાં આવે છે કે વાદીભસિંહ ભોજના પરવર્તી કે સમકાલીન હશે. ધારાનરેશ ભોજનો સમય ઈ. સ. ૧૦૧૦ થી ૧૦૫૦ નિશ્ચિત છે.

(૭) શ્રી પં. કે. ભુજબલી શાસ્ત્રીએ 'જૈન સિદ્ધાન્તભાસ્કર' ભાગ-૬ કિરણ-૨માં પ્રકાશિત '-क्या वादीभसिंह अकलंक देवके समकालीन है' લેખમાં મદ્રાસ અને મૈસુર પ્રાન્તના જૈનસ્મારકના ૧૦ શિલાલેખ ઉદ્ધૃત કરી તેમાં ઉલ્લિખિત અજિતસેન, પંડિતદેવ મુનિવાદીભ-સિંહ, અજિતસેન, અજિતસેન પંડિતદેવવાદિઘરટ્ટ, અજિતમુનિપતિ, અજિતભટ્ટારક અને મુનિ અજિતસેન દેવને ગદ્યચિંતામણિકાર વાદીભસિંહસૂરિ સ્વીકારીને તેમને અગિયારમી સદીના વિદ્વાન ગણાવ્યા છે.

પરંતુ આ ઉલ્લેખો પરથી અજિતસેનોનું 'ગદ્યચિંતામણિ'નું કર્તૃત્વ સિદ્ધ થતું નથી. સંભવ છે કે આ અજિતસેન બીજા હોય. શિલાલેખોમાં 'તેમને ચરણ ધોઈને ભૂમિ આપી' વગેરેનો વધારે ઉલ્લેખ છે. તેથી તેઓ મઠાધીશ જણાઈ આવે છે. ગણુભૃત્ અથવા નિઃસ્પૃહસૂરિ નહીં. સાથે સાથે તેમાં દ્રાવિડસંઘ તથા અરુંગલાન્વય આદિનો ઉલ્લેખ છે. જ્યારે વાદીભસિંહનો સંઘ તથા અન્વય વગેરેનો ક્યાંય ઉલ્લેખ નથી.

(૮) વાદીભસિંહના કાવ્ય 'ક્ષત્રચૂડામણિ'ના અંતમાં મહાન રાજા રાજરાજાનો ઉલ્લેખ થયો છે.[૨૯] આ ચોલરાજ રાજરાજાએ ઈ. સ. ૯૮૫ થી ૧૦૧૫ સુધી રાજ્ય કર્યું. તેથી વાદીભસિંહ અગિયારમી સદીના પ્રથમ પાદમાં થઈ ગયા.

(૯) શિલાલેખમાં શ્રી વિજયનું ઓડયદેવ નામ હતું[૩૦] આના વિરુદ્ધમાં એ વેન્કટ સુબ્બાહ કહે છે કે શિલાલેખમાં ઉલ્લેખાયેલ શ્રી વિજય ઓડયદેવ તે જ ઓડયદેવ, વાદીભસિંહ,

---

૨૮ वादीभ० ग० चि० पृ. २२१(६–७)

२९ वादीभ० क्षत्रचूडामणिः : राजतां राजराजोऽयं राजराजो महोदयैः ।
तेजसा वयसा शूरः क्षत्रचूडामणिर्गुणैः ।।

30 Epigraphia Carnitica VIII, Nagar No. 40 part-I

'ગદ્યચિંતામણિ'ના કર્તા છે. તે પુષ્પસેનના અનુગામી છે. તેમણે 'ગદ્યચિંતામણિ' અને 'ક્ષત્રચૂડામણિ' ઈ. સ. ૧૦૨૭માં લખ્યાં હતાં.[૩૧]

(૧૦) શ્રી ટી. એસ. કુપ્પુસ્વામી અને સુબ્રહ્મણ્યમ્ શાસ્ત્રીએ ૧૯૦૨માં 'ગદ્યચિંતામણિ' સરસ્વતીવિલાસ સીરીઝ નં-૧માં પ્રગટ કરી. સંસ્કૃત પ્રસ્તાવનામાં તેમણે 'ગદ્યચિંતામણિ'ના કાદંબરી સાથેના સરખા વિચારો અને રજૂઆત દર્શાવ્યાં છે. તેથી તેઓ 'ગદ્યચિંતામણિ'નો સમય ઈ. સ. ૬૫૦ અર્થાત્ બાણ પછીનો જણાવે છે. ઈ. સ. ૧૯૦૩માં શ્રી ટી. એસ. કુપ્પુસ્વામી શાસ્ત્રીએ 'ક્ષત્રચૂડામણિ'ની પ્રથમ આવૃત્તિ રચી. પ્રસ્તાવનામાં ગુણભદ્રના 'ઉત્તરપુરાણ' પર આધારિત 'ક્ષત્રચૂડામણિ', 'ગદ્યચિંતામણિ' અને 'જીવકચિંતામણિ'ના સરખા વિચારો બતાવ્યા છે. તેઓ કહે છે કે વાદીભસિંહ દસમી અગિયારમી સદીમાં થઈ ગયા.

(૧૧) પં. પન્નાલાલ જૈન 'ગદ્યચિંતામણિ'ની પ્રસ્તાવનામાં વાદીભસિંહનો સમય આઠમી સદીનો ઉત્તરાર્ધ અને નવમી સદીનો પૂર્વાર્ધ નક્કી કરે છે;[૩૨] પરંતુ પં. દરબારીલાલ કોઠિયા પ્રમાણે આ સમય તે આખરી નથી. તેમણે વાદીભસિંહને અકલંક અને બાણ પછીના કવિ ગણાવ્યા છે.[૩૩]

(૧૨) તામિલ મહાકાવ્ય 'જીવકચિંતામણિ'ના લેખક તિરુતક્કદેવરના સમય બાબતમાં સૌથી આધુનિક મત પ્રસ્તુત કરનાર વિદ્વાન શ્રી એસ. વી. પિલ્લાઈ દસમી સદીનો પૂર્વાર્ધ માને છે[૩૪] અને ડૉ. એ. એન. ઉપાધ્યે અને પ્રો. હીરાલાલ જૈન તિરુતક્કદેવરરચિત 'જીવકચિંતામણિ'ને 'ગદ્યચિંતામણિ', 'ક્ષત્રચૂડામણિ' અને 'જીવન્ધરચંપૂ'નો આધાર ગણાવે છે.[૩૫] જેથી તિરુતક્કદેવર પછી વાદીભસિંહને માની શકાય.

(૧૩) હરિચંદ્રરચિત 'જીવન્ધરચમ્પૂ'એ વાદીભસિંહની વાર્તાનો સાર છે. વાદીભસિંહના ગ્રંથો વગર આ ગ્રંથની કથા વિગતે સમજી શકાય તેવી નથી. પ્રો. કે. કે. હાંડીકી કહે છે તેમ હરિચંદ્રનો સમય ઈ. સ. ૧૦૭૫ થી ૧૧૭૫ છે.[૩૬] જેથી તેઓ વાદીભસિંહનો સમય અગિયારમી સદીનો પ્રારંભ ગણાવે છે.[૩૭]

(૧૪) શ્રી વરદાચારી વાદીભસિંહનો સમય ઈ. સ. ૧૨૦૦ માને છે.[૩૮]

---

31 J.B.B.R.A.S, iii 1-2, pp. 156-60 for 1928

३२ 'गद्यचिन्तामणि'की प्रस्तावना, पृ. १५

३३ 'स्याद्वादसिद्धि'की प्रस्तावना

34 Hist. of Tamil Lang. and Lit. Madras, 1956, p. 160

३५ जैन पन्नालाल (सं.) जीवन्धरचम्पूः, प्रस्तावना, पृ. १६

३६ એજન, પૃ. ૨૩

३७ એજન, પૃ. ૨૩

३८ वरदाचारी, सं. सा. इति. अनु. कपिलदेव द्विवेदी, पृ. १६३

(૧૫) શ્રી કૃષ્ણચૈતન્ય વાદીભસિંહને ઈ. સ. ની પંદરમી સદીમાં મૂકે છે.[૩૯]

(૧૬) શ્રી વાચસ્પતિ ગૈરાલા વાદીભસિંહનો સમય ઈ. સ. ૧૧૦૦ બતાવે છે.[૪૦]

(૧૭) શ્રી નાથુરામ પ્રેમી વાદીભસિંહના સમયને ઈ. સ. ની દસમી અથવા અગિયારમી સદી ગણાવે છે.[૪૧]

'ગદ્યચિંતામણિ' અને 'ક્ષત્રચૂડામણિ' આ બંનેના સૂક્ષ્મ અવલોકનથી એમ સ્પષ્ટ પ્રતીત થાય છે કે કાવ્યના વિષયમાં એમના પૂર્વવર્તી કાલિદાસ, બાણ, સુબંધુ તથા દંડી વગેરેનો પ્રભાવ છે તો ધર્મ અને દર્શનમાં સમન્તભદ્ર, પૂજ્યપાદ, શિવાર્ય અને અકલંકનો પ્રભાવ છે. 'જીવકચિંતામણિ'એ વાદીભસિંહનાં કાવ્યોનો આધાર છે. તેથી તિરુતક્કદેવર પછી વાદીભસિંહ થઈ ગયા. અર્થાત્ વાદીભસિંહનો સમય અગિયારમી સદીનો પ્રથમ પાદ માની શકાય.

વાદીભસિંહની કૃતિઓ :

વાદીભસિંહ અત્યંત પ્રભાવશાળી આચાર્ય હતા. વાદીભસિંહ ઉપાધિને ધારણ કરનાર કવિ મોટા તાર્કિક પણ હતા. તેઓ જોકે ન્યાયશાસ્ત્રના મર્મજ્ઞ હતા અને તે સ્વરૂપે તેમની પ્રસિદ્ધિ હતી છતાં પણ 'ગદ્યચિંતામણિ' અને 'ક્ષત્રચૂડામણિ' નામના ગદ્ય અને પદ્ય કાવ્યોની રચના દ્વારા સંસ્કૃત સાહિત્યમાં તેમનું અદ્વિતીય સ્થાન પ્રાપ્ત થાય છે. તેમનો ન્યાયગ્રંથ 'સ્યાદ્વાદસિદ્ધિ' ઉપલબ્ધ છે, જે તેમના નામને ચરિતાર્થ કરે છે. આમ તેમના ત્રણ ગ્રંથો– 'સ્યાદ્વાદસિદ્ધિ' 'ક્ષત્રચૂડામણિ' અને 'ગદ્યચિંતામણિ' પ્રાપ્ત થાય છે. 'પ્રમાણનૌકા' અને 'નવપદાર્થવિનિશ્ચય' આ બે ગ્રંથો પણ વાદીભસિંહના માનવામાં આવે છે, પણ તે ઉપલબ્ધ નથી. 'નવપદાર્થવિનિશ્ચય'ની સમાપ્તિપુષ્પિકા વાકયમાં ભટ્ટારક વાદીભસિંહસૂરિ જણાવેલ છે પણ આ વિષયમાં અનેકાન્તમાં[૪૨] પ્રગટ થયેલ ચર્ચાને આધારે એમ માનવામાં આવે છે કે તે આ વાદીભસિંહસૂરિની રચના નથી. તેમની ઉપલબ્ધ ત્રણ કૃતિઓનો સામાન્ય પરિચય આ પ્રમાણે છે.

(૧) સ્યાદ્વાદસિદ્ધિ :

ગ્રંથના નામની સાર્થકતા પ્રતિપાદ્ય વિષયોથી સ્પષ્ટ છે. તેના ૧. જીવસિદ્ધિ, ૨. ફલભોકતૃત્વાભાવસિદ્ધિ, ૩. યુગપદનેકાન્તસિદ્ધિ, ૪. ક્રમાનેકાન્તસિદ્ધિ, ૫. ભોકતૃત્વાભાવસિદ્ધિ, ૬. સર્વજ્ઞાભાવસિદ્ધિ, ૭. જગત્કર્તૃત્વાભાવસિદ્ધિ, ૮. અર્હત્સર્વજ્ઞસિદ્ધિ, ૯. અર્થાપત્તિપ્રામાણ્યસિદ્ધિ, ૧૦. વેદપૌરુષેયત્વસિદ્ધિ, ૧૧. પરતઃ પ્રામાણ્યસિદ્ધિ, ૧૨. અભાવપ્રમાણદૂષણસિદ્ધિ, ૧૩. તર્કપ્રામાણ્યસિદ્ધિ અને ૧૪ ગુણગુણીઅભેદસિદ્ધિ આ, ૧૪

---

३९ श्रीकृष्णचैतन्य, सं. सा. न. इति., पृ. ४२५–४२६

४० वाचस्पति गैरोला, सं. सा. का इतिहास, पृ. ९३४

४१ प्रेमी नाथूराम, जैन साहित्य और इतिहास, पृ. ३२५

૪૨ અનેકાન્ત, વર્ષ–૧૦, કિરણ ૪.૫

અધિકારો દ્વારા અનુષ્ટુપ છંદમાં પ્રતિપાદ્ય વિષયોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. અધિકારોના અંતમાં આવેલા પુષ્પિકાવાક્યમાં વાદીભસિંહ દ્વારા રચિત હોવાની સ્પષ્ટ સૂચના છે. આ ગ્રંથ અપૂર્ણ છે. માણિક્યચંદ્ર ગ્રંથમાલા, મુંબઈ તરફથી શ્રી દરબારીલાલજીએ તેનું પાંડિત્યપૂર્ણ સંપાદન કર્યું છે.

(૨) 'ક્ષત્રચૂડામણિ':

આ ભગવાન મહાવીર સ્વામીના સમકાલીન રાજા સત્યંધરની વિજ્યારાણીના પુત્ર જીવંધર-કુમારનું ચરિત્ર છે. તેમનું જીવન અનેક ઘટનાઓથી ભરેલું છે. તેમ જ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચાર પુરુષાર્થોના ફળને બતાવવામાં અદ્વિતીય છે. ગ્રંથની રચના અગિયાર લંભોમાં અનુષ્ટુપ છંદમાં થઈ છે. ખાસ વિશેષતા એ છે કે પ્રાયઃ એના પ્રત્યેક પદ્યના પૂર્વાર્ધમાં કથાનું વર્ણન કરી કવિ ઉત્તરાર્ધમાં અર્થાન્તરન્યાસ દ્વારા નીતિનું વર્ણન કરતા જાય છે. આ શૈલીમાં લખાયેલો આ નીતિનો ગ્રંથ સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં અદ્વિતીય છે. કાગડા, ઉંદર, મૃગ વગેરેની કાલ્પનિક કથાઓ દ્વારા બાળકોમાં નીતિની ભાવના ભરનાર પંચતંત્ર વગેરે ગ્રંથ બાલોપયોગી છે તો સત્ય ઘટના દ્વારા નીતિની ભાવના ઉત્પન્ન કરનાર આ ગ્રંથ આબાલવૃદ્ધ સૌને માટે ઉપયોગી બને છે. આ ગ્રંથમાં ઉપદેશની પ્રધાનતા હોવાથી સુકુમારમતિકુમારોને માટે લખવામાં આવ્યો હશે.

શ્રી કુપ્પુસ્વામી શાસ્ત્રી જણાવે છે તેમ વાદીભસિંહ કવિરચિત 'ક્ષત્રચૂડામણિ'માં ધર્મ-મિશ્રિત વિશિષ્ટ પ્રકારની કથાનો વિષય, અનુષ્ટુપ છંદના શ્લોકો, વિવક્ષિત અર્થનું અભિધાન કરનાર સમાસબહુલ સમુચિત પદો, હૃદયગ્રાહી દૃષ્ટાંતો, અનેક લોકોક્તિઓ, મિતોક્તિમાં પુષ્કળ અર્થનું પ્રાગટ્ય, યથાસંભવ પ્રાચીન કવિઓનાં કાવ્યોમાંથી અર્થનું આહરણ વગેરે વિશિષ્ટ ગુણો વિલસી રહ્યા છે.[૪૩]

(૩) 'ગદ્યચિન્તામણિ':

'ગદ્યચિંતામણિ' અને 'ક્ષત્રચૂડામણિ'નું કથાનક એક છે. કથાનાયક એક છે. પાત્ર, સ્થાન વગેરે પણ એક જ છે. બંનેમાં લંભ પણ અગિયાર છે. પ્રસંગોનું સાદૃશ્ય પણ બંનેનું મળતું આવે છે. 'ગદ્યચિંતામણિ' અલંકૃત ગદ્ય પ્રણયકથા છે. કવિએ સુબંધુ અને બાણના જેવી કાવ્યશૈલીમાં કથાનો વિસ્તાર કર્યો છે. પ્રતિભાસંપન્ન કવિનું આ સર્જન છે.

એના પ્રારંભમાં જિનેન્દ્રદેવ, ગણધર, જિનધર્મ અને સ્યાત્પદથી અંકિત જિનવાણીની મંગલસ્તુતિ કર્યા પછી સમન્તભદ્ર વગેરે પૂર્વમુનિઓનું સ્મરણ કર્યું છે. વાદીભસિંહ સ્વયં વાદકલામાં નિપુણ હતા અને તેમણે સ્યાદ્વાણીની ગર્જનાથી મહાન વિદ્વાનોનો મદધ્વંસ કર્યો હતો. ત્યાર બાદ પોતાના ગુરુ પુષ્પસેનનું સ્મરણ કરી સજ્જનપ્રશંસા અને દુર્જનનિંદા વર્ણવી છે. શ્રેણિકના પ્રશ્નથી સુધર્મા ગણનાયક દ્વારા જીવન્ધરની કથાનો ઉપોદ્ઘાત કરવામાં આવ્યો છે. દરેક લંભનું કથાનકના સંદર્ભમાં નામાભિધાન થયેલું છે. નાયક જીવંધરના વિવિધ ગુણો અને

૪૩ 'क्षत्रचूडामणि' प्रस्तावना

પરાક્રમોથી જે કન્યાઓની પ્રાપ્તિ થઈ તેનું આમાં વર્ણન છે. બે ત્રણ સ્થળોએ પદ્યનો ઉપયોગ કર્યો છે. તેમાં શ્રી જિનેન્દ્ર ભગવાનની સ્તુતિ કરવામાં આવી છે. 'ગદ્યચિંતામણિ'ના વિશિષ્ટ ગુણોની ચર્ચા કરતાં એના પ્રથમ પુરસ્કર્તા શ્રી કુપ્પુસ્વામીએ કહ્યું છે કે "એમના કાવ્યપથમાં પદોની સુંદરતા, શ્રવણીય શબ્દોની રચના, અપ્રતિહત વાણી, સરલ કથાસાર, ચિત્તને આશ્ચર્યમાં નાખનારી કલ્પનાઓ, હૃદયમાં પ્રસન્નતા ઉત્પન્ન કરનારો ધર્મોપદેશ, ધર્મથી અવિરુદ્ધ નીતિઓ અને દુષ્કર્મના ફલની પ્રાપ્તિ વગેરે વિશિષ્ટ ગુણો સુશોભિત છે."૪૪

---

૪૪ 'गद्यचिन्तामणि' प्रस्तावना

વિવિધ ભીલોડી ગીતો–૩*

કુમુદ પરીખ

(સ્વાધ્યાય પુ. ૧૭ અંક ૪થી ચાલુ)

દુકાળ :

નીચેની પંક્તિઓ તેમની રહેણીકરણી અને ગરીબીનો ખ્યાલ આપે છે :

'સાંટો પડે સાંટી ખાય મરસાં ઓગાળી
કટકું પડે વેણી ખાય ,, ,,'

અને એમાં ય જો દુકાળ પડે તો તેમની બહુ કપરી પરિસ્થિતિ થાય છે. દર ત્રણ વર્ષે એક વર્ષ તો ખરાબ આવે જ છે. તેમના જીવનના આધાર સમી આ હકીકત તેમનાં ગીતોમાં આવ્યા વગર કેમ રહે ?

'કાળો કાળો વાજો કાળો નિનામો રે
પડ્યો ઢંઢુકાળ કાળો નિનામો રે.'
'લીલા લીમડ હુકાયા રે ,, ,,
નંદીએ નીરાં સૂકયાં ,, ,,
કોઠે ધાનડ ખૂટ્યાં ,, ,,
ઢોરાં મરે જાહે ,, ,,
સોરાં મરે જાહે ,, ,,'

× × ×

'ફૂલફૂલાળી ડાંડી ફૂલારસિયા
નંદીએ નીરાં હૂકયાં ,,
ડુંગરે ખડલી હૂકી ,,
પડી ગયો ઢંઢુકાળ ,,
પૂરિયાં મરી જાહે કાડાં લાલજી.'

માનવીની આવી દશા હોય ત્યાં ઢોરની શું વાત કરવી ?

'હું તને પૂસું મારા ગાયોના ગોવાળ, ગાવડી હેને દૂબળી રે ભાય ભાય
આલોપાલો રે મેં તો ઘણો કર્યો, પડ્યો પાણીનો કહાલો રે ,,
હું તને પૂસું મારા ડોબાના ગોવાળ, ડોબી હેને દૂબળી રે ,,
આલોપાલો રે મેં તો ઘણો કર્યો, પડ્યો પાણીનો કહાલો રે ,,.'

× × ×

---

* આ લેખમાળામાંનાં કેટલાંક ગીતો સાંભળેલાં છે તો કેટલાંક મુ. શ્રી ડાહ્યાભાઈ નાયક દ્વારા પ્રાપ્ત થયાં છે.

'ઉસે કહુડે પાણીર પાણી મેવલિયું
હો પડી ગયો ઢંઢુકાળ ,, ,,
તારી કોઠ્યાં ધાનડ ખૂટ્યાંર ,, ,,
હો મનખાં ભૂખે મરેર ,, ,,
તારી સોરાં ભૂખે મરેર ,, ,,
તારી ગરેણાં ખાલી થાયાંર ,, ,,
તારી મનખાં તરહે મરેર ,, ,,
તારી કળજુગ આવી લાગ્યોર ,, ,,.'[૧]

× × ×

'લીલા લીમડ હુકયા ભાઈ લીમજી
પડી ગયો ડંડુકાળ ,, ,,
નદીયે નીરાં હુકયાં ,, ,,
ગાવડી લટી જાહે ,, ,,
કોઠે ધાનડ ખૂટ્યાં ,, ,,
પોરિયાં મરી જાહે ,, ,,
હું રે કરી ખાહું ,, ,,
કામ ને ધંધા ખોળો ,, ,,.'[૨]

આમ દુકાળના ઓળા પથરાતાં, તેઓ ગામ–ઘર છોડી, કામની શોધમાં બહાર શહેર અને કસ્બામાં નીકળી પડે છે.

દારૂની લત :

દારૂ પીવો એ જાણે કે તેમના જીવનનો એક મુખ્ય અંશ છે, તેમનું મોટું મનોરંજન છે. જીવનના પ્રત્યેક અગત્યના પ્રસંગે તેઓ ખૂબ પ્રમાણમાં દારૂ પીએ છે. તેમની આ લતને કારણે તેમની કેવી દુઃખદ અને કરુણ પરિસ્થિતિ સર્જાય છે, તેનો ખ્યાલ આવે છે.

'માંટ ઉપર બેસું હાડ તેની સાકું બારીઆ
શમલા રે તારી રાંડને વેસ ,, ,, ,,
કલાળ્યાં દઈણુ દળહે ,, ,, ,,
વેસ રે કલાળ્યાં ઘેરે ,, ,, ,,
કલાળ્યાંનાં વાહેદાં કાડે ,, ,, ,,.'[૩]

---

૧ ગુજરાતી લોકસાહિત્યમાળા : મણકો ૧, પૃ. ૧૧૩
૨ District Gazetteer: Panchmahals, p. 695
૩ District Gazetteer: Panchmahals, p. 696

દિનચર્યાનો પ્રારંભ :

કૂકડાના અવાજથી શરૂ થતી તેમની દિવસભરની પ્રવૃત્તિનો ખ્યાલ નીચેના ગીતમાં આવે છે :

'કુકડલો કૈના ભાઈનો પાળેલો કુકડલો ઝટ બોલે
કુકડલો ઘટીયે દૈયણું વેરે રે ,, ,,.'

× × ×

'મારો સાન્જપોરના કુકેડો, સ્યાં બોલ્યો રે ભાઈ, સ્યાં બોલ્યો.'

× × ×

'દૈયણું દળવેની વેળા થાઈ રે જુવાનિયા મેં જાણ્યું, મોરલું બોલ્યું રે લોલ.
વાહેદા રાળવેની વેળા થાઈ રે જુવાનિયા મેં જાણ્યું...મોરલું.
પાણીડાં ભરવેની વેળા થાઈ રે ,, ,, ,,
રૂટલા રળવેની વેળા થાઈ રે ,, ,, ,,
હેળાં જોડવેની વેળા થાઈ રે ,, ,, ,,.'[૪]

ભીલયુવાનનું રેખાચિત્ર :

એક સુંદર સુખી ભીલયુવાનનું શબ્દચિત્ર નીચેના ગીતમાં મળે છે. મજબૂત બાંધાનો, કાળી ભમ્મર આંખોવાળો, વાંકી મૂછો અને પાતળી કમ્મરવાળો આ યુવાન કાને અને કમ્મરે ઉચિત આભૂષણો પહેરે છે :

'વાહવાડાની હેરીયે નરહિંગ ઝોલાં લેરે ઝોલાં લે
માકડી મોસ્યુંનો ,, ,, ,,
કાજળી આંખોનો ,, ,, ,,
અમળીયા ખભાંનો ,, ,, ,,
પાતળી કેડ્યાંનો ,, ,, ,,
કાનાં 'માં કઠોડા ,, ,, ,,
હાથાંમાં ભોરીલાં ,, ,, ,,
ખાંદે બંદુકયાં ,, ,, ,,
હાથુમાં તરવાર્યાં ,, ,, ,,
કંદોરા મૂલાવે ,, ,, ,,
ધોરીડા મૂલાવે ,, ,, ,,
હુતાર્યા વાડ્યામાં ,, ,, ,,
કામઠી ઘડાવે ,, ,, ,,
લવાર્યા વાડ્યામાં ,, ,, ,,
ભાલડી ઘડાવે ,, ,, ,,.'[૫]

× × ×

---

૪ District Gazetteer: Panchmahals, p. 695

૫ ગુજરાતી લોકસાહિત્યમાળા : મણકો ૧, પૃ. ૧૧૯

'કલાળ્યાંની ગળિયેં લેંજો હેરાંફેરાં કરે
દારૂડાનો લોભી -લેંજો ઝગડો કમાયો...કલાળ્યાંની
વાંકડી મોસ્યુંનો લેંજો ,, ,, ,,
ભમરિયા પટાંનો લેંજો ,, ,, ,,
લેંજા તારી વાંકડી મોસ્યુંમાં કોહેલ બોલે રે ,, '.

× × ×

'ડામોર ધોળે ઘોડે અસવાર રે ડામોર બડો સોબીતો
ડામોર ઢળકેતી ઢાલ્યાં બાંદી રળ રે ,, ,,
ડામોર કેડયાં કટારી બાંદી રળ રે ,, ,,
ડામોર ભમરિયાં પટાં કૂદું રળ રે ,, ,,
ડામોર તરવાર્યુંની તાળીઓ પડે રે ,, ,,. '

ભીલોની લડાયકવૃત્તિ :

પંચમહાલના આદિવાસીઓમાં ભીલો અને નાયકોની બે જાતિઓ મુખ્ય છે. ભીલો કરતાં નાયકડાઓ લોહિયાળ હિંસાત્મક વલણવાળા, નિરંકુશ મુક્ત જીવન જીવનારા, ક્રૂર અને સ્વતંત્રતા-પ્રિય છે. મિલ્કતનો બચાવ કરવાના તેમના સામૂહિક પ્રયત્નોનો, તેમની વીરતા અને મરણિયા જુસ્સાનો રસિક અહેવાલ કેટલાંક ગીતોમાં મળે છે. શત્રુઓના હુમલા વખતે લોકોને જાગ્રત કરવા મોટું ઢોલક વગાડવામાં આવે છે અને બંદુકો, તલવારો અને ધનુષ્યબાણ ભેગાં કરવાના પ્રયત્નો કરવામાં આવે છે. ભીલોમાં રહેલી ભયંકર લડાયકવૃત્તિનો ખ્યાલ આમાંથી મળે છે :

'ઊસો વડલો ને નેસો સોરો રે હળિયા ડામોર
સોરે દિવાયા સાંગી ઢોલ ,, ,,
ઊદાં નગારાં સતાં ફેરો રે ,, ,,
નેનો તી ડંકો દેવાડો રે ,, ,,
બારે પાડાંના ભીલડ ભેળા રે ,, ,,
ભીલડાંની ગણુતી લગાડો રે ,, ,,
ભીલડાં તે હાતસે ને હાત રે ,, ,,
બંદુકયાં તે પાંનસે ને પાંસ રે ,, ,,
તરવાર્યાં હાતસે ને હાત રે ,, ,,
રણુગોવાળી ભીંતે ફોજ્યા લડેહે રે ,, ,,
ધાડયાં ઉપેર ધાડયાં લૂમેહે રે ,, ,,
માથાં પડે ને ધોડાં લડેહે રે ,, ,,

ભીલો ધાડ, લૂંટફાટ કરે પણુ ગામના કે દેશના રક્ષણુ માટે કેવા સજાગ અને બહાદુર હોય છે તેનો ચિતાર આ વીરરસથી ભરપૂર ગીતોમાં જોવા મળે છે.

અસલના સમયમાં ભીલોનાં નાનાં રાજ્ય હતાં અને તેના રક્ષણ માટે એકસંપીને ગામનાં ગામ ભેગાં થઈ જતાં અને જીવસટોસટ લડાઈ લડતાં, તેનાં સાક્ષાત્ દર્શન આ ગીતોમાં થાય છે :

'રે તારી હાર કેરી ગલુલો ઘડાયો, નંદુડા મનમોજી મનમોજી
તારી નવસેં પાણિયારી પાણી હાર્યાં ,, ,, ,,
તારી નવસેં પાણિયારી તાનો મારે ,, ,, ,,
નવસેં બેડુલાં ફોડાં આલ્યાં ,, ,, ,,
રે તારી બોરિયાળે માર્યો તારો બાપો ,, ,, ,,
રે તારી મનજી સતરાને કાગદ મેલો ,, ,, ,,
રે તારી ઉંદા નગારાં સતાં ફેરો ,, ,, ,,
રે તારી ઘાડાની પીપેરે ઘાડચા લૂમી ,, ,, ,,
રે તારી બારિયાવાળી કાગદ મેલો ,, ,, ,,
રે તારી પાનસેં ઢાલુડી વેલો આવે ,, ,, ,,.'

આમ 'હેતવાળાને' 'ઝાબુઆવાળાને' અને 'વાહવાળાને' કાગળ મોકલાવે છે અને કોઈ 'પાનસેં' બંદૂકો તો કોઈ 'પાનસેં' તલવારો લઈ ભેગાં થાય છે. અને

'રે તારી બંદૂકાના મોરસા સૂટે નંદુડા મનમોજી મનમોજી
રે તારી તરવારુની વીજળી ઝબૂકે ,, ,, ,,
રે તારી હરિયાંનો મેવલો વસૂટ્યો ,, ,, ,,
રે તારી માથાં પડે ઘોડાં લડે ,, ,, ,,
રે તારી લોયાં કેરાં ખાળ સાલે ,, ,, ,,.'

× × ×

'પડલાવાળા હાગડા કૈને હુડચા રે વાલેમાં ભૌ
રે પડલાવાળા હાગડા હાંડુએ હુડચા રે ,,
... ...
સુંથવાળા રાજા તને વેનવું રે ,,
હાતસેં બંદુકયાં ફોજનાં લાવજે રે ,,
બારિયાવાળા રાજા તને વેનવું રે ,,
હાતસેં ઢાલડિયો વેલો લાવજે રે ,,
દેહવદવાળા દેહાઈ તને વેનવું રે ,,
પાંનસે મકીના થેલા લાવજે રે ,,.'

ભીલો સ્વભાવે તીખા અને ઝનૂની હોઈ વાતવાતમાં તકરાર કરી, ગાળાગાળી ને મારામારી પર આવી જનારા હોય છે :

'ડુંગરાની ભીંતે ફોજ્યાં લડે બેટા માલજી, હું આંગનો એખાલો
માડીજાયો હોય તો લડવા આવે બેટા માલજી ,, ,,'

× × ×

'માડી મારી આલો આલો બાપુનાં હથિયારું
બાપીતાં વેર વાળું હું માલજી
પડે પડે તરવાર્યુંની તાળીઓ, હું માલજી આંગનો એખાલો
લીદા લીદા બાપુનાં ભાલાં ફોજ્યામાં લડવા જાયે', બેટા માલજી

× × ×

'ડુંગોરુંના ભીંતે ફોજ' લડે સોરા માલજી! તું આંગાંનો ઈખીલો
તારે કાકે બાબે હોય તી લડે ,, ,, ,,
હરિયાંનાં મેઘ વરહે ,, ,, ,,
ઢાલડિયાંનાં સાયાં લડે ,, ,, ,,
માથાં પડે ને ઘોડાં લડે ,, ,, ,,.'

નાયકોની ગોધરાના ઘાંચીઓ સાથેની દુશ્મનાવટનો, ગંભીર તકરાર અને લડાઈનો ઉલ્લેખ પણ એક ગીતમાં મળે છે :

'ગડુલિયે રાતો હીર ગુડુલિયું ઘૂમે છે
ગોધરામેં બાજી લડાઈ ,, ,,
ઘાંચીઓનાં માથાં કપાય ,, ,, '

× × ×

'મેગીયા ખરીપુનીમાયો દાડો હે રે ભાઈ ભાઈ
મેગીયા દીધો નગારીયોનો ડંકો હે રે ,, ,,
મેગીયા બારે પાડાના ભીલડ ભેળા હે રે ,, ,,
મેગીયા ભિલડા ગણુતી લગાડે હે રે ,, ,,
મેગીયા ભિલડા તે લાખને કરોડ હે રે ,, ,,.'

આમ 'બંદુકયા', કામઠી, ઢાલડી, તરવાર્યું ઈની 'ગણુતી' લગાડી, ને

'મેગીયા રણુગાવાળી ભીંતે ફોજ્યા લડે હે રે ભાઈ ભાઈ
મેગીયા તરવાર્યાની વીજળી ઝબુકે હે રે ,, ,,
મેગીયા હરિયાનો વરહે ઝીણો મેગ હે રે ,, ,,.'[૧]

આમ ગોવાળિયાના ગીતમાં લડાઈનો ઉલ્લેખ મળે છે તો લાડી લાવતાં લડાઈ થઈ તે વિષેનું ગીત પણ મળે છે.

---

૧ ગુજરાતી લોકસાહિત્યમાળા : મણકો ૧, પૃ. ૧૧૭

આજુબાજુના પ્રદેશોના ઉલ્લેખો :

જિલ્લાના અંદરના પ્રદેશમાં રહેતા હોવા છતાં ભીલોને પોતાની આજુબાજુના પ્રદેશો સાથે સારો એવો સંબંધ રહ્યો છે, જે તેમના અલંકાર વિશેનાં તેમ જ અન્ય ગીતોમાં જોવા મળે છે:

'હુના રે રૂપાનો મારો વીંસુ રે સામરજી રાજા
બારિયાવાળી રાણીયેં વીંસુ હાંસો રે ,, ,,
આલો ' ને અલાડો મારો વીંસુ રે ,, ,,.'

આમ 'હુથવાળી રાણીયે', 'જાણુઆવાળી રાણીયે', 'વાંહવાડાની રાણીયે', 'ગડીવાળી રાણીયે',—વીંસુ હાંસાની વાત આ ગીતમાં આવે છે.

ઉદેપુરની સાથેનો સંબંધ એક ગીતમાં વર્તાય છે.

'ધમાં ધમાં સાલો ઉદાપોર જાયેં વીરા
લીલુડો હણુગાર વીર ,, ,, ,,
× × × રાણીને લેવા ઉદાપોર જાયેં વીરા.'

ઉપરાંત—

'જાલોદનો ટાંકુલો હલકાર્યો મારા મારુજી પિયો રે તમારું
જાલોદનો દાણી દાણુ માંગે ,, ,, ,,
વળતાં સુકાડું તારાં દાણુ ,, ,, ,,.'

એ જ રીતે દાહોદ અને લીમડીના 'ટાંકુલો હલકાર્યા'ની વાત યાદ આવે છે પણ જ્યારે આ પ્રદેશમાં અન્ય પ્રદેશ સાથેનાં સંપર્કનાં સાધનો જૂજ, ત્યારે પણ અમદાવાદ અને મુંબઈ વિશેના ઉલ્લેખો તેમનાં ગીતોમાં મળે છે :

'ટીલી મારી હરીફરી રમે રે...ટીલી મારી જળમાં ડૂબેલી
ટીલી મારી અમદાવાદનાં સેરો રે ,, ,,
ટીલી મારી સોનીડાને હાટેં રે ,, ,,
ટીલી મારી હાંકળી મુલાવે રે ,, ,,
ટીલી મારી મુંબઈ કેરી સેરાં રે ,, ,,
ટીલી મારી ઓરીલાંને હાટે રે ,, ,,
ટીલી મારી સુડીલો મુલાવે રે ,, ,,. '

'ઘોડી મારી અમદાવાદની વસેરી રે જોબાન મારી ઘોડી
ઘોડી મારી કાઠીયા ઘઉંની ખાનારી રે ,, ,,
ઘોડી મારી કાઠિયાવાડની વસેરી રે ,, ,,. '૭

૭ ગુજરાતી લોકસાહિત્યમાળા : મણકો ૧, પૃ. ૧૪૨

એક ગીતમાં માંડવગઢનો ઉલ્લેખ પણ જોવા મળે છે.

'આંકડાનું લાકડું માંડવગઢ જાય માંડવગઢ જાય રે.'

રેવાકાંઠા એજન્સીમાં 'સુંથરામપુર' નામનું નાનું દેશી રાજ્ય આવેલું છે. મૂળ એ સુંથા નામના ભીલે વસાવેલું અને તેના જ તાબામાં હતું. સુંથની આજુબાજુ અંગ્રેજી રાજ્ય આવેલું. અંગ્રેજો જ્યારે એને ઘેરો ઘાલે છે અને સુંથના હાથમાંથી જ્યારે રાજ્ય જતું રહ્યું ત્યારે સુંથની મોટી રાણી એને શિખામણ આપે છે અને હઠ પકડે છે કે ગમે તે થાય પણ સુંથની ધરતી તો મારા જ હાથમાં રાખું :

'ફરતા ફરતા ફુરંગી આવ્યા, વસમાં ઘેરી સુંથ રે.
રાવળજીની સાહ્યબી મને હાસી વાલી લાગે,
મેલે રઈને રાજા બોલ્યા, હાંબળો રાણી વાત રે.
એક લડાકો લડી લેહું પસે કરહું મેળાપ રે,
મેણુ રઈને રાણી બોલ્યાં મારો કુંવર નાંનો રે.
ફરતો ફરતો ફરંગી આઈયો ધરતી જાય હે રાજમાં રે,
મકનો હાથી ડંડમાં આલહું ધરતી હું રાખ્ખું આથ રે.
સડવાના ઘોડીલા આલહું, આલહું ભૂરી ઝોટી રે,
કેડચોના કંદોરા આલહું, કાનોના કંઠીડા રે.
કાંનજી કુંવર નાનો રિયો, ધરતી રાખ્ખું આથ રે,'

આ રીતે 'માળવા' અને 'વાગોડ'ના ઉલ્લેખો પણ મળે છે :

'હું તે હાંડ માળવડે ગેલો હલે, કીડિયાંની જાનમાં
પેરવાનાં ધોતીડાં કાંથી લાયો હલે ,, ,,
વાટે જાતાં વાણિયું લૂંટયું હલે ,, ,,.'

× × ×

'સાલોને સોરો વાગોડ રમવા જાજ્યેં, ઝુલેરખું
સમલકેકી ભાંગ બાંદે લેશું ,,.'

'વડોદર'નો ઉલ્લેખ પણ એક ગીતમાં મળે છે :

'લાલ કાકરી ઊડી સાલી અસમાન વડોદરા શેરમાં રે લોલ.
ભાઈબંધ લેજો ઢાલડીઓ સંગાથ મલેકમાં જુઝવા રે લોલ.'[૮]

એવું જ બીજું ગીત :

૮ ગુજરાતી લોકસાહિત્યમાળા : મણકો ૨, પૃ. ૧૬૪

'એ મને પાલનું ભીલડું[૯] નથી ગમતું
એ મને સોરાહીને[૧૦] ભીલડે રેડચો લાગી રે.'

પ્રસંગકાવ્યો :

આદિવાસીઓના લગ્નનો ચિતાર આપતા એક ગીતમાં[૧૧] રાધા નામની છોકરીને સાત ભાઈઓ છે. લાડકી બેનને ભાઈએ સુખી–સમૃદ્ધ કુટુંબમાં પરણાવી છે. સૌથી નાનો ભાઈ એક છોકરી માલુડીના પ્રેમમાં છે. ભાઈ રાધાને વાત કરે છે કે તેની પાસે રૂા. ૧૬૦૦–હોય તો તે માલુડી સાથે લગ્ન કરી શકે. પૈસા કરતાં માલુડી તેને મન વધારે છે. માત્ર રાધા જ તેને આ સગવડ કરી આપી શકે તેમ છે. રાધા માલુડીને ઘણી બધી લાલચો આપે છે કે જેથી તે તેના ભાઈને છોડી દે પણ માલુડીને મન ઘરેણાં કરતાં પ્રેમનું બંધન વધુ પ્રિય છે. પૈસા, મોટું દહેજ આપી કન્યાને ખરીદવાના રિવાજ ઉપર આ ગીત પ્રકાશ ફેંકે છે :

'મારી હાતે ભાયાની બેનાં રાધા રે માલુડી.
મારી રાધા હરકી બેનાં બાંધાં સુંડો રે માલુડી
મારા હોળહે રૂપીઆના બાંધા રે માલુડી.
તને આલું આલું ગળાંનો દુરીડો રે માલુડી
તારો દુરીડો ફુંગો ને બાંધા મોગા રે માલુડી.'

આમ 'નાકયાંની નાથેડી', 'કાનુના કઠેડા', 'હાથાનાં ભોરીલાં', 'કેડચાંનો કંદુરો' ને છેવટ 'ગાડેનાં ધોરીડા'ની લાલચ આપે છે, પણ ભાઈને માલુડીની જ રઢ :

'મારી રાધા હરખી બેનાં બાંધા સુડો રે માલુડી.'

રંગજી એક પ્રખ્યાત આગેવાન છે. તેને રાજ્યના ઝઘડામાં વાંસવાડાની જેલમાં સજા થાય છે. તેને મળવા માટે તેના સાગરીતો જાય છે ત્યારે મળવા દેતા નથી. મુલાકાત મળે તે માટે જેલરને દરદાગીનાની લાલચ અપાય છે છતાં મુલાકાત મળતી નથી :

'વાહવાડા રંગ મેલામાં રંગજી જોવા દીજે રે
કાનુડાનું કઠોડું આલું રંગજી જોવા દીજે રે
નૈ રે લેતો નૈ રે જોવા દેતો રંગજી જોવા દીજે રે.'[૧૨]

આમ હાથુનાં ભોરીલાં, કેડ્યાંનો કંદોરો–આપવાની વાત આ ગીતમાં આવે છે.

દુદો અને દામો એ બે ભાઈઓની જોડી છે. એ બંને ભાઈઓ સંપીલા છે. એકબીજા વગર ચાલતું નથી. બંને લૂંટારુ ટોળીના સરદાર છે, ધાડ–લૂંટ કરવામાં પાવરધા છે. તેમના પરાક્રમનું ગીત ભીલ લોકજીવનમાં વણાઈ ગયું છે.

---

૯ ગીચ જંગલનો ભીલકુમાર
૧૦ ડુંગરપુર અને સંતરામપુર તાલુકાનો ઉત્તર ભાગ
૧૧ ગુજરાતી લોકસાહિત્યમાળા : મણકો ૧, પૃ. ૧૩૮
૧૨ ગુજરાતી લોકસાહિત્યમાળા : મણકો ૧, પૃ. ૧૨૦

લગ્નપ્રસંગે ભીલયુવાનો જ્યારે 'વીના 'માં નાચવા સારુ રાત્રે ભેગા થાય છે, તે વખતે એકબીજાના ખભા પર હાથ રાખી ગોળ કૂંડાળામાં ફરતા ફરતા ગીત ગાય છે:

'તારી દુદોજી દામોજી ભાઈ રે ડામેરિયા.,
નૈ હટ્ટું રે ભીયા નૈ હટ્ટું.
તારી 'આલી '[૧૩] કેરી ભાલડી મંગાડે રે ડામેરિયા
નૈ હટ્ટું રે ભીયા નૈ હટ્ટું.
તારી દીદો નગારિયો ડકો રે ડામેરિયા
નૈ હટ્ટું રે ભીયા નૈ હટ્ટું
તારી માળે સરતી ગાવડી લીદી રે ડામેરિયા
નૈ હટ્ટું રે ભીયા નૈ હટ્ટું
તારી ગોખલેંથા ગરેણાં લીદાં રે ડામેરિયા
નૈ હટ્ટું રે ભીયા નૈ હટ્ટું. '[૧૪]

આવું જ એક ગીત છે:

'સાત ભાઈઓનો કૂવડો, સાત ભાઈઓનો કૂવડો
સાત રાણીઓ પાણી જાય રે, જળ માછલે ખાધી જાય.
પગમાં ઝાંઝર ઝળચ્યો રે, પગમાં ઝાંઝર ઝળચ્યો રે
દરિયામાં માછલ હળચ્યો રે, જળ માછલે ખાધી જાય.
ભોઈઓએ નાખી જાળો, ભોઈઓએ નાખી જાળો
માછલો પકડી લીધો રે જળ માછલે ખાધી જાય.
માછલો નાખ્યો સોવટે રે માછલો નાખ્યો સોવટે રે
આખી માજમ જોવા જાય રે. જળ માછલે ખાધી જાય.
માછલા તારાં ભીંગડાં માછલા તારાં ભીંગડાં
મારે શું શું આવે કામ રે જળ માછલે ખાધી જાય.
રાણીને સોયે આરસી, રાણીને સોયે આરસી
રાજાને સોયે ગેદાલ ઢાળ રે જળ માછલે ખાધી જાય. '[૧૫]

ગુર્જરીનું ગીત પંચમહાલના ભીલ-રાવળો એકતારા અને મંજીરાના તાલ સાથે સુંદર રીતે ગાય છે. આ લોકગીત ભીલપ્રદેશમાં પ્રખ્યાત છે.

આ લોકગીત શ્રીકૃષ્ણ ભગવાન અને ગુર્જરી વચ્ચે દાણની લીલા આલેખે છે. દહીં વેચીને પાછા આવતાં ઘણો સમય થવાથી તેના સસરા, સાસુ અને પતિ તરફથી સવાલો પૂછવામાં આવે છે અને તેના ઉત્તરો ગુર્જરી આપે છે.

---

૧૩ આલીરાજપુર

૧૪ ગુજરાતી લોકસાહિત્યમાળા : મણકો ૧, પૃ. ૧૧૧

૧૫ ગુજરાતી લોકસાહિત્યમાળા : મણકો ૨, પૃ. ૧૬૭

એક દિવસ પાછલી રાતના વહેલી ઊઠી ગુર્જરી મહી વલોવે છે અને તે વલોવવામાં એટલી બધી મશગૂલ થઈ જાય છે, જેથી માથા પરથી ચૂંદડી નીચે પડી જાય છે. તે વખતે તેના સસરા ત્યાંથી પસાર થતાં, તેમને જોઈ ગુર્જરી ખૂબ શરમાઈ જાય છે, સાથે આઘાત પણ લાગે છે કે સસરા મને જોઈ ગયા. એકદમ તે દહીં ભરેલા ગોળાને પીઠ મારી તેમાં કૂદી પડે છે અને તેથી દહીં–છાશનો એટલો બધો મોટો રેલો થાય છે કે તે રોકવા સારુ બધા ગુર્જરો ભેગા થાય છે અને પાળો બાંધે છે, છતાં તે પાળો તોડીને વહી જાય છે. તે આગળ જતાં ગુજરાતમાં પસાર થઈ અરબી સમુદ્રને મળે છે, જેનું નામ છે મહીસાગર.

'રે ગુજરાન પરમાતે ઉઠચાને એનેયોર[16] રે
પૂણુ ઘેંન વાસરુ દોયાં રે, હોજી ને, ગુજરી
ગુજરાન નંદા રે ગુજ્જો'રની તું લડકી.
હઠીલા ઘેરે પરણ્યાં હોજીને, ગુજરી.
રે ગુજરાન લપાટીઝપાટીને માથાં ગૂંથે રે
પૂણુ માથે રે મેંદલી રાખે રે હોજીને, ગુજરી.'[17]

આમ ગુજરાન માથામાં ઝીણી મેંદલી, લેલાડમાં ઝીણો ટીલડો, નાકયમાં ઝીણી નાથડી, ગળામાં દોરડો, કેડચાંમાં નેવરી વગેરે પહેરી, દખણીનાં સીરના શણગાર સજી, રૂપાંનાં બેડલાં લઈ સોનાનાં ત્રાજવાં લઈ મહી વેચવા ચાલી.

'રે ગુજરાન સાસુડી વરજીણીયાને[18] વરજે રે,
વહુ દલીમાં[19] મથી[20] જાજો રે હોજીને ગુજરી
રે ગુજરાન ગડાળના ઘાટામાં ઊભો સે ભોળો કાન રે
કાન ઘોળી ઘેનુ સારે હોજીને ગુજરી.
રે વઉવડ લેહેરે મારેગ મહીના દાણુ રે
તને જદીને જાવા દેહે રે હોજીને ગુજરી.'

પણ ગુજરીને તો 'સબેરે દેસડલાં જોયા' છતાં દલી જોયાની ખાંત છે. સાસુનું કહ્યું ન માનતાં ગુજરી તો ઠમકે ચાલી નીકળી–ત્યાં તો વાટમાં જ કાન મળ્યો :

'રે ગુજરાન સવા રે લાખેનું મારું દાણુ રે
તું દાણુ સુકાવી જાજે રે, હોજીને ગુજરી.'

---

૧૬ પાછલી રાતના

૧૭ ગુજરાતી લોકસાહિત્યમાળા : મણકો ૧, પૃ. ૧૦૪

૧૮ ટોકવું

૧૯ દિલ્હીમાં

૨૦ નહિ

પણ ગુજરી પાસે તો 'નથી સાંદી કે નથી સોનું'. તેથી કહે છે:

'રે કાના દહીંમાં વકાવું મહીના માટ રે,
તને વળતાં દાણ આલુ રે હોજીને ગુજરી.
રે કાના ઘેરે રે રોવેસે રાદલ બાળ રે
મારો પલો છોડી દેજો રે હોજીને ગુજરી.'

ગુજરી તેને માથાની મેંદલી, નાકયાંની નથડી ને ગળાનો દોરડો આપે છે પણ કાનની તો એક જ રઢ છેઃ

'તું દાણ સુકાવી જાજે રે.' તેથી જ ગુજરીને અટકાવવા તે તેનું બેડું ઝાલે છે, તેનો સાળુ ઝાલે છે—પણ આમ તેનું બેડું નંદવાય છે, સાળુડો ફાટે છે, મોતીનો હાર તૂટે છે ને ઘેર જતાં મોડું થાય છે. સાસુ, સસરા, નણુદી, દેવર અને પરણ્યું–ઘરનાં બધાં જ તેને જુદા જુદા સવાલો પૂછતાં, નંદા ગુજેરની આ દીકરી દરેકને કંઈક બહાનાં કાઢી ઉત્તર આપે છે...એક દિવસઃ

'રે ગુજરાન બારે રે ગોળાનો મહીનો માટ રે
પૂણ વનાં વસ્તારે ઘોળી રે હોજીને ગુજરી.'

આમ મહી વલોવતાં માથેથી ચૂંદડી સરી પડી ને ત્યાં જ સસરા આવે છે. એમને જોતાં :

'એ ગુજરાન વાલા રે સસરાની મારી લાજ રે
હું જમીનમાં ઊતરી જાઉં રે હોજીને ગુજરી.
રે ગુજરાન બારે રે ગોળાના માટ ફોડયા રે
મહી ને ગુજરી નાઠા રે હોજીને ગુજરી.'

એ અટકાવવા આખી યે નગરીના લોકોએ 'સમદર બાંદી દીધા રે' પણ સરોવરનીપાળ તોડી મહી ને ગુજરી તો ચાલ્યાં જ જાય છે આગળ ને આગળ ને છેવટે સાગરમાં ભળી જાય છે— અને તે જ આપણી 'મહીસાગર'.

સમકાલીન રંગો :

પછાત ગણાતા ભીલો વર્તમાન વાતાવરણથી અલિપ્ત નથી રહેતા. પૂ. ગાંધીજી અને પૂ. ઠક્કરબાપાના પ્રયાસોથી તેમનામાં શિક્ષણ વિશે જાગૃતિ આવી છે, સાથે અનેક દૂષણોથી તેમને મુક્ત કરવાના પ્રયત્નો પણ થયા છે.

'પ્લીક દઈને તારીયું ઊજ્યું મારી જોડ
તારીયું ઊજ્યું ને વાણુલા વઈ વઈ જ્યાં મારી જોડ
તારીયું ઊજ્યું ને વાણુલા વઈ જ્યાં રે લોલ.
મુંબઈઓની નિશાળે ભણજો મારી જોડ
મુંબઈઓની નિશાળે ભણજો રે લાલ
અંગ્રેજી ને ગુજરાતી બે ભણજો મારી જોડ,
અંગ્રેજી ને ગુજરાતી બે ભણજો રે લોલ
ભણી ગણીને પાસ થજો મારી જોડ
ભણી ગણીને પાસ થજો રે લોલ.
ભણી ગણીને નોકરી લેજો મારી જોડ
ભણી ગણીને નોકરી લેજો રે લોલ.'[૨૧]

× × ×

'કૂવામાં કબૂતર બોલે વડલે બોલે મોરિયું હો
જાગો મારા વીર કિસાનો કુકલડો જગાડે જો
તાંબા પતર લખાઈ ગીયાં જવાહરને નામે જો
ભીલોનાં સોરાં ભણવા આવો ઠક્કરબાપાને આથે હો.
હરિજન સોરાં ભણવા આવો માંમાજીને આથે હો
ભણીગણીને હુંએ કરજ્યો રાજની ખુરશી મેળવો જો...કૂવામાં.[૨૨]

પૂ. ગાંધીજીની અહિંસક લડતનો રંગ પણ તેમને લાગ્યો છે:

'ધીરું ધીરું રે, ગાંધીજીનું રાજ ધીરું લડે!
તારી ઓરવાડાની જેલે રેને લડ રે, ગાંધીનું રાજ ધીરું લડે.
તારા રેંટિયાનો ટેકો લેને લડ રે ગાંધીનું રાજ ધીરું લડે
તારો રેંટિયો તે ભમરો ગુંજા રે ,, ,,
તારી તકલીનો ટેકો લેને લડ રે ,, ,,
તારી તકલી તે ફૂદડી ફરીકે ,, ,,
તારી હૂતરને તાંતે તું લડ રે ,, ,,
તારી સત ને અહંસ્યાથી લડરે ,, ,,
તારી મેંમાઈવાળી સડકે રેને લડ રે ,, ,,
તારાં ટેકીલાંનો ટેકો લેને લડ રે ,, ,,

આપણાં કેટલાંક લોકગીતો અને ભીલોનાં લોકગીતોમાં ભાવ અને ભાષાનું સામ્ય જોવા મળે છે. ઉ. ત.

---

૨૧ ગુજરાતી લોકસાહિત્યમાળા : મણકો ૨, પૃ. ૧૬૫
૨૨ ગુજરાતી લોકસાહિત્યમાળા : મણકો ૨, પૃ. ૧૫૬

'કાળી રે માટી લાલ ચેકણી, લહચ્યો ને મારો પોગ
બેડું રે મારું નંદવાસે.
નેવે જઈ તાણી જેઠજી રે ઊભા, ચમ કરી ઘરૂડે જેશ,
બેડું રે મારું નંદવાસે
પડશાળે જઈ તાણી સાસરોજી ઊભા, ચમ કરી ઘરૂડે જેશ
બેડું રે મારું નંદવાસે
ઓરડે જઈ તાણી સાસુજી ઊભાં ચમ કરી ઘરૂડે જેશ
બેડું રે મારું નંદવાસે'[૨૩]

અને આપણું લોકગીત :

'પાણી ગ્યાતાં બેલી અમે તળાવમાં રે
પાળેથી લપસ્યો પગ કે બેડાં મારાં નંદવાણાં રે
ચોરે બેઠા રે બેની તારા સસરાજી
કેમ કરી ઘેર જઈશ કે બેડાં તારાં નંદવાણાં
લાંબા તાણીશ રે બેની મારા ઘૂમટા
હળવે હળવે જઈશ કે બેડાં મારાં નંદવાણાં.'

આમ સાસુ, જેઠ વ. ને લાજ કાઢતી નાયિકા પરણ્યા માટે કહે છે :

'ઓરડામાં બેઠા રે બેની તારા પરણ્યાજી
કેમ કરી ઘરમાં જઈશ કે બેડાં તારાં નંદવાણાં
આઘા તાણીશ રે બેની મારા ઘૂમટા રે
મલકી મલકી જઈશ કે બેડાં મારાં નંદવાણાં.'

ભીલી લોકગીતમાં માત્ર પ્રશ્નો છે, જવાબ નથી. જ્યારે આપણા લોકગીતમાં નાયિકા દરેક પ્રશ્નનો ઘટતો જવાબ આપે છે ને એમાં જ એનું રહસ્ય છૂપાયેલું છે.

એવું જ એક ભીલી લોકગીત આપણા લોકગીતને મળતું આવે છે :

'મારી સાસુ એમ કીંછી કે સુલામાં દેવતા કરો લાલ
મેંદી વેણુવા જ્યાં તાં લાલ.
ઊઝેલી તે સમકી લાલ, દેવતા કર્યા નેવાં હેઠ...મેંદી વેણુવા
મારી સાસુ એમ કીંછી કે પાંછેર ચોખા ઓરો લાલ...મેંદી વેણુવા
ઊઝેલી તે સમકી લાલ ચોખા ઓર્યા દચ્છેર લાલ...,, ,,
મારી સાસુ એમ કીંછી કે છોરાંને ખાવાનું આલો લાલ...,, ,,
ઊઝેલી તે સમકી લાલ છોરાં દાટી ઘાલ્યાં લાલ...,, ,,'[૨૪]

---

૨૩ ગુજરાતી લોકસાહિત્યમાળા : મણકો ૨, પૃ. ૧૭૨
૨૪ ગુજરાતી લોકસાહિત્યમાળા : મણકો ૨, પૃ. ૧૭૩

આપણું લોકગીત જોઈએ :

'મેંદી લેશું મેંદી લેશું, મેંદી મોટાં ઝાડ.
એક હલાવું ડાળ ત્યારે ડાળાં હલે ચાર
સૈયર ! મેંદી લેશું રે.
મારી સાસુએ એમ કહ્યું કે પાણીડાં ભરી મેલ્ય
મેં ભોળીએ એમ જાણ્યું કે બેડલાં ફોડી મેલ્ય
સૈયર ! મેંદી લેશું રે.
મારી સાસુએ એમ કહ્યું કે કોઢમાં દીવો મેલ્ય
મેં ભોળીએ એમ માન્યું કે સોડમાં દીવો મેલ્ય
સૈયર ! મેંદી લેશું રે.[૨૫]

આ બંને ગીતમાં ઘરકામથી અને સાસુથી ત્રાસેલી વહુના અંતરની ગુપ્ત અવળચંડાઈનાં ચિત્રો જોવા મળે છે. તેથી જ, સાસુએ જે કહ્યું હોય છે તેથી ઊલટું જ સમજવાની આવડત આમાં દર્શાવી છે. વહુની વધુ ઘાતકી અવળચંડાઈ બતાવનારું એક બીજું લોકગીત પણ છે :

'મારી સાસુએ એમ કહ્યું, વહુ ડોસાને નવરાવો
હું કેવી હૈયાની ભોળી ! ડોક નાખી મરડી
લાલ મેંદી લેવા ગ્યાં'તાં.
મારી સાસુએ એમ કહ્યું વહુ કોઢમાં દીવો મેલો,
હું કેવી હૈયાની ભોળી ! સોડમાં દીવો મેલ્યો
લાલ મેંદી લેવા ગ્યાં'તાં.
સોડ બળે, સાસુડી બળે, નણદી ફૂટે પેટ
દેર મેલે છે પોક, બંદો ઠેકે છે બા'ર
લાલ મેંદી લેવા ગ્યાં'તાં.'[૨૬]

આપણાં બંને ગીતોમાં વહુ ભોળપણના અંચળા નીચે પોતાની અવળચંડાઈ જ બતાવે છે અને બીજા ગીતમાં તો એ અવળચંડાઈનું પરિણામ પણ બતાવાયું છે, જેમાં સાસુ બળતાં વહુ ઘર બહાર નાસી જાય છે, જેથી એ દોષિત ન ઠરે. આની તુલનામાં ભીલી લોકગીતમાં વહુ ઊંઘી ગઈ છે તેથી જ સાસુના અવાજથી જાગી, ચમકી બેબાકળી થઈ એકને ઠેકાણે ભળતું જ સમજી બેસે છે.

આમ આ ભીલીગીતો દ્વારા એમના સમાજનો પરિચય થાય છે. ભલે તેઓ પછાત અવસ્થામાં જીવતા હોય પણ તેમનાં ગીતોમાં માનવીના હૃદયના સનાતન ધબકારનું વૈવિધ્ય

૨૫ રઢિયાળી રાત ભા. ૪, પૃ. ૧૦
૨૬ રઢિયાળી રાત ભા. ૪, પૃ. ૧૨

સાંભળવા મળે છે. એમાં આશા છે તો નિરાશા છે. પ્રેમ છે તો દ્વેષ છે, આનંદ છે તો શોક છે. જીવનના સનાતન દ્વંદ્વોના રંગીન તાણાવાણાની ગૂંથણી આ ગીતોમાં પણ જોવા મળે છે.

'આપણી અને ભીલની વચ્ચે જેટલી વાડ બાંધવી હોય તેટલી બાંધો, પણ આ ગીતસંગ્રહ તો આપણને એ લોકો સાથે જીવનની એકતા જ અનુભવાવે છે. આ ગીતોમાં પડેલા ગૃહસંસારના જીવનનાં ચિત્રોમાં ભાગ્યે જ કાંઈ એવું હશે કે જેને આપણે આપણું કહીને વધાવી ન લઈએ.' શ્રી આનંદશંકર ધ્રુવના આ વિધાનમાં આપણે પણ આપણો સૂર પૂરાવીએ.

માતરિયાનાં ગુપ્તકાલીન માતૃકા–શિલ્પો

વિશ્વાસ એચ. સોનવણે

ભારતમાં માતૃકા–પૂજાનાં મૂળ ખૂબ જ પ્રાચીન હોવાનું મનાય છે. માતૃકાઓનાં સૌથી પ્રાચીન નિરૂપણ કુશાનકાળથી મળે છે.[1] કેટલાક વિદ્વાનો માતૃકા–પૂજાની શરૂઆત છેક સિંધુ નદીની તામ્રાશ્મ સંસ્કૃતિ સુધી લઈ જાય છે. પરંતુ વિશિષ્ટ આયુધો તથા વાહન સાથેની માતૃકાઓની સૌથી પ્રાચીન પ્રતિમાઓ મથુરામાંથી મળી છે, જે કુશાણકાળ જેટલી પ્રાચીન છે. જો કે માતૃકાસંપ્રદાય ગુપ્તકાળ કે તે પછીના સમયમાં વધુ લોકપ્રિય બન્યો હોય એમ લાગે છે. ગુપ્તકાલીન મંદિરો તથા અભિલેખો દર્શાવે છે કે આ સમયમાં માત્ર વિષ્ણુ અને શિવ જ નહીં પરંતુ શક્તિની ઉપાસના પણ એટલી જ લોકપ્રિય હતી. તે જ પ્રમાણે પૂર્વ અને પશ્ચિમના ચાલુક્ય રાજાઓના અભિલેખો સ્પષ્ટપણે નિર્દેશ કરે છે કે તેઓ પણ શક્તિસંપ્રદાયના ચુસ્ત અનુયાયીઓ હતા.[2]

શામળાજી[3]માંથી પ્રાપ્ત, ૫મી ૬ઠ્ઠી સદીના પારેવા પથ્થરનાં શિલ્પો જે હાલ વડોદરા મ્યુઝિયમમાં સુરક્ષિત છે તેમણે પશ્ચિમ ભારતની કલા તથા મૂર્તિવિધાન પર સારો એવો પ્રકાશ પાડ્યો છે. આ શિલ્પસમૂહમાં કેટલાંક શિલ્પોમાં બાળક સહિતની માતૃકાનું નિરૂપણ નોંધપાત્ર છે. આ શિલ્પો તત્કાલીન શિવશક્તિસંપ્રદાય સાથે સંકળાયેલ હશે એમ લાગે છે. રાજસ્થાનના શામળાજી પ્રદેશ નજીકના ઉદયપુર તથા ડુંગરપુર વિસ્તારમાંથી મળતા ઉચ્ચ મૂર્તિશાસ્ત્રીય નમૂનાઓ શામળાજીનાં શિલ્પો સાથે સરખાવી શકાય તેવાં છે. પશ્ચિમ ભારતનાં ૫મી ૬ઠ્ઠી સદીનાં માતૃકા શિલ્પોનો આર. સી. અગ્રવાલે શાસ્ત્રીય અભ્યાસ એમના એક રસપ્રદ લેખમાં રજૂ કર્યો છે.[4]

થોડા સમય પહેલાં પંચમહાલ જિલ્લાના શેરરા તાલુકાના માતરિયા ગામ ખાતે નવા બંધાયેલા વ્યાસેશ્વર મહાદેવના મંદિર પાસેના ખુલ્લા પટાંગણમાં પડેલાં આછા પારેવા પથ્થરનાં, ઉપર વર્ણવેલ શામળાજીનાં શિલ્પોની શૈલીનાં માતૃકાશિલ્પો મળી આવ્યાં છે. આ ગામ તાલુકાના મુખ્ય મથક શેહરાથી ૧૨ કિલોમીટર પૂર્વે આવેલું છે.

સાત માતૃકાઓનો આ સમૂહ તથા રક્ષક ભૈરવની મૂર્તિ લીલા પારેવા (Green Sciest) પથ્થરમાં કંડારેલાં છે. માતરિયામાંથી પ્રાપ્ત બધાં જ માતૃકા–શિલ્પો દ્વિભુજ છે જ્યારે ભૈરવને ચાર હસ્ત સહિત દર્શાવ્યા છે. આ શિલ્પ–સમૂહમાં માતૃકાઓ બાળકને ખોળામાં સુવાડતી, રમાડતી અગર સ્તનપાન કરાવતી વિવિધ રીતે રજૂ કરેલી છે. અહીં માતૃકાઓ પોતાના વાહન પર બિરાજમાન થયેલી દર્શાવી છે. પ્રત્યેક દેવીની પાછળ વૃત્તાકાર સાદું પ્રભામંડળ છે. એ જ પ્રમાણે કેશરચના, આભૂષણો તથા વસ્ત્રોમાં તેમ જ મૂર્તિના ઘડતરમાં નજીવા ફેરફારો હોવા છતાં તેમાં એક પ્રકારનું સામ્ય દૃષ્ટિગોચર થાય છે.

આ શિલ્પો ઘણા સમયથી ખુલ્લામાં પડી રહેલાં હોવાથી તેમના પર આબોહવાની અસર થઈ છે. આથી ઘણાંખરાં શિલ્પો બે કે ત્રણ ટુકડામાં ખંડિત અવસ્થામાં છે તથા તેની સુંદર કોતરણી ઘસાઈ ગઈ હોય એમ લાગે છે. આમ છતાં પ્રત્યેક શિલ્પની કલાત્મક કોતરણીમાં કલાકારની નિપુણતા સ્પષ્ટ જણાઈ આવે છે.

ઉપરોક્ત શિલ્પોનાં સામાન્ય લક્ષણો તપાસ્યા પછી પ્રત્યેક શિલ્પનું વિગતવાર વર્ણન રસપ્રદ થઈ પડશે.

અંબિકા—આ સુંદર શિલ્પ શબ કે પ્રેતવાહન પર અર્ધપર્યંકાસનમાં વિરાજમાન અંબિકાનું છે. [ચિત્ર ૧–જુઓ આ અંકના ત્રીજા કવરપેજ ઉપર] માતાના જમણા હાથમાં આમ્રલુંબી ધારણ કરેલ છે. જ્યારે ડાબા અંકમાં બાળકને તેડેલું દેખાય છે. માતા તથા બાળકનાં હાસ્યાંકિત વદન પ્રેમનો ભાવ દર્શાવે છે. દેવીનો અંબોડો સુંદર રીતે વાળેલો છે જેમાં આગળ લટો પણ છે. અંબોડો પુષ્પોના હારથી બાંધેલો છે જેની મધ્યમાં ચક્ર પ્રકારનું બક્કલ છે. પ્રત્યેક કાનની બૂટમાંના વિશાળ પત્રકુંડળ તથા કાન ઉપરનાં આભૂષણ દેવીના ગોળાકાર ચહેરાની સુંદરતામાં વધારો કરે છે. તદ્‌ઉપરાંત આ મૂર્તિ તત્કાલીન આભૂષણો તથા વસ્ત્રોથી સુશોભિત છે. અંબિકાની આ મૂર્તિ પશ્ચિમ ભારતની માતૃકા-મૂર્તિઓમાં એક આવકારદાયક ઉમેરો છે. શામળાજીના માતૃકા-સમૂહમાં પણ અંબિકાનું આટલું પ્રાચીન શિલ્પ જોવા મળતું નથી પરંતુ આમ્રલુંબી ધારણ કરેલી બાળક સહિતની માતૃકા અંબિકાની મૂર્તિ રાજસ્થાનમાં જગત[૫] ખાતેના અંબિકા મંદિર તથા વડોદરા જિલ્લામાં માસર[૬] ખાતેથી પ્રાપ્ત થયેલી છે.

માહેશ્વરી—માહેશ્વરીના આ અપ્રતીમ શિલ્પમાં [ચિત્ર ૨–જુઓ આ અંકના મુખપૃષ્ઠ ઉપર] દેવીને પોતાના વાહન નંદી પર જમણો પગ વાળીને અર્ધપર્યંકાસનમાં વિરાજમાન કંડારવામાં આવેલ છે. તેણે ડાબા હાથમાં દર્પણ તથા જમણા હાથમાં આમ્રલુંબી ધારણ કરેલી છે. તેનું રમતિયાળ બાળક માતાના જમણી તરફના વાળેલા પગ પરથી કૂદી પડવા પ્રયાસ કરતું જણાય છે. માતાનો કલાત્મક સુશોભિત અંબોડો ઉપર વર્ણવેલ અંબિકાના અંબોડાની જેમ જ વાળેલો છે. કાનની બૂટમાં ધારણ કરેલાં રત્નકુંડળ તથા મુખ પાછળની પ્રભાવલી શિલ્પના સૌંદર્યમાં વધારો કરે છે. આ ઉપરાંત દેવીએ સાદા એકાવલી હાર, બાજુબંધ, પોંચી, કલ્લાં તથા રત્નજડિત કટિમેખલા ધારણ કરેલાં દેખાય છે. દેવીએ ધારણ કરેલું ઉત્તરીય બન્ને કોણીની બાજુમાં સ્પષ્ટ દેખાય છે. અધોવસ્ત્ર સુંદર અને પારદર્શક છે. જમણા હાથમાં ધારણ કરેલી આમ્રલુંબી આ શિલ્પની એક રસપ્રદ અને અસામાન્ય વિશિષ્ટતા છે.

કૌમારી—કૌમારીની આ મૂર્તિની બેસવાની શૈલી એક વિશિષ્ટ પ્રકારની છે. [ચિત્ર ૩. જુઓ અંકના છેલ્લા પૂઠા ઉપર] તેણે પોતાના પગ સામે ન રાખતાં બાજુ પર રાખેલ છે. તેની બેસવાની પદ્ધતિ જગત[૭]માંથી મળી આવેલી કૌમારી માતૃકાની યાદ તાજી કરે છે. તેના ડાબા સાથળ પર બેઠેલા બાળકને તે હાથ વડે ખવડાવતી તથા રમાડતી હોય એમ લાગે છે. વાળની લટો આ જૂથનાં અન્ય શિલ્પોની માફક સુંદર રીતે ગોઠવેલી છે. કાનની બૂટમાં પહેરેલાં વિશાળ ગોળાકાર પત્રકુંડળ તેના વિશાળ કપાળવાળા ગોળાકાર ચહેરાના સૌંદર્યમાં તેમ જ સહેજ નમેલી

અંગભંગી તેના માતૃસૌંદર્યમાં વધારો કરે છે. આ પ્રતિમાને પણ મસ્તક પાછળ ગોળાકાર પ્રભામંડળ છે. તેના ઉત્તરીયની રજૂઆત સ્પષ્ટ છે. અત્યંત પાતળું અધોવસ્ત્ર તેની કરચલીઓ દ્વારા જણાઈ આવે છે. તેની ડાબી બાજુ દર્શાવેલો મોર બાળક સાથે રમતો હોય તેમ લાગે છે.

વારાહી—દેવી વારાહી ડાબા સાથળ પર ધાવતા બાળક સાથે પોતાના વાહન પર અર્ધપર્યંકાસનમાં બેઠેલી છે. [ચિત્ર ૪–જુઓ આ અંકના ત્રીજા કવરપેજ ઉપર] આ પ્રતિમામાં કલાકારે હસતા વદન સાથેના દેવીના મસ્તકને સહેજ નમાવીને સ્તનપાનના વિશિષ્ટ સૌંદર્યમાં પ્રાણ પૂર્યા હોય એમ લાગે છે. ડાબા કાનની બુટ્ટીમાં દેવીએ નળાકાર અસ્થિકુંડળ ધારણ કરેલું છે, પરંતુ જમણા કાનની બુટ્ટીમાં શું પહેરેલું છે તે સ્પષ્ટ થતું નથી. આ શિલ્પ પણ સાદા એકાવલી હાર, બાજુબંધ, પોંચી, કલ્લાં તથા એક કલાત્મક કટિસૂત્રથી સુશોભિત છે. તેનું ઉત્તરીય ઓઢણી જેવું લાગે છે તથા અધોવસ્ત્ર અન્ય પ્રતિમાઓ જેવું છે.

આમઝરા[૮] તથા શામળાજીનાં[૯] વારાહી–માતૃકાનાં લગભગ સમકાલીન શિલ્પોની માફક આ દેવી સાથે વરાહની હસ્તી પણ એક આગવી વિશિષ્ટતા છે. વારાહીનાં શિલ્પ જોતાં લાગે છે કે ઈડર, ડુંગરપુર તથા તેની આસપાસના પ્રદેશમાં તત્કાલીન શિલ્પીઓમાં વરાહને વારાહીની શક્તિરૂપે સાંકળવાની તથા વારાહીને બાળક સાથે માતૃકાસ્વરૂપમાં દર્શાવવાની પ્રથા અત્યંત પ્રચલિત હશે. પારેવા પથ્થરનાં આ શિલ્પોમાં વારાહીના વાહન મહિષની ગેરહાજરી નોંધપાત્ર અને સૂચક છે. માતૃકાએ ધારણ કરેલું અસ્થિકુંડળ એક વિશિષ્ટ તથા રસપ્રદ કર્ણઆભૂષણ છે. આવાં કર્ણ આભૂષણો તરસંગ (પંચમહાલ) આમઝરા[૧૦] તથા જગત[૧૧] (રાજસ્થાન)માંથી મળી આવેલાં માતૃકાશિલ્પોમાં જોવામાં આવે છે. આમઝરા તથા જગતની માતૃકામૂર્તિઓનું વર્ણન કરતાં આર. સી. અગ્રવાલે આ કુંડળોને માત્ર કાનની લંબગોળ બુટ્ટી તરીકે ઓળખાવ્યાં છે. પરંતુ આવાં કુંડળો ખરેખર અસ્થિકુંડળો છે. આ માતૃકાઓએ પોતાના કાનમાં અસ્થિઆભૂષણો કેમ ધારણ કર્યાં હશે એ એક રસપ્રદ સમસ્યા છે, જે પૂરતો અભ્યાસ તથા પરીક્ષણ માંગી લે છે, પરંતુ આ વિશિષ્ટતાથી તેમનો તાંત્રિક સંપ્રદાય સાથેનો સંબંધ સ્પષ્ટ થાય છે.

ઈન્દ્રાણી—માતૃકા ઈન્દ્રાણી તેના વાહન હાથી પર અર્ધપર્યંકાસનમાં વિરાજમાન દર્શાવી છે. [ચિત્ર ૫] તેના ખોળામાં બાળક છે જેને તેણે ડાબા હાથમાં પકડેલું છે અને જમણા હાથથી તેને ખવડાવે છે. તેના કાનની મોતીની કડી ઉપરાંત અસ્થિકુંડળ સહિતનાં તેનાં આભૂષણો ઉપર વર્ણન કરેલી વારાહીનાં આભૂષણો જેવાં છે. સુંદર વળાંકોવાળું તેનું ઉત્તરીય કે જે હાથીના મસ્તક પર લટકે છે, તે કલાત્મક છે. દેવીનું અધોવસ્ત્ર પણ તેટલી જ સુંદર રીતે દર્શાવ્યું છે. આ મૂર્તિની અગત્ય તેના મુકુટહીન મસ્તકમાં છે. જો કે તેના સાથી ઈન્દ્રના મસ્તક ઉપર મુકુટ હોય છે. મુકુટહીન ઈન્દ્રાણીનું આવું જ એક શિલ્પ ઉદયપુર પાસે આવેલા જગત[૧૨]માંથી પ્રાપ્ત થયેલું છે. [ચિત્ર ૫]

વાયવી—વાયવી દેવી હરણ પર પ્રલંબ આસને બેઠેલી છે. તેના ખોળામાં બાળક સુવાડેલું છે [ચિત્ર ૬]. બાળકનો ભાગ કંઈક અંશે તૂટેલો છે, છતાં બાળકને તેડવાની સામાન્ય રીત સ્પષ્ટ દેખાઈ આવે છે. ઈન્દ્રાણી તથા વારાહીની માફક તેના ડાબા કાનમાં અસ્થિકુંડળ છે. આ સિવાય કેશરચના આભૂષણો કે વસ્ત્રોમાં કોઈ નોંધપાત્ર ફરક જોવામાં આવતો નથી.

ચિત્ર ૫

ઈન્દ્રાણી

ચિત્ર ૬

વાયવી

ચિત્ર ૭

બ્રહ્માણી

ચિત્ર ૮

ભૈરવ

બ્રહ્માણી—આ માતૃકાશિલ્પ સંભવતઃ બ્રહ્માણીનું હોવાની શકયતા છે. મૂર્તિનો છાતીનો નીચલો ભાગ તૂટેલો હોઈ તેને ઓળખવાનો એક માત્ર પુરાવો દેવીએ જમણા હાથમાં ધારણ કરેલી અક્ષમાલા છે. [ચિત્ર ૭]

ભૈરવ—ચાર હાથ સહિતની આ ભૈરવમૂર્તિ ત્રિભંગમાં ઊભેલી છે (ચિત્ર ૮). તેના ગળામાં નાગ અને લાંબી મુંડમાળા છે. તેના ઉપરના જમણા હાથમાં ત્રિશૂલ છે તથા ઉપરના ડાબા હાથમાં દંડ છે. નીચેના જમણા હાથમાં ખપ્પર છે, જેમાંથી તે જાણે રક્તપાન કરતા હોય એમ લાગે છે. તદ્ઉપરાંત નીચેના ડાબા હાથમાં નરમુંડ છે. તેનો મુકુટ સર્પબંધથી સુશોભિત છે. તેનાં વિશાળ વિસ્ફારિત નેત્ર તથા ખુલ્લું મોં તેના ચહેરાને કરાલ સ્વરૂપ આપે છે. તેનાં આભૂષણો જેવાં કે બાજુબંધ તથા કલ્લાં સર્પનાં છે. તેનું સમગ્ર શરીર એટલું કૃશ છે કે તેનાં પગનાં હાડકાં સ્પષ્ટ દેખાય છે. છાતીની પાંસળીઓ પણ ગણી શકાય તેવી છે. કૃશ દેહના આવા વાસ્તવિક સ્વરૂપથી સ્પષ્ટ થાય છે કે જે શિલ્પીએ આ શિલ્પ ઘડયું હશે તેણે શરીરરચનાનો સંપૂર્ણ અભ્યાસ કર્યો હશે. ભૈરવનું વાહન શ્વાન પણ વિશિષ્ટ રીતે દર્શાવેલું છે.

ગુજરાત તથા રાજસ્થાનમાં આ કાળનાં માતૃકાશિલ્પો સાથે ભૈરવનાં, રક્ષક તરીકેનાં શિલ્પો ઘણાં મળી આવ્યાં છે.

પંચમહાલમાંથી મળી આવેલો શામળાજી શૈલીનો આ માતૃકાસમૂહ પશ્ચિમ ભારતની શિલ્પસમૃદ્ધિમાં એક નોંધપાત્ર વધારો કરે છે. આ સમૂહ આ પ્રદેશના મૂર્તિવિધાનની શૈલીને માત્ર ટેકો જ નથી આપતો પરંતુ તેનાં કલા અને મૂર્તિવિધાન પર નવો પ્રકાશ પાડે છે. આ શિલ્પોની કેટલીક વિશિષ્ટતાઓ શામળાજી–સમૂહમાં સુદ્ધાં જોવામાં આવતી નથી, દાખલા તરીકે બાળક સહિતની માતૃકા અંબિકા, અંબિકા તથા માહેશ્વરીના હાથમાં ધારણ કરેલી આમ્રલુંબી તથા ઈન્દ્રાણી, વારાહી અને વાયવી જેવી દેવીઓના કાનની બૂટમાં પહેરેલું અસ્થિકુંડળ. આ બધી વિશિષ્ટતાઓ રાજસ્થાનના જગત તથા આમઝરાના શિલ્પોમાં મળી આવે છે. તદ્ઉપરાંત આ શિલ્પો તેમની કેશરચના, આભૂષણો, વસ્ત્રો તથા ઘડતરની બાબતમાં શામળાજી–સમૂહને મળતાં આવે છે.

કેશરચનાની શૈલી, પ્રભાવલીયુક્ત ગોળાકાર ચહેરો, સુવિકસિત સ્તન, પાતળી કમર, સપાટ પેટ, સાદી એકાવલી ગોળાકાર, મોટાં પત્રકુંડળ, વસ્ત્રોની રજૂઆત, બેસવાની વિશિષ્ટ પદ્ધતિ તથા વાહનો વગેરે વિશિષ્ટતાઓ શામળાજી, દેવની મોરી, આમઝરા, જગત, તનેશ્વર ઈત્યાદિ ઈડર, ડુંગરપુર વિસ્તારનાં શિલ્પોને મળતી આવે છે. માતરિયાનાં આ શિલ્પોં તેની શૈલીની દૃષ્ટિએ ૬ઠ્ઠી સદીમાં મૂકી શકાય તેમ છે. એમ લાગે છે કે ઈડર, ડુંગરપુર તથા તેની આસપાસના પ્રદેશના સમકાલીન શિલ્પીઓ જો કે એક વિશિષ્ટ શૈલીને અનુસરતા હતા, પરંતુ શિલ્પોને વધુ જીવંત બનાવવાની તેમનામાં એક વિશિષ્ટ કલાત્મક દૃષ્ટિ હતી. માતૃત્વ વ્યક્ત કરતા વિશિષ્ટ ભાવ જેવા કે સ્તનપાન, ખવડાવવું, લાડ કરવું વગેરે તથા બાળક સાથે રમવાની અને તેને તેડવાની રીત રજૂ કરવામાં માતરિયાના શિલ્પીઓ બીજા કરતાં ઘણા જ સફળ નીવડયા છે. આ શિલ્પો જોઈને અહિચ્છત્ર[૧૩]માંથી મળેલી ૬ઠ્ઠી ૭મી સદીની પકવેલી માટીની તકતીઓની યાદ તાજી થાય છે.

એમ લાગે છે કે આ અષ્ટ માતૃકાઓનો સમૂહ મૂળ વૈષ્ણવી સહિતનો હોવો જોઈએ, જે હાલમાં ત્યાં દેખાતી નથી. આ સમૂહમાં રક્ષક દેવતા તરીકે ભૈરવની ઉપસ્થિતિ પણ સૂચક અને નોંધપાત્ર છે. માતરિયા ગામનું હાલનું નામ પણ સૂચક અને રસપ્રદ છે. એમ લાગે છે કે અહીં તે જમાનામાં માતૃકાસંપ્રદાયનું મંદિર હશે જેના પરથી હાલનું નામ "માતરિયા" પડ્યું હોય. તદ્ઉપરાંત પંચમહાલ જિલ્લામાં તરસંગ, પાવાગઢ, બાવકા અને ડેસર, કલેશ્વરી તથા કાકણપૂર (૧૩મી ૧૪મી સદી) જેવાં સ્થળોએથી વિવિધ માતૃકાઓની મૂર્તિઓ મળી આવી છે, જે અનુક્રમે ૬ઠ્ઠી ૭મી, ૧૦મી ૧૧મી, ૧૨મી ૧૩મી, ૧૩મી ૧૪મી સદીની છે. આ બધા પુરાવા પરથી એવું સ્પષ્ટ થાય છે કે પંચમહાલના હાલના પ્રદેશમાં ભૂતકાળમાં માતૃકાસંપ્રદાય એક લોકપ્રિય સંપ્રદાય હશે, જેનું સમાજમાં આગવું સ્થાન અને પ્રભુત્વ પણ હશે.

સંદર્ભો

૧ અગ્રવાલ, આર. સી., "માતૃકા રિલીફ્સ્ ઇન અર્લી ઇન્ડિયન આર્ટ" **ઇસ્ટ એન્ડ વેસ્ટ**, વોલ્યુમ ૨૧, નંબર. ૧–૨., માર્ચ-જૂન, ૧૯૭૧, પૃષ્ઠ ૭૯.

૨ શ્રીનિવાસન્, સી. આર., "સલ માતૃકાસ્" **જર્નલ ઑવ્ ધ ઓરિએન્ટલ ઇન્સ્ટીટ્યુટ**, બરોડા, વોલ્યુમ–૨૪, નંબર ૩–૪, માર્ચ–જૂન, ૧૯૭૫, પૃષ્ઠ. ૪૨૮, ૪૩૧.

૩ શાહ, યુ. પી., **સ્કલ્પચર્સ ફ્રૉમ શામળાજી અને રોડા**, વડોદરા. ૧૯૬૦.

૪ અગ્રવાલ, આર. સી., "મધર એન્ડ ચાઇલ્ડ સ્કલ્પચર્સ ફ્રૉમ શામળાજી એન્ડ રાજસ્થાન" **બુલેટીન ઑફ ધ બરોડા મ્યુઝિયમ એન્ડ પીક્ચર ગેલેરી**, બરોડા. વોલ્યુમ ૨૩, ૧૯૭૧. પૃષ્ઠ ૧૧૦, ૧૧૧.

૫ અગ્રવાલ, આર. સી., "સમ અનપબ્લીશ્ડ સ્કલ્પચર્સ ફ્રૉમ સાઉથ–વેસ્ટર્ન રાજસ્થાન" **લલિતકલા**, નં. ૬ ઑક્ટોબર, ૧૯૫૯, પ્લેટ ૭૮, ફિગર–૫.

૬ પારેખ, વી. એસ., "સમ સ્કલ્પચર્સ ફ્રૉમ માસર ડીસ્ટ્રીકટ વડોદરા" **જર્નલ ઑવ્ ધ ઓરિએન્ટલ ઇન્સ્ટીટ્યુટ**, બરોડા, વોલ્યુમ ૨૫, નંબર ૧, સપ્ટેમ્બર, ૧૯૭૫, ફિગર–૬, પૃષ્ઠ ૮૧.

૭ અગ્રવાલ, આર. સી., "સમ અનપબ્લીશ્ડ સ્કલ્પચર્સ ફ્રૉમ સાઉથ વેસ્ટર્ન રાજસ્થાન" **લલિતકલા**, નં. ૬. ઑક્ટોબર, ૧૯૫૯, પ્લેટ–૧૩, ફિગર–૨૧.

૮ અગ્રવાલ, આર. સી., **એન આર્ટ્સ એસીએટીક્સ** પેરિસ, વોલ્યુમ ૧૨, ૧૯૬૫, ફિગર–૩-૪, પૃષ્ઠ ૧૮૦.

૯ શાહ, યુ. પી., **સ્કલ્પચર્સ ફ્રોમ શામળાજી એન્ડ રોડા**, બરોડા, ફિગર–૩૬, પૃષ્ઠ ૫૫.

૧૦ અગ્રવાલ, આર. સી., "સમ અનપબ્લીશ્ડ સ્કલ્પચર્સ ફ્રોમ સાઉથ વેસ્ટર્ન રાજસ્થાન" **લલિતકલા**, નં. ૬, ઓકટોબર, ૧૯૫૯, ફિગર ૩૫–પ્લેટ ૨૫.

૧૧ અગ્રવાલ, આર. સી., **એજન**, ફિગર ૬, પ્લેટ–૧૭ અને ફિગર ૪, પ્લેટ–૧૩.

૧૨ અગ્રવાલ, આર. સી., **એજન**, ફિગર ૪, આ શિલ્પ હાલમાં ઉદયપુર મ્યુઝિયમમાં સંગ્રહિત છે.

૧૩ અગ્રવાલ, વી. એસ. **એનસ્યન્ટ ઇન્ડિયા**, નંબર ૪. નવી દિલ્હી, ૧૯૪૭–૪૮

વીસણવેલ

નરોત્તમ પલાણ, રાજેન્દ્રસિંહ રાયજાદા, ગોસ્વામી મોહનપુરી

જૂનાગઢ જિલ્લાના માળિયા તાલુકાના મેગળ અને વૃજની નદીના પ્રદેશોમાં ચોરવાડથી પૂર્વે ચારેક કિ. મિ. વીસણવેલ નામનું નાનકડું ગામ છે. કવિ શ્રી ન્હાનાલાલે જેની પ્રકૃતિને મન મૂકીને બિરદાવી છે તે લીલીનાઘેડના એક પૌરાણિક સ્થળ તરીકે આ વીસણવેલ ભારે મહત્ત્વનું છે. જૂન ૧૯૮૦ની બે, ત્રણ, ચાર–તારીખોએ આ પ્રદેશમાં અમે ત્રણ મિત્રોએ જે પ્રવાસ ખેડચો તેનો પુરાતાત્ત્વિક અહેવાલ ઉપયોગી બની રહે તેમ છે.

મેગળ અને વૃજની નદીના સંગમ પછી સમઢિયાળા, ગડુ અને વીસણવેલ ગામ આવે છે. અહીં મેગળ–વૃજનીના ઓવારાને 'દેવધરો' કહે છે. સ્કંદપુરાણોક્ત પ્રભાસક્ષેત્રમાં આવેલું 'દેવખાતતીર્થ' કદાચ આ છે. અહીંથી સોમનાથ–પ્રભાસ દક્ષિણે ત્રીશેક કિ. મિ. છે. આ 'દેવધરા'ને કાંઠે દધીચિઋષિના નામ સાથે જોડાયેલી વિશાળ જગ્યા છે. કવિ શ્રી ન્હાનાલાલે "દેવોને અસ્થિ આપી, દધીચિ ઋષિ ત્હયાં વિરમ્યા વિષ્ણુવેલે" કહી આ સ્થળને ભાવભરી અંજલિ આપી છે. આજુબાજુના લોકોમાં એવી અનુશ્રુતિ છે કે બાજુના આદ્રીગામે દધીચિ ઋષિનો આશ્રમ હતો, દેવોને અસ્થિ અર્પણ કરતાં દધીચિએ જ્યાં પ્રાણત્યાગ કર્યા તે આ દેવધરાને કાંઠે. આ (વૃજની નદી) સરસ્વતીનો પ્રવાહ છે, અહીંના આ સૂર્યસ્થાનમાં દેવોએ મનુષ્ય બનીને તપ કરેલ છે. દધીચિ સૂર્યસ્વરૂપે (અશ્વમુખે) અહીં રહેલા. પ્રાણત્યાગની સ્મૃતિમાં હાલ પ્રાણનાથ મહાદેવનું મંદિર દર્શાવવામાં આવે છે. બાજુમાં દધીચિની ડેરી છે, અંદર દધીચિની પ્રમાણમાં અર્વાચીન પ્રતિમા છે. આખા સ્થળને 'દધીચિનો તપાશ્રમ' કહે છે. મંદિર નીચે થોડી જમીન અને દશનામ ગોસ્વામી પૂજારી છે. આ જગ્યાની બાજુમાં આશરે બે હજારની વસતિવાળું મુખ્યત્વે કોળી લોકોનું આ ગામ સમૃદ્ધ બાગબગીચા ધરાવે છે.

ન્હાનાલાલે 'ચારુવાટિકા'માં પોતાની સર્ગશક્તિથી આ સ્થાનને 'વિષ્ણુવેલ' (सं. 'विष्णुवल्ली') કહેલ છે. સંભવ છે આ વિસ્તારના શ્રી અમૃતલાલ પઢિયાર અને શ્રી મૂળશંકર વ્યાસ જેવા ધર્મશાસ્ત્ર, પુરાણાદિના વિદ્વાન અને સંતસાધુના પરિચયથી 'વીસણવેલ' ગામનું આ પૌરાણિક નામ કવિશ્રીને પ્રાપ્ત થયું હોય. શિલાલેખોના સંદર્ભને નિહાળીએ તો વિક્રમ સંવત ૧૨૦૨। સિંહ સંવત ૩૨ના સહજિગેશ્વર મંદિરના માંગરોળના ગૂહિલ રાજાના લેખમાં:

"तथा चोरूयावाडेन्य समस्त बृहत्पुरुषैरेकमतीभूय चतुराघाटन विशुद्धा यथा प्रसिद्ध परिभोगा सवृक्षमालाकुला **वीसणवेली** ग्राममार्गसमासन्ना देगुयावावीनाम वापी राजानुमत्या **श्रीसहजिगेश्वराय प्रदत्ता ।।**" (ગુ. ઐ. લે. ગ્રંથ–૨ । ૧૪૫)

એમ વિ. સં. ૧૨૦૨માં 'વીસણવેલી' ગામનું નામ મળે છે. હાલ વીસણવેલ ગામના પાદરમાં હયાત પાળિયાઓમાંથી એક પાળિયામાં આ પ્રમાણે વાંચી શકાય છે:

(१) संवत १७९४ना म
(२) हा सुद ११ शुक्रे × ×
(३) × × गोविंदनो × वी
(४) सणवेल ग्रामे × × ×
(५) × × × × × × × × ॥०

આ બે પુરાવાઓ ઉપરથી એમ અનુમાની શકાય છે કે આજથી આઠસો વરસ પહેલાં 'વીસણુવેલી' અને અઢારમી સદીથી 'વીસણુવેલ' એવું ગામનું નામ પ્રચારમાં છે.

પૌરાણિક સંદર્ભનો વિચાર કરીએ તો મહાભારત વનપર્વ મુજબ દધીચિનો એક આશ્રમ સરસ્વતીતીરે હતો. પુરાણો મુજબ સરસ્વતીના પંચ પ્રવાહોમાં એક વૃજની (વજ્રિણી)ને ગણાવેલ છે. હાલ વૃજની નામથી ઓળખાતી માળિયા તાલુકાની આ નદીને સરસ્વતીના પંચ પ્રવાહોમાંની એક ગણવામાં વાંધો નથી. વીસણુવેલથી બે કિ. મિ. નીચે સીમાર ગામમાં વૃજમેશ્વર મહાદેવનો પ્રાક્સોલંકી સપ્તપ્રાસાદ આવેલો છે, આ ધ્યાનમાં લેતાં મેગળ–વૃજનીના પ્રવાહને વૃજની તરીકેનું મહત્ત્વ વિશેષ પ્રાપ્ત થયેલું જણાય છે. અસ્તુ.

પુરાણોનો દધીચિ આશ્રમ અહીં સ્વીકારવામાં વાંધો જણાતો નથી. દધીચિ 'મધુવિદ્યા'ના ઉદ્‌બોધન અર્થે અશ્વમુખ બનેલા તે પણ પૌરાણિક હકીકત છે. સૂર્યનું ઘણું વિશેષ મહત્ત્વ અહીં છે તે આપણે આગળ જોઈશું. સૂર્યનું તેમ દધીચિનું–બન્નેનું અપરનામ 'વિષ્ણુ' મળે છે–આ ઉપરથી આ સ્થળનું 'વિષ્ણુવલ્લી' નામાભિધાન અયોગ્ય જણાતું નથી. વિશેષમાં અહીં વિષ્ણુઅવશેષો પણ છે. આ બધાનો વિચાર કરતાં વિષ્ણુવલ્લી–વીસણુવેલી–વીસણુવેલ સ્વીકાર્ય જણાય છે.

વીસણુવેલમાં હાલ પ્રાપ્ત પુરાવશેષોને ક્રમશઃ અવલોકીએ તો દેવધરા ઉપરના અવશેષો સૌથી સમૃદ્ધ અને સમગ્ર ગુજરાતની મૂર્તિશાસ્ત્રવિષયક વિચારણાને ઉપયોગી બની રહે તેવા મૂલ્યવાન છે. આ અવશેષોમાં યક્ષ, ગણેશ, સૂર્ય, વિષ્ણુ અને માતૃગણ મુખ્ય છે.

ઉપરોકત અવશેષોને વિગતે નિહાળીએ તે પહેલાં ગુજરાતની મૂર્તિકલા વિશે સંક્ષિપ્તમાં જોઈ લઈએ તો ભારતભરમાં ગુજરાતનો મૂર્તિભંડાર નોંધપાત્ર, સમૃદ્ધ અને કલાશૈલીની નજરે વિવાદાસ્પદ બનેલો છે. છેલ્લી અર્ધી શતાબ્દીમાં વિવિધ શૈલીની અને વિવિધ કાળની અસંખ્ય મૂર્તિઓ પ્રકાશમાં આવી છે. તદ્‌વિષયક લેખો અને ગ્રંથોનું પ્રકાશન પણ થયું છે, આમ છતાં મોટાભાગનું કાર્ય હિન્દી અંગ્રેજીના અનુવાદ જેવું છે અને ગુજરાતના કલાભંડારને મૌલિક દૃષ્ટિથી મૂલવવાનું હજુ સુધી બની શકયું નથી. ડૉ. ઉમાકાન્ત શાહ અને શ્રી ખંડાલાવાલા જેવા કલાવિદોને બાદ કરતાં ગુજરાતની મૂર્તિકલા વિશે નોંધપાત્ર ઊહાપોહ પણ થઈ શકયો નથી. અસ્તુ.

આપણી પાસે ઈ. સ.ની શરૂઆતથી માંડીને આજ સુધીના કાળની મૂર્તિઓ પ્રાપ્ત છે. આ પ્રાપ્ત મૂર્તિઓમાં મોટાભાગનો રાશિ ગુપ્તકાળનો અને તે પછી મૈત્રક, ગુર્જર, પ્રતિહાર, રાષ્ટ્રકૂટ અને પરમાર આદિ શૈલીઓનો છે. આ બધી શૈલીઓના સમન્વયરૂપ એવી

સોલંકીશૈલી ઈ. સ.ની અગિયારમી સદીથી અસ્તિત્વમાં આવી જણાય છે. ડૉ. સ્ટેલા ક્રેમરિચ જેવા કલાવિદો આ શૈલીઓને ભિન્ન નહિ ગણાવતાં 'ગુજરાતી શૈલી' એવું નામ આપે છે, જ્યારે ડૉ. શાહ અને શ્રી ખંડાલાવાલા 'પશ્ચિમી શૈલી' એવું વિશેષ વ્યાપક નામ આપવાની તરફેણમાં છે. એટલું સ્પષ્ટ છે કે આ પશ્ચિમી અથવા ગુજરાતી શૈલી એક બાજુથી ગુપ્તકલા અને બીજી બાજુથી દક્ષિણ ભારતની કર્ણાટક આદિ શૈલીઓથી પ્રભાવિત છે.

ભારતીય મૂર્તિકલામાં ગુપ્તકલા સૌથી વિશેષ પ્રભાવશાળી શિષ્ટકલા (કલાસિકલ) રહેલી છે, તે પછીની કલાશૈલીઓ એનાથી અલ્પવધુ અંશે પ્રભાવિત થઈને જ આવે છે, આ કારણે એની ઓળખની સમસ્યા બહુ રહેતી નથી, પરંતુ ગુજરાતમાં પ્રાપ્ત ગુપ્તકાળ પહેલાંની મૂર્તિઓનો પ્રશ્ન હવે ખાસ વિચારણીય બની રહ્યો છે. ડૉ. શાહ, ડૉ. મહેતા, શ્રી ઢાંકી અને શ્રીપલાણ દ્વારા પ્રકાશિત આવી મૂર્તિઓથી* ગુજરાતની મૂર્તિકલા વિશેષ પ્રાચીન અને અભ્યાસક્ષમ બની છે. પ્રસ્તુત વીસણવેલના મૂર્તિખંડોમાં યક્ષની પ્રતિમા નિઃશંક ગુપ્તકાળ પહેલાંની અને સમગ્ર પશ્ચિમ ભારતમાં અદ્વિતીય બની રહે તેવી છે. (જુઓ ચિત્ર–૧)

વીસણવેલના દેવધરા ઉપર આવેલી આ યક્ષપ્રતિમાના હાથ, મસ્તક અને ગોઠણથી નીચેના પગ ખંડિત છે. અવશિષ્ટ રહેલું યક્ષનું આ ધડ ત્રણ ફૂટની ઊંચાઈ ધરાવે છે. વિશાળ આકાર, પરિપુષ્ટ ઉદર, ગળામાં કંઠો, ગાંઠ મારેલું ઉદરબંધન અને ધોતી સ્પષ્ટ નિહાળી શકાય છે. મથુરાની આજુબાજુથી પ્રાપ્ત ઇ. સ.ની શરૂઆતની યક્ષમૂર્તિઓ સાથે આનું સામ્ય સ્પષ્ટ છે. ગુજરાતમાં પ્રાપ્ત કુંભારિયાની અને શામળાજીની યક્ષપ્રતિમાઓની નિઃશંક પૂર્વકાલીન કહી શકાય તેવી આ યક્ષપ્રતિમા સમગ્ર પશ્ચિમ ભારતમાં પ્રકાશમાં આવતી વિરલ મૂર્તિ છે. કુંભારિયાથી પ્રાપ્ત યક્ષમૂર્તિઓ ગુપ્તકલાની અસર ધરાવે છે, જ્યારે શામળાજીની યક્ષમૂર્તિઓ ગુપ્તકાળ પહેલાંની ઇ. સ.ની ત્રીજી, ચોથી સદીની છે. આ પ્રતિમા શામળાજીની પ્રતિમાથી વિશેષ પ્રાચીન અને ઇ. સ. પૂર્વેની જણાય છે.

દેવધરા ઉપર આવેલા અન્ય અવશેષોમાં પ્રાણનાથ મહાદેવનાં મંદિરની સામે વડલાના વિશાળ થડમાં નજરે ચડતાં સૂર્ય, સૂર્યપરિકર અને જલાધારી છે (ચિત્ર–૨). ચિત્રમાં દેખાતી જલાધારી ઉપરાંત અન્ય બે જલાધારીઓ દેવધરા ઉપર છે, વળી હાલ પ્રાણનાથ મહાદેવનું મંદિર પણ અહીં શિવ હોવાની ગવાહીરૂપ છે, પરંતુ આ અવશેષો મુખ્ય જણાતા નથી. પ્રાપ્ત જલાધારીઓ કોઈ સ્પષ્ટ કાળનિર્દેશ કરી શકે તેવાં ઈંગિતો ધરાવતી નથી. વૃક્ષોથી ઘેરાયેલું પ્રાણનાથ મંદિર વારેવારે સમારકામ પામતું રહેલ છે. આમ પણ આ મંદિર કોઈ પ્રાચીન અંશો ધરાવતું નથી.

---

* શાહ, (ડૉ.) ઉમાકાંત—'સ્વાધ્યાય' મે '૬૪–ફે૦' ૬૮
'Sculptures from Sāmalāji & Rodā'
મહેતા, (ડૉ.) આર. એન.—'Excavation at Devni Mori'
ઢાંકી, મધુસૂદન—'Journal of the Oriental Ins. X'
પલાણ, નરોત્તમ—'વિદ્યાપીઠ' જૂ.—ઑ. '૭૩
'ઈતિહાસવિમર્શ', પૃ. ૬૨–૬૪



ચિત્ર ૧

યક્ષ–સન્મુખ દર્શન

ચિત્ર ૨

વડલાના થડમાં સૂર્ય, સૂર્યપરિકર અને જલાધારી

ચિત્ર ૩

દેવધરાના વડલામાં તૂટી ગયેલી સૂર્યપ્રતિમા

ચિત્ર ૮

શીતલા મન્દિર–વડલા નીચે ચૈત્યબારી



ચિત્ર ૧ અ
યક્ષ-બાજુનું દર્શન



ચિત્ર ૪
સૂર્યપરિકર



ચિત્ર ૫
વિષ્ણુની યુગલપ્રતિમા

ચિત્ર ૬

ખંડિત સૂર્યમૂર્તિ

ચિત્ર ૭

સાધુની સમાધિ ઉપરનો સૂર્ય-અવશેષ

[ચિત્ર ૧–૮ઃ નરોત્તમ પલાણ]

આ સ્થળનાં સમૃદ્ધિ અને સંખ્યા–ઉભયની દષ્ટિએ નોંધપાત્ર અવશેષો સૂર્યના છે. કુલ ચાર સૂર્યમૂર્તિઓ તો દેવધરા ઉપર જ નોંધી શકાય છે. વીસણવેલ ગામમાં શીતળામાતાના મંદિરમાં શીતળામાતા તરીકે પૂજાતી પ્રતિમા પણ સૂર્યપ્રતિમા છે. આ બધી જ સૂર્યપ્રતિમાઓ ઉપાસ્ય પ્રકારની અને મૂર્તિકલાની નજરે અદ્વિતીય છે. પ્રભાસખંડનું ઉત્તરમાં આવેલું અર્કસ્થળ કદાચ આ હોય. આશ્ચર્ય છે કે ઘણી તપાસ કરવા છતાં અમે આ સૂર્યમૂર્તિનાં મંદિરો કે તેનો પાયો શોધી શક્યા નથી. હા, ગામના પાદરમાં હનુમાનના ઓટાની આગળ મંદિરનો એક વિશાળ ઉંબરો નજરે ચડે છે. આ ઉંબરો સાત ફૂટ દશ ઈંચ લાંબો અને બરાબર ચાર ફૂટની ગોલાય ધરાવતો કોઈ વિશાળ મંદિરનો અવશેષ છે. અસ્તુ.

દેવધરા ઉપરના સૂર્યાવશેષોમાં અદ્‌ભૂત કહી શકાય તેવી સૂર્યપ્રતિમા હાલ વડલાની વૃદ્ધિથી કુલ ત્રણ ખંડોમાં ફાટી ગયેલી છે (ચિત્ર–૩). નેણનાકે નમણી, સપ્રમાણ તક્ષણ ધરાવતી વિશાળ કહી શકાય તેવી આ સૂર્યપ્રતિમા ગુજરાતની મૂર્તિકલાનો એક સુંદર નમૂનો છે. કલાશૈલીની દૃષ્ટિએ આ પ્રતિમા, ઈ. સ.ની નવમી–દશમી સદીમાં મધ્યપ્રદેશમાં ઉદ્‌ભવેલી પરમાર-શૈલી અંતર્ગત જણાય છે. મુખમંડળની ભાવગરીમા અને આંખ, નાક, હોઠ, ચિબૂકના વળાંકો તથા કર્ણકુંડલ વિકસિત પરમારશૈલીનો ઈ. સ.ની દશમી સદીનો આ ખંડ હોય તેમ જણાવે છે.

વડલા નીચે આવેલો બીજો અવશેષ એક સૂર્યપરિકરનો છે. અમારી જાણ મુજબ સૂર્યમૂર્તિનો આવો સળંગ પરિકર અદ્યાપિ પ્રાપ્ત નથી. મૂર્તિકલાની આ એક નોંધપાત્ર પ્રાપ્તિ છે. વ્યાલ અને મકરમુખયુક્ત સનાલ પદ્મનું ઈલિકાવૃત્ત અહીં ખાસ ધ્યાન ખેંચે છે. દક્ષિણ તરફનો નીચેનો ભાગ તથા મધ્યેની સૂર્યપ્રતિમા ખંડિત છે. સૂર્યમસ્તક પાછળનું પદ્મયુક્ત વલય આ ખંડની અન્ય વિશિષ્ટતા છે. સૂર્યદેવ રથ ઉપર આસનસ્થ મુદ્રામાં હશે. ઇ. સ.ની અગિયારમી સદીની ઉન્નત કલાનો આ નોંધપાત્ર અવશેષ છે. (જુઓ, ચિત્ર–૪)

વડલાના થડમાં પાછળના ભાગે વિષ્ણુની એક યુગલપ્રતિમા આવેલી છે (ચિત્ર નં–૫). મુખરેખાઓ અસ્પષ્ટ છે, પરંતુ દેહભંગી, આકૃતિઓનું ભરાવદારપણું અને સુદર્શન ચક્ર આ મૂર્તિને ઇ. સ.ની નવમી સદીની પ્રતિહારમૂર્તિકલામાં મૂકી દે છે. દેવધરા ઉપર પ્રાપ્ત આ એક માત્ર વિષ્ણુઅવશેષ છે.

હાલ પૂજાઅર્ચના પામતા પ્રાણનાથ મંદિરના મંડપમાં બન્ને બાજુએ ઘસાઈ ગયેલાં મૂર્તિશિલ્પોને હારબંધ ગોઠવેલાં છે, આમાંથી ઓળખી શકાય તેવાં શિલ્પોમાં કંઈક મોટા કદની ગણેશમૂર્તિ અને એક નાની આકૃતિ ઐંદ્રાણીની છે. ગણેશમૂર્તિ દશમી સદી પહેલાંની અને ઐંદ્રાણી બારમી સદીની જણાય છે. બાજુની દધીચિડેરીમાં પણ બેએક શિલ્પો છે જે કદાચ કોઈ ખંડિત મંદિરના મંડોવરના અવશેષો લાગે છે. મંદિર અને વડલાથી થોડે દૂર યક્ષમૂર્તિની પાસે એક વિશેષ સૂર્યમૂર્તિ આવેલી છે (ચિત્ર–૬). ઉત્તમાંગનો ભાગ ખંડિત છે, બાકીના ભાગમાં દક્ષિણ બાજુની પરિકરઆકૃતિઓ કંઈક સ્પષ્ટ છે. અગિયારમીબારમી સદીની જાલિકા-યુક્ત ચંદ્રશાલામાં સૂર્યઆકૃતિઓ અને મુખ્ય સૂર્યની બાજુની દંડ, પિંગળ વગેરેની આકૃતિઓ તેમ જ મુખ્ય આકૃતિના બૂટ પહેરેલા પગ વગેરે નોંધી શકાય છે. આવો જ અન્ય સૂર્યઅવશેષ

બાજુની સાધુઓની સમાધિ ઉપર જોઈ શકાય છે (ચિત્ર–૭). શિવલિંગની પાછળ મુખ્ય સૂર્ય-મૂર્તિનો વામખંડ બચેલો છે. પરિકરના સૂર્ય, બાજુના પિંગળ–સંજ્ઞા અને મુખ્ય દેવપ્રતિમાનો બૂટ પહેરેલો ભગ્ન ડાબો પગ તથા નીચે અશ્વની ત્રણ આકૃતિઓ–આ વળી ચોથી સૂર્યમૂર્તિની જાણ કરે છે! દેવધરા ઉપર જ ઉપાસ્ય પ્રકારની કહી શકાય એવી આ ચાર સૂર્યપ્રતિમાઓ અવશેષ સ્વરૂપે હયાત છે!

દેવધરાથી ગામ તરફ જતાં હનુમાન ઓટો અને કોઈ મંદિરનો ઉબરો પછી પાળિયાઓના ઓટા અને ગામનો ઝાંપો આવે છે. ઝાંપા પાસે નાનકડી દેરી છે, ગામના લોકો તેને ' વિસામો ' કહે છે. સ્મશાનયાત્રામાં લઈ જવાતા શબને આ દેરી પાસે નીચે ઉતારવામાં આવે છે અને શ્રીફળ વગેરે વધેરે છે. આ દેરી પાસે આવેલી એક સૂતેલી પ્રતિમાને ગામલોકો ' ઠાઠડી ' કહે છે! ઘણા જ આશ્ચર્ય સાથે અમે જોયું કે તે ઘસાઈ ગયેલી ભગવાન શેષશાયીની પ્રતિમા છે! દેરીની અંદર ગણેશમૂર્તિ, બાજુમાં માહેશ્વરી, કૌમારી વગેરે માતૃગણ અને બહાર વર્તુલાકારે આવેલા એક બે ફૂટના પથ્થરમાં એક સાથે ચારેક ગણેશમૂર્તિઓનું તક્ષણ જોઈ શકાય છે. કોઈ મંદિરના ગૂઢ-મંડપના વિતાનનો આ અવશેષ જણાય છે. અહીંથી ગામમાં પ્રવેશતાં નાનકડું કબ્રસ્થાન, સતીના પાળિયા અને વાછરાડાડાનું થાનક આવે છે, બાજુમાં ઠાકરમંદિર છે અને થોડે દૂર ગામની બહાર શીતળામાતાનું મંદિર તથા વિશાળ વડલો છે. શીતળા તરીકે સૂર્યમૂર્તિ હોવાની વાત આપણે ઉપર કરી. મંદિર અનેકવાર પડી અનેકવાર પુનઃ સર્જન પામેલું હોઈ કંઈ પ્રાચીન નિશાની નથી, પરંતુ વડલાની નીચે આજુબાજુના જે ટૂકડા એકત્ર કરવામાં આવ્યા છે તેમાં ચૈત્યબારીનું એક શિલ્પ ઘણું જ અગત્યનું છે (ચિત્ર–૮). ઈ. સ.ની સાતમી, આઠમી સદીના મૈત્રકકાલીન મંદિરનો આ અવશેષ વીસણવેલની ભૂતકાલીન સમૃદ્ધિનો નોંધપાત્ર ખંડ છે. શીતલા તરીકે પૂજાતી સૂર્યમૂર્તિ ઘણી અસ્પષ્ટ અને ખંડિતપાદ છે, પરંતુ તેનો મુકુટ અને છાતીનો વળાંક તેને વીસણ-વેલની સૌથી પ્રાચીનમૂર્તિ ગણાવે છે. ચૈત્યબારીયુકત સાતમી–આઠમી સદીનું આ મંદિર અને તેની આ સૂર્યમૂર્તિ હશે એમ અનુમાની શકાય છે. વડલા નીચે થોડે દૂર ચાર ફૂટ બહાર દેખાતો વિશાળ મૈત્રકકાલીન ઉલૂખલ આવેલો છે. આજુબાજુ શિલ્પખંડો વગેરે રખડે છે, પરંતુ કોઈ સ્થળે મંદિરની પીઠિકા નજરે ચડતી નથી.

વીસણવેલમાં ઘણી મોટી ઊથલપાથલ થયેલી જોવા મળે છે, નદીના પાણીની હોનારતનો પણ સંભવ છે. નિશાળ આદિ બનેલા નૂતન બાંધકામમાં પણ ઘણા અવશેષો પૂરાઈ ગયાનું ભાસે છે. એટલું સ્પષ્ટ છે કે વીસણવેલનો પ્રધાન દેવતા સૂર્ય છે. છેલ્લા દાયકામાં આ વિસ્તારમાંથી બહાર આવેલી અસંખ્ય સૂર્યમૂર્તિઓ જેમાં કેશોદ, કેવદ્રા, એકલેરા, માંગરોળ, બુધેચા ઉપરાંત જેનો શિલાલેખ પ્રાપ્ત છે તે ખોરાસા ગામ અહીંથી તદ્દન નજીક છે. પ્રભાસ અને તેની આજુ-બાજુનો આ સમગ્ર વિસ્તાર શિલ્પસ્થાપત્યની મહાન સમૃદ્ધિથી લીલોછમ બનેલો હશે અને એના લીલીનાઘેડ નામને સાર્થક કરતો હશે.

પરમાત્મવિભૂતિઓનાં પ્રભામંડળ

સુંદરલાલ એસ. પારેખ

શૈવ, વૈષ્ણવ, બૌદ્ધ અને જૈન આદિ ધર્મોમાં, જે ઉપાસ્ય દેવદેવીઓ છે જેમની મુખ્ય દેવ કે દેવી–પરમાત્મવિભૂતિ તરીકે પૂજા–અર્ચા થાય છે તેમનાં મૂર્તિઓ, શિલ્પોમાં મસ્તક પાછળ પ્રભામંડળ, તેજોવલય (Halo, Nimbus)નું આલેખન હોય છે. પ્રાચીન સમયથી આપણા દેશમાં સૂર્યપૂજા પ્રચલિત હતી અને વૈદિક કાળથી, 'ગાયત્રીમંત્ર' રૂપે સૂર્યની ઉપાસના આપણા દેશમાં વ્યાપક બની છે. સમગ્ર વિશ્વ અને અસંખ્ય બ્રહ્માંડોમાં જીવનશક્તિ, પરમ ચૈતન્ય અને 'ઇલેકટ્રો–મૅગનેટિક' મહાશક્તિરૂપે સૂર્યની પ્રચંડ, અલૌકિક, અજ્ઞેય શકિત વ્યાપી રહી છે અને તેથી જ સર્વ બ્રહ્માંડો અને આ પૃથ્વી પર સર્વ પ્રાણ ધારણ કરનારાં પ્રાણીઓ, પક્ષીઓ, મનુષ્યો, જીવ, જંતુ, જલચર, સ્થળચર આદિ સર્વ જીવન અને ચૈતન્યરૂપી જાદુઈ વીજળિક શક્તિથી હરેફરે છે. આ સૂર્યશક્તિના પ્રતીકરૂપે, સર્વ પરમાત્મવિભૂતિઓનાં શિલ્પોના માથા પાછળ પ્રભામંડળોનું નિરૂપણ જોવામાં આવે છે.

આ વિષયમાં, મહાન પુરાવશેષવિદ્યાવિદ અને કલામીમાંસક ડૉ. આનંદ કુમારસ્વામીએ દર્શાવ્યું છે કે[1] :

'It is only after about 800 B. C. that we can trace or infer any contemporary contact of Aryan India with Persia. From the evidence of Indian Art, Maurya to Gupta-Asoka's Capitals and palace, Certain terracottas, fire-alters on seals and coins, pointed Caps and so forth—a "Zoroastrian period of Indian history" has been inferred, and a 'Semi-Mithraic Buddhism' spoken of. Elements of Sun and Fire-worship are certainly indicated in early Buddhist art; we find the worship of a flaming pillar, and later, Buddhas, śivas and kings (kaniska), with flames rising from their shoulders, while the nimbus is of solar origin and must have originated either in India or Persia'.

સૂર્યપૂજા અને અગ્નિપૂજા, પશ્ચિમ એશિયાના કેટલાક દેશોમાં, ખાસ કરીને ઈરાનમાં ઘણા પ્રાચીન સમયથી પ્રચલિત હતી અને ભારતમાં, વૈદિક સમયથી ચાલ્યો આવતો સૂર્યપૂજાનો સંપ્રદાય, સર્વ સંપ્રદાયોમાં સૌથી પ્રાચીન હતો, અને ઋગ્વેદમાં (૧.૧૧૫૩–૫૪; ૭.૫૦.૩; ૭.૬૩.૨, અને ૭.૭૭.૧) સૂર્યનાં વર્ણન અને સૌથી પહેલો સૂર્ય–મૂર્તિવિજ્ઞાનનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. સૂર્યની ઉપાસનાથી કોઢ મટે છે એમ શ્રીકૃષ્ણના પુત્ર સાંબની પૌરાણિક કથા

---

૧ કુમારસ્વામી (ડૉ.), એ. કે.: 'ધી હિસ્ટરી ઓફ ઇન્ડિયન એન્ડ ઇન્ડોનેશિયન આર્ટ', પૃ. ૨૨

નિરૂપણ કરે છે. સાંબને કોઢનો રોગ લાગુ પડયો હતો તે સૂર્યની ઉપાસનાથી મટી શકે, તે માટે તેણે તેવી ઉપાસનાના જાણકાર બ્રાહ્મણો ભારતમાં શોધ્યા પણ મળ્યા નહિ, તેથી સાંબે, ઈરાનના શાકદ્વીપમાંથી, સૂર્યોપાસનાની ધાર્મિક વિધિના જ્ઞાતા મગ બ્રાહ્મણોનાં ૧૮ કુટુંબો ભારતમાં વસાવ્યાં અને પંજાબના મુલ્તાન શહેરમાં એક સૂર્યમંદિર બંધાવ્યું હતું. સૂર્યની તાંત્રિક પૂજા–અર્ચા દ્વારા કેટલાક અસાધ્ય રોગો મટે છે, એવી વિભાવનાનું વિવરણ કરતો એક ગ્રંથ तृच्-भास्कर (શ્રી આર. ડી. સાઠે અને વિદ્વાનો દ્વારા સંપાદિત), વડોદરા પ્રાચ્યવિદ્યા મંદિરની 'ગાયકવાડ્ઝ ઓરિયેન્ટલ સિરીઝ'માં પ્રસિદ્ધ થવાની તૈયારીમાં છે.

પ્રાચીન સમયમાં, સૂર્યની પૂજા એક વર્તુલાકાર તેજબિંબ તરીકે થતી હતી. કેટલીકવાર તે સ્વસ્તિકના પ્રતીકરૂપે પૂજાતો હતો. વેદનાં સૂક્તોમાં સૂર્યને, એક અથવા સપ્ત અશ્વો જોડેલા, ચક્રયુક્ત રથમાં બેઠેલા દેવ તરીકે વર્ણવવામાં આવ્યો છે. રથના પૈંડારૂપે અથવા યજ્ઞવેદીના પાછળના ભાગે વર્તુલાકાર સુવર્ણ–ચક્રના પ્રતીક વડે, વૈદિક કાળમાં સૂર્યનું નિરૂપણ થતું હતું. સળિયા સહિતનું રથનું પૈંડું, કિરણોવાળું ચક્ર, પૂર્ણ વિકસિત કમળ, કુકકુટ, ઊગતો સૂર્ય આદિ સૂર્યનાં પ્રતીકો, ઔદુમ્બરોના, તક્ષશિલાના અને પંચમાર્ક્ડ સિક્કાઓ પર આલેખાયેલાં જોવા મળે છે. આ સર્વ સૂર્ય–પ્રતીકો પૈકી, વિષ્ણુનાં આયુધોમાંનું ચક્ર અને સૂર્યમૂર્તિનાં બન્ને હાથમાંનાં ઉત્ફુલ્લ કમળ આજે પણ મૂર્તિવિજ્ઞાનમાં પ્રચલિત છે. ક્ષત્રપકાળની વિષ્ણુની કેટલીક મૂર્તિઓમાં, ઊંચી દીવાલવાળી વિષ્ણુની ઇરાનિયન ટોપી જેવા મુકુટમાંથી, અગ્નિ કે સૂર્યની જ્વાળાઓ નીકળતી હોય એમ દર્શાવવામાં આવ્યું છે, તે સાબિત કરે છે કે વિષ્ણુના સ્વરૂપમાં સૂર્ય પણ સમાવિષ્ટ છે. ડૉ. ઉમાકાન્ત પ્રે. શાહે, કચ્છમાંથી પ્રાપ્ત થયેલી આવી એક વિષ્ણુમૂર્તિ પ્રસિદ્ધ કરી છે.[૨] વળી, સૂર્ય અને અગ્નિના અંશો ધરાવતા રુદ્ર–શિવના પુત્ર સ્કંદ–કાર્તિકેયની એક મૂર્તિના અંગમાંથી અગ્નિ કે સૂર્યની જ્વાળાઓ નીકળતી દર્શાવેલી છે.[૩] ઊગતા સૂર્યની છડી પોકારતો કૂકડો, કાર્તિકેયનાં ઘણાં શિલ્પોમાં હાથમાં પકડેલો જણાય છે તે દર્શાવે છે કે, સૂર્યનો અંશ ધરાવતા રુદ્ર–શિવનો સ્કંદ સાથે સંબંધ છે.

ભારતમાં સૂર્યનું મનુષ્યાકારનું સૌથી પ્રાચીન મૂર્તિરૂપે આલેખન બોધગયા અને ભાજાનાં ભાસ્કર્યો (Reliefs)માં (ઈ. સ. પૂર્વે પ્રથમ શતાબ્દી) જોવા મળે છે અને લાલા ભગત સ્તંભ અને અનન્ત ગુંફા (ખંડગિરિ ગુફાઓ)ની સૂર્યમૂર્તિઓ, ઈસવીસનના પહેલા–બીજા શતકમાં કોતરાયેલી છે.[૪] સૂર્યમૂર્તિમાં, ઊંચી ઊભી દીવાલની ઇરાનિયન ટોપી જેવો મુકુટ, શક=સીથિયનો, કુષાણોના પહેરવેશને મળતો આવતો કોટ, ઢીંચણ સુધી પહોંચતા બૂટ અને બન્ને હાથમાં પૂર્ણ

૨ શાહ (ડૉ.), ઉમાકાન્ત પ્રે., 'ગુજરાતના એક ક્ષત્રપકાલીન શિલ્પનું મસ્તક', સ્વાધ્યાય, પુ. ૫, અંક ૨, પૃ. ૧૯૬–૧૯૮

૩ મુકરજી (ડૉ.), બી. એન., 'ધી આઇકોનોગ્રાફી ઓફ એ સારનાથ સ્કલ્પચર', જર્નલ ઓફ ધી ઓરિયેન્ટલ ઇન્સ્ટિટયૂટ, એમ. એસ. યુનિવર્સિટી ઓફ બરોડા, વૉ. ૧૯, પૃ. ૨૭૩

૪ બૅનરજી (ડૉ.), જે. એન., 'સૂર્ય : આદિત્યાઝ એન્ડ નવગ્રહાઝ', જર્નલ ઓફ ધી ઇન્ડિયન સોસાયટી ઑફ ઓરિયેન્ટલ આર્ટ, વૉ. ૧૬, ૧૯૪૮, પૃ. ૫૬

વિકસિત કમળો દષ્ટિગોચર થાય છે. આ રીતે, સૂર્યના મૂર્તિવિજ્ઞાનની વિભાવનામાં, ઈરાનના મગ બ્રાહ્મણો, ઇન્ડો-ગ્રીક્સ, શક-સીથિયનો, ક્ષત્રપો, કુષાણો આદિ પશ્ચિમ એશિયાની જાતિઓએ ભાગ ભજવ્યો હોય એમ જણાય છે.

વિશ્વનાં અનેક બ્રહ્માંડો અને સૃષ્ટિઓમાં પ્રાણ, ચૈતન્ય અને જીવનરૂપે વ્યાપી રહેલી સૂર્યની ઇલેક્ટ્રો-મેગનેટિક શક્તિ, ઉપાસ્ય દેવ-દેવીઓના મસ્તક પાછળના પ્રભામંડળરૂપે આલેખવામાં આવે છે એ દર્શાવે છે કે પ્રાચીન સૂર્યપૂજા હજી ય પ્રભામંડળોના પ્રતીકરૂપે સર્વ સંપ્રદાયોમાં વ્યાપી રહી છે. મૂર્તિઓના મસ્તક પાછળ આ રીતે પ્રભામંડળના આલેખનની શરૂઆત, ઈ.સ. પૂર્વે પ્રથમ સૈકામાં અને ઈસ્વીસનની પહેલી-બીજી શતાબ્દીમાં થયાનું જણાય છે.[૫] આ વિષયમાં ઈંગ્લેન્ડના મૂર્તિવિજ્ઞાનનો અભ્યાસ કરતા એક પ્રોફેસરે, વ્યાપક અને ઊંડા સંશોધનનો આરંભ કર્યો છે. આપણા ભારતીય વિદ્વાનો પણ આપણા સાંસ્કૃતિક વારસાને પૂરેપૂરો સમજવા અને તેનું અર્થઘટન કરવા પ્રયત્ન કરે એવી આશા રાખીએ.

---

૫ કુમારસ્વામી (ડૉ.), એ. કે., ઉપર્યુક્ત, આકૃતિઓ ૯૦, ૧૨૨, ૧૨૩, ૧૩૦, ૧૩૨

ધ્વનિ-સ્વરૂપ

લાભશંકર પુરોહિત

કવિતાની અભિવ્યક્તિનું એકમાત્ર વાહન છે 'શબ્દ'. કવિપ્રતિભાના સ્પર્શથી કાવ્ય-ગત શબ્દ, ઊર્ધ્વારોહી બની, અનેકરંગી અર્થવલયોને પ્રકટ કરવા શક્તિમંત બનતો હોય છે. 'ધ્વનિ' સિદ્ધાંતના સમર્થ પ્રતિપાદક શ્રી. આનંદવર્ધન દ્વારા, યોગ્ય રીતે જ, કાવ્યગત 'શબ્દ'ની આ અર્થલીલાનું ગૌરવ થયું છે. 'શબ્દ'ની પ્રચ્છન્ન અર્થશક્તિઓને તાગી, સહૃદયચિત્તને આહ્લાદ આપે તેવા રૂપે, એને કાવ્યમાં પ્રયોજવામાં જ કવિની કવિત્વશક્તિની સિદ્ધિ છે. કાવ્યમાં 'શબ્દ' અને 'અર્થ' દ્વારા અભિવ્યંજના પામતો આ વિશિષ્ટ અર્થ એ ધ્વનિ.

આપણી કાવ્યમીમાંસાના વિભિન્ન વિચારપ્રવાહોમાં થોડાઘણા અભિપ્રાયભેદે, મોટેભાગે, કાવ્યઉપાદાનરૂપ શબ્દની દ્વિવિધ અર્થશક્તિનો તો સ્વીકાર થતો રહ્યો છે. વાણીના ઘટક તરીકે શબ્દનો પ્રાથમિક અર્થ છે પરંપરા પ્રાપ્ત અભિધેયાર્થ કે વાચ્યાર્થ. આ અર્થને કાવ્યમીમાંસાએ સાક્ષાત્ સંકેત તરીકે ઓળખાવ્યો છે.[1] વ્યવહારભાષાનું ઉપલું કાઠું આ વાચ્યાર્થને પ્રકટ કરતા વાચક શબ્દથી ઘડાયું હોય છે. આ વાચ્યાર્થ ઉપરાંત દ્વૈનીયિક અર્થ છે લક્ષ્યાર્થ. કાવ્યેતર વ્યવહારમાં પણ આપણે શબ્દને લક્ષ્યાર્થસમેત પ્રયોજતા હોઈએ છીએ. શબ્દના આ પ્રથમતઃ અને દ્વિનીયતઃ અર્થોને પ્રકટ કરનારી શક્તિઓ તે અનુક્રમે અભિધા અને લક્ષણા.

પણ ઉત્તમ કવિતામાંથી આપણને સાંપડતો રહસ્ય સભર આશય કે ધ્વનિ અભિધાજન્ય કે લક્ષણાજન્ય નથી જ હોતો. અભિધાવૃત્તિ તો શબ્દનો પ્રાથમિક અર્થ કોશગત અર્થ–આપીને અટકી જાય છે; પ્રથમ અર્થનો બાધ થતો હોય તેવા કિસ્સામાં કયારેક એની સાથે સંકળાયેલા અન્ય અર્થને લક્ષણાવૃત્તિ પ્રાપ્ત કરાવે છે. આ ઉભય અર્થને અતિક્રમીને રચનામાંથી સ્ફુરતો વિશિષ્ટ ધ્વનિમૂલક અર્થ તો પ્રાપ્ત થતો હોય છે કોઈ ત્રીજી શક્તિના બળે. ધ્વનિનિષ્પાદક આ ત્રીજી શક્તિ તે વ્યંજના. અભિધા વા લક્ષણાના વ્યાપારને અંતે એનું પ્રવતન થતું હોય છે. આ વ્યંજનાબળે પ્રાપ્ત થતો વ્યંગ્યાર્થ તે ધ્વનિ; એ જ 'કાવ્યસ્યાત્મા' છે.[2] ધ્વન્યાર્થની ઉપસ્થિતિ, આનંદવર્ધનના અભિપ્રાયે, કાવ્યની અનિવાર્ય શરત છે. 'સહૃદયના હૃદયને હરી લે' તેવા પ્રતીયમાન અર્થના સ્પર્શના અભાવવાળું કોઈ કાવ્ય નથી; એટલે સ્તો આ પ્રતીયમાન અર્થને 'કાવ્યનું પરમ રહસ્ય' ગણ્યું છે.[3]

---

૧ જુઓ: साक्षात् संकेतितं योऽर्थ अभिधत्ते स वाचक: ।।२।। काव्यप्रकाश द्वितीय उल्लास:

૨ જુઓ: काव्यस्यात्मा ध्वनिरिति संज्ञित:, ध्वन्यालोक प्रथम उद्योत; પૃ. ૮

૩ જુઓ: सर्वथा नास्त्येव सहृदयहृदयहारिण: काव्यस्य स प्रकारो यत्र न प्रतीयमानार्थ-संस्पर्शेन सौभाग्यम्। तदिदं काव्यरहस्यं परमिति सुरिभिर्भावनीयम्। એજન, तृतीय उद्योत, પૃ. ૫૦૧

સહૃદયની પ્રશંસા પ્રાપ્ત કરતા, કાવ્યના આત્મતત્ત્વરૂપ ‘ અર્થ ’ને, ધ્વનિકાર, બે પ્રકારનો ગણે છે: વાચ્ય અને પ્રતીયમાન.[૪] આ પૈકી વાચ્ય અર્થ તો સુપ્રસિદ્ધ અને સર્વગમ્ય છે. ઉપમાદિ અલંકારોનાં દૃષ્ટાંત વડે આલંકારિકોએ એનું ઘટતું વિવરણ પણ કર્યું જ છે. પરંતુ કાવ્યમાં સવિશેષ મહિમા તો છે પ્રતીયમાન અર્થનો. પ્રત્યક્ષ અર્થલક્ષીને મૂળ સંદર્ભને જ વશવર્તી અભિધામૂલક વાચ્યાર્થની ગતિ શાસ્ત્ર કે વિજ્ઞાનના નિરૂપણમાં સહાયક નીવડે છે; જ્યારે પરોક્ષ અર્થલક્ષીને સંદર્ભપરિવર્તનક્ષમ પ્રતીયમાન અર્થની ગતિ, કવિતાના વિશિષ્ટ ધ્વનિવ્યાપારને અનુલક્ષે છે. આ પ્રતીયમાન અર્થની સંદર્ભવિકેન્દ્રીયતા, વિવૃતિ અને વ્યાપનશીલતા પ્રગટે છે કવિતાગત શબ્દના ‘તરંગાયમાનત્વ’ને કારણે. પ્રતિભાસ્પૃષ્ટ કવિકર્મને પ્રતાપે, પ્રતીયમાન અર્થનો બાહક, કાવ્યગત શબ્દ વિભિન્નને વિવિધ અર્થતરંગોને પ્રસારી શકે છે; અને એમાંથી જ એનું, કળાસૌંદર્યનું ઘોતક એવું, પ્રતીકાત્મક રૂપ ઘાટ પામે છે.

કાવ્યપદાર્થના શીર્ષસ્થાને બિરાજમાન આ પ્રતીયમાન અર્થ, જો કે, સાંપડતો હોય છે રચનાગત વર્ણસંઘટ્ટના દ્વારા. પણ એ કેવળ **શબ્દસ્થ** નથી; કવિતાવાણીના વર્ણ,શબ્દ, પદ, વાકય જેવા ભિન્નભિન્ન વાક્‌–ઘટકો કે મુખ્યાર્થ, લક્ષ્યાર્થ, જેવા અર્થ–ઘટકોના નકરા સમુચ્ચય વા ઉપચય માત્રથી એ પ્રાપ્ય નથી; કે નથી આ બાહ્ય કાવ્યઘટકોમાં જ સંનિહિત. અંગનાનું લાવણ્ય એના શરીરસંસ્થાનના ભિન્નભિન્ન અવયવોમાં જ પ્રકીર્ણરૂપ નથી હોતું, પણ એ સૌને અતિક્રમીને સકલ અવયવના સંવાદપૂર્ણ સંયોગમાંથી સ્ફુરતી ચૈતન્યઆભામાં વિલસી રહ્યું હોય છે; તેવી જ રીતે, મહાકવિઓની કવિતાવાણીમાંનો ધ્વનિરૂપ પ્રતીયમાન અર્થ પણ વર્ણ, શબ્દ, વાક્ય, અભિધેયાર્થ, લક્ષ્યાર્થ વગેરેને વળોટીને સમગ્ર રચનાના અખંડ પુદ્દગલરૂપ, ઔચિત્યસભર સંવાદાત્મક સકલસંદર્ભમાંથી જ મ્હોરતો હોય છે.[૫]

આ લાવણ્યસદશ ધ્વન્યાર્થને વ્યક્ત કરી શકે તેવા ‘ શબ્દ ’ની પ્રાપ્તિ પણ વિરલ અને કષ્ટસાધ્ય છે. એ કારણે જ અસંખ્ય નામધારી કવિઓમાંથી માત્ર ગણતર કવિઓને જ મહાકવિનું ગૌરવ સાંપડતું હોય છે. આસ્વાદરૂપ પ્રતીયમાન અર્થને પ્રવાહિત કરવા સમર્થ મહાકવિઓની કવિતાવાણી, કવિની ‘ અલોકસામાન્ય ’ પ્રતિભાસમાન સર્ગશક્તિની વિશિષ્ટતાને પ્રકટ કરે છે.[૬] પ્રતીયમાન અર્થને પ્રચ્છન્નરૂપે ધરાવતી–અર્થવસ્તુની કલ્પક્તા ધરાવતી–કવિતા-સરસ્વતી જેટલી કવિપક્ષે કષ્ટસાધ્ય અને અસાધારણ પ્રાપ્ય છે; એટલી જ ભાવકપક્ષે કઠિન

---

૪ જુઓ: सहृदयश्लाघ्य: योऽर्थस्तस्य वाच्य: प्रतीयमानश्चेति द्वौ भेद्वौ ।

એજન, પ્રથમ ઉદ્યોત, પૃ. ૪૫

૫ જુઓ: प्रतीयमानं पुनरन्यदेव वस्त्वस्ति वाणीषु महाकवीनाम् ।
यत्तत्प्रसिद्धावयवातिरिक्तं विभाति लावण्यमिवाङ्गनासु ।। ४ ।।

એજન, પ્રથમ ઉદ્યોત, પૃ. ૪૭

૬ જુઓ: सरस्वती स्वादु तदर्थवस्तु नि:ष्यंदमाना महतां कवीनाम् ।
अलोकसामान्यमभिव्यनक्ति परिस्फुरन्तं प्रतिभाविशेषम् ।। ६ ।।

એજન, પ્રથમ ઉદ્યોત, પૃ. ૯૨

ભાવસાક્ષાત્કાર ક્ષમતાની અપેક્ષા ધરાવનારી છે. એ કારણે જ, કાવ્યના પરમ રહસ્યરૂપ, આ ધ્વન્યાર્થની પિછાન હેઠળ વ્યુત્પત્તિ-વિદ્વત્તા–ને સહારે શકય નથી; શબ્દાર્થશાસન–વ્યાકરણ અને કોશવિદ્યા-ની ઊંડી જાણકારી પણ ધ્વન્યાર્થપ્રાપ્તિ માટે પર્યાપ્ત નથી. કાવ્યના ધ્વનિપૂત સૌંદર્યખર્ચની પ્રાપ્તિ તો કેવળ 'કાવ્યાર્થતત્વજ્ઞ' અધિકારી ભાવકને જ થાય છે.[7]

પ્રકટન અને પ્રાપ્તિ પરત્વે સર્જક–ભાવક ઉભયની શક્તિને તાગતા અને સજ્જતાની અપેક્ષા રાખતા આ પ્રતીયમાન અર્થની દુઃસાધ્યતાનું કારણ છે એનું વાચ્યાર્થ-આલંબન. ધ્વનિરૂપ વ્યંગ્યાર્થને પ્રકટ કરવા કવિ પ્રથમ તબક્કે આ અભિધામૂલક વાચ્યાર્થનું આલંબન લે છે. પ્રકાશ પ્રાપ્ત કરવા ઈચ્છતો માનવી, ઉપકરણ તરીકે, દીપશિખાનો સહારો લે છે; પણ આ દીપક તો છે કેવળ સાધન, ને સાધ્ય તો છે પ્રકાશ. દીવાને સહારે એને જેમ પ્રકાશ લાધે છે, એ જ પ્રકારે કવિ પણ કાવ્યરહસ્યરૂપ ધ્વનિને સિદ્ધ કરવા અર્થે વાચ્યાર્થનો, સાધન તરીકે, ઉપયોગ કરે છે.[8] અખંડ વાક્યાર્થની પ્રાપ્તિ વાકયાંતર્ગત પદોના અન્વયબળે શકય બને છે. પ્રકીર્ણ શબ્દો પરસ્પરના વિભક્તિ સંબંધને કારણે સહાયરૂપ થતા હોય છે; પરંતુ વાકયાર્થની પ્રાપ્તિ થતાં, પ્રત્યેક પદનો વ્યક્તિગત એકાકી અર્થ ગૌણભાવ ધરાવતો થઈ જાય છે. કાવ્યના સર્જન ભાવનની પ્રક્રિયામાં ધ્વનિરહસ્યના પ્રકટન ને પ્રાપ્તિની વેળાએ આ પ્રકારની પ્રક્રિયા પ્રવર્તતી હોય છે. અધિકારી ભાવકના ચિત્તમાં કાવ્યાંતર્ગત ધ્વનિ કે રહસ્ય પ્રત્યક્ષ થાય છે તે કક્ષાએ કાવ્ય ઉપાદાનના પ્રથમ અર્થરૂપ વાચ્યાર્થનો સંબંધ પ્રાયઃ ભૂંસાઈ જતો હોય છે. એટલે, પ્રતીયમાન અર્થના ધ્વનનવ્યાપારમાં વાચ્યાર્થ કેવળ સોપાનભૂમિકારૂપે રહ્યો હોય છે.[9] 'ધ્વનિ'ની આ બધી વિલક્ષણતાઓને ધ્યાનમાં લઈને, આનંદવર્ધન એની વ્યાખ્યા આ પ્રકારે બાંધે છે:

"જ્યાં અર્થ પોતાને અને શબ્દ પોતાના અભિધેય અર્થને ગૌણભાવે રાખીને, તે અર્થ (પ્રતીયમાન)ને વ્યક્ત કરે છે તેવા કાવ્યવિશેષને વિદ્વાનો 'ધ્વનિ' કહે છે."[10]

---

૭ જુઓ: शब्दार्थशासनज्ञानमात्रेणैव न वेद्यते ।
वेद्यते स तु काव्यार्थतत्त्वज्ञैरेव केवलम् ॥ ७ ॥
એજન, પ્રથમ ઉદ્યોત, પૃ. ૯૪

૮ જુઓ: आलोकार्थी यथा दीपशिखायां यत्नवाञ्जनः ।
तदुपायतया तद्वदर्थे वाच्ये तदादृतः ॥ ९ ॥
એજન, પ્રથમ ઉદ્યોત, પૃ. ૯૮

૯ જુઓ: यथा पदार्थद्वारेण वाक्यार्थः सम्प्रतीयते ।
वाच्यार्थपूर्विका तद्वत्प्रतिपत्तस्य वस्तुनः ॥ १० ॥
એજન, પ્રથમ ઉદ્યોત, પૃ. ૯૯

૧૦ જુઓ: यत्रार्थः शब्दो वा तमर्थमुपसर्जनीकृतस्वार्थौ ।
व्यङ्क्तः काव्यविशेषः स ध्वनिरिति सूरिभिः कथितः ॥ १३ ॥
એજન, પ્રથમ ઉદ્યોત, પૃ. ૧૦૨

આમ, વાચ્યવિશેષ અર્થ અને વાચકવિશેષ શબ્દ જ્યાં પ્રતીયમાન અર્થને વ્યક્ત કરે તેવી રચના 'ધ્વનિ' કહેવાય. આ પરથી ધ્વનિનું સૌ પ્રથમ લક્ષણ થયું 'શબ્દ–અર્થ'ના સ્વકીય અર્થોનું, અન્ય અર્થની તરફેણમાં વિસર્જન. આ સ્થિતિમાં કવિતામાં પ્રત્યક્ષ થતા 'શબ્દ' અને 'અર્થ', મહીંથી પમરતા ધ્વન્યાર્થ કરતાં, કયારેક, સાવ ભિન્નરૂપે દીસવાના. વાચ્યાર્થ અને ધ્વન્યાર્થ વચ્ચેનો આ ભેદ, સ્વરૂપ, ઠાલ, આશ્રય, નિમિત્ત વગેરે ભિન્ન ભિન્ન સ્તરે પ્રતીત થતો હોય છે. વાચ્યાર્થ ને વ્યંગ્યાર્થનો સ્વરૂપભેદ કવચિત્ વિધિ–નિષેધના વિપર્યાસ પ્રકારનો હોઈ શકે; એટલે કે વાચ્યાર્થ દ્વારા આક્ષિપ્ત હોવા છતાં વ્યંગ્યાર્થ, વાચ્યાર્થથી વિરુદ્ધરૂપનો હોય. આ ઉક્તિઓ જુઓ :

'રચો, રચો અંબરચુંબી મંદિરો,
ઊંચા ચણો મ્હેલ, ચણો મિનારા !

× × ×

રચો, રચો ચંદનવાટિકાઓ,
ઊંડા તણાવો નવરંગ ઘુમ્મટો,
ને કૈંક ક્રીડાંગણ, ચંદ્રશાળા
રચો ભલે ! —ઉમાશંકર જોશી.[૧૧]

અહીં વાચ્યાર્થ તો વિધિ મૂલક છે, પરંતુ વ્યંગ્યાર્થ નિષેધમૂલક છે. અંબરચુંબી મંદિરો, મિનારા, વાટિકા, ઘુમ્મટો વગેરે પીડિતોના ભોગે તથાં સંપત્તિપ્રદર્શનો ને સાહેબી બંધ કરવાનો સંકેત ઉદ્દિષ્ટ છે; અન્યથા, 'ભૂખ્યાં જનોનો જઠરાગ્નિ જાગશે, ખંડેરની ભસ્મકણી ન લાધશે'– એવું અમંગળ ભાવિ નિશ્ચિત છે જ. આનાથી ઊલટું, કયારેક વાચ્યાર્થ નિષેધવાચક હોય, પણ વ્યંગ્યાર્થ વિધિવાચક હોય :

"દાંડી વગડાવું મારા દેશમાં કે કોઈ હવે છાતીએ ન છુંદાવે મોર."—રમેશ પારેખ.[૧૨]

અહીં વાચ્યાર્થ તો છાતીમાં મોર છુંદાવવાના પ્રણયની ઝંખનાના નિષેધનો છે, પણ વ્યંગ્યાર્થ પ્રણયની વિરહવેદના, કષ્ટસાધ્યતા, તડપનને વ્યંજિત કરી ઝંખનાની તીવ્રતાને ઉપસાવે છે.

વાચ્યાર્થ–વ્યંગ્યાર્થ વચ્ચે, ગ્રાહ્યતા પરત્વે, કાલભેદ પણ હોય. કાવ્યભાવનની પ્રક્રિયામાં, રચનાના સંપર્ક વખતે જ, પ્રથમાર્થ રૂપે વાચ્યાર્થ તો પ્રાપ્ત થઈ જતો હોય છે : પરંતુ વ્યંગ્યાર્થની પ્રાપ્તિ તે પછીની ક્ષણોમાં, કાવ્યનું રહસ્ય ભાવકચિત્તમાં જેમ જેમ ઊકલતું જાય તેમ તેમ, થાય છે.

---

૧૧ 'ગંગોત્રી' (પહેલી આવૃત્તિ) 'જઠરાગ્નિ' પૃ. ૩૦

૧૨ જયંત પાઠક, 'કાવ્યલોક', છાતીએ ન છુંદાવે મોર' પૃ. ૬૦

ઉભય વચ્ચે ત્રીજો ભેદ છે આશ્રયનો. વાચ્યાર્થનો એકમેવ આશ્રય છે શબ્દ; શબ્દની બહાર વાચ્યાર્થનું કોઈ અસ્તિત્વ નથી; જ્યારે વ્યંગ્યાર્થ તો શબ્દ, શબ્દાંશ, વર્ણ, પ્રત્યય, રચના, અભિનય, સૂર–આમ વાણીપરક ને–વાણીથી પર એવા પણ–આશ્રયે પ્રગટ થતો હોય છે :

"ને **ક્રોસ** પર જે થાય છે તે થઈ ગયું"—હસમુખ પાઠક.[૧૩]

અહીં પ્રકરણ સંદર્ભે તો 'ક્રોસ' શબ્દ, 'વિભિન્ન દિશાઓમાંથી આવતા બે કે વધુ માર્ગોના પરસ્પર છેદનું સ્થાન'–એવો વાચ્યાર્થ જ ધરાવે છે; પરંતુ કૃતિના સમગ્ર રહસ્ય સંદર્ભમાં ઈસુના વધસ્તંભનો મર્મપૂર્ણ અર્થ આરોપી, કૃતિના આશયને કેવી કળાત્મક ભૂમિકા આપી રહે છે તે સ્પષ્ટ છે. 'ક્રોસ' શબ્દ વાચ્યાર્થ ઉપરાંત વ્યંગ્યાર્થને પ્રકટ કરે છે. અને આ અર્થ શબ્દનિષ્ઠ છે; જ્યારે,

"**હું...અ...**વાલમ, હાલ્ય, સીમાડો સાવ લીલો નાઘેર". —રમેશ પારેખ.[૧૪]

આ પંક્તિમાં, પ્રણયવ્યાકુળ નાયિકાની, પિયુમિલનના સંકેતની ઉન્માદી પ્રસન્નમુદ્રા, 'હું...અ...' જેવા વાક્–વ્યતિરિક્ત ઉદ્ગારથી કેવી વ્યંજિત બની રહે છે? કેટલીકવાર રચનાના સમગ્ર બંધમાંથી રહસ્યરૂપ ધ્વનિ સ્ફુરતો હોય છે. 'તરસ્યાઓ વાદળીને તીર રે, વિહંગરાજ, એકલા ઊડે.' કે 'ધૂમકેતુનું ગીત' જેવી ન્હાનાલાલની કાવ્ય રચનાઓ વ્યક્તિની એકલતા, ઊર્ધ્વારોહણ, અસ્પૃષ્ટત્વ વગેરે અર્થોને સકલ–કૃતિના આશય લેખે વ્યંજિત કરે છે.

નિમિત્ત પરત્વે પણ વાચ્યાર્થ ને વ્યંગ્યાર્થ જુદા તરી આવે છે. વાચ્યાર્થપ્રાપ્તિનું નિમિત્ત વ્યાકરણ અને શબ્દકોશ હોય છે, જ્યારે વ્યંગ્યાર્થપ્રાપ્તિનું નિમિત્ત વક્તા, બોદ્ધા, પ્રકરણ વગેરે હોય છે. વક્તા, શ્રોતા, સંદર્ભ વગેરેની વિશિષ્ટતાને કારણે વ્યંગ્યાર્થભેદ નીપજતા હોય છે. એક જ ઉક્તિ, આવા સંજોગોમાં જે અર્થાન્તરો સર્જે છે તેમાં નિર્ણાયક બળ 'નિમિત્ત' હોય છે. 'સાંજ પડી'–એવી સાદી ઊક્તિનો અર્થ, પ્રણયવ્યાકુળ વિરહી, નોકર, ખેડૂત વગેરેને નોખો નોખો ભાસવાનો.

ફળ કે પરિણામની બાબતમાં પણ ધ્વન્યાર્થની વિશેષ મહત્તા છે. વાચ્યાર્થનું ફળ અર્થપ્રતીતિ છે, જ્યારે વ્યંગ્યાર્થનું કાર્યફળ ચમત્કારનો અનુભવ છે. વાચ્યાર્થ અર્થબોધ કરાવીને અટકી જાય છે, જ્યારે વ્યંગ્યાર્થ ભાવની વ્યંજના દ્વારા ભાવકચિત્તને આહ્લાદનો અનુભવ કરાવે છે.

આ ઉપરાંત, વિષયપરત્વે પણ વ્યંગ્યાર્થ વાચ્યાર્થ કરતાં ભેદ ધરાવે છે. વાચ્યાર્થ તો એક વ્યક્તિને–વિષયને–ઉદ્દેશીને પ્રવર્તતો હોય છે, જ્યારે વ્યંગ્યાર્થ અન્યોદ્દિષ્ટ પણ હોય :

"રહેવા દે! રહેવા દે આ સંહાર, યુવાન! તું; —કલાપી.[૧૫]

---

૧૩ 'નમેલી સાંજ', (પ્રથમ આવૃત્તિ) 'કોઇને કંઈ પૂછવું છે ?', પૃ. ૯

૧૪ 'ક્યાં' 'સીમાડો સાવ લીલો નાઘેર' પૃ. ૧૬

૧૫ અનંતરાય રાવળ સં. 'કલાપીનો કાવ્યકલાપ' 'શિકારીને' પૃ. ૧૬૮

આ ઉક્તિમાં, અભિધાન સ્તરે તો વાચ્યાર્થ કેવળ શિકારીને સંબોધીને-ઉદ્દેશીને ચાલે છે, પરંતુ ઉક્તિના એના સૂક્ષ્મ સ્તરે, તો, કળા—સૌંદર્ય માત્રના ઘાતકને ઉદ્દિષ્ટ બનાવતો વ્યંગ્યાર્થ ધારે છે.

વાચ્યાર્થના મુકાબલે વ્યંગ્યાર્થની, ભિન્ન ભિન્ન કક્ષા પરની આ ભેદકતા, વ્યંગ્યાર્થ-ધ્વનિ-ની કાવ્યપ્રયોજકતાને વિશેષ મહત્ત્વ અપાવી રહે છે. ધ્વનિની આ વિલક્ષણતાને કારણે જ, વક્તવ્યના આશયની સમાનતા હોવા છતાં, ધ્વનિના અભાવને લીધે એક રચના કવિતા નથી બની શકતી, જ્યારે બીજી રચના ધ્વનિની ઉપસ્થિતિને લીધે, કવિતા બને છે. લગ્નોત્સુકા નાયિકાના મનોગત ભાવની અભિવ્યક્તિનાં બે ઉદાહરણ જોઈએ.

૧ "...........ઘરડાં માણસ ઢોર;
પરણ્યાં કુંવારાં કાંઈ ન પ્રીછે ફોગટ કરતાં શોર.
હું સમાણી જાય સાસરે, તેના જો તું તોગ;
તેહની પેરે થાશે માહારે, ત્યારે જાશે આફણિયે રોગ; —પ્રેમાનંદકૃત 'નળાખ્યાન'

૨ "આંખોને કાળમીંઢ કોણે ઘડી છે?
મને કંઈ તો જોયાનું સુખ આપો! —રમેશ પારેખ.[૧૬]

કુમારિકાના ચિત્તમાં જાગતી લગ્નસ્પૃહા અને તજ્જન્ય આકુલતા—આ બન્ને ઉદાહરણોમાં વ્યક્ત થઈ છે. પણ પ્રથમ ઉદાહરણમાં, થોડું અભદ્ર ગણી શકાય તેવું પ્રગલ્ભ—પ્રાકૃત કક્ષાનું અભિધાનિષ્ઠ કથન છે, જ્યારે બીજા ઉદાહરણમાં નાયિકાની સ્પૃહા, આકુલતા અને ખટક સંગોપીને વ્યંગ્યાર્થની ચારુ કક્ષાએ અભિવ્યક્તિ પામ્યાં છે. એ કારણે જ ધ્વનિના અભાવે પ્રથમ ઉદાહરણમાં કાવ્યત્વ નથી; ધ્વનિના સત્-ભાવે બીજા ઉદાહરણમાં કાવ્યત્વ સિદ્ધ થતું જોઈ શકાય છે. ધ્વનિના અભાવ ને ભાવની સાહેદી આપતાં બીજાં ઉદાહરણ જોઈએ :

૧ પ્રાણિયા, ભજી લેને કિરતાર,......
× × ×
તે તો ત્યજી તમે જાશો એકલા, ખાશો જમના માર રે...પ્રાણિયા.
× × ×
ઠીક કરીને ઠાઠડીમાં ઘાલ્યો, પછી પૂંઠે પડે પોકાર રે...પ્રાણિયા. —ભોજો ભગત

૨ મારી આંખે કંકુના સૂરજ આથમ્યા...
મારી વે'લ શંગારો વીરા, શગને સંકોરો
રે અજવાળાં પહેરીને ઊભા શ્વાસ! —રાવજી પટેલ[૧૭]

---

૧૬ (૧) અનંતરાય રાવળ સં. પ્રેમાનંદકૃત 'નળાખ્યાન' પૃ. ૩૨
(૨) 'ક્યાં', 'કુંવારી છોકરીનું ગીત' પૃ. ૨૦

૧૭ (૧) ભોજા ભગતના ચાબખા, પૃ. ૧૪–૧૫
(૨) 'અંગત', 'આભાસી મૃત્યુનું ગીત' પૃ. ૮૬

મૃત્યુવિષયક ભાવ-સંવેદનને વ્યક્ત કરવાનો, અહીં બન્ને ઉદાહરણોમાં પ્રયત્ન છે. પણ પ્રથમ ઉદાહરણમાં મૃત્યુની ભયાવહતા અટળતાનું, આક્રોશયુક્ત સ્થૂળ કક્ષાનું ઉચ્ચારણ માત્ર છે. બીજા ઉદાહરણમાં મૃત્યુના સંવેદનને અત્યંત ઋજુતાથી, 'કંકુના સૂરજ'ના પ્રતીક દ્વારા જીવનના અસ્તને વ્યંજિત કરી, 'વેલ'ના પ્રયાણ પ્રતીકથી સભર રીતે અભિવ્યક્ત કર્યું છે.

આ રીતે, રચનામાં ધ્વનિની ઉપસ્થિતિને કવિતાનું નિર્ણાયક પરિબળ ઘટાવાયું છે. આમ છતાં, ધ્વનિરૂપ વ્યંગ્યાર્થની કેવળ ઉપસ્થિતિ માત્રથી કામ પતતું નથી. ધ્વનિકાવ્યનો દરજ્જો પ્રાપ્ત કરવા માટે તો કૃતિમાં ધ્વનિનું પ્રાધાન્ય ઈષ્ટ છે. રચનામાં વ્યંગ્યાર્થ હોય, આમ છતાં વાચ્યાર્થ એના કરતાં વિશેષ ચમત્કારપૂર્ણ હોય તો તેવા કિસ્સામાં ઉક્ત કૃતિ ધ્વનિકાવ્ય ન ગણી શકાય. આ ઉદાહરણ જુઓ :

'વેણીમાં ગૂથવાં 'તાં
કુસુમ, તહીં રહ્યાં
અર્પવાં અંજલિથી.' રા. વિ. પાઠક.[૧૮]

અહીં પ્રકરણ નિરપેક્ષ વાચ્યાર્થ સ્પષ્ટ છે. નાયિકાના કેશકલાપમાં પુષ્પગ્રથનનો નાયકનો અભિલાષ, નાયિકાના અવસાનને કારણે, નિષ્ફળ બની રહે છે, એટલું જ વિવક્ષિત નથી; પ્રણયના શુચિધવલ પ્રતીક શાં એ પુષ્પો તર્પણ-અજલિમાં આપવાં રહ્યાં! અભિલાષ વિપર્યાસની નીંગળતી કરુણતા, વાચ્યાર્થમાંથી જ સ્તો, ટપકે છે. પરંતુ કુસુમ એટલે કાવ્યકુસુમ-એવો અહીં વ્યંગ્યાર્થ પણ છે. આ કાવ્યકુસુમો ગ્રંથાકારે તને અર્પવાનાં હતાં, એ હવે તારા અવસાન પછી પ્રકાશિત થાય છે એ મતલબનો વ્યંગ્યાર્થ પણ અહીં સૂચિત છે. દેખીતી રીતે જ, અહીં વિશેષ ચમત્કાર ભર્યો અર્થ તો વાચ્યાર્થ જ છે; એ કારણે વ્યંગ્યાર્થની હાજરી હોવા છતાં, પ્રધાનતા તો વાચ્યાર્થની જ રહે છે.

અભિધામૂલક 'શબ્દ' અને 'અર્થ'ના ઉપસર્જનને કારણે તદનંતર ફૂટતો વ્યંગ્ય-અર્થ, રચનામાં પ્રાધાન્ય તો ભોગવતો હોય જ; પરંતુ કૃતિના અંશમાંથી કે સમગ્ર પુદ્ગલમાંથી એ સહજ સ્ફુરિત હોવો જોઈએ. પ્રતિભાની મંદતા કે વ્યુત્પત્તિના અભાવને કારણે, કવિ પોતાની રચનામાં શબ્દનો સમુચિત વિન્યાસ ન યોજી શકે એ સ્થિતિમાં, પ્રતીયમાન અર્થને તાણીતૂસીને, દૂરાકૃષ્ટપણે આણવો પડે એ સ્થિતિ ધ્વનિકાવ્યને માટે ઈષ્ટ નથી.[૧૯] ધ્વનિની આ સહજ, સ્ફુરણા અને સ્ફુટત્વ ઔચિત્યને લીધે પ્રાપ્ય બની શકે. (ધ્વનિકાવ્યના) સકલ ભેદોમાં ધ્વનિની સ્ફુટરૂપે પ્રતીતિ થાય છે તે જ ધ્વનિનું પૂર્ણ લક્ષણ છે.[૨૦]

---

૧૮ 'શેષનાં કાવ્યો' (ત્રીજી આવૃત્તિ), પૃ. ૭

૧૯ જુઓ : "अव्युत्पत्तेरशक्तेर्वा निबन्धो यः स्खलद्गते : ।
शब्दस्य स च न ज्ञेयः सूरिभिर्विषयो ध्वने : ॥ ३२ ॥
ध्वन्यालोक, द्वितीय उद्योत :, પૃ. ૩૦૭

૨૦ सर्वेष्वेव प्रभेदेषु स्फुटत्वेनावभासनम् ।
यद्व्यंग्यस्याङ्गिभूतस्य तत्पूर्णं ध्वनिलक्षणम् ॥ ३३ ॥
એજન, દ્વિતીય ઉદ્યોત, પૃ. ૩૦૯

સંક્ષેપમાં કહીએ તો, ધ્વનિસિદ્ધાંત મુખ્યત્વે આટલાં વાનાંનો આગ્રહ રાખે છે: (૧) કાવ્યરચનામાં શીર્ષસ્થાને-આત્મતત્ત્વરૂપે-ધ્વનિ છે, (૨) આ ધ્વનિની અભિવ્યક્તિ અભિધા કે લક્ષણા દ્વારા શકય નથી એટલે શબ્દની ત્રીજી શક્તિ તરીકે વ્યંજનાને સ્વીકારવી ઘટે, (૩) આ વ્યંગ્યાર્થ, વાચ્યાર્થથી પર, અન્યતર છે, (૪) રચનાંતર્ગત ધ્વનિ સહજ-સ્ફુરિત અને સ્ફુટ હોવો જોઈએ, અને (૫) રચનામાં વિશેષ ચમત્કાર ધ્વનિનો હોવો જોઈએ.*

---

* પ્રસ્તુત લખાણમાં ટાંકેલાં 'ધ્વન્યાલોક'નાં ઉદ્ધરણો, 'ध्वन्यालोक' व्याख्याकार आचार्य जगन्नाथ पाठक, प्रकाशक चौखम्बा विद्याभवन वाराणसी, (प्रथम संस्करण, संवत् २०२१) માંથી લીધાં છે.

ગ્રન્થાવલોકન

મૂલ્યાંકનો લે. 'ઉશનસ્', પ્ર. કુમકુમ પ્રકાશન, અમદાવાદ, પૃ. ૮ + ૩૨૮. કિંમત રૂા. ૨૫–૦૦ પૈ.

આ વિવેચનસંગ્રહના છવ્વીસ લેખોમાં નિબંધો તેમ વ્યાખ્યાનો પણ છે. એમાં કવિ, કવિતા અને કાવ્યકૃતિ વિશે મનનશીલ અને દ્યોતક લેખો તરત લક્ષ દોરે છે. કવિ, અધ્યાપક, કાવ્યમર્મવિદ અને જીવનવિચારક લેખે અહીંના લેખોમાં 'ઉશનસ્'નું રુચિકર દર્શન થશે. એમાં જે નબળા અંશો છે તે લક્ષમાં રાખીનેય કહી શકાય કે પ્રૌઢિનું ઓજસ તથા સ્ફૂર્તિનું લાવણ્ય સમગ્રતયા અહીં અનુભવી શકાશે.

કવિ ન્હાનાલાલના સ્તુતિઅષ્ટક કે એમની બ્રહ્મવિભાવનાના લેખો, કાવ્યાનંદ યા છંદોલયની દૃષ્ટિથી કાવ્યવિમર્શના લેખો ઉપરાંત 'પ્રબળ ગતિ' યા 'નલિન રાવળની કવિતા' જેવા લેખો આસ્વાદ્ય અને સંતર્પક થયા જણાશે. ખાસ કરીને જ્યાં તેઓ આપણી વિવેચનાનાં ચાલુ ચોકઠાંની બહાર નિજી બૌદ્ધિક, સંવેદનાના સ્તરે વિહરે છે ત્યાં 'મૂલ્યાંકનો'ની વિશિષ્ટતા આકર્ષક નીવડે છે. ગદ્યપોત પણ વચ્ચે વચ્ચે ઉન્મેષદર્શી ખરું.

'મૂલ્યાંકનો'માં ઐતિહાસિક વીગતદર્શને વિશેષ સમતોલ રજૂઆત અપેક્ષિત રહે એમ છે. આપણે ત્યાં આવી રજૂઆતો ઘણીવાર રુચિભારે ખોડંગાતી હોય છે; તે જોતાં, આ સ્વસ્થ વિવેચકમાં કંઈક વધુ અપેક્ષિત રહે ખરું. ગેયત્વ–ગીતોની વિચારણા અહીં કદાચ ચાલુ દોરે ચાલતી હશે, પરંતુ દૃષ્ટાંતમાં યે કચાશ વરતાય એ હદે અસાવધતા અહીં ઠીક પ્રમાણમાં છે. ચિંત્ય વિધાનો, ભાવુકતાનો ઘેરો પુટ, સમકાલીન પરિબળોની ખેંચ, જેવાં લક્ષણોએ પણ અહીં વિવેચનાને ખમવાનું આવ્યું હોય એમ લાગે છે. પોતાની કવિતા વિશે મૌન ભલે ઈષ્ટ ન ગણાયું હોય, પણ ત્યાં વિવેચકની સંયમી રજૂઆત વિશેષ પ્રવૃત્ત થઈ હોત તો આવકાર્ય, એમે કોઈને જણાય તો સમજી શકાય એમ છે. લાંબી વાકયરચના, મુદ્દા–શબ્દ–કલ્પનાદિનું પુનરાવર્તન, 'જ્યારે' 'જેમ' વગેરેનાં સાંધણોની ભરમાર, 'મને કહેતાં આનંદ થાય છે' કે 'વારુ ચાલો' જેવા પ્રયોગો છતાં વ્યાખ્યાનોમાં આવેલ નિબંધઅંશો કે નિબંધોમાં પ્રવેશતી વકતૃત્વછટા, અભિપ્રાયદર્શનમાં કંઈક સભાનતા જેવી વીગતો પણ અહીં નિરુપણ પરત્વે ખૂંચે જરૂર.

'મૂલ્યાંકનો'ના સમીક્ષક મધ્યકાલીન કવિઓ જે–તે ઢાંચાપરસ્ત રહ્યા અને એ–એ સાહિત્યસ્વરૂપમાં હવે પ્રેમાનંદ–અખો–શામળ–દયારામાદિ મળવાના નહિ એમ માને છે. સર્જક 'ઉશનસ્' આમ જાહેર કરે તે સમજાવું કઠિન. આધુનિક છંદતૂટ–છૂટ ભાવની અ–ભરતીથી, એ મત પણ ચિંત્ય. એથી વિપરીત દૃષ્ટાન્તો મળે એમ છે જ. રાસગરબીમાં ન્હાનાલાલનું કોઈ અનુસંધાન જણાય કે ગીતકસબે દયારામ અપ્રમત્ત અને ન્હાનાલાલમાં પ્રમાદ એમ જણાવાય એ અભિપ્રાય પણ ફેરચકાસણીયોગ્ય છે. ન્હાનાલાલનું સ્તુતિઅષ્ટક 'ગુજરાતનાં લોકડિયાં

માટે દેશી ભાષામાં '—એમાં લખાવટ અકારણ લચકતી થઈ છે અને મુદ્દે કાચીયે ઠરે. દયારામની અખંડ સેવા કરે છે તે રતન સોનારણને અંજલિ અર્પતાં 'કોઈ પરણેતરે ન કરે' એવી ઝૂક—જા લખાવટ રમૂજ પ્રેરે કે ગ્લાનિ? આપણી વિવેચનાની એક રીત: કવિજોડી બતાવવાનો એને પોરસ! 'મૂલ્યાંકનો'માં "જયંત ને ઉશનસ્ સાથે, એક સાથે બોલાય એવા કવિ છે," એ હદે આ રીત પૂગી છે. આવું બધું આવતી કાલ પર નહિ, તો ઈતર પર છોડવું તો ઈષ્ટ ખરું. એકંદરે આ રીત આપણે ત્યાં હોંસભેર જામી ગઈ જણાય છે. નલિન રાવળમાં મૌગ્ધ્ય અને ગ્લાનિઅવાજ—પરસ્પર અહાનિકર ને અલિપ્ત સાથે હોય તેમાં 'આશ્ચર્યકર' માનવા જેવી ભાવુકતા પણ કળવી મુશ્કેલ જ. કવિ—કવિતાના તાત્ત્વિક અસલ રૂપ વિશે આવું વિધાન કેટલું કારગત? 'મૂલ્યાકનો'માંનું અન્યત્ર વિત્ત જોતાં, વિવેચન વધુ જાગરુક હોત તો ઠીક એમ લાગે છે.

સ્વાતંત્ર્યોત્તર કવિતા, કાવ્યાનંદ, કવિતામાં છંદ—ભાષાને સ્પર્શતા ત્રણ ચાર લેખોમાં 'મૂલ્યાંકનો'નું કેટલુંક ઉત્તમ પ્રાપ્ત થાય છે. એમાં સમકાલીન જીવનનાં પરિબળોનો સંવેદનશીલ તથા મર્મસ્પર્શી ચિતાર સુરેખ—યથાર્થલક્ષી છે જ, પરંતુ એમાં કવિચિંતકરૂપે આ વિવેચકનું જમાપાસું પણ સુપેરે અનુભવાય છે. આ. આનંદશંકરે હવે સારસ્વતો નહિ કિંતુ આભ્યાસિક પ્રતિભાનો યુગ બેસી રહ્યો છે અને તે ફળદાયી થશે એમ નોંધેલું. 'મૂલ્યાંકનો'ના લેખકે આજે વધુ સુગમ એ રીતે આ વાત મૂકી છે, કે "હવે યુનિવર્સિટી પોયેટ્રી જન્મી છે" (પૃ. ૫). બે જાતની માનવતા પ્રવર્તમાન યુગની ચેતના છે અને એકમાં જો કાર્યક્રમ છતાં વ્યક્તિ નથી, તો બીજામાં કાર્યક્રમ જ નથી, એ પરીક્ષણ—દર્શન આ વિવેચકની ચિંતનશક્તિનું સારું દષ્ટાન્ત કહી શકાય. પ્રત્યેક યુગના વિચારના પ્રચાર માટે નિબંધાદિ આરંભે આવે, પણ છેવટે તો એની ભાવનાને કવિ જોઈએ છે (પૃ. ૧૪૬), એ દૃષ્ટિબિંદુ પણ અહીં સુવિશદ રૂપે રજૂ થયું છે. કલા પરત્વે 'કલાયોગ' શબ્દપ્રયોગ યોજી આપણા પૂર્વસૂરિઓએ કલાનું બહુમાન કર્યાનો નિર્દેશ (પૃ. ૧૬) આ સમીક્ષકની વિચારણા સહજપણે ઊંડી વાત તારવી લાવે છે એ સ્પષ્ટ કરે એમ છે.

કાવ્યમીમાંસાના આ-તે મુદ્દાની સમર્થ વિચારણામાં આ વિવેચક પૂર્વ-પશ્ચિમને સ્વસ્થપણે સાથોસાથ લક્ષમાં રાખે છે અને એમનું વલણ એમાં શોધનનું છે. આપણી પરિભાષાને એમણે પોતાની રીતે સ્પષ્ટ કરી છે. ક્યારેક સંસ્કૃત—અંગ્રેજી ઉક્તિમાં થોડી ફેરફારી સૂચવીને મુદ્દાનો ભાર સૂચવવાની એમની પદ્ધતિ કારગત થતી યે લાગશે. એમાં જો ક્યારેક કઠિન સંસ્કૃત શબ્દો આવી જાય છે, તો બોલચાલના છટાદાર ને ચોટ જમાવે એવા શબ્દપ્રયોગો પણ સરસ આવી રહે છે. ન્હાનાલાલના બહુ ગવાએલા—ચવાએલા 'બ્રહ્મ' પરત્વે ગુજરાતી કવિતામાં બ્રહ્મદર્શનનું ધન્યત્વ પ્રેરતું નર્યા એસ્થેટિકસનું યે નિરૂપણ મળે છે એ એમની વાત સ્વતંત્ર દૃષ્ટિ સૂચવે છે. સ્તુતિઅષ્ટક (ન્હાનાલાલ)ના લેખમાં તો સંશોધનની તાજી સ્ફૂર્તિ સંતર્પક જ નીવડી નોંધી શકાય. એ લેખ આ સંગ્રહનો વિશિષ્ટ લેખ છે. આપણે ત્યાં આવું વિવેચન વધાવવા સરખું જ. કાવ્યતત્ત્વોની વિચારણામાં 'મૂલ્યાંકનો' જે સૂક્ષ્મતા, તુલનાત્મક અવેક્ષણ અને ઊંડાણસ્પર્શ દાખવે છે તે છંદો—વૃત્તોની ચર્ચામાં. આવું મુદ્દાસર મૌલિક પરીક્ષણ પણ આપણે ત્યાં આવકારજોગ ઠરે છે.

'મૂલ્યાંકનો'ના લેખો સમગ્રપણે અભ્યાસીઓ ઉપરાંત સર્જકોને પણ વિવિધ મર્મસ્થાનો સમજવામાં પ્રેરક, પ્રકાશક થાય એમ છે. લેખકની કાવ્યપ્રીતિ સમગ્ર સંચયમાંથી ફોરમની જેમ ફૂટતી અનુભવાય છે. એમાં નૂતન અભિગમ છે ત્યાં આહ્લાદ અદકો સાંપડે છે. આ વિવેચનસંગ્રહની કિંમત કંઈક હળવી રખાઈ હોત તો?

હસિત. હ. બૂચ

*. * *

નાકર : લેખકઃ ચિમનલાલ ત્રિવેદી, પ્ર. કુમકુમ પ્રકાશન, અમદાવાદ, ડિસે. ૧૯૭૯, પૃ. ૬૮, મૂલ્યઃ રૂા. ૭–૫૦ પૈ.

મધ્યકાલીન સાહિત્યમાં ભાલણ અને પ્રેમાનંદ વચ્ચે મહત્ત્વની કડી સમા આખ્યાનકાર નાકર વિષે ડૉ. ચિમનલાલ ત્રિવેદીએ ખૂબ જહેમતથી આ પુસ્તિકા તૈયાર કરી છે. ઈ. સ. ૧૪૫૦ થી ૧૮૫૦ સુધીના રાજકીય, સાંસ્કૃતિક અને ધાર્મિક પ્રવાહોની વિસ્તૃત પીઠિકા પૂરી પાડી તત્કાલીન ધર્મપ્રધાનસાહિત્યસંદર્ભે કરેલા ડૉ. ત્રિવેદીના વિધાન સાથે આપણને પણ સહમત થવાનું મન થાય છે કે "અત્યારે ઉપકવિઓ કે અકવિઓ ગણાતા (નાકર જેવા) એ અનેક લેખકોનું એ મૂલ્યવાન પ્રદાન છે." (પૃ. ૧૩)

મદનસુત નામના વિપ્રને ઉદરનિર્વાહ અર્થે કૃતિઓ આપનાર પરમાર્થપ્રવણ વણિકકવિ નાકર પરમવૈષ્ણવ કવિ છે. કવિપદની કોઈ ઉત્કૃષ્ટ ઝંખનાથી નહીં પણ 'પુણ્યબુદ્ધિ'થી થયેલાં આ સર્જનો માટે તેની ભક્તિપ્રીતિ વિશેષ જવાબદાર છે. ડૉ. ત્રિવેદીએ અગાઉ નાકરને જ મહાનિબંધનો વિષય બનાવ્યો હોવાને કારણે, તેઓ આ પુસ્તિકામાં નાકરની ૧૮ પ્રગટ કૃતિઓની સાથે ૧૨ અપ્રગટ કૃતિઓનો પરિચય, નાકરના નામે ચઢેલી કૃતિઓની શંકાસ્પદતા તથા નાકરના નિશ્ચિત સમયગાળા અંગે વિવિધ પુરાવાઓ સહ અધિકૃત વિધાનો કરી શક્યા છે.

'નાકરની કવિતા' એ પ્રસ્તુત પુસ્તિકાનું શ્રેષ્ઠ પ્રકરણ છે. નાકરનાં ભાષાશૈલી, રસનિરૂપણ, પાત્રોનાં સ્વભાવચિત્રો વગેરેની સોદાહરણ વાત કરતાં ડૉ. ત્રિવેદી નોંધે છે કે પ્રેમાનંદની કૃતિઓમાં થયેલા આકર્ષક ઘટાટોપનાં કેટલાંક મૂળ રસસ્થાનો તો તેના પુરોગામી નાકરે શોધેલાં. નાકરના ખભા પર ઊભેલા પ્રેમાનંદે કેટલીક પંક્તિઓની પંક્તિઓ કે પંક્તિખંડો નાકરમાંથી ઊઠાવ્યાં છે. નાકરમાં રસવૈવિધ્ય છે પણ શૃંગારથી દૂર ભાગતો આ સંયમી વૈષ્ણવ કરુણરસના પ્રસંગોમાં ગજબનો ખીલતો જણાય છે. આખ્યાનમાં કડવામાં ઊથલાનું તત્ત્વ ઉમેરી કડવાને દૃઢબંધ આપી તથા મહાભારતનાં પર્વો અને જૈમિનિનાં કથાનકોને સૌપ્રથમ ગુજરાતીમાં ઉતારી, ક્યાંક નિરંકુશ કવિની હેસિયતથી જરૂરી છૂટ લઈ નાકરે કરેલા લાક્ષણિક પ્રદાનની પ્રચલિત વાતને પણ લેખકે સંક્ષેપમાં સૂચક રીતે મૂકી છે. તો સંશોધનદૃષ્ટિ ધરાવતા મધ્યકાલીન સાહિત્યના પીઢ અભ્યાસી ડૉ. ત્રિવેદી કેટલીક મહત્ત્વની બાબતો પ્રતિ અંગુલિનિર્દેશ પણ કરે છે. જેમ કે,

(૧) ' સોગઠાનો ગરબો ' સંદર્ભમાં તેઓ કહે છે કે કેટલાક વિદ્વાનો એમ માને છે કે કવિ ભાણુદાસે સૌપ્રથમ ' ગરબો ' શબ્દનો પ્રયોગ કર્યો. પણ ભાણુદાસ પૂર્વે લગભગ સવાસો વર્ષ પહેલાં નાકરે ' ગરબો 'નો પ્રયોગ કર્યો છે.

(૨) " સુધન્વાખ્યાન 'માં પ્રેમાનંદ કરતાં નાકરે સારી શક્તિ બતાવી છે. " (પૃ. ૬૧)

(૩) નાકર કૃત ' રામાયણ 'માં લક્ષ્મણને જોઈ ગળગળા થયેલ રામ જે કરુણ વિલાપ કરે છે તેની પંક્તિઓ ટાંકી ડૉ. ત્રિવેદી વર્તમાન કૃતિ સાથે કેવું રસમય અનુસંધાન સાધે છે: " શ્રી ઉમાશંકરના સદ્દગત મોટાભાઈને ' કાવ્યનું સહૃદયોને અહીં સ્મરણ થશે. " (પૃ. ૪૪)

છેલ્લા પ્રકરણમાં લેખકે આખ્યાનનું બીજ ઠેઠ ઋગ્વેદમાં બતાવી, તત્કાલીન લોકપ્રિય સાહિત્યપ્રકાર ' રાસ ' સાથે તેની તુલના કરી, ' ગ્રંથિકો ', ' એક્કણુડો ', ' સૂત ', ' કુશીલવ ' વગેરે કથાકારોની પરંપરા બતાવી નાકરના વિશિષ્ટ પ્રદાનની નોંધ લીધી છે તેમ જ તેની મર્યાદાઓને પણ ચીંધી બતાવી છે. ૬૮ પાનની નાનકડી પુસ્તિકામાં નાકરના વ્યક્તિત્વથી માંડીને તેની કૃતિઓનો તત્કાલીન યુગસંદર્ભમાં અભ્યાસપૂર્ણ પરિચય આપવાનું પડકારરૂપ કાર્ય ડૉ. ચિમનલાલ ત્રિવેદી ખૂબ સ–રસ રીતે પાર પાડી શકયા છે અને તેમાં ય આરંભમાં નાકરકૃત ' રામાયણ 'ના યુદ્ધકાંડના એક ભાગની હસ્તપ્રતની ફોટોસ્ટેટ કોપી, પરિશિષ્ટમાં ગ્રંથસૂચિ, સંદર્ભસૂચિ ઉપરાંત નાકરની કૃતિઓમાં પ્રયોજાયેલ કેટલાક રૂઢિપ્રયોગો, કહેવતો, ઉક્તિઓ, વગેરેની યાદી આ પુસ્તિકાને વધુ સમૃદ્ધ બનાવે છે.

લવકુમાર મ. દેસાઈ

* * *

મંગલા : લે. અને પ્ર. જેઠાલાલ ત્રિવેદી, કવિકુટિર, પોસ્ટ–રાંધેજા (ઉ. ગુજરાત) પ્રથમ આવૃત્તિ: સને ૧૯૭૯, મૂલ્ય રૂા. ૧૫–૦૦

આપણા એક બહુશ્રુત સંશોધકના આ અભ્યાસગ્રંથમાં વિવિધ વિષયના ૧૯ જેટલા લેખો છે. કવિતા, નવલકથા, વિવેચન, સંપાદન, સંશોધન, ધર્મ, ઇતિહાસ, વ્યાકરણ એમ અનેક વિષયોમાં ફરી વળતી લેખકની રસદષ્ટિનો પરિચય મળી રહે છે. (પુસ્તકને અંતે કર્તાના લેખોની સૂચિ પરિશિષ્ટરૂપે મૂકાયેલી છે. વિવિધ વિષયોમાં લેખકે દર્શાવેલ જીવંત રસ એમના જીવનરસનો નિદર્શક બની રહે છે). કેટલાક લેખો દાયકાઓ પહેલાં લખાયેલા છે.

' ભારતીય કાવ્યમીમાંસાની સંક્ષિપ્ત રૂપરેખા 'માં ભારતીય આલંકારિકોના જીવનનો અને સાહિત્યક્ષેત્રે તેમના વિશિષ્ટ પ્રદાનનો પરિચય છે. આલંકારિકોના સમયાવધિની ચર્ચામાં લેખકનો સંશોધનપરિશ્રમ દેખાય છે.

' કાવ્યપુરુષ અને સાહિત્યવધૂ 'માં કાવ્યપુરુષ અને સાહિત્યવધૂના પરિભ્રમણ અને વિવાહને લગતા રૂપકને સમજાવ્યું છે.

'પ્રત્યાયન અને નૂતન કવિતા'માં એબરક્રોમ્બીના પ્રત્યાયન નહિ તો સાહિત્ય નહિ એ સૂત્રનો વિચાર કરતાં 'સાહિત્ય' શબ્દથી એબરક્રોમ્બીને કવિતા અભિપ્રેત છે એમ માનીને કવિતાના સંદર્ભમાં સૂત્રની ચર્ચા કરી છે. કલાકારને અનુભૂતિ થઈ તે જ ક્ષણે તેની અભિવ્યક્તિ પણ થઈ જતી હોય છે, ઉપાદાનો દ્વારા થતી અભિવ્યક્તિ તો માત્ર સ્મૃતિસહાયક છે એવા ક્રોચેના મતની તપાસ કરતાં સંવેદન–સ્ફુરણા કરતાં ય કવિતામાં વધારે મહત્ત્વનું સ્થાન શબ્દ જેવા ઉપાદાનનું છે એમ સોદાહરણ પ્રતિપાદન કર્યું છે. નૂતન કવિતાની દુર્બોધતા વિષે વાત કરતાં એ કવિતાના કેટલાક સર્જકો પોતે પણ પોતાની કવિતા સમજતા નથી એ સ્થિતિમાં નૂતન કવિતા દ્વારા ભાવકના ચિત્તમાં કવિચિત્તની, અનુભૂતિ સંક્રાન્ત કરવાની પ્રવૃત્તિ અસ્પષ્ટ રહે છે એમ કહ્યા પછી લેખક જણાવે છે–" કદાચ એને ભાવકની પણ જરૂર નથી. એ તો નિજાનંદ માટે કાવ્ય કરે છે, એમ એનું કહેવું છે. છતાં વંચાવે છે, છપાવે છે અને ચર્ચા પણ જગાવે છે. કેવું વિચિત્ર ?"

'વિવેચનાનું વિવેચન' અને 'પ્રો. પાઠકના બે ગ્રંથો' એ બે લેખમાં વિવેચનનું વિવેચન છે. પહેલા લેખમાં પ્રો. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનો સૌંદર્યશોધક, તટસ્થ વિવેચક તરીકે પરિચય કરાવી એમના ગદ્યમાં કવિતાનાં લક્ષણો તારવી બતાવ્યાં છે. બીજામાં 'કાવ્યની શક્તિ' અને 'સાહિત્યવિમર્શ'નાં અવલોકનો છે. પ્રો. પાઠકની સમાલોચનાની શૈલીને ધીરગંભીર કહી તેઓ કટુ બન્યા વિના કૃતિ વિષે સૂચનો કરતા તેની અવતરણો સહિત ચર્ચા કરી છે.

'નવલકથા વિષે ચર્ચા'માં નવલકથામાં ઇતિહાસ અને દંતકથાના સ્થાનનો પ્રશ્ન ચર્ચ્યો છે.

કવિતા કે કલા સ્વતંત્ર હોવા છતાં શાશ્વત જીવનમૂલ્યોની અવગણના કરી શકે નહિ એવો મત 'સાહિત્ય અને જીવનમૂલ્યો'માં દર્શાવ્યો છે.

'પંચસખા'એ લેખમાં ચૈતન્યદેવના જગન્નાથનિવાસ દરમ્યાન ઓરિસ્સાના જે પાંચ ભક્ત કવિઓ તેમના અનુયાયી થયા તે 'પંચસખા' જગન્નાથ, બલરામ, અચ્યુતાનંદ, યશોવંત અને અનંત ઉપરાંત ચૈતન્યદાસ, દેવદુર્લભદાસ, તથા માધવી દાસીનો પરિચય આપી "ચૈતન્યકાલીન પ્રેમભક્તિ–સખીભાવની શુદ્ધ ભક્તિનો આદિ સ્રોત કયો ? ઉત્કલ–ઓરિસામાં ચૈતન્યપૂર્વકાલીન જે પ્રેમભક્તિ હતી તે કયાંથી પાંગરી હશે ?" એવો પ્રશ્ન ઉઠાવીને બૌદ્ધ સહજયાનની અસરવાળા સહજિયા વૈષ્ણવસંપ્રદાયમાં આ પ્રેમભક્તિનાં મૂળ જોવાનો પ્રયાસ કર્યો છે.

પુરાણોનું ઐતિહાસિક અને ભૌગોલિક દૃષ્ટિએ કરેલું અભ્યાસપૂર્ણ અર્થઘટન મળે છે 'પુરાણોમાં ઇતિહાસ અને ભૂવિદ્યા'માં. પુરાણો એટલે કપોલકલ્પિત કથાઓ એવું માનનાર શિક્ષિતોના અમુક વર્ગને પુરાણોના ઐતિહાસિક અને ભૌગોલિક દૃષ્ટિએ અભ્યાસ તરફ પ્રેરવાનો આ લેખનો ઉદ્દેશ છે. અહીં પુરાણોના અભ્યાસ પ્રત્યેની લેખકની મૌલિક દૃષ્ટિનો પરિચય મળે છે. સંકર્ષણનું ભૂગર્ભસ્થ અગ્નિ તરીકેનું અર્થઘટન પ્રતીતિકર લાગે છે.

ધર્મવિષયક સંશોધનનો ત્રીજો લેખ છે 'નાથ અને સિદ્ધ સંપ્રદાય.' નાથસંપ્રદાયની ઉત્પત્તિ સિદ્ધસંપ્રદાય સાથે સંકળાયેલી છે, જેના પર પ્રાચીન શૈવમતની અસર છે. એટલે શૈવમતનો ઇતિહાસ સંક્ષેપમાં અવલોકી સિદ્ધો ઉપર બૌદ્ધમતની પણ અસર હતી તે દર્શાવી બૌદ્ધમતનો પરિચય આપ્યો છે.

'ગુર્જર અને યૌધેય'માં ગુર્જરોની ઉત્પત્તિ વિષેના વિવિધ મતો, ગુર્જરો ભારતીય હતા કે પરદેશી એ પ્રશ્નની ચર્ચા, યૌધેય જાતિની વીરતાના ઐતિહાસિક પુરાવા, યૌધેય સાથે જ ઉલ્લેખ પામતા આભીર અને માલવલોકો વિષેની ચર્ચા વગેરેમાં ઇતિહાસનું જ્ઞાન રસપ્રદ રીતે રજૂ થયું છે.

'બહુચરાજીની પ્રાચીનતા'માં આ શક્તિપીઠની પ્રાચીનતા અંગે સ્વ. રામમોહનરાય જસવંતરાય તથા સ્વ. રામલાલ મોદીનાં વિધાનોમાંની કેટલીક હકીકતની ફેરવિચારણા કરતાં ગુજરાતની શકિતપૂજાના સ્વરૂપનો ખ્યાલ આપ્યો છે. બહુચરાજીની ઉત્પત્તિ અંગેની દંતકથા 'રાસમાળા'માં આપેલી છે. સં. ૧૩૬૫માં બહુચરા નામની ચારણ સ્ત્રી લૂંટારા સામે લડતાં ખપી ગઈ અને તે દેવી તરીકે પૂંજાવા લાગી. આની સામે બહુચરાજીનું સ્થાન સં. ૧૩૬૫ પહેલાં પણ પ્રસિદ્ધ હોવાના આધારો આપતાં સં. ૧૨૮૦ના દાનપત્ર અને કોચરરાસની ચર્ચા કરી, બહિચર ગામ અને બહિચરીનું સ્થાનક વિક્રમના તેરમા શતકમાં પ્રસિદ્ધ હોવાનું જણાવી, એ પૂર્વેનું પણ હોઈ શકે એવી સંભાવના રજૂ કરી સં. ૧૩૬૫માં દેવીની ઉત્પત્તિની દંતકથા અસ્વીકાર્ય ઠેરવી છે.

'ધર્મારણ્યનાં પંચાવન ગામો' એ લેખમાં રામચંદ્રજી દ્વારા બ્રાહ્મણોને દાનમાં મળેલાં ધર્મારણ્યનાં પંચાવન ગામો તે હાલનાં કયાં ગામો છે તે અંગે અનુમાનો કર્યાં છે અથવા નિર્ણયો લીધા છે, જેમાં લેખકની સંશોધનશક્તિ, વિદ્વત્તા જોવા મળે છે.

'નાગરીપ્રચારિણી પત્રિકા'માં 'સ્થાનનામોંકા અધ્યયન' શીર્ષકથી શ્રી. ભગવાનસિંહનો લેખ પ્રસિદ્ધ થયો હતો, તેમાંની દલીલો—અનુમાનોની દુરાકૃષ્ટતાની ચર્ચા 'સ્થળનામોનો અભ્યાસ' એ લેખમાં છે. એ સાથે ગુજરાતનાં કેટલાંક સ્થળનામો શ્રી. સિંહની સ્થળનામોની યાદીમાં અશુદ્ધ અને અયુક્ત રીતે રજૂ થયાં છે તે 'હાલિસા' 'હલધરૂ' 'હલદર' 'ખડોલ' 'કહોદ' વગેરેનાં ઉદાહરણો દ્વારા દર્શાવ્યું છે. સંશોધનકાર્યમાં હકીકતનો દોષ ન રહે એ સદુદ્દેશ એમાં જોઈ શકાય છે.

'નરસિંહ મહેતાનાં વ્રજભાષાનાં પદ' એ સાહિત્યવિષયક સંશોધનલેખમાં નરસિંહે વ્રજભાષામાં પદો રચ્યાં છે એ નવીન ઉપયોગી માહિતી આપી છે. નરસિંહનાં પદોના પરિચય સાથે પાઠાંતરોની સવિવેચન નોંધ આપી છે તેમાં સંપાદનની સૂઝ જોઈ શકાય છે. નરસિંહ અને સૂરદાસનાં પદોમાંની કેટલીક પંક્તિઓનું સામ્ય નોંધ્યું છે. નરસિંહ સાથે નામદેવ વગેરેનાં વ્રજભાષાનાં પદ પ્રાપ્ત થાય છે તેની નોંધ લઈ એ પરિસ્થિતિનો કેટલાક હિંદી ભાષા-ભાષી લેખકો

તદ્દન ઊલટો અર્થ ઘટાવે છે તે અંગે જવાબ વાળ્યો છે. કેટલાક વ્રજભાષાસાહિત્યના વિસ્તરણનું ક્ષેત્ર એ રીતે મહારાષ્ટ્ર, ગુજરાત પર્યંત બતાવે છે તો કોક ગુજરાતમાં તે વખતે નિજનું સાહિત્ય ન હતું અને ગુજરાતી માત્ર બોલચાલની ભાષા હતી એવું અસત્ય અને અજ્ઞાનતાભર્યું વિધાન કરનારાઓને ગુજરાતી કવિઓ દ્વારા વ્રજભાષામાં કાવ્ય લખવાનું કારણ સંપૂર્ણ ઉત્તર ભારતમાં ભક્તિઆંદોલનની વ્યાપકતાને લીધે ઉત્પન્ન થયેલો પારસ્પરિક સંનિવેશ છે એવા ડૉ. શિવપ્રસાદ સિંહના મતનું સમર્થન કર્યું છે. એ સાથે એવી સંભવિતતા દર્શાવી છે કે ગુજરાત, મહારાષ્ટ્ર વગેરે પ્રદેશના કવિઓએ નિજની ભાષામાં કરેલું કૃષ્ણલીલાનું ગાન–પદ વગેરે બીજા ભક્તો દ્વારા ક્વચિત્ મુખપરંપરાએ વ્રજબોલીમાં પરિવર્તન પામ્યાના પ્રસંગ પણ બન્યા હોય. નરસિંહ પર વ્રજભાષાની અસર બતાવતી આ સામગ્રી નરસિંહ મહેતાના વૃદ્ધમાન્ય સમયની ફેરવિચારણા કરવા પ્રેરે છે.

રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં 'નરસીકી હુંડી' પર કવિતા રચાઈ છે. તેમાંની એક તે રતના ખાતી (ખાતો રતનો)ની હિંદી રચના 'નરસીજીકો માહેરો' (સં. ૧૭૧૬). તેનાથી પણ સાતેક વર્ષ અગાઉ નાગપુરના કવિ જેઠમલ્લે 'નરસી મેતાકી હુંડી' લખી છે. આ પ્રકાશિત પણ અપ્રાપ્ય કૃતિનો પાઠ 'જેઠમલ્લકૃત નરસી મેતાકી હુંડી'માં રજૂ કર્યો છે. રતના કવિની 'નરસીકી હુંડી'માં જ્યાં જેઠમલ્લ સાથે શાબ્દિક સામ્ય જણાયું છે ત્યાં પાદનોંધમાં તેનો ઉલ્લેખ કરેલો છે.

'નારીમિત્ર વરાહમિહિર'માં વરાહમિહિરે કરેલી સ્ત્રીપ્રશંસાનો સદૃષ્ટાંત આલેખ છે.

પ્લવંગમ છંદ વડે ગરબાની દેશીઓમાં કેવું વૈવિધ્ય અને માધુર્ય સધાયું છે તે 'પ્લવંગમ છંદ' લેખમાં ઉદાહરણો સાથે દર્શાવ્યું છે.

ગુજરાતી કારકોના વિકાસનું સંક્ષિપ્ત અવલોકન અને અર્વાચીન ગુજરાતીમાં વિભક્તિઓ કેટલી તે પ્રશ્નની ચર્ચા 'ગુજરાતી કારકો'માં છે.

ધર્મ, ઇતિહાસ અને સાહિત્યવિષયક સંશોધનના કેટલાક રસપ્રદ પ્રશ્નોની રજૂઆત એ પુસ્તકનું સૌથી વધુ આકર્ષક પાસું છે. સત્યનિષ્ઠા લેખકને જે તે વિષયના ઊંડા અભ્યાસ પ્રતિ પ્રેરે છે. ચર્ચાને અંતે વધુ અભ્યાસની શકયતા તરફ અંગુલિનિર્દેશ પણ સત્યનિષ્ઠાનો નિર્દેશક છે. લેખકનું વલણ સ્વમતાગ્રહી નથી. (ઉ. ત. ધર્મારણ્યનાં પંચાવન ગામો', 'બહુચરાજીની પ્રાચીનતા,' 'ગુર્જર અને યૌધેય', 'સ્થળનામોનો અભ્યાસ', 'નરસિંહ મહેતાનાં વ્રજભાષાનાં પદ'). અભ્યાસનિષ્ઠા તેમને સ્થિતસ્ય સમર્થનમ્ નહિ પણ નવું કહેવા પ્રેરે છે. (ઉ. ત. નરસિંહ મહેતાનાં વ્રજભાષાનાં પદ'). સંશોધનલેખોમાં લેખકનું પરિશીલન જણાયા વિના રહેતું નથી (ઉ. ત. 'નાથ અને સિદ્ધસંપ્રદાય', 'બહુચરાજીની પ્રાચીનતા'). અન્યની ભૂલ દર્શાવી છે ત્યાં લેખકનો સમભાવ તો દેખાય જ છે પણ તે સાથે સંશોધનક્ષેત્રે હકીકતદોષ ન રહી જાય એવો સદુદ્દેશ પણ જોવા મળે છે. (ઉ. ત. 'સ્થળનામોનો અભ્યાસ'). સમગ્ર ગ્રંથ લેખકના વિશાળ વાચન અને ચિંતનની છાપ મૂકી જાય છે.

મુદ્રણદોષો નિવારી શકાયા હોત.

દેવદત્ત જોશી

*　　　　*　　　　*

વિવેચક પ્રો. બલવન્તરાય ઠાકોર : લે. હર્ષદ મ. ત્રિવેદી, પ્ર. ગુજરાતી વિભાગ, મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલય, વડોદરા; પૃ. ૨૯૪, મૂલ્ય રૂ. ૨૫

'પ્રો. બ. ક. ઠાકોર : જીવન અને સાહિત્ય' વિષય પર કવિશ્રી હર્ષદ મ. ત્રિવેદી 'પ્રાસન્નેય' એ શોધનિબંધ (૧૯૬૫) તૈયાર કરી પીએચ. ડી.ની ઉપાધિ મેળવી. આ શોધનિબંધનો આરંભનો અંશ પુસ્તકરૂપે પ્રગટ થયો તે 'બ. ક. ઠાકોર : વ્યક્તિપરિચય' એમાં, એમણે બ. ક. ઠા.નાં ડાયરી, પત્રો અને અન્ય સાહિત્યસામગ્રીનો આધાર લઈ પ્રો. ઠાકોરના વ્યક્તિત્વનાં વિવિધ પાસાં ઉપસાવ્યાં. હવે આવે છે તે છે: 'વિવેચક પ્રો. બલવન્તરાય ઠાકોર.'

વિવેચનના 'વ્યોમચુંબી ગિરિરાજ' સમા વિષયમાં તો તેઓ પોતાની જાતને સામાન્ય 'ભૂચર' કે 'જંતુ' ગણે છે. આમ છતાં એમણે વ્યક્તિઓ, કૃતિઓ, સૈદ્ધાન્તિક મુદ્દાઓ પરનાં વ્યાખ્યાનો, અવલોકનો, પ્રવેશકો વગેરે નિમિત્તે આ વિષયમાં વિશાળ કામ કરેલું છે. સર્વ-સામાન્ય વિવેચનપ્રવૃત્તિમાં કર્તવ્યપાલનને જોતા અને મગરૂબી અનુભવતા ઠાકોર ગુજરાતમાં સ્વતંત્ર વિચારપ્રવૃત્તિનો અભાવ જુએ છે. તેથી વિવેચનાને ઉદ્ધારવા, લોકોની સ્વતંત્ર સંગીન વિચારણાને જગાડવા તેઓ વિવેચનકાર્ય કરે છે. આ આવા ઉમદા વિવેચનકાર્યનું વર્ગીકરણ અને વિશ્લેષણ કરી ડૉ. હર્ષદ મ. ત્રિવેદી ઠાકોરની વિવેચનનિષ્ઠાને તપાસે છે.

આઠ ખંડમાં વર્ગીકૃત વિવેચનપ્રવૃત્તિનો આરંભનો ખંડ શોધનિબંધની પરંપરા પ્રમાણે ભૂમિકા રચવાનો છે. બ. ક. ઠા. પૂર્વેની વિવેચનપ્રવૃત્તિનો ઇતિહાસ છેક નર્મદથી આરંભી રમણભાઈ સુધી આપતાં લેખક એનું પૃથક્કરણ પણ કરે છે. આ પૃથક્કરણ અભ્યાસનો વિષય ન હોવાથી ઉતાવળિયું હોય તે સમજી શકાય છે. પણ બીજા ખંડથી પ્રો. ઠાકોરની વિવેચનપ્રવૃત્તિ ઝીણી નજરે જોવાની વૃત્તિ તરત જ પામી શકાય છે. લોકોનાં સાહિત્યવિષયક જ્ઞાનવાંચન up-to-date બનાવવા તેમણે વિવેચનપ્રવૃત્તિ આરંભી એ વાત ખરી, પણ એમનું ધ્યેય તો કવિતા-ભાવનાની શુદ્ધિ સંરક્ષવાનો અને કવિતાભાવનાનો દેખાદેખી વિનિપાત અટકાવવાનો છે. આ એમની પાયાની વિચારણાના ચણતર અને ઘડતરને એમનાં અવતરણોથી તપાસવાં અને ચકાસવાં એવો ઉપક્રમ આ લેખકનો હોય તેમ લાગે છે.

ખંડ-૨માં પ્રો. ઠાકોરને સ્વતંત્ર વિચારપ્રવૃત્તિનો અભાવ લાગ્યો છે તે વિવેચનપ્રવૃત્તિમાં ઠાકોરનું શું અર્પણ છે તે લેખક ચર્ચે છે. વિવેચનની યોગ્યતા, વિવેચનનાં ધોરણો, વિવેચનની પદ્ધતિઓ વગેરે વિશેની ઠાકોરની માન્યતાઓ, ખ્યાલો વગેરેની લેખકે અહીં વિશદ ચર્ચા કરી છે. જોકે ઠાકોરનાં વિરોધાભાસી વિધાનોની તારવણી, તપાસણી અને ચર્ચામાં લેખકના અભ્યાસની પ્રતીતિ થાય છે.

ખંડ–૩માં બ. ક. ઠા.ની કાવ્યવિભાવનાનું વિશ્લેષણ કરાયું છે. કવિતાનાં લક્ષણોથી ઉત્તમ કવિતા સુધીની એમની વિભાવના અહીં વ્યવસ્થિત રીતે ચકાસવામાં આવી છે. પ્રો. ઠાકોરે કાવ્યભાવનાને અંગ્રેજી શબ્દો દ્વારા ગુજરાતી પર્યાયો રચી સમજાવવાનો પ્રયત્ન કર્યો છે. આ 'સમજાવવાના પ્રયત્ન 'માં પશ્ચિમના વિવેચકોની કયાં, કેટલી છાયા છે તે સુ-પેરે સદૃષ્ટાંત કહેવાયું છે. છેક પ્લેટોથી આરંભી ટી. એસ. એલિયટ સુધીની કાવ્યભાવનામાંથી ઠાકોરની કાવ્યભાવના કેવી રીતે કેળવાઈ એનો ગ્રાફ આ ખંડમાંથી મળી રહે છે. ઝાઝાં અવતરણો અને ઓછી ચર્ચા દ્વારા આ ખંડમાં લેખકે ઠાકોરની વ્યાપક કાવ્યવિભાવનાથી માંડી શબ્દચર્ચા સુધીની યાત્રા કરી છે. ખંડ–૪માં કાવ્યપદાર્થ રચાય છે તે ઊર્મિતત્ત્વની સામે ઠાકોરે મૂકેલા વિચારતત્ત્વની સંગીન ચર્ચા ધ્યાન ખેંચે છે. ખંડ–૫માં એ ચર્ચા આગળ ચાલી વિચારપ્રધાન કવિતાની સ્થાપનાનાં મૂળ તપાસી રસસૌન્દર્ય અને કલ્પનાસૌન્દર્ય સુધી વિસ્તરી સાધાર દૃષ્ટાંતો મૂકી છેક અલંકારત્વની પ્રતિષ્ઠા સુધી પહોંચે છે. આ ખંડમાં દ્વિજોત્તમ જાતિની કવિતાના પ્રતિષ્ઠાનની પ્રક્રિયાની ઝીણી નજરે સદૃષ્ટાંત ચર્ચા કર્તાએ કરી છે. આ સાથે પ્રો. ઠાકોરે કેટલીક કૃતિઓને જે રીતે ચકાસી છે એનું વિશ્લેષણ પણ થયું છે. ખંડ–૬માં અગેય પ્રવાહી રચનાના વિકાસની દિશામાં પ્રો. ઠાકોરે જે મહત્ત્વનું કાર્ય કર્યું છે તેને તપાસવાનો ઉપક્રમ છે. આ ખંડમાં ઠાકોરની સમગ્ર છંદશાસ્ત્ર પરત્વેની દૃષ્ટિનો પરિચય થાય છે. પૃથ્વીછંદની માવજતથી માંડી નવા છંદો રચવા, યતિભંગ, પ્રયોગ કરવા સુધીની ઠાકોરની ખળવાખોરવૃત્તિનો ખ્યાલ આ ખંડથી આવે છે. છંદ વિશેની બ. ક. ઠા., ન. ભો. દિ. અને રા. વિ. પા.ની દૃષ્ટિનો થયેલો તુલનાત્મક અભ્યાસ લેખકની અધ્યયનસજ્જતાનો આદર્શ નમૂનો છે.

ખંડ–૭ અને ખંડ–૮માં પ્રો. ઠાકોરે વિવિધ વ્યાખ્યાનોના ગુચ્છો, પ્રવેશકોના ગુચ્છો અને અન્ય વિવેચનાત્મક, ઐતિહાસિક અધ્યયન અને ભાષાશાસ્ત્રમાં જે કંઈ ખ્યાલો આપ્યા છે તેનું વિશ્લેષણ થયેલું છે. આ ગ્રંથના કર્તા કહે છે એમ અહીં 'માત્ર અછડતી સમીક્ષા' કરેલી છે. આ ખંડોમાં કર્તા, કૃતિ, સ્વરૂપવિષયક પ્રો. ઠાકોરે કરેલાં વિધાનોની પુનઃ તપાસ કરવામાં આવી છે.

સમગ્ર ગ્રંથને જોતાં વિવેચક પ્રો. બલવન્તરાય ઠાકોરની આ-કૃતિ રચાય છે. આ આ-કૃતિમાં પરંપરિત કાવ્યભાવના અને વિવેચનપ્રવૃત્તિ સામે વિદ્રોહ છે. પોતે એ અંગે શું માને છે તે વિચારણા છે. આ વિચારણા કેવી રીતે બંધાઈ તેનાં મૂળ શોધી લેખક એની ચર્ચા કરતાં અવતરણો ટાંકે છે. આ ચર્ચા શબ્દથી તે વિભાવના સુધીના આધારો, મૌલિકતા અને સંદિગ્ધતા સુધી વિસ્તરી છે. લેખક પ્રો. ઠાકોરને રગેરગથી પામી એમની વિભાવના–વિવેચનાને બરાબર તાગી છે. જો કે વિવેચક પ્રો. બલવન્તરાય ઠાકોર સામે મૌલિક પ્રદાન કરતાં મૌલિક મર્યાદાઓ પરત્વે અંગુલિનિર્દેશ ઝાઝો થયાનો મત બંધાય છે આ ગ્રંથને આધારે.

આ ગ્રંથનાં ૨૯૪ પૃષ્ઠમાં ૪૩૭ અવતરણોનો ઉલ્લેખ છે. (પાદનોંધો અલગ) અતિઅવતરણો અભ્યાસના પશુશ્રમની પ્રશંસા માટે આવકાર્ય. પણ ગ્રંથમાં એ કેટલાં ઉપકારક? જો કે અહીં કેટલાંક અવતરણો સમર્થન માટે, કેટલાંક અવતરણો સૂચનો માટે અને કેટલાંક

નિર્દેશ માટે છે. આથી બલવન્તરાયની વિવેચનપ્રવૃત્તિનો સાંગોપાંગ પરિચય મળે. પણ આ માટે લેખકની ચર્ચા પર્યાપ્ત ન ગણાય ! માત્ર ઉલ્લેખો જ અભ્યાસીઓને ઉપયોગી ન નીવડે ? સંભવ છે કે લેખકે અભ્યાસીઓના પરિશ્રમને રાખ્યો હોય.

આમ છતાં વિવેચક પ્રો. બલવન્તરાય ઠાકોરની સમગ્ર વિવેચનપ્રવૃત્તિનું થયેલું વર્ગીકરણ અને પૃથક્કરણ અભ્યાસીઓને ઉપયોગી નીવડશે જ. ડૉ. હર્ષદ મ. ત્રિવેદીની ઊંડા અભ્યાસની પ્રતીતિ આ ગ્રંથ દ્વારા થાય છે તે જ આનંદ.

મફત ઓઝા

* * *

સોવિયેત રશિયાનો ઇતિહાસ : લે. ડૉ. જયકુમાર ર. શુક્લ, પ્ર. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ–૩૮૦૦૦૬, પૃ. ૧૨+૪૫૬, કિંમતઃ રૂા. ૨૮=૦૦.

" લેનિનના અને રશિયન ક્રાંતિના આદર્શો મારા આદર્શોથી ભિન્ન હતા. હું વ્યક્તિવાદી અને આદર્શવાદી એટલા પ્રમાણમાં છું કે માર્કસવાદના અને ભૌતિકવાદી નિયતિવાદના સિદ્ધાંતોનો સ્વીકાર હું કરી શકતો નથી. આમ છતાં પણ લેનિનના વ્યક્તિત્વ માટે હું જીવંત પ્રશંસાનો અનુભવ કરું છું. આ શતકના યુરોપમાં એના કરતાં વધુ સમર્થ વ્યક્તિત્વ મેં જાણ્યું નથી. માનવતાના મહાસાગરમાં તેણે પોતાની દૃઢ ઇચ્છાશક્તિથી જે ચીલા આંક્યા છે તે મહાસાગરનાં મોજાંઓ કાળાંતર સુધી ભૂંસી શકે નહીં. તેની નાવ પૂરઝડપથી નવી દુનિયા તરફ તરી રહી છે, ઝંઝાવાતો તેને અવરોધી શકતા નથી.

નેપોલિયન પછીના કાળમાં યુરોપે આવી વજ્ર સંકલ્પશક્તિનાં દર્શન કર્યાં નથી. શૌર્યના જમાના પછી યુરોપના ધર્મોએ આવી કાળમીંઢ શ્રદ્ધા જોઈ નથી. આવો નિઃસ્વાર્થ માનવી માનવપુરુષાર્થના ઇતિહાસમાં ક્યારેય પ્રગટયો નથી. પોતાના જીવનયજ્ઞ દ્વારા તેણે યુગાંતર સુધી અવિનાશી રહે એવી કાંસાની પ્રતિમાનું સર્જન કર્યું છે. "

નવા યુગના નવા રશિયાના શિલ્પી લાડીમીર ઈલિચ લેનિન વિશે મહર્ષિ રોમાં રોલાંએ ઉચ્ચારેલાં આ વચનો છે.

" રશિયાની ક્રાંતિએ ભૂલો કરી છે અને અપરાધો પણ કર્યા છે પણ ફ્રેન્ચ ક્રાંતિએ એના કરતાં ઘણી વધારે અને ઘણી ખરાબ ભૂલો કરી છે અને અપરાધો કર્યા છે. ફ્રેન્ચ ક્રાંતિની ચાલ ચાલીને જનતાને આવાહન કરનારાઓને રશિયન ક્રાંતિને ઉતારી પાડવાનો કોઈ અધિકાર નથી.

આ બન્ને ક્રાંતિઓ સામે પ્રત્યાઘાતી યુરોપનાં જોડાણો ઉગ્ર રીતે લડયાં હતાં અને આજે જેમ છે તેમ ત્યારે પણ એ વિરોધીઓનું વડું મથક ઈંગ્લેન્ડમાં હતું. રશિયાની ક્રાંતિ પ્રમાણમાં ઘણી વધુ આગળ ગઈ છે. શ્રીમંતો અને સેનાપતિઓનાં આક્રમણ સામે તેને આત્મરક્ષણ કરવાનું છે. અનુભવે તે શીખશે કે અન્ય પ્રદેશોમાં હસ્તક્ષેપ કર્યા વિના તેણે પોતાના ઘરને–શ્રમજીવીઓના

પ્રજાસત્તાકને–સુદૃઢ પાયા ઉપર બાંધવાનું છે. આ ઘર જ્યારે બંધાઈ જશે ત્યારે યુરોપમાં અને દુનિયામાં ખખડી ગયેલાં ઘણાંખરાં મકાનો તૂટી પડવાનાં છે. પ્રભાત પ્રગટે છે અને રાત્રી વિદાય લે છે એમ જ."

આ પણ એ જ મહર્ષિનાં વચનો છે.

"મારું જીવન પ્રવૃત્તિમય રહ્યું છે. જે પ્રગતિ કરે છે તેનું સમર્થન કરવા મેં સદાયે લેખનકાર્ય કર્યું છે. હું પોતે ગતિમાં રહ્યો છું અને હું આશા રાખું છું કે જીવનના અંત સુધી હું અટકીશ નહીં. જીવન જો ગતિ ન હોય તો એ મારે માટે નિરર્થક છે. એ ગતિ પ્રગતિની દિશાએ જ હોવી જોઈએ. એટલે જ હું એ લોકોનો સાથી છું કે જે માનવતાના મહાનદના માર્ગને આંકે છે. એટલે જ હું સોવિયેત સમાજવાદી પ્રજાસત્તાકોના સંઘના સંગઠિત કામદારોના સમૂહો સાથે છું. ઇતિહાસની ઉત્ક્રાંતિનાં મહાપૂર સાથે એ વહી રહ્યા છે."

આ પણ મહર્ષિ રોમાંરોલાંનાં વચનો છે.

મહર્ષિ રોમાંરોલાંને કોઈ પક્ષકાર નહીં કહે. મહાત્મા ગાંધી, એચ. જી. વેલ્સ, રવીન્દ્રનાથ ટાગોર, સીડની અને બીટ્રીસ વેલને પણ કોઈ પક્ષકાર નહીં કહે. રશિયા અને તેના વિકસતા ઇતિહાસ તરફ આ સૌએ દૃષ્ટિ કરી છે. યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ તરફથી ડૉ. જયકુમાર ર. શુક્લે આલેખેલો "સોવિયેત રશિયાનો ઇતિહાસ" વાંચતાં આ બધા મહાનુભાવોનું સ્મરણ થયા વિના રહેતું નથી.

ઇતિહાસ વિજ્ઞાન છે. વિજ્ઞાન સર્વલક્ષી અવલોકન માગે છે. વિજ્ઞાની સંશોધક છે અને તેથી અન્યની શોધ એ તેનું કર્તવ્ય છે. એ જો પક્ષકાર બની જાય તો તે વિજ્ઞાની મટીને પ્રચારક જ બની જાય.

રશિયાના ઇતિહાસ વિશે વીસમા શતકના આરંભથી તો અનેક ભારતવાસીઓએ પણ લખ્યું છે. આપણા દેશનાં વિવિધ સ્વરૂપનાં આંદોલનોએ પણ રશિયાના વિકાસમાં અને ઇતિહાસમાં જીવંત રસ દાખવ્યો છે. ઑક્ટોબર ક્રાન્તિ આવી ત્યારે આપણા "મોડર્ન રીવ્યુ"એ તેનો પરિચય આપતા લેખો લખ્યા હતા. અન્ય સામયિકો અને વૃત્તપત્રોએ પણ ઘણું લખ્યું હતું. આપણા અનેક મહાનુભાવોએ રશિયાની યાત્રા કરીને જાતમાહિતી મેળવી હતી. શ્રી. રવિશંકર રાવળ, શ્રી. રમણલાલ દેસાઈ, પંડિત ઓમકારનાથ ઠાકુર, શ્રી. ઈંદુલાલ યાજ્ઞિક વગેરે અનેકોએ રશિયાનો પ્રવાસ કર્યો હતો, તેને વિશે અભ્યાસ કર્યો હતો. એ અનુભવ અને અભ્યાસના અર્ક સમાં લખાણો પણ આપ્યાં છે. ગુજરાતના વિદ્યાર્થીઓ સમક્ષ મૂકાતાં પાઠ્યપુસ્તકોમાં ગુજરાતી મહાનુભાવોને રશિયા કેવું દેખાયું તેનો ઉલ્લેખ સરખો પણ ન હોય એ તેની અક્ષમ્ય ક્ષતી નથી?

દુનિયાના અનેક મહાનુભાવોએ રશિયાની સિદ્ધિઓ અને મર્યાદાઓ વિશે વિપુલ પ્રમાણમાં લખ્યું છે. રોમાંરોલાંનો ઉલ્લેખ આપણે કર્યો. સીડની અને બીટ્રીસ એ બેનો તલસ્પર્શી અભ્યાસ

કરીને પ્રશિષ્ટ લેખાયો છે એવો એક મહાગ્રંથ આપ્યો છે. ડૉ. જયકુમાર શુકલને આવી બધી સામગ્રી અવલોકન કરવા જેવી ન લાગી એ આ ઇતિહાસ પાઠ્યપુસ્તકની મહત્ત્વની ઊણપ નથી ?

ઇતિહાસ જેમ વિજ્ઞાન છે તેમ કળા પણ છે. લલિત નિબંધ જેવું તેનું લેખન હોવું જોઈએ. જવાહરલાલજીએ ઇતિહાસના ગ્રંથો લખ્યા છે. આપણી ગુજરાતી ભાષામાં શ્રી. કનૈયાલાલ મુનશી, શ્રી. દર્શક વગેરેએ ઇતિહાસનું આલેખન કર્યું છે. એ બધાની શૈલી કેવી છે ? ડૉ. જયકુમાર શુકલના ગ્રંથને વાંચતાં એવા કોઈ લાલિત્યનો અનુભવ થાય છે ?

ઇતિહાસમાં એવું કંઈ ન હોવું જોઈએ કે જેને વિશે આધાર ન હોય. આ ગ્રંથમાં સ્તાલીન વિશે, ટ્રોટ્સ્કી વિશે અને સ્તાલીનોત્તર રશિયા વિશે જે નિરૂપણ છે તે પૂર્વગ્રહયુક્ત છે. અમેરિકી દૃષ્ટિવાળા લેખકોએ જે કહ્યું છે તેનો સ્વીકાર કરી લઈને લેખક ચાલ્યા છે. એ લેખકોની દૃષ્ટિએ જે દેખાયું તે આપવાની સાથે સાથે રશિયાને પોતાને જે કહેવાનું છે તે પણ અપાયું હોત અને ભારતીય અને ગુજરાતી અભ્યાસીઓ, યાત્રીઓ વગેરેને જે કહેવાનું છે તે અપાયું હોત તો વિદ્યાર્થીઓના ચિત્તતંત્ર ઉપર એકપક્ષી પૂર્વગ્રહયુકત સંસ્કાર પડવાની આશંકા ઊભી ના થાત. એટલે ડૉ. જયકુમાર ર. શુકલકૃત "સોવિયેત રશિયાનો ઇતિહાસ" ચીલાચાલુ પાઠ્યપુસ્તકથી વધુ કશું જ નથી. એમાં રશિયાના ઇતિહાસ વિશે કે રશિયાની પરિસ્થિતિ વિશે જે નિરૂપણ છે એ હકીકતોની દૃષ્ટિએ પૂરેપૂરું યથાર્થ નથી, મૂલ્યાંકનની દૃષ્ટિએ તટસ્થ નથી અને શૈલીની દષ્ટિએ શુષ્ક છે. આપણા શિક્ષણના સૂત્રધારો પાઠ્યપુસ્તકો રચાવે છે એ જરૂર સ્વાગતપાત્ર છે. ગુજરાતી ભાષામાં આવા વિષયોનાં પુસ્તકો રચાય એ ઘણું જરૂરી છે પણ આ કર્તવ્ય હળવે હૈયે અને "સરકારી" પદ્ધતિએ ચલાવવાથી હેતુ સરશે નહીં. ગાંધીજીએ ગુજરાત વિદ્યાપીઠ દ્વારા ઘણાં ઊણાં સાધનો હોવા છતાં જે પાઠ્યપુસ્તકો તૈયાર કરાવ્યાં હતાં તેની તુલનામાં અત્યારે તૈયાર થતાં પાઠ્યપુસ્તકોમાંથી કેટલાં સમકક્ષ લેખાવાનાં ?

ધનવન્ત ઓઝા

*　　*　　*

સાભાર સ્વીકાર

૧ **કસક :** લે. અને પ્ર. પીયૂષ પુ. પંડ્યા, જ્યોતિ, ઈ–૨, ગવર્મેન્ટ ક્વૉટ્ર્સ, જામ ટાવર પાસે, રાજકોટ–૩૬૦ ૦૦૧, પૃ. ૧૬ + ૫૬, મૂલ્ય: રૂા. ૫/–.

૨ **ગીતાનું આચમન :** લે. શાન્તારામ ન. વૈદ્ય, ૮૫, કલ્પના સોસાયટી–૨, અડાજણ રોડ, સુરત, પ્ર. પ્રવીણભાઈ રા. પટેલ, બોદાલ, તા. બોરસદ, જિ. ખેડા, પૃ. ૧૧૨, મૂલ્ય: રૂા. ૬/–.

૩ **જાગીને જોઉં તો :** લે. વત્સલ વસાણી, પ્ર. સ્પંદન એન. વસાણી, ૨૧૨, સર્વોદય, બીજો માળ, રીલીફ સીનેમા અને જી. પી. ઓ. વચ્ચે, અમદાવાદ–૩૮૦ ૦૦૧, પૃ. ૧૦૮, મૂલ્ય: રૂા. ૨૦/–.

૪ **ઊંઘમાં અટપટા ભોગ ભાસે :** લે. અને પ્ર. ઉપર મુજબ, પૃ. ૧૨૦, મૂલ્ય: રૂા. ૨૦/–.

૫ **વિ-સંગતિ :** લે. સુરેશ દલાલ, પ્ર. વૉરા એન્ડ કું., ગાંધી ચેમ્બર્સ, ગાંધી માર્ગ, અમદાવાદ ૩૮૦ ૦૦૧, પૃ. ૩૨, મૂલ્ય: રૂા. ૭/–.

૬ **અણહિલવાડનું રાજ્ય :** લે. અને પ્ર. હર્ષદરાય ઝ. દેસાઈ, ૧બી હીરાબાગ સોસાયટી, ભૈરવનાથ રોડ, મણીનગર, અમદાવાદ–૩૮૦ ૦૦૮, પૃ. ૧૫૬, મૂલ્ય: રૂા. ૧૫/–.

૭ **રહસ્યવાદ :** લે. રાજેન્દ્રસિંહ રાયજાદા, પ્ર. ગુલાબકુમારી રા. રાયજાદા, સોંદરડા, વાયા: કેશોદ–૩૬૨ ૨૨૦, પૃ. ૧૨૪, મૂલ્ય: રૂા. ૧૨/–.

૮ **આરણ્યકનો અભિયોગ :** સં. નવીન મોદી, પ્ર. આર્ટ્સ અને કૉમર્સ કૉલેજ, વ્યારા–૩૯૪૬૫૦, પૃ. ૧૫૪, અમૂલ્ય.

૯ **કસ્તૂરી મૃગ આપણે સહુ :** લે. દોલતભાઈ દેસાઈ, પ્ર. સુંદરમ્ પબ્લિકેશન્સ, શારદાશ્રમ નજીક બાબુરાવ પરુલેકર માર્ગ, ભવાનીશંકર રોડ, દાદર, મુંબઈ–૪૦૦ ૦૨૮, પૃ. ૧૪૪, મૂલ્ય: રૂા. ૧૦/–.

૧૦ **અક્ષરલોકની યાત્રા :** સં. જયેન્દ્ર ત્રિવેદી અને ગંભીરસિંહ ગોહિલ, પ્ર. ગંભીરસિંહ ગોહિલ, પ્રા. તખ્તસિંહ પરમાર સન્માન સમારોહ નિધિ, ભાવનગર, પૃ. ૪૫૮, મૂલ્ય: રૂા. ૪૮/–.

૧૧ **ચિત્રપ્રિયા :** લે. અકિલન અનુ. નવનીત મદ્રાસી, પ્ર. આદર્શ પ્રકાશન, ૨૪૯૮/૧, રાયખડ રોડ, અમદાવાદ–૩૮૦ ૦૦૧, પૃ. ૪૩૬, મૂલ્ય: રૂા. ૩૫/–.

શ્રી સયાજી સાહિત્યમાળા

		રૂા. પૈ.
૩૩૩	**કૈલાસ**—સ્વામી પ્રણવતીર્થજી	૧૩=૦૦
૩૩૪	**અંબિકા, કોટેશ્વર અને કુંભારિયા**—શ્રી. કનૈયાલાલ ભાઈશંકર દવે	૫=૫૦
૩૩૫	**ઐતિહાસિક લેખસંગ્રહ**—પંડિત લાલચંદ ભ. ગાંધી	૧૮=૦૦
૩૩૬	**હરિભદ્રસૂરિ**—પ્રો. હીરાલાલ ર. કાપડિયા	૧૧=૦૦
૩૩૭	**માનવસર્જિત વસ્તુઓ**—શ્રી. પદ્મકાન્ત ર. શાહ	૧૦=૫૦
૩૩૮	**ભવાઈના વેશની વાર્તાઓ**—શ્રી. ભરતરામ ભા. મહેતા	૩=૦૦
૩૩૯	**શ્રીમદ્ ભાગવત (ગુજરાતી અનુવાદ) ભાગ ૧, સ્કંધ ૧-૩**—સ્વ. નાગરદાસ અમરજી પંડ્યા	૮=૦૦
૩૪૦	**ગુજરાત સ્થળનામ સંસદ વ્યાખ્યાનમાલા,** ભાગ ૧	૯=૦૦
૩૪૧	**આધુનિક ગુજરાતના સંતો, ભાગ ૧**—ડૉ. કેશવલાલ ઠક્કર	૯=૦૦
૩૪૨	**કુદરતની રીતે વધુ આરોગ્ય**—શ્રી. શાંતિલાલ પુરોહિત	૭=૫૦
૩૪૩	**ભારત-રત્ન**—શ્રી. ઉપેન્દ્રરાય સાંડેસરા	૧૫=૫૦
૩૪૪	**મહાગુજરાતના મુસલમાનો, ભાગ ૧-૨**—શ્રી કરીમ મહંમદ માસ્તર	૧૭=૦૦
૩૪૫	**ઓખામંડળના વાઘેરો**—શ્રી કલ્યાણરાય ન. જોશી	૧૩=૦૦
૩૪૬	**પેટ્રોલિયમ**—શ્રી પદ્મકાન્ત ર. શાહ	૧૩=૦૦
૩૪૭	**પંચદશીતાત્પર્ય**—સ્વામી પ્રણવતીર્થજી	૬=૦૦
૩૪૮	**અખો અને મધ્યકાલીન સન્તપરંપરા**—ડૉ. યો. જ. ત્રિપાઠી	૧૪=૫૦
૩૪૯	**શ્રીમદ્ ભાગવત: ભાગ ૨**—સ્વ. નાગરદાસ અ. પંડ્યા	૧૧=૫૦
૩૫૦	**ચરકનો સ્વાધ્યાય, ભાગ ૧**—શ્રી બાપાલાલ ગ. વૈદ્ય	૨૬=૦૦
૩૫૧	**ગુજરાતનો પૉટરી ઉદ્યોગ**—શ્રી. શાંતિલાલ પુરોહિત (૧૯૭૫)	૮=૭૫
૩૫૨	**ઊંડાણનો તાગ**—શ્રી છોટુભાઈ સુથાર (૧૯૭૫)	૧૫=૦૦
૩૫૩	**ભારતીય વીણા**—શ્રી રસિકલાલ મ. પંડ્યા (૧૯૭૮)	૩૧=૦૦
૩૫૪	**ચરકનો સ્વાધ્યાય, ભાગ ૨**—શ્રી બાપાલાલ ગ. વૈદ્ય (૧૯૭૯)	૯૬=૦૦
૩૫૫	**ચાંપાનેર: એક અધ્યયન**—ડૉ. રમણલાલ ના. મહેતા (૧૯૮૦)	૩૬=૦૦
૩૫૬	**દ્વારકાના પ્રદેશનો સાંસ્કૃતિક ઇતિહાસ**—સ્વ. કલ્યાણરાય ન. જોષી (૧૯૮૦)	૪૪=૦૦
૩૫૭	**આધુનિક ગુજરાતના સંતો, ભાગ ૨**—ડૉ. કેશવલાલ ઠક્કર (૧૯૮૦)	૪૫=૦૦

પ્રાપ્તિસ્થાન: **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,
રાજમહેલ રોડ, વડોદરા-૩૯૦ ૦૦૧

WINNING COMBINATION

The farmer combines the best of bullocks to win the race. 'Jyoti' makes and combines a perfect motor and a perfect pump to bring you 'UNIBUILT'

'Jyoti'—pioneers in pumps and motors—have matched the best of both in 'UNIBUILT'. Because of 'Jyoti' expertise, know-how and long-standing research...and because it is a one-unit pump-motor... 'UNIBUILT' works better—provides greater output of water—requires minimum power consumption. You can safely depend on long-lasting, trouble-free 'UNIBUILT' to win the grow-more-food race!

UNIBUILT®

Jyoti Ltd. BARODA

HYDRAULICS · ELECTRICALS · POWER ELECTRONICS

Marketed by

JYOTI MARKETING AND PROJECTS LIMITED.

Bombay Shopping Centre, R.C. Dutt Road
Race Course Circle, Baroda 390 005





everest/790/JY

પ્રાચીન ગુર્જર ગ્રન્થમાલા

રૂા. ન.પૈ.

૧.	**પ્રાચીન ફાગુ-સંગ્રહ**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ; દેવનાગરી ટાઈપ	૧૦=૫૦
	વિદ્યાર્થી આવૃત્તિ, ગુજરાતી ટાઈપ	૬=૫૦
૨.	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૧—મૂલ પાઠ**—સં. : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા	૯=૫૦
૩.	**ભાલણકૃત નલાખ્યાન** (ત્રીજી આવૃત્તિ)—સં : પ્રો. કે. કા. શાસ્ત્રી	૧૧=૫૦
૪.	**ઉદયભાનુકૃત વિક્રમચરિત્ર રાસ**—સંપાદક : સ્વ. પ્રો. બ. ક. ઠાકોર	૨=૫૦
૫.	**ભાલણ : એક અધ્યયન**—લેખક : પ્રો. કે. કા. શાસ્ત્રી	૮=૦૦
૬.	**વર્ણક-સમુચ્ચય, ભાગ ૨**—સાંસ્કૃતિક અધ્યયન અને શબ્દસૂચિઓ. કર્તા : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. રમણલાલ ના. મહેતા	૧૦=૫૦
૭.	**પંચાખ્યાન બાલાવબોધ, ભાગ ૧**—સંપાદક : ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા અને ડૉ. સોમાભાઈ પારેખ	૨૪=૦૦
૮.	**સિંહાસન બત્રીસી**—સં. ડૉ. રણજિત મો. પટેલ	૧૫=૫૦
૯.	**હમ્મીર પ્રબન્ધ**—સં. : ડૉ. ભો. જ. સાંડેસરા અને ડૉ. સો. પારેખ	૬=૦૦
૧૦.	**પંચદંડની વાર્તા**—સં. ડૉ. સોમાભાઈ ધૂ. પારેખ	૩૧=૦૦
૧૧.	**વાગ્ભટાલંકાર બાલાવબોધ**—સં. ડૉ. ભોગીલાલ જ. સાંડેસરા	૧૨=૦૦

સ્વ. પ્રો. બ. ક. ઠાકોર ગ્રન્થમાળા

૧.	વિવિધ વ્યાખ્યાનો ગુચ્છ ૧	૨=૫૦
૨.	,, ,, ,, ૨	૨=૫૦
૩.	,, ,, ,, ૩	૬=૫૦
૪.	**નિરુત્તમા**	૨=૫૦
૫.	**વિક્રમોર્વશી**—(અનુવાદ : મનનિકા સહિત)	૨=૫૦
૬.	**પ્રવેશકો, ગુચ્છ પહેલો**	૪=૫૦
૭.	,, ,, **બીજો**	૩=૦૦
૮.	**અંબડ વિદ્યાધર રાસ**	૪=૦૦
૯.	**મ્હારાં સૉનેટ** (બીજી આવૃત્તિ : બીજું પુનર્મુદ્રણ)	૪=૦૦
૧૦.	**આપણી કવિતાસમૃદ્ધિ** (બીજી આવૃત્તિ; છઠ્ઠું પુનર્મુદ્રણ)	૪=૦૦
૧૧.	**નવીન કવિતા વિષે વ્યાખ્યાનો** (પ્રથમ આવૃત્તિ; પહેલું પુનર્મુદ્રણ)	૪=૦૦
૧૨.	**પ્રો. બ. ક. ઠાકોરની ડાયરી, ભાગ ૧**—સંપાદક : ડૉ. હર્ષદ મ. ત્રિવેદી	૨=૫૦
૧૩.	**પ્રો. બ. ક. ઠાકોર અધ્યયન ગ્રન્થ**	૧૫=૫૦
૧૪.	**પ્રો. બ. ક ઠાકોરની ડાયરી, ભાગ ૨**—સં. ડૉ. હર્ષદ ત્રિવેદી	૬=૭૫

પ્રાપ્તિસ્થાન : **યુનિવર્સિટી પુસ્તકવેચાણ વિભાગ,**
મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી પ્રેસ, રાજમહેલ દરવાજા પાસે,
રાજમહેલ રોડ, વડોદરા–૩૯૦ ૦૦૧

સ્વાધ્યાય

સ્વાધ્યાય અને સંશોધનનું ત્રૈમાસિક

૧. વર્ષમાં ચાર અંક બહાર પડે છે—દીપોત્સવી અંક, વસંતપંચમી અંક, અક્ષયતૃતીયા અંક અને જન્માષ્ટમી અંક.

૨. **લવાજમ :**

—ભારતમાં....રૂા. ૨૦=૦૦ પૈ. (ટપાલખર્ચ સાથે)
—પરદેશમાં : યુનાઈટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકા માટે....૬ ડૉલર (ટપાલખર્ચ સાથે)
યુરોપ અને અન્ય દેશો માટે....પૌં. ૨.૫૦ (ટપાલખર્ચ સાથે)

૩. આખા વર્ષના ગ્રાહકો લવાજમના વર્ષની શરૂઆતથી જ નોંધવામાં આવે છે. લવાજમ અગાઉથી સ્વીકારવામાં આવે છે. લવાજમ મોકલતી વખતે કયા વૉલ્યુમ માટે લવાજમ મોકલ્યું છે તે સ્પષ્ટ જણાવવું. લવાજમ 'ડાયરેક્ટર, ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યુટ, વડોદરા–૩૯૦ ૦૦૨' એ નામે મોકલવું.

૪. **જાહેરાતો :**

આ ત્રૈમાસિકમાં જાહેરાતો આપવા માટે લખો—
સંપાદક, 'સ્વાધ્યાય', પ્રાચ્યવિદ્યા મન્દિર, લોકમાન્ય ટિળક રોડ, વડોદરા–૩૯૦ ૦૦૨

૫. **લેખકોને વિજ્ઞપ્તિ**

'સ્વાધ્યાય'માં પ્રસિદ્ધ થવા માટે, પાનની એક જ બાજુએ, શાહીથી સુવાચ્ય અક્ષરે લખેલા લેખો મોકલવા લેખકોને વિનંતી છે; શક્ય હોય તો લેખ ટાઈપ કરી મોકલવા જરૂરી છે. ગૂજરાત વિદ્યાપીઠના જોડણીકોશ પ્રમાણેની જોડણી રાખવી આવશ્યક છે.

પ્રાચ્યવિદ્યા મન્દિર,
લોકમાન્ય ટિળક રોડ,
વડોદરા–૩૯૦ ૦૦૨

અરુણોદય ન. જાની
સંપાદક

મુદ્રક: શ્રી બંસીલાલ મો. શાહ, મૅનેજર, ધી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા પ્રેસ (સાધના પ્રેસ), રાજમહેલ રોડ, વડોદરા; પ્રકાશક : ડૉ. અરુણોદય ન. જાની, નિયામક, પ્રાચ્યવિદ્યા મન્દિર, મ. સ. વિશ્વવિદ્યાલય, વડોદરા, માર્ચ, ૧૯૮૧.

ચિત્ર ૧

અંબિકા

[ચિત્રોની સમજૂતી માટે જુઓ આ અંકમાં
શ્રી સોનવણેનો લેખ]

ચિત્ર ૪

વારાહી

[ચિત્ર ૩

કૌમારી

[ચિત્રની સમજૂતી માટે જુઓ આ અંકમાં
શ્રી સોનવણેનો લેખ]